॥ હરિઃ ૐ ॥

# ધનનો યોગ

- શ્રીમોટા

સંપાદક
રમેશ ભટ્ટ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

● પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, નડિયાદ, સુરત.

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૪ | ૧૦૦૦ | તૃતીય | ૨૦૦૩ | ૧૦૦૦ |
| દ્વિતીય | ૧૯૯૬ | ૨૦૦૦ | ચોથી | ૨૦૧૦ | ૨૦૦૦ |

● **પૃષ્ઠ :** ૧૬+૧૬૮=૧૮૪

● **કિંમત : રૂ. ૧૫/-**

● **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

● **મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૬૬૧૨૭૨૮

● **ડિઝાઈનર : મયૂર જાની,**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ્સ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૭. મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **ટાઈપસેટિંગ :**
**અર્થ કૉમ્પ્યૂટર**
અમદાવાદ-૩૮૦ ૦૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧.

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની સમાજને આગવી દેણ
એવા મૌનઓરડાઓમાં મૌનાર્થીને પ્રવેશ સમયે જરૂરી
માર્ગદર્શન આપનાર અને મૌનના પ્રારંભ
તેમ જ તેના સમાપન સમયે મૌનરૂમોનો
કાર્યભાર વર્ષોથી સંભાળનાર એવા
**શ્રી દિલીપભાઈ નટવરલાલ વાંકાવાળા (દવાવાળા)**ને
અને
તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી જયશ્રીબહેન દિલીપભાઈ વાંકાવાળાને**
તેમ જ
સુરત આશ્રમના રસોડાના કામકાજમાં મદદરૂપ
બનનાર
**ગં.સ્વ. નર્મદાબહેન નટવરલાલ વાંકાવાળા**
અને
**સદ્‌ગત શ્રી નટવરલાલ વિઠ્ઠલદાસ વાંકાવાળાને**
**'ધનનો યોગ'**ની આ ચોથી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,
સુરત

# યોગ-ઉપયોગ

(સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૬૯માં પોતાના પત્રોની નકલનું એક પોટલું મને આપેલું. એ પત્રો અપ્રગટ જ હતા. એનું સંપાદન કરીને તત્કાળ પ્રગટ કરવાનો મને ઘણો ઉત્સાહ હતો, પણ ૧૯૭૦ના ડિસેમ્બરથી પૂજ્ય શ્રીમોટાએ પોતાના સાધનામય જીવનને અને આત્માનુભવની અવસ્થાઓને વ્યક્ત કરતી ગઝલો લખવા માંડી. એ ગઝલો ઉપરાંત, 'પ્રેમ' તત્ત્વનું નિરૂપણ કરતી ગઝલો અને 'શ્રીસદ્‌ગુરુ' વિશે અનુષ્ટુપ છંદમાં લખેલો ગ્રંથ તેમ જ 'ભાવ' શ્રેણીનાં અનુષ્ટુપમાં લખાયેલાં પાંચ પુસ્તકો ૧૯૭૧ થી ૧૯૭૫ દરમિયાન પ્રગટ થયાં.

એ વર્ષો દરમિયાન એના સંપાદનકાર્યમાં સહાયરૂપ થવાના સંયોગોમાં રહેવાયું. ૧૯૭૬માં પૂજ્ય શ્રીમોટાએ દેહત્યાગ કર્યો. એ પછી આ અપ્રગટ પત્રો સંપાદિત કરવાનું કાર્ય હાથ ધરવાનું વિચાર્યું અને થોડુંક કામ કર્યું, પણ ૧૯૭૯ થી ૧૯૮૧ દરમિયાન પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાથી અને કૃપાથી જ 'આચાર્ય આનંદશંકર ધ્રુવની ધર્મભાવના' વિશે મહાનિબંધ તૈયાર કર્યો. એ પછીના વર્ષે મૌનએકાંતના સાધકો સમક્ષ પૂજ્ય શ્રીમોટાએ આપેલાં પ્રવચનો સંપાદિત કર્યાં. આથી, આ પત્રો તો બાજુએ જ રહ્યા.

છેલ્લાં બે વર્ષ દરમિયાન એ પત્રો સંપાદિત કરીને દસ જેટલાં પુસ્તકોમાં પ્રકાશિત કરવામાં આવ્યાં. પૂજ્ય શ્રીમોટાના પત્રોને પ્રશ્નોત્તરરૂપે સંપાદિત કરવાનું કાર્ય તો તેઓશ્રીના શરીરની હયાતી દરમિયાન શરૂ કરેલું અને એવા પ્રશ્નોત્તર-વાર્તાલાપરૂપ લખાણો 'સંદેશ', 'ગુજરાત સમાચાર' જેવાં દૈનિકોમાં તથા 'પ્રવાસી', 'નવચેતન' જેવાં માસિકોમાં પ્રગટ થતાં હતાં. સંપાદનની આ

પદ્ધતિ વાચકોને વધારે રસભરી બનેલી. પૂજ્ય શ્રીમોટાએ પણ આ પદ્ધતિ અપનાવવા પ્રેરણા આપેલી. પ્રશ્નોત્તર કે વાર્તાલાપની આવી પદ્ધતિથી વાચક પૂજ્ય શ્રીમોટાની ચેતના સાથે સંકળાતો હોય એવો અનુભવ જલદી કરે છે. આથી, સંપાદનની આ પદ્ધતિ હાલપૂરતી ચાલુ રાખી છે.

પૂજ્ય શ્રીમોટા આપણા જમાનાના તેમ જ આપણી વચ્ચે વિચરતા અને વ્યવહાર કરતા આત્મનિષ્ઠ-જ્ઞાનીપુરુષ હતા. એમના હૃદયમાં પ્રગટ થયેલ પરમાત્મારૂપ એ જ તેઓશ્રીનું વાસ્તવિક (Real) રૂપ હતું. આથી, એમના દ્વારા થતાં પ્રત્યેક કાર્યો આધ્યાત્મિક એટલે કે આત્માભિમુખ કરનારાં હતાં. ઉપલક રીતે જણાતો કે બોધાતો સંસારવ્યવહાર પણ 'જીવ' માત્રને આત્મા પ્રત્યે વાળનારો હતો. એમની ચેષ્ટામાત્રનો હેતુ આપણામાં છુપાયેલા ગૂઢ પ્રભુને પ્રગટ કરવાનો હતો. આ હકીકતનું આપણાથી વિસ્મરણ ન થાય એ ખૂબ જ જરૂરી છે.

એટલા માટે પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના વાચકે એમણે વાપરેલા શબ્દોનો આધ્યાત્મિક અર્થ જ કરવો રહ્યો. જ્યારે મુક્તાત્મા વ્યવહારમાં વપરાતા શબ્દોનો ઉપયોગ કરે છે ત્યારે એની પાછળનો હેતુ આપણે સમજવો જોઈએ. એમણે એક યુવાન વેપારીને ધંધો કરવા ઉત્સાહ, ઉમંગ, ખંત, નેકદિલી, પ્રમાણિકતા પ્રેરવા માટે પત્રો લખેલા છે. એ 'ધનનો યોગ'માં છે. પુસ્તકનું નામ 'ધનનો યોગ' રાખ્યું છે. ધન કમાવા માટે વેપાર-ધંધો કરવાનો હોય છે. વ્યક્તિની પ્રકૃતિ મુજબ જે તે વ્યક્તિ પ્રારબ્ધકાર્યમાં ગૂંથાતી જાય છે, પરંતુ વ્યક્તિ જ્યારે પોતાની પ્રકૃતિને ઓળખતી નથી-સમજતી નથી-ત્યારે આત્મવિશ્વાસ ગુમાવીને જીવનમાં અથડાય છે. પૂજ્ય શ્રીમોટા દરેક વ્યક્તિને એની પ્રકૃતિ મુજબ ઘડે છે. આથી, પ્રાપ્ત સંજોગો કે પરિસ્થિતિમાંથી નાસભાગ કરવા

ઈચ્છનારને, એમાંથી અને એ દ્વારા પોતાના જીવનને ઊર્ધ્વમાર્ગે વાળવાની રીત તેઓશ્રી શીખવે છે. આપણે જે ક્ષેત્રમાં હોઈએ ત્યાં સ્થિર રહીને, સંગ્રામ આપીને, એનાથી પર કેવી રીતે થવું અને સમગ્ર પરિસ્થિતિનો-સંજોગોનો પ્રભુભાવ અનુભવવા માટે કેવી રીતે ઉપયોગ કરવો એ અંગેની જાગૃતિ તેઓશ્રી પ્રેરે છે. એ રીતે આપણા પ્રાકૃતિક જીવનનું રૂપાંતર કરવાની કળા તેઓશ્રી આપણને શીખવે છે.

પૂજ્ય શ્રીમોટાનો આ હેતુ તથા આ રીતિને દરેક વાચકે લક્ષમાં રાખવાની ખાસ જરૂર છે. પૂજ્ય શ્રીમોટાના અધ્યાત્મમાર્ગના વિવરણમાં ખૂબ મહત્ત્વના બે શબ્દો છે. (૧) ઉપભોગ (૨) ઉપયોગ. આ બંને શબ્દોને સાથે રાખીને એનું હાર્દ સમજી શકાશે. કોઈ પણ વિચાર કે કોઈ પણ પ્રકારની શક્તિનું, પ્રકૃતિના જ ગુણધર્મોને પોષવામાં નિયોજન કરવું અને નિમ્ન સ્વાર્થ ખાતર જ એ બધું ભોગવ્યા કરવું એ 'ઉપભોગ' છે, પરંતુ એ સર્વનો સ્વ-અર્થે એટલે કે આત્માના અનુભવ અર્થે જ્ઞાનયુક્ત જાગૃતિ રાખીને એટલા જ પૂરતો ઉપયોગ કરવો-એ એનો યથાર્થ 'ઉપયોગ' છે. આથી, આ પ્રકારનો ઉપયોગ એ યોગ એટલે કે પ્રભુ સાથે જોડાવાની પ્રક્રિયાનો એક મહત્ત્વનો અંશ બની રહે છે. આથી, કોઈ પણ પ્રાપ્ત સ્થિતિ પ્રત્યે તિરસ્કાર તો કરાય જ નહિ, પણ એનો ઉપયોગ આત્માનુભવ માટે કરી લેવાનો પુરુષાર્થ જ કરવાનો રહે. માટે તેઓશ્રી કહેતા હતા કે 'ઉપભોગ' એ અજ્ઞાનજન્ય પ્રવૃત્તિ છે અને 'ઉપયોગ' એ જ્ઞાનયુક્ત ક્રિયા છે. આથી, ઉપભોગમાં ગુલામી રહેલી છે અને 'ઉપયોગ' દ્વારા પ્રકૃતિનાં વલણો ઉપર સ્વામિત્વ આવે છે.

આ રીતે 'ધનનો યોગ' એ ધનના ઉપયોગના અર્થમાં પ્રયોજાયેલો શબ્દ છે. પ્રભુનો અનુભવ તો હૃદયમાં કરવાનો છે અને એ હૃદયથી કરવાનો છે. વળી, એ આ શરીરમાં રહીને

કરવાનો છે. આથી, માનવશરીરનું અસ્તિત્વ પોષણ, સંવર્ધન અને દીર્ઘાયુષ્ય જરૂરી છે. આ બધાં માટે પૈસો એ જરૂરી શક્તિ છે. વળી, એ પ્રભુની શક્તિ છે. માટે પ્રભુને પ્રગટ કરવા જ એનો ઉપયોગ થાય તો જ એનો 'યોગ' બને છે. શ્રીઅરવિંદે એમના 'The Mother' નામના પુસ્તકમાં લખ્યું છે કે 'પૈસો એ એક વિશ્વરૂપ શક્તિનું નજરે પડે તેવું ચિહ્ન છે... એ શક્તિ એના મૂળમાં અને એના સાચા કાર્યમાં પ્રભુની જ રહેલી છે... કેટલીક સાધનાઓ તો ધન અને સંપત્તિ ઉપર એક મનાઈ હુકમ પણ મૂકે છે, અને ગરીબાઈ અને જીવનની શુષ્કતા એ જ એક માત્ર આધ્યાત્મિક અવસ્થા છે એમ જાહેર કરે છે, પરંતુ આ ભૂલ છે. એ રીતે તો આ શક્તિ આસુરિક બળોના હાથમાં રહી જાય છે. આ શક્તિ મૂળે તો ભગવાનની છે અને તેને પાછી ભગવાનને માટે જીતી લેવી અને તેને દિવ્યજીવન માટે દિવ્ય રીતે ઉપયોગમાં લેવી એ સાધક માટેની અતિમાનસની રીતની સાધના છે.'

પૂજ્ય શ્રીમોટા 'દિવ્યજીવન'ના પર્યાયરૂપે 'જીવનવિકાસ' શબ્દ વાપરે છે. પૂજ્ય શ્રીમોટાએ પણ ધન માટે જે ભાવના રજૂ કરી છે, એનો સંબંધ જીવનવિકાસ સાથે છે એ વીસરાવું ન જોઈએ. માટે જીવનવિકાસ સંબંધી શક્ય તેટલું બધું જ આ પુસ્તકમાં છે. જીવનના સાધક માટે ધન પ્રત્યેનો તિરસ્કાર જેટલો ઘાતક છે એટલી જ ધન માટેની આસક્તિ ડુબાડનારી છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકમાં આ ખ્યાલને સ્પષ્ટ કર્યો છે. શ્રીઅરવિંદનું એક વિધાન આ સ્થળે યાદ આવે છે.

'સર્વ સંપત્તિ પ્રભુની જ છે અને જેઓ તેને ધારણ કરતા હોય છે તે તેના સંરક્ષકો છે, સ્વામી નહિ. એ આજે તેમની પાસે છે, આવતી કાલે એ બીજે ક્યાંક હોઈ શકે છે. આ સંપત્તિ તેમની પાસે હોય તે દરમિયાન તેઓ તેમને મળેલ સંપત્તિના રક્ષણનું

કાર્ય કેવી રીતે કરે છે, કેવા ભાવથી કરે છે, પોતે તેનો ઉપયોગ કરતા હોય તો તે કઈ ચેતનાથી કરે છે, શા હેતુ ખાતર કરે છે, તેના ઉપર બધો આધાર રહે છે.'

'ધનનો યોગ' એટલે ગમે તે રીતે ધન પ્રાપ્ત કરી લેવાની રીત કે એ ધનનો કેવળ વૈભવ-વિલાસ માટે જ ઉપભોગ-એવો અનર્થ કોઈ કૃપા કરીને ન કરે. ધન પ્રાપ્ત કરવાની શક્યતા ન હોય ત્યારે એના પ્રત્યે તિરસ્કાર સેવવો એ તો ઘાતક વલણ છે. આમ, તો તિરસ્કારયુક્ત વલણ જ આત્મઘાતક છે. મુક્ત પુરુષોની વાણીનું હાર્દ એ વાણીના પ્રાગટ્યના હેતુને લક્ષમાં રાખવાથી જ પમાય. અમુક સંજોગોમાં એમની વાણીનું ક્યારેક અવળું અર્થઘટન થતું હોય છે. 'માંસાહારીને અનીતિમાન ન ગણવો કે માંસાહાર પ્રત્યે તિરસ્કારનું વલણ ન સેવવું.' પૂજ્ય શ્રીમોટાના આવા કથનમાંથી માંસાહારનું સમર્થન શોધવું. 'પૈસા કમાવા એ પાપ નથી.' એ વિધાનમાંથી ગમે તે રીતે પૈસા કમાવા એ પુણ્યકાર્ય છે એવું તારણ કાઢવું, 'બળાત્કાર એ અંતિમ નૈતિક પતન નથી.' એવી હકીકતની સમજમાંથી વ્યભિચારને ટેકો છે એમ માનવું-એ યોગ યોગ્ય અર્થ સ્વીકારવાની રીત નથી. પ્રત્યેક વાચકે આવા સ્વૈચ્છિક રીતે કરાતા અર્થો પ્રત્યે સાવધ રહેવું. કોઈ પણ મુક્તાત્મા ક્યારેય આવું કહે જ નહિ. એના કથનનો આશય કેવળ આત્માના પ્રકાશનું આવરણ દૂર કરવાનો જ હોય છે. આથી, કથનના કેવળ વાચ્યાર્થને ન પકડતાં, કથનના હાર્દને-એના હૃદયને પકડવાનું રાખવું. પૂજ્ય શ્રીમોટાનાં લખાણોનાં સંપાદનકાર્ય દરમિયાન તેઓશ્રીની વાણીમાં સંપાદક પોતાનું વિવરણ દાખલ કરતો નથી. તેઓશ્રીના શબ્દોને જેમ હોય તેમ જ રાખવામાં આવે છે. આથી, પૂરા સંદર્ભનો સ્વીકાર કરીને અર્થ ગ્રહણ કરવા વાચકોને વિનંતી છે.

જેને આત્માનો અનુભવ કરવાની થોડી ઘણી પણ ઇચ્છા છે

અને એ માટે સહેજ પણ જાગૃતિ હોય એવી વ્યક્તિએ વિચારની સમગ્રતાને સમજવાની તત્પરતા રાખવી જ રહી. પૂજ્ય શ્રીમોટા આવા વલણ માટે 'ખુલ્લા' થવાનું જણાવે છે. પૈસાની બાબતમાં આદર્શ સાધક કેવો હોય એનું ચિત્ર શ્રીઅરવિંદે આપ્યું છે એ નોંધપાત્ર છે.

'આ વિષયમાં આદર્શ સાધક તો એવો હોય કે તેને જો ગરીબાઈની રીતે રહેવાની જરૂર પડે તો તે પ્રમાણે તે રહી શકે છે અને તેને વસ્તુના અભાવની કોઈ પણ લાગણી થશે નહિ અથવા તો દિવ્યચેતનાની પૂર્ણ આંતરિક લીલામાં તેથી કશું વિઘ્ન થશે નહિ, અને તેને જો સંપત્તિની રીતે રહેવાની જરૂર પડે તો તે પ્રમાણે તે રહી શકશે અને એક લક્ષણ માટે પણ તે પોતાની લક્ષ્મી પ્રત્યે યા તો જે વસ્તુઓ વાપરતો હશે તે પ્રત્યે ઈચ્છામાં કે આસક્તિમાં સરી પડશે નહિ અથવા તો આત્મવિલાસની વિવશતામાં કે લક્ષ્મીની પ્રાપ્તિ થતાં જે ટેવો ઊભી થાય છે તેના દુર્લભ બંધનમાં તે પડી જશે નહિ. એને માટે તો પ્રભુનો દિવ્ય સંકલ્પ અને દિવ્ય આનંદ એ જ સર્વસ્વ છે.'•

જે વ્યક્તિ જીવનવિકાસ ઝંખે છે એનું પૈસા પ્રત્યેનું વલણ અને તેની પ્રાપ્ત સ્થિતિમાં સમતાથી રહેવાનું લક્ષણ શ્રીઅરવિંદના વિચારમાં છે. અત્રે શ્રીઅરવિંદનાં અવતરણો લેવાનું ખાસ પ્રયોજન છે. પૂજ્ય શ્રીમોટાએ શ્રીઅરવિંદનું કોઈ જ લખાણ ક્યારેય વાંચ્યું નથી. એટલું જ નહિ પણ તેઓશ્રીનું આધ્યાત્મિક માર્ગદર્શન અંગેનું લખાણ પણ શ્રીઅરવિંદનું લખાણ પ્રગટ થયા પૂર્વે લખાયેલું છે. પરંતુ આત્મનિષ્ઠ વ્યક્તિઓના અનુભવસામ્ય દ્વારા 'एक'નું રૂપ આપણા ખ્યાલમાં આવે એ આ અવતરણો લેવાનું પ્રયોજન છે.

પૂજ્ય શ્રીમોટાએ ધનની ગરીબી અને હૃદયની અમીરી અનુભવી છે. જ્યારે એમને કરોડ રૂપિયા મળ્યા ત્યારે પણ એનો ઉપયોગ

પ્રભુની શક્તિના પ્રાગટ્ય ખાતર જ કર્યો છે, એ તો ગુજરાતની પ્રજા સારી પેઠે જાણે છે. સમાજકલ્યાણના પ્રણેતા તરીકેના બાહ્ય પરિવેશમાં પૂજ્ય શ્રીમોટા પરમાત્માનુભવી મુક્ત પુરુષ હતા. આથી, આજે તેઓશ્રી દેહરૂપે ન હોવા છતાં ચેતનરૂપે પ્રગટ છે. તેઓશ્રીએ પૈસાના માધ્યમથી વ્યક્તિના જીવનમાં ત્યાગ પ્રેર્યો છે અને વ્યક્તિની ધન માટેની આસક્તિ અને મોક્ષના માર્ગે તેના હૃદયમાં પ્રવેશ કર્યો છે. તેમ જ વિપુલ ધનની નિગૂઢ શક્તિ દ્વારા સમાજજીવનને પ્રભુના ગુણધર્મો પ્રત્યક્ષ કરવા અને એની કદર કરવા અભિમુખ કર્યું છે. તેઓશ્રીના આ કાર્યનું મૂલ્યાંકન અત્રે અપ્રસ્તુત છે. આથી, વધુ લખતો નથી.

આ પુસ્તકમાં આધુનિક યુગમાં ધન ઉપાર્જનના શક્ય તેટલાં માધ્યમોના આદર્શ પ્રત્યે આપણું ધ્યાન દોરવામાં આવ્યું છે. આપણો પુરુષાર્થ પ્રભુની શક્તિને પામવામાં અને એના ઉપયોગમાં યથાર્થ બની રહે એવી ભાવના સાથે વિરમું છું. ગુજરાતની વેપારપ્રેમી પ્રજા આ ગ્રંથમાંથી પોતાના જીવનનું ધન રળશે એવી શ્રદ્ધા છે.

**- રમેશ ભટ્ટ**

૨૫-૧૨-૧૯૮૪ પહેલી આવૃત્તિ
૨૫-૧૨-૧૯૯૬ બીજી આવૃત્તિ

---

• શ્રીઅરવિંદનાં આ અવતરણો 'શ્રીમાતાજી' નામના પુસ્તકમાંથી 'મા ભગવતી' નામના પ્રકરણમાંથી લીધાં છે. પ્રકાશક : શ્રીઅરવિંદ સોસાયટી, મુંબઈ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ એક વેપારીને પત્રો લખેલા. એ પત્રો અપ્રગટ હતા. એ પત્રોને વાર્તાલાપરૂપે સંપાદિત કરીને શ્રી રમેશભાઈ ભટ્ટે 'મંગલમ્ પ્રકાશન' મારફત ૧૯૮૪માં **'ધનનો યોગ'** નામે પુસ્તક પ્રગટ કરેલું. આ પુસ્તકમાં લક્ષ્મીનાં ઉપાર્જન, વૃદ્ધિ અને ઉપયોગ અંગે વ્યવહારુ છતાં આધ્યાત્મિક દૃષ્ટિકોણથી રજૂઆત થઈ છે. દરેક કક્ષાના વાચકને આ પુસ્તક રુચિકર, માર્ગદર્શક અને પ્રેરક બને એવું છે. બાર વર્ષ પછી આ પુસ્તકનું પુનર્મુદ્રણ થયું હતું.

આ પુસ્તકની બીજી આવૃત્તિની નકલો ખપી જતાં અને તેની સતત માંગ રહેતી હોવાથી તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

ત્રીજી આવૃત્તિના પ્રકાશનમાં 'હરિવાણી ટ્રસ્ટ' અમદાવાદનો સહયોગ મળ્યો છે, તે બદલ તે ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળના અમો આભારી છીએ.

ત્રીજી આવૃત્તિની પ્રતો અપ્રાપ્ય થતાં, તેની આ ચોથી આવૃત્તિ પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ગુરુપૂર્ણિમા — **ટ્રસ્ટીમંડળ,**

તા. ૨૫-૭-૨૦૧૦ — હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમ


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| વ્યથાનું મૂળ | ૧ | વેપારના વિચાર | ૪૬ |
| કંટાળાનો સામનો | ૨ | કર્મકળા | ૪૮ |
| વાતાવરણ | ૩ | સાવધાની | ૫૨ |
| આત્મવિશ્વાસ કેળવો | ૬ | 'મોટા'ના દિલનું ગૂઢત્વ | ૫૫ |
| મનમનામણ અને.. | ૮ | જીવનનું ધ્યેય | ૫૭ |
| બધું પોતાને ખાતર | ૧૨ | જીવનવિકાસ માટેની.. | ૫૭ |
| ધનિક થવું એ પાપ નથી | ૧૩ | સ્મરણમાંથી ભાવના | ૬૦ |
| લક્ષ્મી પરત્વેનો.. | ૧૫ | પ્રાર્થના કાવ્યનું.. | ૬૧ |
| લગ્નોત્સવનો આદર્શ | ૧૮ | ભાવભર્યું આકર્ષણ | ૬૪ |
| પિતા પ્રત્યેનો ધર્મ | ૧૯ | કર્મમહિમા | ૬૬ |
| માતૃભાવના | ૨૧ | સ્મરણનું ધન | ૬૭ |
| વાસનાવૃત્તિને મોળી.. | ૨૩ | સ્વજનનાં સ્મરણનો.. | ૬૮ |
| પ્રાર્થનાભાવ | ૨૪ | ચાહવાની ભાવના | ૬૯ |
| બળ મેળવવાનો ઉપાય | ૨૬ | જાગૃતિ | ૭૧ |
| ગુણ કેળવણી | ૨૮ | આગ્રહનિવારણ | ૭૨ |
| ઝંખનાનાં ગતિ અને.. | ૨૯ | ચેતનાનો અનુભવ.. | ૭૨ |
| સત્સંગનું પરિણામ | ૩૨ | 'ભાવ' ચિંતન | ૭૪ |
| મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૩૪ | નોકરો સાથેનો વર્તાવ | ૭૫ |
| શરીરનું મહત્ત્વ | ૩૫ | સ્નેહમિલન | ૭૭ |
| રૂપાંતર કળા | ૩૫ | ગુણ-એક માધ્યમ | ૭૮ |
| વર્તનકળા | ૩૬ | શરીરની યોગ્યતા | ૭૯ |
| આપવાથી જ મળે | ૩૮ | મુક્તની પ્રેમકળા | ૮૦ |
| વેપાર દ્વારા વિકાસ | ૩૯ | મર્યાદામાં અમર્યાદ | ૮૨ |
| વેપારમાં સાધના | ૪૪ | સહજ નમ્રતા ક્યારે ? | ૮૩ |
| જુવાનીનો જોગ | ૪૬ | કર્મકળા | ૮૪ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ત્યાગથી ભોગવો | ૮૯ | દુઃખી લગ્નજીવન | ૧૩૧ |
| ગુણો વિશે વધુ | ૯૦ | મોટાની પ્રેમકળા | ૧૩૪ |
| શરણાગતિ | ૯૧ | પત્નીનો વિશ્વાસ રળવો | ૧૩૫ |
| સાચી શરણાગતિ | ૯૩ | માનસિક ધુમ્મસ | ૧૩૬ |
| ભાવનાનું પરિણામ | ૯૩ | સંચાલન અને વર્તનનો | ૧૩૮ |
| ચેતનના ઓથની જરૂર | ૯૪ | ઈન્કમટેક્સ અમલદારના | ૧૩૯ |
| સુખનો ઉપાય | ૯૫ | સદ્ભાવનું લક્ષણ | ૧૪૨ |
| મૃત્યુનો ડર કેવી.. | ૯૬ | ભેદનું પરિણામ | ૧૪૩ |
| જ્ઞાનનું મૂળ | ૯૭ | પરસ્પર ભાવના | ૧૪૩ |
| બધું અત્યારથી જ | ૯૮ | ચડતીપડતીનો ક્રમ | ૧૪૪ |
| આત્મનિવેદન | ૯૯ | સાવધાન | ૧૪૬ |
| ગણતરી | ૧૦૧ | ત્યાગનું મહત્ત્વ | ૧૪૭ |
| ‘મોટા’નો આશ્રમ | ૧૦૨ | સુજનતાનું લક્ષણ | ૧૪૭ |
| ભાવનાનું લક્ષણ.. | ૧૦૩ | કદર | ૧૪૭ |
| અંતરાય નિવારણ | ૧૦૪ | લક્ષ્મીની ફોરમ | ૧૪૮ |
| પ્રસંગોમાં આપણી.. | ૧૦૬ | નવા સાહસ ટાણે | ૧૪૯ |
| અભ્યાસ | ૧૦૭ | જાગવાની ઘડી | ૧૫૦ |
| રૂપાંતરક્રિયા | ૧૦૮ | પતનની પળે | ૧૫૦ |
| પ્રભાવ પાડવો | ૧૧૨ | એકરાગ બનો | ૧૫૧ |
| અહંકાર | ૧૧૩ | મળેલા દિલનું.. | ૧૫૨ |
| ઊંઘ અને ખોરાક | ૧૧૪ | મુક્તની વર્તનરીતિ | ૧૫૪ |
| માનીપણું | ૧૧૪ | ઋણસ્વીકાર | ૧૫૪ |
| સંસ્કારોનું શોધન | ૧૧૫ | સર્વાત્મભાવ | ૧૫૫ |
| માતૃભક્તિ | ૧૧૬ | | |
| મંદિરરૂપ પેઢી | ૧૧૮ | **પૂર્તિ :-** | |
| પોતા વિશે વિચારવું | ૧૨૧ | ધનનો ઉપયોગ.. | ૧૫૬ |
| નવદંપતીનો વ્યવહાર | ૧૨૪ | પૈસા પ્રત્યેની દૃષ્ટિ | ૧૫૭ |
| સનાતન સુખ | ૧૨૮ | જીવનમાં કેળવવાની.. | ૧૫૮ |

# લક્ષ્મીપૂજા અને પ્રાર્થના

**(શાર્દૂલવિક્રીડિત)**

લક્ષ્મીનો ઉપયોગ યોગ્ય બનતાં શક્તિ બને લક્ષ્મી
ત ,
તેનું ભાન જગાડવા જીવનમાં પૂજાવિધિ આ ખરે.

ધર્મે જે વપરાય લક્ષ્મી જીવને, સદ્બુદ્ધિ પ્રેરાવતી,
ને સંસ્કાર સ્ફુરાવીને જીવનમાં આનંદ રેલાવતી.

જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,
તે લક્ષ્મી અજવાળજો જીવનને તે લક્ષ રે'જો સદા.

**(અનુષ્ટુપ)**

પરમાર્થ અને સ્વાર્થ બંનેનો મેળ જીવને,
પ્રેરાવવા મળી લક્ષ્મી વપરાજો રૂડી રીતે.

*'વિધિ-વિધાન', પૃ. ૭૯* **-શ્રીમોટા**

# ધનનો યોગ

- શ્રીમોટા

સંપાદક : રમેશ ભટ્ટ

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

# ધનનો યોગ

## વ્યથાનું મૂળ

**સ્વજન :** મને વિચારો તથા વૃત્તિના પ્રબળ હુમલાઓ આવે ત્યારે મારે શું કરવું ? મારી એવી અવસ્થામાં હું વ્યથા અનુભવું છું.

**શ્રીમોટા :** જે વૃત્તિ કે અવસ્થા આવે એને આપણે આપણા ઉપર વશ થઈ જવા દઈએ છીએ એટલે જ એ આપણને એના રૂપ જ બનાવી દે છે. આપણે જો આપણું પૂરેપૂરું પૃથક્કરણ કરીએ તો આપણને તેમ શાથી થાય છે તે સમજાયા વિના રહે જ નહિ. આપણને જો આપણી વ્યથાનું મૂળ નહિ જડે તો આપણે જગતમાં કરી શું શકવાના ? માટે ઊંડો વિચાર કરજો ને મૂળ શોધી કાઢજો, પણ જે કોઈ વૃત્તિ આપણા પર સવાર થઈ આવે એને તાબે તો ન જ થવું. નહિતર તો આપણે મૂઆ જ સમજવું. આપણે આપણા મનને સમજ્યા કરવાનો પ્રમાણિક પ્રયત્ન કર્યા કરવાનું હૃદયથી રાખીશું તો આપણને કારણ સમજાયા વિના રહેવાનું નથી. શરમ રાખ્યા વિના હરિઃૐની બૂમો જેટલું જોર હોય તેટલું જોર કાઢીને પાડ્યા કરશો તો તે જરૂર ચાલી જશે. એ પ્રયોગ અજમાવી જોજો અને કશી વાતે મૂંઝાવું નહિ. બને તેટલું આનંદી રહેવાનો પ્રયત્ન કર્યા કરવો ને વૃત્તિને તાબે ના થઈ જવું. આપણે આગળપાછળ થઈ ગયેલાનો વિચાર મુદ્દલે ન કરવાનું રાખવાનું છે.

## કંટાળાનો સામનો

**સ્વજન :** મોટા, મને વારંવાર ખૂબ કંટાળો આવી જાય છે અને હૃદયમાં ઓછપ પણ અનુભવાય છે. કોઈક નવી પરિસ્થિતિ સર્જાય ત્યારે મૂંઝવણ વધે છે.

**શ્રીમોટા :** કદીક કંટાળો આવે એવું થાય તે સમજી શકાય એવું છે, પણ એવી કંટાળાની વૃત્તિને ફગાવી દેવાનું કામ આપણું છે. આપણે નર છીએ. ધારીએ તો નારાયણ પણ થઈ શકીએ. પરંતુ આજે આપણે નર પણ નથી રહ્યા કે નારી પણ નથી રહ્યા.

બંનેના સાચા અર્થમાં ને ભાવનામાં બેમાંથી એક પણ આપણે હોત, તો આપણે કૃતકૃતાર્થ જાતે થઈ શકત ને આપણી ફોરમ જીવનમાં બધે પ્રસરાવી શકત. જો એની કૃપા મળે તો મારે તો નર પણ થવું છે ને તે સાથે એની પરાકાષ્ઠાની છેલ્લી હદ સુધીના ભાવનાના અર્થમાં નારી પણ થવું છે, ને નારાયણ થવાનું તો એ પરમકૃપાળુના હાથમાં છે. એટલે તમે એમ નિરુત્સાહ રહ્યા કરો તે તો ગમે નહિ.

'નામ તેવા ગુણ' એ કંઈ સાવ ખોટું નથી. 'ભગત' મારી અટક હતી તો તે અટકે કરી એણે ભગત થવાનું પ્રેર્યા કર્યું. તો તમારે તમારા નામ પ્રમાણે ગુણ કેળવવાને મથવું જોઈએ. ગમે તેવી વૃત્તિથી દબાઈ ભલેને ગયા હોઈએ તોપણ હરિઃૐની બૂમો જોરથી જોર હોય તેટલું વાપરીને પાડ્યા કરવાથી હૃદયનો ઓથાર દૂર થાય છે જ. એ તો અનુભવની વાત છે. માત્ર તમારે અજમાવી જોઈને ખાતરી કરી લેવાની રહે છે. વૈદ દવા તો આપે પણ તેને ખંત રાખીને, શ્રદ્ધા રાખીને લેવી એ દર્દીનું કામ છે. પણ આપણા બેમાંથી કોઈ વૈદ પણ નથી કે દર્દી પણ નથી. આપણે મિત્રો છીએ. વળી, ત્યાં બધાં આવવાનાં છે, તેથી પરિસ્થિતિ થોડી ઘણી બદલાશે. તેથી કોઈ પણ રીતે

મૂંઝાવાનું નથી. તમે તમારે સ્વતંત્રપણે ખુલ્લા દિલે ને સહાનુભૂતિની વૃત્તિથી કામ લેવાનું રાખશો. જરાય અકળાશો નહિ. પેઢીનું હિત લક્ષમાં રાખીને સમભાવે વર્તવાનું રાખવાનું છે. પેઢીનું અહિત થતાં સાંખી લેવું પણ નહિ. અલબત્ત, આપણા વર્તાવમાં નમ્રતા અને સહાનુભૂતિની વૃત્તિ તો હોવી ઘટે. નવી પરિસ્થિતિ આવે છે એટલે આપણે તો વધારે સતેજ-પ્રાણવાળા બનવાનું છે. માણસ શું નથી કરી શકતો ?

## વાતાવરણ

**સ્વજન :** મેં વેપારથી શરૂઆત કરી ત્યારે મારી સ્થિતિ જુદી હતી. હવે જ્યારે કોઈ નવી પરિસ્થિતિ આવવાની હોય છે ત્યારે એના વિચારથી જ એક વિચિત્ર વાતાવરણ મને ઘેરી વળે છે. વળી, પહેલાં જેટલું હવે કામ રહ્યું નથી. બીજી પ્રવૃત્તિમાં મને રસ નથી એટલે મજા પડતી નથી, મને ક્યાંય ઝાઝું બોલવાનું ફાવતું નથી એથી આપની પાસે પણ ખુલ્લા થવાતું નથી.

**શ્રીમોટા :** આપણને જ્યારે કશાનો સખત આઘાત થાય છે ત્યારે આપણે તેવા રૂપ થઈ જઈએ છીએ. આપણી સર્વ કોઈ સર્વ સાધારણ પરિસ્થિતિમાંથી આપણે પસાર થઈ રહેલા હોઈએ છીએ ત્યારે કંઈક કશું એવું થવાની તૈયારીમાં હોય છે કે જેનું વાતાવરણ-છાયા આપણી સર્વસાધારણ પરિસ્થિતિને આવરી લે છે. તેથી કરીને આપણને સર્વસાધારણ ચાલતી આવેલી ક્રિયામાં-કર્મ-વ્યવહારમાં રસ પડતો હોતો નથી. કંઈક એવું વચ્ચે પડ આવ્યું છે, આવે છે, એની છાયા આપણને આવરી લેતી હોય છે. એ શું છે એ જો આપણે ઊંડા ઊતરીને જોવા ઈચ્છીએ તો જણાયા વિના રહે તેવું નથી. માણસ જ્યારે પોતાની મેળે કશુંક મેળવે છે,

શોધી શકે છે ત્યારે તેને જે આનંદ થાય છે એની મજા ઓર રહે છે. ને તે ઉપરાંત તેના હાથમાં ઊંડા ઊતરવાની કળા પણ આવે છે. કોઈના કહેવાથી તે આપણને સમજાઈ જવાનું નથી. સૂક્ષ્મપણે તે કોઈ કહે પણ તે સમજી જઈએ ત્યારે પણ એવી પરિસ્થિતિમાં આપણે આપણને છેક હતાશ કેમ થવા દઈએ ?

આપણે જુવાન છીએ. જુવાનીનો જુસ્સો, એનું બળ ને એનો ઉશ્કેરાટ એ શું ગમે તેવા વાતાવરણ સામે ઊભા રહેવાને શક્તિમાન નથી ? આપણામાં રહેલી એ શક્તિનો ઉપયોગ આપણે કરતા રહીશું તો જ એ શક્તિમાં પ્રાણ આવ્યા કરવાના છે. એટલે જ કોઈ વાતાવરણ આપણને મૂઢ બનાવતું હોય તે વેળાએ આપણા સર્વજુસ્સાથી-સર્વચેતનથી એની સામે લડવાને કટિબદ્ધ થવું પડશે. ને આપણને કોઈ નમાવી શકવાનું નથી ને આપણને કોઈ પણ એને તાબે કરી શકવાનું નથી એ નિશ્ચયાત્મક વલણ આપણે આપણું કરી નાંખવું પડશે.

જે કર્મવ્યવહાર આપણે માથે આવી પડ્યો છે, તેમાં બમણા વેગથી પેલી આપણી વૃત્તિ સામે પૂરેપૂરું લડી લેવું છે એમ ધારીને એના સામેના યુદ્ધના પેંતરા તરીકે પ્રેમથી આપણે તેમાં જોડાવાનું રહે છે. કંઈ કશામાંથી ભાગી જવાથી-એટલે માથે આવેલી હોય તે પરિસ્થિતિમાંથી દૂર થઈને કશું મેળવી શકાતું નથી. પરંતુ તે પરિસ્થિતિમાં ઊભા રહીને આપણે આપણું યુદ્ધ લડી લેવાનું છે.

આપણા સર્વસાધારણ ચાલતા આવેલા ને ચાલતા આવતા વાતાવરણ ઉપર એવી છાયા જ્યારે નવા આવનાર વાતાવરણની પડતી હોય ત્યારે અને જ્યારે એ વાતાવરણની આપણને ગમ ન પડે ત્યારે એવું કેટલીક વાર બને છે. પણ એવું તો આધ્યાત્મિક જીવન જીવનારા સાધકોના જીવનમાં બને છે ને કેટલીકવાર એવી વૃત્તિ જેનામાં સૂક્ષ્મપણે પડી રહેલી હોય એને પણ એવું થાય છે

ખરું જ. ને કશામાં રસ-ચેન-મજા નથી પડતાં હોતાં, પણ સર્વ-સાધારણ માણસને તો જ્યારે એવું થાય છે ત્યારે એની વૃત્તિ કશાકમાં ભરાઈ પડેલી હોય છે અથવા એવી વૃત્તિનાં મંડાણ એનામાં થઈ ચૂકેલાં હોય છે. પણ એની એને કશી ગતાગમ હોતી નથી. કારણ કે એ બાબતની એનામાં કશી સૂઝ જન્મેલી હોતી નથી.

તમે પહેલાં જ્યારે વેપારમાં પડેલા ત્યારે એમાં બધા મનથી પડેલા ને તમે એમાં આવરાયેલા હતા. તમારા જીવનમાં એમાંથી જાણવા-શીખવાને તેમ જ વ્યવહાર ચલાવવાને લીધે તેમાં જ પૂરું રોકાઈ રહેવાનું બનતું હોવાથી ને એક સળંગપણે જોડાઈ રહેવાપણું હતું ને તેથી એક પ્રકારના કામનો વેગ ને તેની અસર તમને જીવનમાં પણ લાગ્યાં કરતાં હતાં . હવે કામ નથી રહ્યું. તેથી તેમાં જોડાઈ રહેવાનું બનતું નથી. તમને બીજી કોઈ પ્રવૃત્તિમાં પહેલેથી રસ ન હતો. જોકે મિકૅનિકસમાં રસ હતો. પણ તેમાં તમને જોડાવાની તક ન મળી ને એ રસને તમો બીજી કોઈ પ્રવૃત્તિમાં જોડી શક્યા નહિ. એટલે નવરા પડ્યે શું કરવું ને મનને શેમાં પરોવવું ? માણસ આનંદ વિના જીવી શકતો નથી ને આનંદ તો પ્રવૃત્તિમાંથી જ મળેને ? ને પ્રવૃત્તિ તો રહી નહિ એટલે એ આનંદ પણ ક્યાંથી મળે ? એવી પરિસ્થિતિમાં માણસે પ્રવૃત્તિ ખોળી કાઢવી જોઈએ. માણસે એમાં એની બુદ્ધિનો-એના સંસ્કારનો આવે વખતે જ સાચો ઉપયોગ કરવાનો રહે છે. નહિતર તો આવા Crisis (કટોકટી)ના જ વખતે માણસને ઊંધે રસ્તે દોરવાઈ જવાનો પૂરતો સંભવ રહે છે.

પોતાના આનંદને માટે એનું પાર્થિવ વલણ જ્યાં જોર કરતું હોય છે, ત્યાં એ દોરવાઈ જાય છે. આવે વખતે જ એણે એના સમગ્ર જુસ્સાને અંતરમાંથી ઉદ્ભવાવીને સમરાંગણમાં ઉતારવાનો

હોય છે. એવા યુદ્ધની રમતમાં-પ્રવૃત્તિમાંથી જ આનંદ મેળવવાની વૃત્તિ એણે કેળવવાની રહે છે. કેટલાક જુવાનિયાઓને જ્યારે કંઈ પ્રવૃત્તિ રહેતી નથી કે હોતી નથી, ત્યારે એમની આનંદની વૃત્તિ ક્યાં ક્યાં અને કેવી કેવી પ્રવૃત્તિમાં એને ઘસડી જાય છે એ તો આપણા અનુભવની વાત છે. એટલે તે બાબતમાં આપણે આપણો ઊંડો વિચાર કરવાનો છે ને એવો કશામાંય રસ ન પડે, આનંદ ન પડે એવો વખત આવ્યો છે. એ પણ ભગવાનની કૃપા છે, કારણ કે નહિતર તો આપણને ઊંડા ઊતરીને જોવાની તક કે પ્રસંગ ક્યારે મળવાનો છે ? આપણે આપણી જાતને ને એનાં ઊલટસૂલટ પાસાંને જાણવાને માટે ક્યારે ઉદ્યત થવાના હતા ? આવે વખતે જ આપણને વિચારવાનું સૂઝે છે. સમજુ અને ડાહ્યો માણસ આવે વખતે જ પોતાનો ઝાઝો ઊંડો વિચાર કરે છે. જ્યારે સામાન્ય તો in the street તો જ્યાંથી એને આનંદ મળે ત્યાં દોડ દોડ કર્યા કરવાનો. તમને આનાથી વધારે તો શું કહી શકું ? તમે reserved વધારે રહ્યા છો ને જો આપણે અંતરથી ખુલ્લા થયા હોત અથવા તમે બન્યા હોત તો કંઈ સૂઝ પડે. તમારી તેવી ઇચ્છા જાગૃત થઈ હોય તો ઊંડું વિચાર્યા કરજો ને મને પ્રેમથી કહેતા રહેશો તો મને જેવું સૂઝશે તેવું તમોને જણાવીશ.

## આત્મવિશ્વાસ કેળવો

**સ્વજન :** ઘરમાં કોઈક ઠપકો આપે ત્યારે કે અથડામણ થાય ત્યારે ખૂબ ધીરજ રાખવા છતાંય અંદરથી અશાંત અને બેચેન થઈ જવાય છે. એકલો પડું ત્યારે શું કરવું એ સૂઝતું નથી. કામકાજ કરતાં કરતાં ભૂલ થાય એવો ભય પણ રહે છે. એથી ભૂલો વધતી હોય છે.

**શ્રીમોટા :** તમારે તમારું હૃદય ખાલી કરતાં રહેવાની ઘણી જરૂર છે. જ્યારે ને ત્યારે તમારે લખતાં રહેવું. ભલેને ગમે તેવું ગાંડુંઘેલું લખાય. તમારે માટે તે ઘણું જરૂરનું છે. દુકાનની બાબતમાં, એની વ્યવસ્થાની બાબતમાં, નીચેના ઘરની બાબતમાં જે કંઈ સૂઝે તે લખવું. બીજા કોઈને તમારી સાથેની અથડામણથી તમને કંટાળો આવેલો તે સમજી શકાય તેવું છે, ને તમે ઝઘડી નથી પડ્યા તે તમારી ધીરજ ને મર્યાદા સૂચવે છે.

આપણને કોઈ ઠપકો આપે એવી સ્થિતિમાં આપણે કદી ન મુકાઈ જવું. આપણે ધીરજ રાખવી ને સારાને માટે આશા રાખ્યા કરવી, પણ કંટાળવું નહિ. ને ભજન આવડતાં હોય તો ગાવાં. રેડીઓ પરનાં ભજનો સાંભળવાં ને જીવનનો હેતુ શો છે ? શો હોઈ શકે ? એ વિશે વધારે ને વધારે વિચારતા રહેવું. નવરા પડો ત્યારે આધ્યાત્મિક વાંચન વાંચવું. જો તમોને ધાર્મિક જીવનમાં રસ હોય તો સંત-ભક્ત-મહાત્માઓનાં કથાચરિત્રો વાંચવાનું રાખો.

જે જે પરિસ્થિતિમાં આપણે મુકાઈએ તેનો તેનો ધર્મ યોગ્યપણે બજાવતાં રહેવામાં જ આપણા જીવનનું રૂપાંતર થતું રહેવાનું છે. એટલે જે પરિસ્થિતિ મળી હોય એને વફાદારપણે વળગીને આપણે એને યોગ્યપણે પાર ઉતાર્યા કરવામાં જ પોતાનું સર્વ કંઈ કરી છૂટવા આપણે પ્રયત્ન રાખ્યા કરવાનો છે, પણ એ બાબતથી ગભરાવાનું નથી. ડર કે ભય એ આપણને વધારે ગભરાવે છે. જવાબદારી ગભરાવનારી નથી હોતી પણ એનો ખોટો હાઉ ગભરાવે છે. જવાબદારીથી ગભરાવાનું કશું નથી. એ તો જે હાથમાં આવ્યું તે કરતાં થઈ જવું. એ તો બધુંય ફાવશે.

આપણાથી પણ ભૂલ થાય તો એથી ડરવાનું નથી. એવી ભૂલો કરતાં કરતાં જ આપણે શીખવાના છીએ. ભૂલમાંથી

અનુભવ મળશે ને એમ કરતાં કરતાં આપણે જવાબદારીને યોગ્ય થઈ શકવાના છીએ. એમાં શંકા નથી. આપણે આપણામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો ને એક પણ ભૂલ ના થાય એ જોતા રહેવું. ભૂલ ન થવા દેવાનો આપણો પ્રયત્ન હોવો ઘટે. પણ જેનામાં સંપૂર્ણ આત્મવિશ્વાસ છે ને જે નિશ્ચયી છે તે કદાપિ પાછો હઠતો નથી. ભગવાન આપણને જે કામમાં નાંખે છે તે કામ કરવાની શક્તિ ને સમજણ તે સાથે સાથે આપી રહેલ હોય છે. એટલે જે કોઈ સ્થિતિમાં આપણે મુકાઈશું તેને યોગ્ય શક્તિ ને સમજણ તે આપણને આપી જ રહેવાનો છે એવો દૃઢ વિશ્વાસ રાખ્યા કરવાનો છે. તે વિશે સોએ સો ટકા ખાતરી રાખશો. જે અનુભવાય છે તે સમજાયા વિના રહેવાનું નથી ને ત્યારે તમને ઓર જોર આવશે. હજીય ઊંડો ઊંડો વિચાર કરવાનું ચાલુ રાખ્યા કરશો. આપણે આપણું પૃથક્કરણ કરતા રહેવાનું છે. એમાં શું શું ચાલી રહેલું છે, મનની વૃત્તિ-વિચારો - લાગણીઓ -ભાવનાઓ શું શું કરે છે તે સમજવાનો પ્રયત્ન સદાય કર્યા કરવો ને જ્યારે જ્યારે ભાર કે બેચેની લાગે કે કંટાળો આવે ત્યારે મોટેથી હરિઃૐની બૂમો પાડવી, શરમાવું નહિ, ભાર, કંટાળો કે બેચેની બધુંય હળવું થઈ જશે.

## મન-મનામણ અને કર્તવ્યભાવના

**સ્વજન :** મોટા, મને ખૂબ જ વિચારો આવે છે એની પરંપરા ચાલે છે. વળી, એક સિવાયની બીજી બાબતો પ્રત્યે અણગમો પણ રહ્યા કરે છે. રાત્રે ઝબકીને જાગી જવાય છે અને કોક ટકોરતું હોય એવું લાગે છે.

**શ્રીમોટા :** જીવનવ્યવહારમાં પડેલા મનુષ્યોને વિચારોની

પરંપરા ચાલ્યા કરતી હોય છે. જે માનવીને વિચારોની પરંપરા ઊઠતી નથી તે કાં તો સાવ જડ હોય કે કાં તો જ્ઞાની હોય. એટલે વિચારોની પરંપરા ચાલે તેમાં કશો વાંધો નથી. પરંતુ તેમાં ગૂંચવાઈ ન પડીએ એટલી આપણે સમજણ રાખવી. જે કંઈ પરિસ્થિતિ આવી પડે તે અંગેની વિચારોની પરંપરા ઉઠાવીને તે અંગેનો યોગ્ય નિર્ણય મનમાં થવા દેવો અને તેનો અમલ કરીને આપણે નિશ્ચિંત થઈ જવું. આવી પડેલી પરિસ્થિતિ અંગેનો નિર્ણય અમલમાં મૂકી દીધા પછી આપણે આપણને ઝાઝું ડહોળાવા દેવું નહિ.

આપણાં માબાપ પ્રત્યેનું આપણું કર્તવ્ય છે અને જે પરિસ્થિતિમાં આપણે મુકાયેલા છીએ તેની જવાબદારીઓ આપણે સમજીને તેમાં એકનિષ્ઠ થઈએ અને પિતાજીની તે બાબતની ચિંતા આપણે ઓછી કરીને તેમને હળવા બનાવીએ અને આપણા સર્વનિષ્ઠપણામાં તેમનો સંપૂર્ણ વિશ્વાસ મેળવીએ, એ આપણને બરાબર છાજતું છે. પરંતુ આ બધું કરવામાં જે જે કંઈ શીખવાનું આવે તે શીખી લઈએ એ વાત પણ સાચી છે. પરંતુ તે સાથે બીજી તરફ, બીજી વસ્તુઓ તરફ અણગમો જ આવ્યા કરે છે તે સૂચવે છે કે આપણામાં કશુંક પડેલું છે. કંઈ કશા તરફ અણગમો રહ્યા કરે અને એ લાગણી પ્રત્યે જો આપણે સવેળા ચેતતા થઈને એનું રૂપાંતર નહિ કરી શકીએ તો તે અણગમાની માત્રા ધીમી ધીમી વધ્યા કરશે અને આપણા જીવનમાંથી રસ ઉડાડી દેશે. આપણા જીવનને તે શુષ્ક બનાવી દેશે. એટલે કશા પ્રત્યે પણ અણગમો આવે ત્યારે તેના તરફ દયા, કરુણા, સહાનુભૂતિ અને પ્રેમની દૃષ્ટિ, વૃત્તિ આપણે રાખ્યાં કરવી ને એનો અમલ જેમ જેમ હૃદયથી કરતાં થઈ જઈશું તેમ તેમ અણગમાની આપણી વૃત્તિ ઓછી થતી જશે. પરંતુ આપણામાં જે બીજી બધી વસ્તુઓ તરફ અણગમો

લાગ્યા કરે છે એ બરાબર-યોગ્ય નથી એમ આપણને ઠસી ગયું હશે, તે આપણે કાઢી નાંખવું જોઈએ એમ જો લાગ્યા કરતું હશે તો જ આપણે એને કાઢી નાખીશું. નહિતર તો તેમ બનવું શક્ય થશે નહિ.

રાત્રે સૂતાં પહેલાં વિચારો આવ્યા કરે ત્યારે મનને સમજાવવું કે "આવા વિચારો અત્યારે તારે કરવાની જરૂર નથી. જે વખતે કામ હોય તે વખતે જ તેના વિચાર કરવાના છે. અત્યારે તારે શાંત રહેવાનું છે." આમ કહીને ભગવાનનું નામસ્મરણ પ્રેમથી હૃદયથી કર્યા કરવાનું છે. ઊંઘમાં ઝબકીને કોઈ વખત જાગી જવાય છે, એનું કારણ કે ક્યાંક કોક ઠેકાણે કશાકનો ઓથાર આપણામાં પડેલો છે. માટે જાગી જતાં તે વખતે મનમાં "કર્તવ્ય શું છે ? કેમ ઠેકાણે નથી પડ્યો ? કેમ અથડાયા કરે છે ? કેમ આળસ કરે છે ? એવા જે ભણકારા કાનમાં સંભળાતા હોય છે, તે આપણામાં સૂક્ષ્મપણે પડી રહેલી જે Consciousness (ચેતના) છે તે કોઈ ને કોઈ પ્રકારે ઉપર આવવાને મથતી હોય છે. જેમ કશાની શોધમાં આપણે હાંફળાં-ફાંફળાં કશુંક શોધતા હોઈએ છીએ ત્યારે તે પાસે જ પડેલું હોવા છતાં તે જણાતું નથી. તેમ આવી પડેલી પરિસ્થિતિમાં અને પરિસ્થિતિના ભારથી ને તેની ચિંતાથી આપણે એટલા વ્યગ્ર થઈ ગયેલા હોઈએ છીએ કે તેની ગૂંગળામણમાં તે ચેતનાથી વ્યક્ત થવાતું નથી. એટલે આપણે વ્યવહારકર્તવ્ય કરી રહ્યા પછી તેના ભાર કે ચિંતા મનમાં સેવવાં નહિ ને તે બાબતમાં સંપૂર્ણ નિશ્ચિંતતા રાખ્યા કરવી.

**સ્વજન :** પણ મોટા, મને જીવનના હેતુ વિશે વિચારો આવે છે છતાં કશું સમાધાન મળતું નથી. સિનેમા જોવા જતો રહું છું. સિનેમા જોઈને પણ કશું ઠેકાણું પડ્યું હોય એવું લાગતું નથી.

**શ્રીમોટા :** વડીલો પ્રત્યેની આપણી આદરભાવના મનમાં ઉત્કટપણે રાખ્યા કરીશું તો તેમના તરફથી આપણને તેમના પ્રેમની હૂંફ મળી જ રહેવાની છે. અને આપણું શું છે. વગેરે બાબતની સમજણ પણ જો આપણા પર આવી પડેલાં કર્તવ્યોને આપણે યથાર્થપણે બરાબર કરતાં રહીશું તો તેમાંથી આપણું કર્તવ્ય શું છે વગેરે સમજણ આપણને ઊગવાની છે. એ વિશે મનમાં ખાતરી રાખજો.

આપણા જીવનના હેતુ વિશે આપણને વિચારો આવ્યા કરે તે આપણી પ્રગતિનું સૂચક ચિહ્ન છે. પરંતુ તે વિષેના વિચારોની પરંપરાથી આપણે ગૂંચાવાનું નથી. જે જે કંઈ આપણે કરવાનું આવે તે બધું એવું કુશળ રીતે કર્યા કરીશું ને તેની પાછળની સમજ ને હેતુ, આપણા પોતાના હૃદયની ભાવનાના વિકાસને અર્થે, તેમાં ધરાવ્યા કરીશું તો સર્વ કંઈ કુશળ થવાનું છે. સિનેમા જોવા જઈએ તેમાંથી પણ જરૂર કશુંક ને કશુંક શીખી લેવાની વૃત્તિ રાખવી. ને તેમાંથી આપણી ભાવનાનો વિકાસ થાય એવું કંઈક ને કંઈક મેળવતા રહેવું. એટલે આપણે ખર્ચેલા પૈસાનો, સમયનો યોગ્ય વ્યય થયેલો પણ ગણાશે અને આપણે તેમાંથી કંઈક મેળવીશું તે વળી બીજો લાભ છે. સિનેમામાં કૃપા કરીને આ દૃષ્ટિ રાખશો.

તમને સમધાન થતું નથી તેથી તમે કશા ઉચાટમાં પડશો નહિ. વખત આવ્યે તેનું પણ સમાધાન જરૂર થઈ જશે. જીવનનો કોયડો ભલભલા ઉકેલી શક્યા નથી. જેના પર ઈશ્વરની કૃપા વરસે તે જ પોતાના જીવનનો કોયડો ઉકેલી શકે છે. આપણે પણ એ કોયડાને ઉકેલી શકીશું તેવો પૂરેપૂરો સોએ સો ટકાનો આત્મવિશ્વાસ કેળવ્યા કરીએ અને નિશ્ચિંત થઈએ.

❂

## બધું પોતાને ખાતર

**સ્વજન :** મોટા, આમ તો હું ધંધામાં પણ ન પડત. માત્ર મારા પિતાજીની માગણીને માન આપવા જ વેપારમાં પડ્યો છું. મારી વ્યથા આપને પત્ર દ્વારા જણાવવાનુંય મન તો થાય છે. પણ સંકોચશીલ સ્વભાવને કારણે બધું લખતો નથી.

**શ્રીમોટા :** તમે ફક્ત પિતાજી પ્રત્યેના કર્તવ્યને લીધે જ પૂરા મનથી વેપારમાં રહેવાનું વિચારી રહ્યા છો એ વિચારમાં મને જરાસરખી ભૂલ લાગે છે. કારણ કે જે પરિસ્થિતિમાં આપોઆપ આપણી મહેનત કર્યા વિના કે શોધ્યા વિના આવી પડેલા હોઈએ છીએ, તેની પાછળ કંઈ ગૂઢ-અગમ્ય હેતુ રહેલો હોય છે. એટલે તે પરિસ્થિતિમાં જોડાવાનું આપણે આપણા જ માટે રાખવાનું છે, નહિ કે બીજાને માટે. આવી પડેલી પરિસ્થિતિથી જ્યાં સુધી તે પરિસ્થિતિનું કર્તવ્ય ને તેની મર્યાદા આપણાથી પૂરાં ન થાય ત્યાં સુધી આપણાથી તેમાંથી ભાગી શકાય નહિ. મર્યાદા કંઈ અનંત કાળ સુધી રહી શકે નહિ. તેનો છેડો હોય છે જ. એટલે તમારી એ વિચારસરણી જો તમે બદલી શકો તો સારું છે. કદાચ એવી સમજણ અને પરિસ્થિતિને યોગ્ય વર્તન જો તમારામાં ઊગશે તો કદાચ સંભવ છે કે તમને તેમાં રસ પડવા માંડે ખરો. તમે જો સમજ્યા છો કે મનોમંથન રૂપે તમારી જાતને ઓળખવાને માટે પ્રભુએ અવસર આપેલો છે તે તમારી  સમજણ તદ્દન સાચી છે.

જેણે ભગવાનને પ્રાપ્ત કરવા છે તેણે પોતાની જાતને સોએ સો ટકા ઓળખવી પડશે જ. એટલે આવી વખતે આપણી જાતને ઓળખવાને માટે ઊંડાં ને ઊંડાં ઊતર્યા કરીએ ને આપણામાંનું બધું નીરખીએ, તેનો વિવેક કરીએ અને તે બધાનું ભગવાનની

આગળ નિવેદન કરીએ. પરંતુ આ બધું કરવામાં આપણે ક્યાંક ડહોળાઈ જઈએ નહિ તેની ખાસ સાવચેતી રાખવી.

આપણી લાગણીઓ આપણા વડીલોને જણાવ્યા કરવાથી તેમનો પ્રેમ આપણને વધારે ને વધારે મળે છે. એ આપણને મોટો લાભ છે. આવું કંઈ જ્યારે જ્યારે સૂઝે ત્યારે તેનો તત્કાળ અમલ કરી નાંખવાનું રાખવું. પરંતુ એમાં જો એટલું કરી શકાય કે જેને આપણે કાગળ લખવાનો છે તેની Consciousness (ચેતના) આપણામાં રાખીને તે કાગળ લખવાનું બન્યા કરે તો તેની સારી અસર થાય છે. તમે આવી પ્રેમપ્રસાદી આપ્યા કરશો અને સજ્જન માણસને બારણેથી યોગ્યતાવાળા ભિખારીને કોઈએ પાછો ઠેલ્યો હોય એવું જાણવામાં આવ્યું નથી. તમારી સાથે મારા હૃદયની ખૂબ હમદર્દી છે. તે જણાવ્યા કરવાની મને તક મળ્યા કરે એટલા માટે આ માગણી કરી છે. એટલે તેની યથાર્થતા તમારી સમજમાં ઊતરશે એવી શ્રદ્ધા અને આશા છે.

❂

## ધનિક થવું એ પાપ નથી

**સ્વજન :** મોટા, આપને માટે દિલમાં આકર્ષણ થાય છે. આ પૈસા કમાઈને એને સંઘરવા અને વધારવાનો શો અર્થ છે ? ભગવાનને પામવા માટે ધનિક અવસ્થા અંતરાય નથી કરતી ?

**શ્રીમોટા :** તમો મારા માટે પ્રેમભાવ રાખો છો એથી મને મનમાં ઘણો ઉમળકો આવ્યો છે. આપણો સંબંધ નૈસર્ગિકપણે-સરળપણે તેની સામેના કે એવા બીજા કશા ખ્યાલ સિવાય એમ ને એમ કેળવવા દઈશું તો આપણે જરૂર એકબીજા પાસે ને પાસે આવી શકવાના છીએ.

ધનિક થવું કે હોવું એ પાપ નથી. ને આપણને જે કાંઈ જોઈએ

તેના કરતાં વધારે પૈસા કમાવાનું થાય તેમાં જરાય અજુગતું નથી. દરેક માણસ એક જ રીતે ઘડાતો હોતો નથી. આપણું ઘડાવું એવી રીતે યોગ્ય હશે માટે આપણને એવી પરિસ્થિતિ મળેલી છે. એ તકનો યોગ્ય ઉપયોગ આપણે જો યોગ્યપણે ન કરી શકીએ તો આપણને મળેલી તકનો લાભ ગુમાવી બેસીશું. ભગવાન પ્રત્યે આપણે જો આપણા જીવનમૂળને વધુ ને વધુ ઊર્ધ્વગામી કરવાનું હશે તો ભલેને આપણી ગમે તેવી પરિસ્થિતિ હોય તોય તે બંધનકર્તા નીવડી શકવાની નથી. માણસની કોઈ પણ સ્થિતિ-ભલેને તે નીચમાં નીચ હોય તોય તેની તે સ્થિતિમાંથી ભગવાનને પ્રાપ્ત કરવાનું પોતે જરૂર શક્ય બનાવી શકે છે.માનવીની કોઈ પણ સ્થિતિમાંથી તે તેના તરફ નજર કરી શકવાને લાયક જ હોય છે. તેની એવી કોઈ પણ સ્થિતિ થવી તેને ઈશ્વર ભણી જવાને કદાપિ બાધક હોતી નથી. તો પછી આપણે જે પરિસ્થિતિમાં મુકાયેલા છીએ તે સ્થિતિ તો કદી બાધક નીવડી શકે તેમ નથી.

લક્ષ્મી એ તો સાધકનો વિકાસ કરવાને માટે એક મોટામાં મોટું સાધન છે. એ જેવો એનો ઉપયોગ કરે તેવો ને તેટલો જ લાભ મેળવી શકે.એના પ્રતાપે નર્કના દ્વાર પણ ખોલાવી શકે અને સ્વર્ગમાં પણ લઈ જઈ શકે. એટલે આપણી દૃષ્ટિ જો ભગવાન તરફ વળેલી હશે તો લક્ષ્મીનો સાચો ઉપયોગ કેમ કરવો અને તેનાથી કરીને આપણને વધારેમાં વધારે લાભ કેમ મળી શકે તે આપણને જરૂર સૂઝ્યા વિના રહેવાનું નથી. લક્ષ્મી એટલે ખરાબ અને આપણું અધઃપતન કરનારી છે એવા ખ્યાલો આપણે કદી રાખવા નહિ. એ તો મહાશક્તિનું સ્વરૂપ છે. એ જેના પર રીઝે તેનું તે સર્વકલ્યાણ કરી શકે છે. માતાને આપણે મા તરીકે જ જો વહાલ રાખ્યા કરીએ તો તે આપણા ઉપર શું કદી અકલ્યાણ થાય એવી રીતે વર્તી શકે ખરી ?

લક્ષ્મીનો લોકો સંગ્રહ કરી કરીને રાખી મૂકે છે. અને એના પ્રત્યે કોઈ પત્ની જેવું વર્તન રાખે છે, કોઈ પુત્રી જેવું વર્તન રાખે છે, તો કોઈ માતા જેવું પણ વર્તન રાખે છે. પુત્રીને જેમ પાળી પોષીને મોટી કરીને આપણે બીજાને જ આપી દેવી પડે છે, તેમ લક્ષ્મીનો સંગ્રહ કરી કરીને વધારે સાચવી રાખીને આખરે તેનો હવાલો સોંપી દેવાનું જે કરે છે, તે તેની સાથે પુત્રી જેવો સંબંધ રાખે છે. પોતાના એકલાના જ ભોગવિલાસ અને એશઆરામમાં જ જે ખર્ચ કરે છે, તે તેની પ્રત્યે પત્નીના જેવું વર્તન રાખ્યા કરે છે. અને જે કોઈ માતાએ મને જન્મ આપ્યો. અતિકષ્ટ કરીને મારું લાલનપાલન કરીને ઉછેરીને મોટો કર્યો એનાથી આ શરીર મળ્યું, તેથી આ જીવનનો કોઈ દિવ્ય હેતુ હું સમજી શકવાનો છું અને ભગવાનને પામી શકવાનો છું, એવી દિલમાં તેના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વારંવાર દર્શાવ્યા કરીને તેના પર ઘડીએ ઘડીએ વારી જાય છે અને તેને પ્રસન્ન રાખવાને મથ્યા કરે છે, એવી રીતે લક્ષ્મી સાથે જે વર્તે છે તે માતા જેવો સંબંધ રાખે છે.

## લક્ષ્મી પરત્વેનો સાધકનો ભાવ

**સ્વજન :** મોટા, મારે લક્ષ્મી પરત્વે કેવી દૃષ્ટિ અને વલણ રાખવાં જોઈએ ?

**શ્રીમોટા :** આપણે તો તેમાંનો એકે પ્રકારનો ભાવ દિલમાં રાખવાનો નથી. પુત્રી અને પત્ની તરીકે લક્ષ્મી સાથેનો સંબંધ ભગવાનના સાધકને કદીય ઇચ્છનીય નથી. માતા તરીકેનો સંબંધ થોડો ઇચ્છનીય ખરો, પણ વધુ નહિ. જેમ જેમ સાધકમાં ભગવાન પ્રત્યેનાં વિશ્વાસ અને શ્રદ્ધા વધતાં જાય છે તેમ તેમ તેને જે લક્ષ્મી મળેલી છે એ તો એની કૃપાનું સૂચક ચિહ્ન છે, એ એને સમજાયા

વિના રહેશે નહિ. કારણ કે એ લક્ષ્મીની સહાય વડે તે અનેકનું કલ્યાણ કરી શકે એમ છે. તેની સાથે એના હૃદયની ભાવના તેનાં કર્તવ્યોની અંદર કામ કરી રહેલ હશે, તો તેના હૃદયનો વિકાસ અને અનેકની ભલી લાગણીઓ, તેમનું આપણા પ્રત્યેનું સહાનુભૂતિભર્યું વલણ ને તે લોકોના આપણા પર ઊતરેલા આશીર્વાદો, તેમના અતિવિકટ જીવનમાં થોડી ઘણી પણ આપણાથી જે હૂંફ આપી શકાઈ હશે, એથી કરીને તે લોકોના જીવનમાં જે પ્રકારનું કિરણ પડ્યું હશે, ને જેથી કરીને તેઓના જીવનમાં એક પ્રકારનો આનંદ આવ્યો હશે એ બધું પરોક્ષપણે આપણને મદદ કર્યા વિના રહેશે નહિ.

સામાન્ય માણસને ઉપર ચઢવાને માટે જે ભગીરથ પ્રયત્ન કરવો પડે છે, ને જ્યાં તેને જવાનું છે, ત્યાં તેને ચાલતાં ચાલતાં જવાનું હશે. કોઈક વળી એવો હશે કે જે બળદગાડીમાં જતો હશે, કોઈક વળી એવો હશે કે જે આગગાડીમાં બેસીને જતો હશે, પરંતુ ભગવાને આપણને કૃપા કરીને લક્ષ્મીનું જે સાધન આપ્યું છે તેને જો યોગ્ય અને અનુકૂળ રીતે (યોગયોગ્ય) સાચો ઉપયોગ કરવાની કળા આપણને આવડી ગઈ હશે તો આપણે વિમાનમાં ઊડીને પહોંચી શકવાના છીએ. આપણામાં લક્ષ્મી વિશેની જે માન્યતા પેસી ગયેલી છે તે આપણામાંથી નીકળી જાય એટલા સારુ કહું છું. લક્ષ્મીનું સાધન એ આપણને મોટામાં મોટો લાભ છે, ગેરલાભ નથી. આ જાતની માન્યતા મારા એકલાની નથી, પરંતુ પૂજ્ય શ્રીઅરવિંદબાબુ તેવું જ માને છે. તેઓ તો વળી લક્ષ્મીને આના કરતાંય વધુ ઉચ્ચતર કક્ષામાં મૂકે છે. આપણી પાસે લક્ષ્મી હોવાથી જો આપણી વૃત્તિ સારી રહ્યા કરે તો કદાપિ આપણને એ પાછી લઈ જવાની નથી. એટલે એ બાબતમાં તમે સંપૂર્ણપણે નિશ્ચિંત બનજો.

આની વધુ સમજણ પડે એટલા માટે નીચેનું વિવરણ કરું છું તે લક્ષમાં લેજો. આપણી પાસે તલવાર કે એવું જો કોઈ સાધન હોય છે તો કોઈ અબળાને દુષ્ટ લોકો સતાવતા કે પીડતા હોય તો, યા લૂંટી લેતા હોય તો અથવા તો બીજા કોઈને તેવા લોકો હેરાન કરતા હોય તો તેવી વખતે શસ્ત્રના સાધનથી આપણે તે લોકોથી બચાવી શકીએ છીએ. વળી, આપણા ઉપર ચોર લુંટારાઓનો હુમલો થાય કે કોઈ દુશ્મનનો આપણા ઉપર હુમલો થાય તો આપણે એ શસ્ત્રના સાધન વડે આપણો બચાવ કરી છીએ, એટલું જ નહિ પણ તેમનો સંહાર પણ કરી શકીએ છીએ. વળી, જીવનમાં શસ્ત્રના સાધનની હૂંફ આપણને નિશ્ચિંત બનાવે છે. રસ્તામાં ચાલતા હોઈએ ને કૂતરું કે એવું જો કોઈ કરડવા આવે તો આપણી પાસેની લાકડી આપણું રક્ષણ કરી શકે છે. કંઈ પણ ભય હોય કે ન હોય, તોપણ તેનાથી એક પ્રકારની એક સાથીના જેવી હૂંફ આપણે અનુભવી શકીએ છીએ. તેમ જ એ સાધન જ કોઈ વાર આપણો વિનાશ પણ નોતરે છે. એટલે એ સાધનનો આપણે કેવી રીતે ઉપયોગ કરીએ તેના પર જ આપણી અવનતિ કે ઉન્નતિનો આધાર રહેલો છે. સાધન જાતે કદી ખોટું હોતું નથી. સાધનને વાપરનાર જ આપણે સારા કે નરસા હોઈએ છીએ, એટલે આપણે સાધનથી જરાય ડરવાનું નથી. જેમ આપણે ઘરમાં એકાદ લાકડી તો રાખી મૂકીએ છીએ તેવું આ સાધન જો આપણને મળેલું છે કે મળ્યા કરે છે તેના જેવું સમજવાનું છે.

હાલના તબક્કે આપણે કંઈ આશાઓ-તૃષ્ણાઓ ન રાખીએ ને જે કંઈ બન્યા કરે છે તે બનવા દઈએ. પરંતુ આપણી જે કંઈ સ્થિતિ ઊપજ્યા કરે તેમાં આપણે કંઈ પણ પ્રકારની લાલસાવૃત્તિ ન રાખીએ. એટલું જ નહિ, પરંતુ તેના વિશેના આગળપાછળના

વિચારો આપણે મનમાં પેદા થવા ન દઈએ અને એમ વિચારોની સાંકળ જોડ્યા કરવાનું ન થવા દઈએ તો એક પરિસ્થિતિમાંથી જન્મતી બીજી પરિસ્થિતિ આપણને વિકાસને પંથે લઈ જનારી નીવડશે. માથે ધર્મ તરીકે આવી પડ્યું તે ગમે તેટલું અગવડભર્યું કે ગૂંચવણભર્યું હોય તોય તે તો વગર બબડ્યે પ્રેમથી કરવું જ રહ્યું. તો જ કંઈક મજા પડે.

❂

## લગ્નોત્સવનો આદર્શ

**સ્વજન :** મોટા, ફેબ્રુઆરીમાં મારાં લગ્ન લેવાનાં છે. મારાં લગ્ન સાદાઈથી થાય એવી મારી વૃત્તિ છે. પણ એમ કોઈ માને નહિ એવી સ્થિતિમાં મારે શું કરવું ?

**શ્રીમોટા :** આ સમય ઘણો કટોકટીનો છે. ઘણા લોકોને ખાવાના ને અનાજના ફાંફાં છે. તે વેળા આવાં લગ્નમાં આપણા સમાજની રૂઢિ પ્રમાણે જે ખર્ચ થયા જશે, એમાં નિરુપાયપણે આપણને સંડોવવાપણું બને તે સ્વાભાવિક છે. પરંતુ તમે જો પિતાને કે સસરાને એમ જણાવો કે વખત આવો છે તો લગ્ન તદ્દન સાદાઈમાં કરી નાંખવાની ને કશી ધામધૂમ કરવી નહિ અને જ્ઞાતિના રિવાજ પ્રમાણે કશું કંઈ પણ ન કરવું, પણ એથી જે ખર્ચ થવાનો હોય તે બધી રકમ ગરીબોને સસ્તે ભાવે અનાજ આપવામાં વાપરવી, ને તે રકમ જોઈએ તો અમદાવાદમાં તમારી પોતાની જ્ઞાતિ માટે જ વાપરવી અથવા તેવી દુકાન કાઢવી ને ત્યાં એટલી રકમ ખર્ચવી.

તમારાં લગ્નની શુભ શરૂઆત આવી રીતે ત્યાગથી થાય, ને એનું સ્મરણ જિંદગીભર તમને રહ્યા કરો એવું હું તો જરૂર ઇચ્છું. પરંતુ મારું નામ લીધા વિના તમે ગમે તે લખશો. એ પોતે

તે વિચાર તમારી આગળ મૂકે જ નહિ. કદાચ તમને ઓછું આવે. પરંતુ તમે જો પ્રેમભાવથી આ વિચાર એમની આગળ મૂકો તો તેઓ જરૂર વિચાર કરે ખરા જ. તમે એક કાગળ તમારા સસરા પર પિતાજીની મારફતે જરૂર મોકલી શકો છો. આવી હાડમારીના જમાનામાં આપણને બહુ આડંબરભર્યું મહાલવું ગમે નહિ. જે સમાજનાં આપણે અંગ હોઈએ, તે સમાજનું મોટું અંગ-મોટો ભાગ -જ્યારે હેરાનગતિમાં હોય ત્યારે આપણી એની સાથે સહાનુભૂતિ ને હમદર્દી હોય. ને એ ભાવનાના પ્રેરાયા અને એને અનુલક્ષીને તમે તમારા નવા જીવનમાં પ્રવેશ પામો તો એ જીવતુંજાગતું દૃષ્ટાંત તમને કેટલું પ્રેરણાદાયી નીવડે. સમાજના ગરીબ વર્ગને તમે દાખલારૂપ થઈ શકશો. તમે આ બાબતમાં ઊંડો વિચાર કરવાનું રાખશો. સહેલાઈથી બની શકે તો ઠીક, નહિતર કશો વાંધો નહિ. આપણને જે લાગતું હોય તે મર્યાદા, વિવેક ને નમ્રતાથી મુરબ્બીઓ આગળ મૂકીએ. ને તે સાથે આપણી માન્યતામાં નિશ્ચયાત્મક બુદ્ધિવાળા રહી શકતા હોઈએ તો મુરબ્બીઓ આપણી કદર કર્યા વિના રહી જ શકતા નથી.

## પિતા પ્રત્યેનો ધર્મ

**સ્વજન :** હું મારા પિતાજીને મારું દિલ ખોલીને કહી શકતો નથી. કેમ કે એ મને વઢે-ઠપકો આપે એવો ડર રહે છે.

**શ્રીમોટા :** તમારા મનના દોરને સ્વચ્છંદપણે કૃપા કરીને ઊડવા ન દેશો. ઘણું વિચારશો, તમારા મનની સર્વસ્થિતિ પૂજ્ય પિતાને લખતાં કોઈ જાતનો સંકોચ મનમાં લાવશો નહિ. જેમ મા આગળ એના ખોળામાં સૂતા આપણને શરમ આવતી નથી. તેમ બાપ આગળ આપણે જેવા હોઈએ તેવા દેખાઈએ એમાં

આપણને નાનમ ન લાગવી જોઈએ. કદાચ આપણાથી કંઈ ખરાબ થયું હશે તો, એ આપણને વઢશે, લઢશે ને કંઈક સજા પણ કરે, પણ એ બધા પાછળ તેમની ભાવનાનો હેતુ તો આપણા કલ્યાણનો જ છે. એટલે તમારા મનની બધી વાતો પૂજ્ય પિતાને લખતાં રહેવાનું રાખશો. એવી આપણી ટેવ આપણને ઘણી બળ પ્રેરનારી થઈ પડશે.

આપણે આપણી પેઢીની, કુળની આબરૂ સચવાઈ રહે તેમ મથવું જોઈએ. એ આપણો ધર્મ છે. પરિસ્થિતિથી સાવ જુદો અલગ એવો કોઈ નાગો સિદ્ધાંત હોઈ શકે નહિ. કોઈ પણ પ્રકારની ભયની લાગણી સેવશો નહિ. જે થવાનું હોય તે ભલે થયા કરે.

તમે તો મને કશુંય લખો નહિ. તમારા તરફથી કંઈ જ વેગ ન મળે ત્યારે મારું શું થાય? વળી તમને જે બાજુ વળવાનું કહ્યું હતું તેમાં પણ તમે પ્રાણ-રસ લાવી શક્યા નથી. તેથી પણ મારાથી શક્ય વલણ તમારી બાબતમાં થઈ શક્યું નથી. કૃપા કરીને હજીય મહેરબાની રાખશો તો આભાર. નામ તેવા ગુણ ધારણ કરવા લખેલું છે તેનો મર્મ સમજી મૂક્યો હશે જ. પૂજ્ય પિતાજીને દર પંદર દિવસે તમારા મનની સઘળી વાતોને ને જે જાતના પવનો આવતા હોય, જતા હોય તે અંતર ભાવના-આદર અને નમ્રતા સાથે જણાવ્યા કરતા થઈ જવું. એટલું કરશો તો તમારો આભાર નહિ ભૂલું. તમારી નૈતિક જવાબદારી ભૂલેચૂકે મારાથી સ્વીકારાઈ છે એ ખ્યાલ રાખશો.

કરાંચી જઈને તમોને રોજ લખવા ધારતો હતો. પણ ત્યાં મને તાવ રહ્યા કરેલો એથી ભગવાને એમ કરવા ન દીધું. બાકી તો જરૂર લખતો રહ્યો હોત. તમે મારી ગરીબની આબરૂ સાચવજો. મારી આબરૂ જેમ અનેકના હાથમાં છે તેમ તેનો

આધાર તમારા હાથમાં પણ છે. પૂજ્ય પિતાજી આગળ મારે નીચું જોવા વખત આવે એમાં મને નાનમ કે શરમ નહિ લાગે. માત્ર જો આપણે આપણી થતી ભૂલોમાંથી શીખવાનું રાખ્યા કરીએ ને એમાં આપણે પૂરેપૂરી પ્રમાણિકતા જાળવી શક્યા હોઈએ, આપણા વડીલો તરફનો અત્યંત આદરભાવ જો આપણા હૃદયમાં પ્રાણરૂપે પ્રગટ્યો હોય તો આપણને તે ભાવ-એમને નીચું જોવરાવ્યાપણું બને તેવા તરફ પ્રેરાતાં આપણને અટકાવશે જ. આપણો એમના પ્રત્યેનો એવો પૂજ્ય ભાવ આપણા કલ્યાણ માટે છે. તેથી આપણો જ વિકાસ થાય છે. એમને એ સાથે કશી લેવાદેવા રહેતી નથી. એટલે એ જે હૃદયમાં એમના પ્રત્યે તેવો ભાવ રાખીએ તેમાં આપણા જ કલ્યાણની ભાવના છે. અચાનક જે કંઈ બેચાર વાક્યો તમારી જવાબદારી માટે પૂજ્ય પિતાજી આગળ બોલાઈ ગયા છે એને માટે મારે તો જવાબદાર રહેવું જ ઘટે ને તમો તો મારા જેવાનો ભાવ પણ પૂછતા નથી. પછી મારે તો કરવું શું ? નહિતર મારે પોતાને તમારે ત્યાં જ હાથી તરીકે રહેવું પડશે. પણ એ તમને પોષાશે નહિ. પ્રથમ પરિચયે જે સ્વાદે પકવાન લાગે તે મીઠું ને તેથી વધારે ને વધારે ખાવાનું મન થાય, પણ આખરે તો અપચો જ કરાવે.

## માતૃભાવના

**સ્વજન :** મોટા, મારે મા નથી. નવી મા છે. એનુંય મને તો ઓછું આવે છે. મારી વૃત્તિઓની પ્રબળતાથી હું જ ક્યારેક મૂંઝાઈ જાઉં છું.

**શ્રીમોટા :** પ્રભુથી છાનું શું હોઈ શકે ? પ્રભુથી બાળક જુદું હોતું નથી. એની તરફ જેટલા ખુલ્લા રહ્યા કરીશું, તો અંતે

આપણને લાભ જ થવાનો છે. આપણી તેવી વૃત્તિઓ સામે યુદ્ધ આપ્યા કરવું તે જરૂરી છે. એમ ડરી જવાનું નથી. તેમ જ ગભરાવાનું પણ નથી. પુરુષાર્થ તો અખંડ કર્યા જ કરવો. પ્રભુની મદદ, શક્તિ, હૂંફ, સહાનુભૂતિ મેળવવા પ્રભુને પ્રાર્થના કર્યા કરવી એ ઘણું જરૂરી છે.

મા તો કલ્યાણમયી છે. માતા તો વરદાનમયી છે. મા તો શક્તિપ્રદાન છે. મા ચંડી છે. મા રાક્ષસોની સંહારિણી પણ છે. જે સતત પુરુષાર્થ કરતો રહે છે, ને સાથે પૂરતો નમ્ર રહ્યા કરે છે, ને એવો મથતો માણસ માને મદદ માટે લાગણીથી ભાવનાથી જ્યારે જ્યારે પુકારે છે ત્યાં મા મદદ કર્યા વિના રહી શકતી જ નથી. મા તો આપણી પડખે જ છે. પણ આપણે એને બોલાવતા હોતા નથી. મા આગળ જે બાળકભાવે રહીને એને રાજી કરવા કાલાં વેણ કાઢે તેમ જ અત્યંત પ્રેમભાવે એને બોલાવીએ તો મા તો પ્રત્યક્ષ જ છે. એ તો આપણું રક્ષણ કરવા તૈયાર જ હોય છે પણ આપણે કમભાગ્યે એનું શરણું શોધતા નથી. એટલે થાય પણ શું ? માટે નિરુત્સાહ ન થશો. મા આપણને મદદ કરવાની છે. મા જગતજનની છે તો આપણી કેમ ન હોય ? આપણી રાક્ષસીવૃત્તિઓને સંહારવા માટે આપણે એની કૃપા વડે જો કટિબદ્ધ થઈ જઈશું ને આપણાં વ્રત-ટેક-નિશ્ચયમાં મક્કમ રહ્યા કરીશું તો માની હૂંફ આપણે જરૂર અનુભવી શકીશું. મા તો ચેતનામયી છે, પ્રાણદાતા છે. આપણું અંતર ઘડતર પણ એને જ આભારી છે, માટે માના પર બધો આધાર રાખીને યુદ્ધ માંડ્યા કરજો.

વાસનાવૃત્તિને મોળી પાડવા માટે તમને હું આ ઉપાયો લખી આપું છું એનું વિવેકપૂર્વક પાલન કરશો તો સારું પરિણામ આવશે.

❂

## વાસનાવૃત્તિને મોળી પાડવાના ઉપાયો

તમોએ જણાવી છે તે વૃત્તિને દૂર કરવા માટે નીચેની સૂચનાઓ ધ્યાનમાં લેશો તો ઘણી મદદ મળી રહેશે. એનો અનુભવ કરી જોશો.

(૧) શરીરને ખૂબ ખૂબ મહેનત પડે તેવું કામ કરશો. શરીર લોથપોથ થઈ જાય એટલી હદ સુધી કામ મળે એ જરૂરી છે.

(૨) ઠંડે પાણીએ નાહવાનું રાખશો. સૂતા પહેલાં જરૂર નાહીને સૂવાનું રાખશો.

(૩) સૂતા પહેલાં ઊના પાણીમાં થોડી રાઈનો ભૂકો નાંખીને તેમાં પગનાં તળિયાં બોળી રાખવાં. દશ મિનિટ સુધી.

(૪) પાથરવાની ચાદર-ગલેફ રોજ ધોયેલાં વાપરવાં. રાતનું સૂવાનું વસ્ત્ર પણ ધોયેલું વાપરવું. ગાદલાં, તકિયા, રજાઈ વાપરતા હોઈએ તે દરરોજ તડકે નાંખીને વાપરવાનું રાખવું.

(૫) સૂતા પહેલાં ઇંદ્રિયના ભાગ ઉપર બેત્રણ ડોલો ઠંડું હોય તેવું પાણી રેડ્યા કરવું. ને પછી ઊના પાણીમાં પગ બોળીને સૂઈ જવાનું રાખવું.

(૬) સૂતી વખતે પ્રાર્થના કરવી ને મદદ માગવી.

(૭) ધાર્મિકવાંચન તેટલા વખત પૂરતું તો વાંચતા જ રહેવું.

(૮) જેમના ઉપર શ્રદ્ધા હોય તેવા સંતપુરુષની છબી ખાટલા પાસે રાખ્યા કરવી ને એની સામે ઘણી વાર જોયા કરવું.

(૯) દિવસમાં એકબે વાર ઇંદ્રિયના ભાગ પર ઠંડું પાણી રેડવું.

(૧૦) ખાવામાં મરચું, તેલ , આદું, લસણ ,ડુંગળી આદિ હમણાં છોડી દેવું. ઘી પણ ઓછું લેવું.

(૧૧) ભગવાનનું નામસ્મરણ બને તેટલું વધારે રાખ્યા કરવું.

(૧૨) ખુલ્લામાં જઈને હરિઃૐની બૂમો જોરથી પાંચસાત મિનિટ સુધી પાડ્યા જ કરવી.

(૧૩) દિવસે લંગોટ તંગ ન પહેરશો.

(૧૪) આપણી તેવી વૃત્તિ ઉશ્કેરે એવો કોઈ સંગ ન કરવો.

(૧૫) પેલા સ્વામીજી હોય તો એમનો સમાગમ કરવો. જો ન હોય તો તમને જેમનામાં શ્રદ્ધા હોય એના ફોટા આગળ બેસીને ધાર્મિકવાંચન જે ગમતું હોય તે વાંચવું. બીજું સાહિત્ય વાંચવાનું હમણાં મોકૂફ રાખશો.

(૧૬) પ્રત્યેક સ્ત્રીને માતા સમાન ગણીને કોઈ ઉપર નજર પડતાં મા ભાવે એને હૃદયથી માનસિક પ્રણામ કરવાનું રાખશો. આટલું કરશો તો તે વૃત્તિમાં જરૂર ફેર પડ્યા વિના રહેવાનો નથી. જો ફેર ન પડે તો તમારા ચંપલ ને મારો વાંસો. પણ આપણે તે કરી છૂટવું જોઈએ. વળી આ વૃત્તિને આપણે તાબે કદી થવું જ નથી એવો દૃઢ-મક્કમપણે નિશ્ચય રાખ્યા કરવાનો છે. એમ એ બાબતમાં તમન્ના રાખશો તો બધું થવું શક્ય થઈ પડશે જ.

❂

## પ્રાર્થનાભાવ

**સ્વજન :** મારામાં ખૂબ જ આળસ છે. એ દૂર કરવા કે બીજી શક્તિઓ માગવા ભગવાનને પ્રાર્થના કરી શકાય ? એ રીતની પ્રાર્થના કરવાથી શક્તિ મળે ? આળસ જાય ?

**શ્રીમોટા :** મનને આપણે કદી નવરું પડવા દેવું નહિ. કામમાંથી નવરા પડીએ તો નામસ્મરણ કર્યા કરવું. ને સવારથી

ઊઠ્યા પછીથી તે રાત્રે સૂતા સુધીમાં આપણે જે જે કંઈ કર્યું હોય, જે કંઈ વિચાર આવ્યા હોય, આપણા વિશે કે બીજાના વિશે જે કંઈ લાગણીઓ થઈ હોય તે બધુંય આપણે ભગવાનને કહેતા રહેવું. પ્રાર્થના ત્યારે જ કરવાની હોય કે જ્યારે આપણને કંઈક જોઈતું હોય કે આપણામાં કંઈક ખૂટતું હોય. દા. ત. આપણામાં જો આળસ હોય અને તે આળસ દૂર કરવી છે એવું આપણને જણાયું હોય તો આપણે ભગવાનને એવી પ્રાર્થના કરીએ કે, હે પ્રભો ! આ આળસ મારામાં મોટો શત્રુ છે. તે મને મારી પ્રગતિ કરવા દેતી નથી. મારામાં કશું ચેતન આવવા દેતી નથી. માટે હે પ્રભો ! તું મને તેને મારામાંથી કાઢી નાંખવાને બળ આપજે, ચેતન આપજે, સ્ફૂર્તિ આપજે. વળી જો સદ્‌ગુણની આપણામાં ખામી હોય અને તે આપણને જણાયું હોય તો તેવી જ રીતે ભગવાનને આપણે પ્રાર્થી શકીએ.

પ્રાર્થના કરીને આપણે બેસી રહેવાનું નથી. આપણે આપણો પ્રયત્ન બધો જ કર્યા કરીએ. તે બાજુના આપણા પ્રયત્નમાં આપણે જરાકે ખામી ન રાખીએ તો જ આપણને ભગવાન મદદ કરશે. He helps to those who help themselves. આવી રીતનું પ્રાર્થના કરવાનું રાખશો. વળી, આપણા હૃદયના જે જે સર્વ ગુણો છે તે ગુણોને આપણે વિસ્તારતા રહેવાનું છે અને આપણામાં ક્યાંય મનનું સંકુચિતપણું ના રહી જાય તે રીતે આપણે મનને કેળવતા રહેવાનું છે. આપણે સર્વ પ્રતિ ઉદાર રહીએ. કોઈ પ્રત્યે કદી અસહિષ્ણુ ન બની જઈએ. બધાંની પ્રત્યે સહનશીલ રહીએ અને સામાનું દૃષ્ટિબિંદુ પણ સમજવાનો પ્રયત્ન કરીએ અને આપણી જાતને ઊંડું ને ઊંડું સમજવાનો પ્રયત્ન કર્યા કરીએ. આપણા મનને સમજવાને માટે ત્યાં **'મનને'**ની ચોપડી છે તે અવારનવાર વાંચતા રહેવાય, તો તેમાંથી પણ સમજાશે. વડીલોની

હૂંફ-સહાનુભૂતિ-પ્રેમ અને આશીર્વાદ આપણને આપણા માર્ગમાં ઘણી સરળતા કરી આપે છે. એટલે વડીલો તરફ આપણે ખૂબ આદરભાવ રાખ્યા કરવો. વધુ ને વધુ નામસ્મરણ લીધા કરશો તેથી મનને શાંતિ અને આનંદ જરૂર મળશે. ભગવાનમાં વિશ્વાસ રાખીને આપણા જીવનને આપણે વધુ ને વધુ વિકાસ પામતું કરી શકીએ એ જ દૃષ્ટિબિંદુ આપણે રાખવું.

## બળ મેળવવાનો ઉપાય

**સ્વજન :** મોટા, જગતજનની માને પ્રાર્થના કરીને બળ મેળવવા ઈચ્છું છું. હું તો સદાનો પતિત છું. મારાં વિચારો અને વૃત્તિઓ જોતાં મારી અધમતાને સીમા નથી.

**શ્રીમોટા :** માને જે ગદ્ગદ કંઠે આર્તનાદ કરીને પોકારે છે એને મા પોતે હાજરાહજૂર બને છે. એને મા પોતાનો કોમળ હાથ ફેરવ્યા વગર રહી શકતી નથી; પણ એના તેવા હાથ ફેરવવાની રીતો કંઈ અલૌકિક જ હોય છે. એની આપણા જેવાને ઝાઝી ગતાગમ પડતી નથી. જેને આપણે દુઃખ ગણતા હોઈએ છીએ, જેને આપણે અધઃપતન માનતા હોઈએ તેમાંથી જ તે આપણને ગગનગામી દૃષ્ટિ કરાવવાને માટે તૈયારી માટેની એક રચનાત્મક ભૂમિકારૂપે જ તે તકો સાંપડેલી હોય છે. માણસને જ્યારે કૂદવું હોય છે તો એને પાછા હઠવું પડે છે. એવા પાછળ હઠ્યા વિના આગળ કૂદવાનું જોશ આવી શકતું નથી. એટલે જેને પાછળ હઠવાપણું માનતા હોઈએ તે ખરેખરી રીતે આપણને આગળ કૂદવા માટેની રમત કરેલી છે તે આપણે સમજી લેવું જોઈએ. ભગવાનનો એ હેતુ આપણે બર લાવવો જોઈએ. હવે

એવી કોઈ પરિસ્થિતિને જરાય બરદાસ્ત કરી લેવી નહિ. એનો જબરજસ્ત સામનો કરવાનું રાખવું. ઘર્ષણ વધતાં વધતાં જ જેમ ગરમી વધારે ઉત્પન્ન થાય છે તેમ આમાં પણ આપણું આંતરિક બળ વધારવાનો માત્ર આપણે જ્ઞાનપૂર્વક ચીવટાઈથી ઉપયોગ કર્યા કરતાં હોતા નથી. એટલે એ જાણે અસ્તિત્વમાં જ ન હોય એવું લાગે છે. ઉપયોગ વિનાનું હથિયાર કટાઈ જાય છે ને નકામું થઈ જાય છે. એનો ઉપાય તો આપણે વૃત્તિઓની સાથે સદાય યુદ્ધમાં ઊતર્યા કરવું જોઈએ તે છે. જો એક વખત પણ એ વૃત્તિને તાબે થઈ ગયા તો ખલાસ. આપણે બધું ગુમાવી બેસીશું. એટલે આપણે બધી તૈયારી કરીને એની સામે ઝઝૂમવું જ રહ્યું. એને વશ ન થઈ જવાય.

મા પણ આપણી સંભાળ લેવા બેઠેલી છે. પણ મા, એકદમ બધાંને સહાય કરતી નથી. જે મદદ માંગે છે એને પણ મદદ કરતી નથી. પણ જે પોતે પોતાનાથી બનતી બધી મદદ, બધું બળ, ઉત્સાહ, જોશ વાપરીને પછી માની મદદ માગે છે એને મા પોતાની મદદ આપે છે, ને એવાને મા ડૂબતો બચાવે છે. માટે તમારે નિશ્ચિંત રહેવું. પોતાનાથી બધું થાય તેટલું કરશો. જે જે ઉપાયો બતાવ્યા છે તે કરવા ચૂકશો નહિ. તમારા બધાંના વડે જ મારે તો જીવવાનું છે. જગત આખું કંઈ મને ઓળખતું નથી ને જે જેવી રીતે ઓળખે એની સાથે તેવી રીતે વર્તવાનું બને, એટલે તમારી મદદ, હિંમત, સાહસ, બળ, ખંત, ધીરજ એ બધું ન માગું તો પછી મારાથી કેવી રીતે જીવાય ? જેમ ભગવાનના પ્રાણ ભક્ત લોકો હોય છે તેમ મને જે થોડું ઘણું જાણવાવાળા છે એ બધા વત્તાઓછા પ્રમાણમાં મારા પ્રાણ જ છે. તેથી તેમની ક્ષતિઓથી મને કંઈ કંઈ થતું રહે છે ને એમના તરફ મનવૃત્તિ ખેંચાતી રહે છે. પણ એ બધાંને સાબિત કરી

આપવા જેટલી બુદ્ધિ કે શક્તિ ભગવાને મને આપી નથી, પણ જે શ્રદ્ધાને વિશ્વાસ રાખી પોતાનાથી બનતું બધું કર્યા કરી જે માના ખોળામાં શરણભાવે માથું મૂકશે એને એ વાતની ખાતરી થઈ જાય છે, એટલે તમારા તરફથી પત્ર મળે તેવી આશા કેટલાય વખતથી રહ્યા કરતી હતી. તમે જ્યારે પત્ર લખો ત્યારે એમાં મથામણની હકીકત લખજો. મા તો આપણી સાથે જ છે. આપણામાં એની છૂપી સેર રહેલી જ હોય છે.

## ગુણ કેળવણી

**સ્વજન :** મારા વેપારના કામકાજમાં ભાગીદારો વચ્ચે મેળ બેસતો નથી. મારી વાતમાં એ રસ જ લેતા નથી. એથી મારી મુશ્કેલી વધી જાય છે. આવા સ્વભાવના લોકો સાથે કેવી રીતે વ્યવહાર કરવો એ સમજાતું નથી.

**શ્રીમોટા :** તમારી મુશ્કેલી સમજી શકું છું. આપણે નાસીપાસ થવાનું નથી. સામાના તરફથી સદ્‌વૃત્તિ કે સહાનુભૂતિની આશા રાખ્યા વિના એ આપણા સહભાગી છે એમ માનીને પેઢીના કામકાજમાં એમની સાથે દુકાનનાં બધાં જ કામકાજની વાતો કરવાનું રાખવું. એ ભલે રસ ન લે. આજે નહિ લે-કાલે નહિ લે-પરમ દિવસે નહિ લે પણ એક દિવસ એ રસ લીધા વિના નહિ રહે. આપણે બધું એમને પ્રેમભાવે ને નાનાં મોટાંનો ખ્યાલ રાખ્યા વિના કહ્યા કરીશું તો સામાની વર્તણૂકમાં ફરક પડ્યા વિના રહી શકવાનો જ નથી  એ નક્કી માનજો.

કોઈ પાસેથી બળાત્કારે તો કામ લઈ શકાવાનું નથી. સૌ કોઈ પોતાનો ધર્મ સમજીને સર્વ કાંઈ કર્યા કરતાં હોત તો દુનિયા દુનિયા ન રહેત. એટલે આપણે ધીરજ, સહાનુભૂતિ ને હમદર્દીની

લાગણી (પ્રેમની ભાવનાવાળી) રાખ્યા કરીશું તો આપણે કશું જ ખોવાનું નથી. એમાંથી તો આપણો વિકાસ જ થવાનો છે. આપણામાં એક પ્રકારની સંયમની વૃત્તિ આવશે. આપણે કોઈનું સાંખી લઈએ એવી સ્થિતિમાં નથી. તેમ છતાં સહી લઈશું ને ખામોશી ખાઈશું એ બધું જો જ્ઞાનપૂર્વક સમજણ સાથે કરવાનું રાખીશું તો એમાંથી સામાને ફાયદો થવાનો હશે તે તો થશે કે નહિ તે તે જાણે, પણ આપણને તો થશે જ. આપણે સામાની સ્થિતિ સમજવી. એની સાથે સર્વ સંકોચ છોડી પૂરી રીતે ખુલ્લા થઈને વાત કરવાનું રાખવું. કશું મનમાં ન રાખવું.

આપણે ગુણ ને ભાવે રહેવું. ત્યાં ઊંચા પદે ગુણો હોવા છતાં એવી નમ્રતાથી ચાલવું જેથી ગુણોનો વિકાસ આપોઆપ થતો જશે. એ લાભ આપણા તોલે છે. બીજાની ગણના ન થાય. કશાથી નાહિંમત થવું નહિ. આપણે જ એની કૃપાથી સર્વ કાંઈ કરી શકવાને શક્તિમાન છીએ. એમ દૃઢ નિશ્ચયાત્મક વૃત્તિ રાખીને અન્યથા વૃત્તિ સાથે યુદ્ધ તો કર્યા જ કરવું. અંતે આપણો વિજય એ તો નિર્વિવાદ વાત છે.

❂

## ઝંખનાનાં ગતિ અને આદર્શ

**સ્વજન :** મોટા, મારી તો છેક જ કફોડી સ્થિતિ થઈ ગઈ છે. મા ભગવતીને ચરણે જવું એ શું છે એ સમજાતું નથી. ખૂબ પ્રાર્થના કરું છું તોય દુઃખ ઓછું થતું નથી. નિરાશામાં ડૂબી જવાય છે.

**શ્રીમોટા :** જેની ઉજ્જવળ કારકિર્દી થવાની શક્યતા છે એવા તમારા જેવા સપૂતને શોભે એવું જીવન શું આમ તે વેડફી જવા દઈએ ? આપણો સંબંધ થયો છે તે શું એમ કંઈ વ્યર્થ થઈ શકે ખરો કે ? આપણે બધા સાથે જ ડૂબતા હતા અને સાથે જ

જીવી શક્યા છીએને ? આપણે માની કૃપાથી એક નાવમાં બેઠેલા છીએ, તેમાં એકની એવી દશા જોઈને કોનું હૈયું ન વલોવાય ? તમે તો મને જે કંઈ કહેશો તે ઓછું છે. તમે જે પ્રેમભાવ રાખીને મને જણાવો છો તેથી મારા હૈયામાં ટાઢક વળે છે. પ્રભુ કે જગતજનનીનાં ચરણમાં માથું મૂકવાનું જે સાહસ-હિંમત કરે છે- એને શરણે જવાનાં જેણે આંધળિયાં કર્યા છે એવાનો હાથ પકડ્યા વિના મા રહી શકે ખરી ?

મા તો અનંત અગાધ દયાની મૂર્તિ છે. તેમ જ મા પાષાણમયી પણ છે. માનું શરણું પકડીને જે એની કૃપા પર આધાર રાખીને તરવાને માટે બાથોડિયાં મારે છે એને મા જરૂર બચાવે છે. એના ઐતિહાસિક પુરાવા છે. એક વખત એવાં ચરણમાં શ્રદ્ધાવિશ્વાસ મૂકીને ઝંપલાવો. એના પર ન્યોછાવર થઈ જાઓ ને એનામાં લીન થવા મથ્યા કરો પછી એ જીવતી-જાગતી છે કે નહિ એ જુઓ. એવું કર્યા વિના એનો પડઘો કોઈને જણાય નહિ. તરવું હોય, તરતાં શીખવું હોય તો ઊંડાં પાણીમાં ઊતરીને સાહસ કરવું જ જોઈએને ? એ વિના તરવાનું આવડી શકે કેમ ? એટલે માને ભરોસે નાવ હંકારવાનું કરીને એને બધું સોંપ્યા કરો. એને ગમે એવું જીવન જીવવાને હોંશ , ઉત્કટ તમન્ના આપણામાં જાગવાં જોઈશે.

**સ્વજન :** પણ મારા સ્વભાવ પ્રમાણે જ મારાથી તણાઈ જવાય છે. અતડાપણું અને નિરાશાવાદી વલણ હઠતાં નથી.

**શ્રીમોટા :** આપણા સ્વભાવનું વહેણ આપણને તાણી ન જાય એ આપણે જોતા રહેવું પડશે. એટલું જ નહિ પણ એ સામે આપણે પ્રયત્ન કરવા પડશે જ. આપણે ડૂબતા હતા ત્યારે આપણે નીકળવાનો પ્રયત્ન ન કર્યો હોત તો તો જાત જને ? તે વખતે એમ જતાં જતાં પણ બૂમો પાડી હતી તે સાંભળી

હતી ! ને આપણે ઘેર આવ્યા ને રેડિયોની સ્વિચ તમે ખોલી ત્યારે પહેલું જ શું સાંભળ્યું હતું ? યાદ છે ? "જલ સ્થલ મેં ધૂમ મચાઈ-ભક્ત જનોંકી લાજ રખાઈ." ભગવાને ત્યારે સાચે જ લાજ રાખી હતી. એવી લાજ આપણા જીવનમાં શું તે નહિ રાખી શકે ? ન બને જ કેમ ? માત્ર જીવે કટોકટીનો પ્રયત્ન કરવો પડશે. માને સર્વસ્વ સોંપીને, એને યાદ કરી કરીને એની મદદ લઈશું તો મા તો હાજરાહજૂર છે, એ તો અનુભવ થયા વિના રહેવાનો નથી.

આપણે પ્રયત્ન કરતા રહીશું તો આપણે સ્વભાવની ઉપરવટ આવ્યા કરીશું એટલું જ નહિ પણ, આપણામાં નવું જોમ, નવા પ્રાણ, નવું ચેતન ને નવી દૃષ્ટિ આવેલાં આપણને જણાયાં વિના રહેશે નહિ. ને કેટલાક લોકો માને છે તેવી આધ્યાત્મિક વિદ્યા કંઈ ગપગોળા નથી, પણ હકીકતથી ભરેલી વાસ્તવિકતા છે. એ અનુભવ આપણને થશે.

જીવનનું અંતિમ ધ્યેય એ માત્ર કંઈ ધન, દોલત, કીર્તિ, યશ, મોભો, માન, મહત્તા એ બધું નથી. કારણ એ મેળવવાં છતાં માણસને તૃપ્તિ થતી હોય એમ જણાતું નથી. જેમણે તેને મેળવ્યું હોય છે તેઓ પણ કશાકની પાછળ ભટકતા હોય છે. એ કશામાંથી એમને સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત થતો હોતો નથી. એટલે છેવટનો સંતોષ ઉપર ગણાવેલી વસ્તુઓમાંથી તો પ્રાપ્ત થતો નથી; એ બધુંય મેળવીને માનવી આખરે અસંતોષી રહે છે. એટલે ખરા સુખનું કારણ કંઈ તે નથી એમ બુદ્ધિથી વિચારતાં તો આપણને લાગ્યા વિના રહેતું નથી. પરંતુ માએ-પ્રભુએ આપણને જે જે પરિસ્થિતિમાં મૂક્યા હોય છે એનો જરૂર કંઈ અર્થ છે. આપણને ઘડવાને માટે તે જરૂરનું હશે તેથી એવા સંજોગોમાં એણે આપણને મૂક્યા હશે. માટે આપણે એનો એ રીતે લાભ લેવાનો છે.

**સ્વજન :** મારે તો સુખ મેળવવું છે. એની ઝંખના છે. પણ એની ગતિ આડીઅવળી થાય છે.

**શ્રીમોટા :** તમે યુવાન છો-જુવાનીની મનોદશા જેમ ચંચળ છે, તે સાથે સાથે જુવાનનું મનોબળ કલ્પનાગમ્ય પ્રદેશને સર કરવા રમી રહેલું હોય છે, એને અગમ્યમાં અકલ્પ્ય પ્રદેશ - અકલ્પ્ય સુખ પ્રાપ્ત કરવાની હોંશ રહ્યા કરે છે, એની એ અંતરની ધગશને પાંખ આવી ન હોવાથી-એની એ સુષુપ્ત ઝંખનાને આપણે યોગ્ય રીતે મુક્ત વાતાવરણમાં મોકળી કરી શકતા ન હોવાથી એ ઝંખના આડીઅવળી દિશા સંતોષવા ખાતર ખોળી કાઢે છે ને એમાં પછી તે ફસાઈ પડે છે. પણ એની પાછળનું રહસ્ય, તો પેલી અગમ્યનું સુખ મેળવવાની સુષુપ્ત ઝંખના જ છે. એમાંથી નવું જોમ નવા પ્રાણ પ્રગટશે ને આપણા રોમરોમમાં નવી ઝણઝણાટી જન્મશે તે જાણશો. મારી આબરૂ તમારા હાથમાં છે, તમારા વડે જીવનમાં દીપાવાનું છે. પૂજ્ય પિતા કરતાં આપણે સવાયા થવાનું છે.

## સત્સંગનું પરિણામ

**સ્વજન :** મોટા, આપના સમાગમમાં આવ્યા પછી મારા દિલમાં ભાવના ખીલે છે અને બુદ્ધિમાં સારા વિચારો પણ આવે છે.

**શ્રીમોટા :** ભગવાનનું પળેપળ રટણ કરાય અને આપણું જીવન એ ભાવનામાં રચનાત્મક રીતે ગળાયા કરાય તો જ જીવન ધન્ય થાય. આપણી પવિત્ર ભાવનાઓને મૂર્તિમંત, તેજસ્વી, પ્રાણવાળું સ્વરૂપ આપવાને માટે આપણને જગતમાં કર્મનું ક્ષેત્ર મળેલું છે. એટલે તે કર્મના ક્ષેત્રમાં આપણી તેવી

તેવી ભાવનાઓ વધ્યા કરે એવી સમજથી આપણે વર્ત્યા કરવાનું છે. બુદ્ધિથી સારું સમજીએ ને તેવું પ્રેમવાળું તેવી ભાવનાવાળું જ્યાં સુધી વર્તાય નહિ ત્યાં સુધી પેલી બુદ્ધિની સમજ એ વાંઝિયા જેવી ગણાય. જેમ વાંઝણી સ્ત્રીને કદી છોકરું થઈ શકવાનું નથી તેમ બુદ્ધિથી કે ભાવનાથી સારું માની લીધું હોય અને તે પ્રમાણે આપણે વર્તી ન શકીએ તો આપણે પેલી વાંઝણી સ્ત્રીના જેવા ગણાઈએ. કોઈ પણ સમાગમે કરી આપણી સાચી સાત્ત્વિક ભાવના વધારે જાગતી ન બને તો તે સમાગમ કર્યો કે ન કર્યો એ સરખું જ ગણાય.

બધાંની પ્રત્યે ખૂબ ખૂબ પ્રેમભાવવાળાં -જેમાં કોઈ પણ હેતુ ન હોય -બદલાની આશા ન હોય એવા-આપણે રહ્યા કરીએ તો જ સર્વ કાંઈ આપણામાંનું ઉત્તમ ખીલી શકવાનું છે. જીવનની જિજ્ઞાસા મરી જવા દેશો નહિ. (ભગવાનને શરણે તાજાં જ ફૂલ ચઢી શકે) જુવાનીમાં જેને સાચી સમજ પ્રગટે છે ને તે પ્રમાણે જે અભ્યાસથી કરી સદ્‌વર્તનમાં રહ્યા કરે છે, એનામાં જે સંસ્કાર પ્રગટે છે, તેવા પ્રકારના સંસ્કાર પ્રાપ્ત કરવા માનવી કદાપિ ઘડપણમાં કશું કરી શકવાનો નથી. જે કંઈ મેળવવાનું હોય પછી ગમે તે જાતનું ભલેને હોય પણ તે જુવાનીમાં જ મેળવી લેતો હોય છે. એટલે આપણું જીવન આપણે જુવાનીમાં જ મેળવી લેવાનું રહે છે.

*જીવનમાં પ્રેમની કિંમત નહિ સમજે દુ:ખી થાશે,*
*જીવનનું લહાણ લેવાનું નહિ તેને કદી મળશે;*
*જીવનને જે સમર્પે છે હૃદયની પ્રેમ વેદીમાં,*
*જીવનને મેળવે છે તે જીવનને આપી આપીને.*

## મુક્તાત્માનો પ્રેમસ્પર્શ

**સ્વજન :** મોટા, એક પત્રમાં મને જે લખેલું એવી જ મારી આંતરિક સ્થિતિ હતી. હવે મને બધું ઉતાવળે સમેટી લેવાની વૃત્તિ જાગ્યા કરે છે. આપનામાં કશીક અપૂર્વ શક્તિ છે. તમારો પ્રેમ મારા જીવનને ઘડે છે એવું લાગે છે.

**શ્રીમોટા :** તમારો પ્રેમભાવ, હૃદયનો ઉમળકો, હૃદયની ભાવના સતત મને મળ્યા કરે તો જ મારાથી સતત તમારામાં જીવી શકાય. તમારા પ્રેમ વિના હું તો લૂલો-પાંગળો જ રહું. મારામાં તો ચાલવાની શક્તિ નથી. તમે ચલાવો કે હલાવો તો જ મારું તો ચાલવાનું ને હાલવાનું બની શકે. તમારી આંતરિક સ્થિતિનો આદ્યોપાતળો ખ્યાલ મને હોવાથી આપોઆપ તમને લખાયેલું અને તે સાચું છે એમ જાણીને મને આનંદ થયો છે. શરૂઆતમાં સાધકને આવી સાબિતીઓ મળતી હોવાથી જ તેનામાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખે છે. ઉતાવળે કામ પાકવાનું નથી. ચડચૂલા ખાઉં એવું કદી કોઈ બાબતમાં બની શક્યું નથી.એટલે તમે કશું પણ ઉતાવળે કરશો નહિ. જે કરીએ તે સ્થિર ચિત્તે, એકાગ્ર ભાવે ને સર્વ કામમાં ભગવાનની ભાવનાનું આરોપણ કર્યા કરીને ભગવાનમાં જ વૃત્તિ રાખ્યા કરવાને કર્યા કરીએ તો જ આપણી હૃદયની ભાવના વધતી ચાલે. આપણા હૃદયની ભાવનાઓને જીવનના સર્વ ક્ષેત્રોમાં કામ કરવા માટે અને તેથી પ્રેરાયેલા રહીને તે કામ કરવા માંડીએ તો જ આપણું રૂપાંતર થવું શક્ય છે.

મારામાં તમારો પ્રેમ જેમ જેમ મળતો જશે ને જામતો જશે ને તે પ્રમાણે તમે હૃદયની ઉદાત્ત ભાવનામાં રહ્યા કરશો તો તે ભાવનું પ્રતિબિંબ તમારામાં પડ્યા વિના રહી શકવાનું નથી. એની ખાતરી રાખજો. મારી જાતને બેળે બેળે કોઈના ઉપર પણ

ઠોકી બેસાડવી નથી. જેમ જેમ સામાના હૃદયની ભાવનાઓ ખીલતી જાય ને મારામાંનું જે જે કાંઈ યોગ્ય ગ્રહણ કર્યા કરે ને તેવી તેને સાબિતીઓ મળ્યા કરે, અનુભવ મળે તો તે મને માને. નહિતર લાત મારીને ફેંકી દે. એવી મારી સૌને પગે પડીને વિનંતી છે.

## શરીરનું મહત્ત્વ

**સ્વજન :** મોટા, શરીરની કાળજી તો રાખવી જોઈએને ?

**શ્રીમોટા :** ભગવાને આપણને શરીર સાધનરૂપે આપેલું છે. શરીર પાસેથી ખૂબ કામ લઈએ તે સારું છે. શરીર બેઠા ખાઉં થઈ જાય ને આળસુ ન બની જાય તે આપણે જરૂર ખ્યાલમાં રાખવું. શરીર આપણું કહ્યું કરે અને આપણી ઉપરવટ તે ન જાય તે તો આપણે કરવું જ રહ્યું. આપણે શરીરના શેઠ છીએ. શરીર કંઈ આપણું શેઠ નથી. ઘણા લોકોને તો પોતાનું શરીર તેમનું શેઠ બની બેઠેલું હોય છે. તેઓ શરીરનો જ વિચાર કર્યા કરે છે અને શરીરનો ખ્યાલ જે કોઈ રાખે છે તે તો કદી સાચી રીતે સુખી થઈ શકે નહિ. એટલે કરવાનાં સૌ કામમાં શરીરનો ખ્યાલ ન રાખીએ તે ઇચ્છવા જોગ છે ખરું, પરંતુ તે સાથે તેની પૂરી સાવધાનતા-સાવચેતી પણ રાખવી ઘટે.

## રૂપાંતરકલા

**સ્વજન :** મોટા, કોઈના પ્રત્યે અન્યથાભાવ થયો હોય તો એ કેવી રીતે દૂર કરવો ? બીજું, પ્રસન્નતાની માત્રા ઘટતી હોય ત્યારે શું કરવું ?

**શ્રીમોટા :** જે કોઈ પ્રત્યે આપણા મનમાં જૂના સંસ્કારોને લીધે અન્યથા ભાવ પેસી ગયો હોય તેને કાઢી નાંખવાનો એક માત્ર ઉપાય તેના ઉપર ખૂબ પ્રેમ કરવાનો છે. તેને કોઈ પણ રીતે આપણા મનમાં તેના અન્યથા ભાવનાના પરિણામરૂપે કશું ન પેસવા દેવું જોઈએ. પરંતુ આપણો તેની પ્રત્યેનો પ્રેમભાવ તેનાથી જે જે કામો લેવાવાનાં હોય તે કામો લેવાવામાં આપણે આપણો ધર્મ ન ચૂકીએ તેનો પણ સાથે સાથે વિવેક રાખવાનો છે. આપણે તો સર્વપ્રકારે ખુલ્લા સરળ દિલવાળા રહ્યા કરવું ને જ્યાં જ્યાં પ્રસન્નતાની માત્રા ઘટતી લાગે, ત્યાં ત્યાં આપણે આપણું મન કશામાં ભરાઈ ગયું છે એમ સમજવાનું રાખવું. ત્યારે તેને મનમાંથી કાઢી નાંખવું, એવા અખતરા આપણે કરતાં રહેવું જ પડશે, તો જ મનની ચાલો આપણે પકડી શકીશું. આપણે બધાંની સાથે સુમેળ રાખીને કામ કર્યા કરવાનું છે. વેપારના કામકાજમાં પણ આપણા વચનથી કોઈનાય દિલમાં દુઃખ ન લાગી જાય એવી રીતે બોલવાનું રાખવું. ઘરાકો સાથે પણ વેપાર કરવાની જે ધગશ હોય તે ધગશની શક્તિને તેમની સાથેના આચારવર્તનમાં ને દિલના લાગણીભર્યા વલણમાં ફેરવી નાંખવાનું કર્યા કરવું. એથી વેપારમાં કશી ખોટ આવવાની નથી. એ તમે ચોક્કસ માનજો.

## વર્તનકળા

**સ્વજન :** આપ મારી સાથે રહી ગયેલા એ દરમિયાન મને અનેક અવનવા અનુભવો થયેલા. અમુક બનાવોથી મારું મન ભારે બની જાય છે.

**શ્રીમોટા :** તમારી સાથે જે રહેવાનું બન્યું તેમાં પણ

ભગવાને તમને ઘણી સાબિતીઓનાં દર્શન કરાવ્યાં છે. તે તમારા હૃદયમાં ભાવના કેળવ્યા કરવામાં મદદરૂપ બન્યા કરો ને આપણને તે પ્રેમરસે સંધાયા કરો એવું મનમાં થાય છે. પેઢીના કામમાં કોઈને શું લાગશે કે ધારશે એ ખ્યાલ આપણે કરવો નહિ, પણ બધાનું સાંભળવાનું તો જરૂર રાખવું ને કોઈ કંઈ આપણા હુકમથી કે સૂચનથી કોઈને સાચી અડચણ પડતી હોય તો તે ત્યાં સુધારી લેવાની નમ્રતા પણ દાખવવી રહી. કંઈ પણ કશાનો મન પર ભાર રહેવા દેવો ન જોઈએ, પછી તે ગમે તેવું હોય. અયોગ્ય હોય તોય તેને ખંખેરી નાંખીને તે ફરી ન થાય એવી ખાંખત એમાં જન્મે એટલું રાખ્યા કરવું, પણ એમાં ને એમાં મન પરોવી રાખવાથી મન તો એવું તો ચિંતવન કર્યા કરશે ને તેનું ચિંતવન થયા કરે, એનામાં જ પછી તે ભળ્યા કરે. એટલે અયોગ્ય બને તોય એનામાં મન પરોવી રાખવાથી કંઈ કશું ન વળે. પણ પ્રભુકૃપાથી એવું ન બન્યા કરવા સતત ભાવના જળવાયા કરાય ને તેવું સાવચેતીપણું-જાગૃતિવાળું ને તેવું ન બનવાપણાના ઉપાયો લેવામાં કરાય એટલું જ આપણે માટે પૂરતું છે.

મનને ભારે રાખવાથી બેચેની જન્મે. મનને તો ખાલી ને ખાલી જ રાખ્યા કરવું જોઈએ. એ તો કશામાં ભરાઈ ન પડે, કશાનોય વિચાર ન કર્યા કરે એવું બની જાય તો જગતની કોઈ પણ ઉપાધિ એવાને ઉપાધિરૂપ લાગે જ નહિ, ત્યારે તેવો સાધક પ્રકૃતિને પ્રકૃતિરૂપે જોતો નથી, કારણ કે તેનું મન પ્રકૃતિમાં રહેતું જ નથી. તે તેમાં ભરાઈ પડેલું હોતું જ નથી. તે તો બને ત્યાં લગી ખાલી જ રહેવા મથ્યા કરે છે. એટલે જગતનું કશું એવાને બેચેન કરવા અશક્તિમાન નીવડે છે. એવા બનીએ ત્યારે સર્વભાવે મુક્તપણે પ્રસન્નચિત્ત રહી શકીએ અને એવી પ્રસન્નચિત્તતા

સતત દૃઢ અભ્યાસના પરિશીલન વિના (ટેવ પાડ્યા વિના) સાંપડવી શક્ય નથી. માટે કશી ઉતાવળ કરશો નહિ. ઉતાવળે આંબા પાકતા નથી. ધીરજનાં ફળ મીઠાં છે. માત્ર સર્વપ્રત્યે ખુલ્લા દિલવાળા સરળ રહ્યા કરશો. મનમાં કોઈનું કાંઈ કશું ભરી રાખવું નહિ. કોઈ આપણું ખરાબ કરે કે બોલે તોય એના માટે પ્રેમભાવ જ રાખ્યા કરવાનું આપણે કેળવવું.

## આપવાથી જ મળે

**સ્વજન :** મોટા, હમણાંથી આપના તરફથી પત્રો આવતા ન હતા એટલે થયું કે મોટાનો પ્રેમ શું ઘટ્યો હશે ?

**શ્રીમોટા :** ભગવાન તો બધાંમાં છે એ આપણને જ્યાં ત્યાંથી બોધ આપે છે. આપણે તે રીતે સમજવાનું રાખીએ તો સદાય નમ્ર રહેવાયા કરાય અને અભિમાન તો ક્યાંય ભાગી જાય. હવે આપણે એવા બન્યા કરીને જ એમનાં ચરણને યોગ્ય બનીશું. એમાંય એમના આશીર્વાદની જરૂર છે જ. પણ એ ભાવના-પ્રાર્થનાથી માગી લઈશું. જેટલો પ્રેમભાવ આપ્યા કરશો તેના કરતાં વધારે મળશે. કારણ કે કોઈનોય દેવાદાર મને ભગવાન રહેવા દેતો નથી. જેનું લેવું તેનું દઈ દેવું એ તો નાનો હતો ત્યારથી વ્યવહારધર્મરૂપે એણે સમજાવ્યું છે. માટે જેટલું આપ્યા કરશો તેટલું જરૂર મળવાનું છે. તે વાત અનુભવ કરીને ખાતરી કરી લેશો.

મારા સ્વભાવ પ્રમાણે મને કોઈ પણ પત્ર ના લખે તેના કરતાં સવાયા હું લખું-વળી તાત્કાલિક ન લખી શક્યો હોઉં તેનું કારણ-જો સાચું લખું તો તમારામાં જે ચેતના હોવી જોઈએ તેની માત્રા મને ઘટતી જતી લાગી. એટલે કાગળ ન લખું તો તમે તેને

માટે ઝંખો છો કે કેમ-એ પણ મારે જાણવું હતું. મારા કાગળની ઈચ્છા જરૂર હોય છે. પરંતુ જેને માટે જે ઝંખના હૃદયની જોઈએ તે નથી. એમાં હું ખોટો પડું તો મને ઘણું ગમે ખરું . જે વસ્તુનું રહસ્ય આપણે મેળવવું છે તે વસ્તુ માટેની ઝંખના જો આપણા હૃદયમાં ના જાગી હોય તો એમાંથી આપણે કંઈ મેળવી શકવાના નથી. એટલે હજારો કાગળ લખવાથી કે મેળવવાથી ના મળે તે તે વસ્તુ માટેની ઝંખનાની ભાવનામાંથી મેળવી શકાય છે. એટલે એવી ઝંખના તમે વધાર્યા કરશો. નામસ્મરણ જરૂર કરતા રહેશો. શરૂઆતમાં એમાં રસ પડશે નહિ. પરંતુ અભ્યાસ પડતાં ને તે સાથે લાગણીથી-ભાવનાથી જપ કર્યા કરવાનું બનશે તો જરૂર તેમાં રસ પડવાનો છે. માટે કંટાળીને છોડી ના દેશો અને ચાલતાં ઊઠતાં, બેસતાં, ફરતાં નામસ્મરણ કર્યા કરશો.

❂

## વેપાર દ્વારા વિકાસ

**સ્વજન :** મોટા, વેપારધંધો કર્યા કરવાથી જીવનનો વિકાસ કરવા તરફ લક્ષ આપી ન શકાય એવું બને ખરું ?

**શ્રીમોટા :** જીવનનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં રહીને આધ્યાત્મિકતાનો વિકાસ ન થઈ શકે. જીવનની એક એક પ્રવૃત્તિઓથી આપણે તે તે પ્રવૃત્તિઓને એવી રીતે કરવાનું રાખીએ કે જેથી આપણા હૃદયની ભાવનાઓ દિનપ્રિતદિન ઊર્ધ્વગામી બન્યા કરે. માત્ર તે તે પ્રવૃત્તિ આપણા મનમાં મહત્ત્વપણે ભાગ નહિ ભજવતી હોય. પરંતુ તેના વડે આપણું જીવન કેવી રીતે ઘડાય છે તેવી રીતે જ તે કરવામાં આપણું દૃષ્ટિબિંદુ અને વર્તન રહ્યા કરશે જ. એટલે જ તમને જીવનની સાધના સાધવાની સાચી લગની લાગી હશે તો વેપાર દ્વારા પણ તમે જરૂર જીવનની

સાધના સાધી શકશો. તે માટે જો તમે મદદ આપશો તો ભગવાનની કૃપાથી તેમ થઈ શકવું શક્ય છે એમ પણ અનુભવ્યું છે. એટલે એ રીતે તો તમે મને જાણવાની અનુભવવાની તમારી દ્વારા ઘણી મદદ આપી શકશો. એક વખત હમણાં તો તમારી તે તમન્ના કેવી રીતે વધે તે જ આપણે લક્ષમાં રાખવાનું છે.

**સ્વજન :** તો પછી વેપારધંધા સાથે મારે ભગવાનનું નામ લેવું એ તો સમજાયું, પણ ગ્રાહક સાથે તો કમાવાની જ દૃષ્ટિ રાખવી પડેને ? એમાં વિવેક કેવી રીતે રાખવો એની સૂઝ પડતી નથી.

**શ્રીમોટા :** વેપાર જરૂર કરો. પણ તે કરતાં કરતાં પણ નામસ્મરણ કરો. પ્રત્યેક ઘરાકની સાથે ખૂબ પ્રેમભાવથી વર્તશો અને તેના ઉપર આપણા હૃદયની ભાવનાની છાપ પડે એવી વર્તનરીત આપણે રાખ્યા કરીએ. પણ તેનો મુખ્ય અને મૂળ ઉદ્દેશ એમના પર છાપ પાડવાનો ન હોય, પરંતુ આપણી એવી ભાવના વધારવાને માટે આ બધા પ્રસંગો મળેલા છે એમ વિચારીને તે તે સૌ સાથે આપણે વર્તવાનું રાખવું. વેપારમાં તે કેમ બની શકે ? તેવું વિચારીને અત્યારથી મનની ગડભાંજમાં ઊતરશો નહિ. વેપારમાં તો આમ જ હોઈ શકે અને આમ કરીએ તો જ કમાણી થઈ શકે એ બધા નિયમો વિશે ભલે પૂર્વગ્રહો હોય, માન્યતાઓ હોય, તો તે રહેવા દઈને પણ બુદ્ધિથી ઉપલી વસ્તુ જો સમજવાને ખુલ્લા રહ્યા કરીશું તો આજે નહિ તો કાલે તે જરૂર આપણને સમજાઈ જવાનું છે તે ચોક્કસ. દા. ત. ઘરાક આવ્યું હોય ત્યારે તેને નાસ્તો વગેરે જે કરાવીએ તેની અંદર તેની પાસેથી કમાવી લેવાની વૃત્તિ ના રાખીએ. પરંતુ જેમ આપણે ઘેર મહેમાન આવ્યા હોય અને જેવી ભાવના રાખીએ તેવી ભાવના ત્યાં પણ સેવીએ. એવી ભાવનાથી કરીને

જતે દિવસે જો આપણે ધીરજ રાખી શકીશું તો, આપણામાં પણ ભાવના વધશે અને તેની અસર ઘરાકો પર પણ પડ્યા વિના રહેવાની નથી. પ્રત્યેક ઘરાક પાસેથી આપણા માલના બજાર ભાવે નાણાં લેવાની વૃત્તિ હોય તે સ્વાભાવિક છે. પરંતુ એની પાસેથી વધુમાં વધુ રકમ કેમ કઢાવી લેવાય તેવી વૃત્તિ જોરદારપણે આપણામાં ન રહેવી ઘટે. પરંતુ દુકાનનો ખર્ચો, ઘરનો ખર્ચો, running expence તેમ જ નફાની રકમ તે ઉપરાંત આપણે જે દાનની પ્રવૃત્તિઓ ચલાવીએ છીએ તેનો ખ્યાલ માલની કિંમત કરતી વખતે આપણે રાખવો. દાનનો ખ્યાલ એટલા માટે કે કીમતી ચીજ લેનાર જે જે વ્યક્તિઓ છે તે તે સમાજના ઉપલા થરની વ્યક્તિઓ છે, તેથી તેઓ થોડે અંશે પણ માલદાર હોવા સંભવ રહે છે. બજારના ભાવની સાથેની સ્પર્ધામાં જ્યાં સુધી ઊંચે કે નીચે આપણે રહી શકીએ તેટલા લેવલ પર રહીને આપણે વેપાર કરવાનું રાખવું. જે વર્ગ આવો માલ ખરીદે છે તેમાંનો ઘણો ખરો વર્ગ જનસમાજની કલ્યાણની પ્રવૃત્તિઓમાં પોતાની ફરજ અદા કરવાનું ભાગ્યે જ સમજતો હોય છે. કોઈક જ સમજતું હોય છે. એટલે તેમને જ્યારે આવી જરૂર પડે છે, તેવી વખતે આપણી સમજણ સ્પષ્ટ રાખીને આપણે તેમની પાસેથી તે ઘરાક ચાલ્યું ના જાય એટલે સુધીની શક્યતા વિચારીને તે બાબતમાં વર્તવાનું રાખીએ તો તેમાં લૂંટવાનો ભાવ નથી. કારણ કે પેઢી એવી રકમનો જનસમાજની કલ્યાણની પ્રવૃત્તિઓમાં પોતાનો યોગ્ય ફાળો આપતી જ રહેવાની છે. કારણ કે આપણી ભાવના જ એવી રીતે કેળવાયેલી હોવાથી આપણે એવી મેળવેલી રકમનો પોતાને માટે તો ઉપયોગ કદી કરવાના નથી. પરંતુ એટલું તો આપણે ચોક્કસ ખ્યાલમાં રાખવું પડશે કે આવેલું પ્રત્યેક ઘરાક આપણી

પાસેથી પાછું ન જાય એવી કળા આપણી તે જીવનની સાધનામાંથી આપણને મળી જવી જોઈએ .

**સ્વજન :** પણ મોટા, આમ કરવામાં તો ઘરાકને રાજી કરવાનું જ વલણ રહેને? દુકાનના કર્મચારી સાથે વધુ પ્રેમભાવથી વર્તવાથી એ લોકો કામચોર થઈને માથે ન ચડી વાગે ?

**શ્રીમોટા :** પ્રત્યેક ઘરાક સાથેની આપણી વર્તણૂક તેને રાજી રાખવા માટે નહિ પરંતુ આપણામાં આપણી એવી ભાવના કેમ જાગે જેથી આપણું કામ તે દ્વારા થાય એવું મુખ્ય દૃષ્ટિબિંદુ તે વર્તનમાં આપણું રહેવું જોઈએ. એટલે એવું ભક્ત માણસ અને એક સંસારી માણસ કામ ભલે એકનું એક કરતા હોય, પરંતુ તે બંનેના દૃષ્ટિબિંદુમાં આસમાન જમીનનો ફરક રહ્યા કરવાનો. આપણે વેપાર કરવાનો છે. માત્ર એકલા પૈસા કમાવા જ નહિ, પરંતુ કર્મના પ્રારબ્ધસંજોગે આપણે તેવા વાતાવરણમાં મુકાયેલા છીએ, તો તે જ ઠેકાણેથી આપણે આપણા જીવનની શરૂઆત કરવી જોઈએ. શરૂઆતમાં આપણો સ્વભાવ શુદ્ધ થયેલો ન હોવાથી તેમાં વેપારની જૂની રીતો પ્રમાણે વર્તી જવાય તો તેથી ભારે શોક કરવો નહિ. પરંતુ વધારે ભાર તો સાધના કર્યા કરવામાં જ આપ્યા કરવો ને એક વખત એમાં જો રંગાતા થઈ જઈશું તો વેપાર પણ કેવી રીતે શુદ્ધ કરવો તેની સૂઝ આપણને આપોઆપ મળ્યા કરવાની છે. ને ત્યારે તેમાં જીવનના ઉચ્ચ ગુણોનું દર્શન થયાં કરશે. પરંતુ ત્યાં સુધી ધ્યાન રાખીને આપણે સ્વભાવને જોયા કરવો તો ખરો જ. ખૂબ મહત્ત્વ તો સાધનામાં જ આપ્યા કરવું ને સતત આપણું મન તેમાં પરોવાયેલું રહે એમ રહ્યા કરવું.

જેને આવી સાધના કરવી છે તેણે સર્વકોઈ પ્રત્યેના રાગદ્વેષો મનમાં રહેવા દેવા ન જોઈએ. જેના પ્રત્યે અન્યથાપણું હોય તેના

પ્રત્યે વધારે ને વધારે પ્રેમ કરવો. પરંતુ તે પ્રેમ કરવા જતાં તેવી વ્યક્તિ પેઢીને માટે બજાવવા ઘટતી ફરજોમાંથી ચ્યુત (ચૂકતી) હોય તો તેને નમ્ર ભાવે સ્પષ્ટતાથી આપણો કહેવાનો ધર્મ છે. તે પણ સાથે સાથે આપણે ખ્યાલ રાખવો ઘટે છે. પેઢીના માણસો સાથે આપણે હૃદયમાં નમ્રતા ભલે રાખ્યા કરીએ પરંતુ કામ લેતી વખતે ભલે કઠોરપણું ના આવે તોપણ દરેક વ્યક્તિ પોતાનો યોગ્ય ફાળો આપે છે કે કેમ તે આપણા ખ્યાલ પર તો આવવું ઘટે.

પેઢીને માટે આપણે જો ખૂબ ખંતીલા અને ઉદ્યોગશીલ રહ્યા કરેલાં હોઈશું અને આપણું સર્વ સાથેનું સલૂકાઈ ભરેલું વર્તન રહ્યા કરેલ હશે તો બીજાઓ પાસેથી કામ લેવાની બાબતમાં તે ઘણો ભાગ ભજવી શકશે. પેઢીના માણસોની અંદર અંદર જેટલો હૃદયનો મેળ હોય એટલું આપણું કામ સારું બનવાનું. એટલે તે બાબતમાં પણ આપણે કાળજી રાખવાની રહી અને એવી ખબર પડતાં બંનેનો મેળ શક્ય હોય તે રીતે કરાવી આપવામાં આપણે સદાય જાગ્રત રહીને પ્રયત્ન કરવો. વળી, પેઢીમાં જે જે માણસો હોય તે તે માણસો પ્રત્યેક પ્રસંગોએ બરાબર વર્તી ન શકે તેનાં કારણો પણ ઘણાં હોવા સંભવ છે. તેવા પ્રત્યેક જણની ત્યારની માનસિક પરિસ્થિતિ કોઈ ને કોઈ કારણે ડહોળાયેલી રહેતી હોવાથી તે તેમ ના કરી શકે તો આપણે સાધના કરતાં કરતાં તેનામાં સહાનુભૂતિ રાખીને જો તેનું દિલ જીતી શકીશું તો આપણી તેમ જ સામાની આપણે ઘણી સેવા કરી શકીશું. આ બધું તમને ખ્યાલમાં બેસે તો એ પણ લાભકારી તો જરૂર છે. આજે ખ્યાલમાં બેઠું હશે તો કોક વખતે વળી ઊગી નીકળશે.

## વેપારમાં સાધના

**સ્વજન :** તો વેપાર કરતાં કરતાં સાધના કેવી રીતે થાય એ થોડુંક વિસ્તારથી સમજાવોને ?

**શ્રીમોટા :** તમને વેપારમાં જે જે ગૂંચો નડતી હોય તે બાબતો જો મને કહેશો તો તેવી વખતે સાધકે શું કરવું અને કેમ વર્તવું જોઈએ તેનો ખ્યાલ મને ઉદ્‌ભવી શકશે. તમારા વેપારની અંદર મારે ડખલગીરી કરવાની ઈચ્છા બિલકુલે નથી, પરંતુ જીવનમાં વેપારને સાધના તરીકે જેને લેવા ઈચ્છા છે તેણે કેવી કેવી રીતે કયે કયે વખતે યોગ્ય વર્તવું જેથી હૃદયની દૈવી ભાવનાનો વિકાસ થયા જાય. એ દર્શાવાય એટલા માટે જેના જીવનનું ધ્યેય વેપાર દ્વારા પોતાને વિકસાવવાનું હોય, તેઓ વેપારને પ્રાધાન્ય નહિ આપી શકે. તે વેપાર તો જરૂર કરશે. કદાચ વખત જતાં બીજા વેપારીઓ કરતાં તે ટપી પણ જાય. પરંતુ વેપારમાં જીવનની સાધના કેમ સાધી શકાય તે જ એને મન મહત્ત્વની વસ્તુ હશે.

વેપારના પ્રત્યેક પ્રશ્નનો ઉકેલ સાધનાને સામે રાખીને તે રીતે તે કરશે. તેવો સાધક કોઈનીય સાથે તેને નોકર તરીકે ગણીને વર્તશે નહિ. તેમ જ પ્રત્યેક વ્યક્તિ કેવી રીતે સુંદરમાં સુંદર કામ આપી શકે તે જાણવાને માટે માણસોના સ્વભાવને પારખવાની આંતરદૃષ્ટિ તેનામાં ઊગેલી હોવી જોઈએ. એવી આંતરદૃષ્ટિ ઊગેલી હોય છતાં તે પાછો તેમાં પરોવાઈ ન જાય અને દરેકના સ્વભાવના ચિંતવનમાં જ ના પડ્યા કરે, પરંતુ એનો વધુ ને વધુ સદુપયોગ પેઢીના કામના સમય દરમિયાન સારી રીતે કેવી રીતે લઈ શકાય એટલું વિચારવા પૂરતું જ ત્યાં તેણે જોવાનું રહે છે. સતત આવી બાબતમાં જો પરોવાઈ ગયા તો સાધક પોતાની આંતરદૃષ્ટિ-સાધના ખોઈ બેસવાનો છે. એટલે તે બાબતમાં આપણે ઘણું ચેતતા રહેવાનું

છે. તેવામાં અનેક બીજા દુર્ગુણો હોય તે સાથે આપણે કશી નિસ્બત ન હોવી ઘટે. પેઢીનું કામ યોગ્ય રીતે કરતો હોય તેમ છતાં જો પેઢીના, તેના તેવા કોઈ વર્તનથી પેઢીની આબરૂની છાપ સમાજમાં ઘટતી જવાનો સંભવ હોય ત્યારે આપણે તે વિશે વિચારવું જોઈએ. વળી તેવા વિચારમાં ઘણી જ વિવેકશક્તિ અને ઉદાર માનસ આપણાં હોવાં ઘટે. કોઈ પણ માણસના જીવનવ્યવહારને કલમને ગોદે આપણે ઉખાડી શકીએ નહિ. તેવા માણસથી પેઢીને અનેકગણો અથવા તો પ્રમાણમાં ઠીક ઠીક ફાયદો મળ્યો હોય તો તેને એટલા પ્રમાણમાં તેને સહી પણ લેવો પડે અને તેવા કોઈ ભાઈની તેવા કામ બદલ ભૂલ જણાય તો તેને સત્‌પંથે વાળવાનો આપણો ધર્મ છે. ને તેનાથી જેમ પેઢીને લાભ થયો છે તેમ તેનાથી સહન કરવાનો ધર્મ પેઢી સમજે. એટલે બધી રીતે વિચારતાં પેઢીનો પ્રત્યેક માણસ તે પેઢીનું જીવનઅંગ છે અને તેમાંનો બગાડો કે સુધારો તે પેઢીનો બગાડો કે સુધારો છે-તે જો પેઢીના સંચાલકને સમજાઈ જાય તો તેણે તે બાબતમાં રસ લઈને તે બધાંની સાથે સહાનુભૂતિથી પ્રેમભાવે તેમને સમજવાનો પ્રયત્ન કરીને એમના જીવન અંગે તથા પેઢી અંગે લાભઅલાભના દૃષ્ટિબિંદુ તેને સમજાવીને તેની સાથેનો જીવનસંપર્ક પોતે તે રીતે કેળવ્યા કરવો. જેથી તેને આપણી પ્રત્યે એક જાતનો એવો સંબંધ બંધાય. એવું તે કશું ન કરી બેસે કે પેઢીને જેથી ગેરલાભ થવા જરાકે સંભવ રહે. એવો એકંદરે આપણે જો બધાંની સાથે સુમેળ સાધી શકીએ તો આપણી પેઢી રામનું મંદિર બની જાય. ભગવાન તમને તે કરવાની હૃદયમાં તમન્ના પ્રગટાવે તો ઉત્તમ.

## જુવાનીનો જોગ

**સ્વજન :** મોટા, હું ચોવીસ વર્ષનો થયો છું. પણ જીવનના આદર્શ વિશે વિચારવાનું હમણાંથી જ આપના સમાગમથી બન્યું છે.

**શ્રીમોટા :** બરાબર તમારા જેટલી ઉંમરે મેં પણ સાધનામાં પ્રવેશ કર્યો હતો અને જુવાનીનાં ૧૯ વર્ષો સતત એમાં જ પરોવાયેલાં કરેલાં છે. મને લાગે છે કે તેથી જુવાની ટકી રહી છે. જુવાની તો આજે આવી છે અને કાલે જવાની છે. પરંતુ એ જુવાનીને જો આપણે કાયમને માટે ટકાવી રાખવી હોય તો તેને કોઈ મહાન આદર્શને સિદ્ધ કરવાના કાર્યમાં જોડી દેવી જોઈએ તો જ તે ટકી શકશે. તમે થોડા વખતમાં પરણવાના છો એટલે જો ત્યાં સુધીમાં તમારા ભવિષ્યના જીવનની વિચારસરણી ચોક્કસ કરી લેશો તો જીવનમાં એક જીવ નહિ પણ બે જીવ સુખી થઈ શકશે. એ બાબતમાં આપણે કશી વાતચીત હજી થઈ નથી. પરંતુ જીવનમાં જેને ભાવનાશીલ વર્તન કર્યા કરવું છે તેને ગમે તેવી આવી પડેલી પરિસ્થિતિમાંથી પણ તે ભાવના મેળવ્યા કરવાનું તેને સૂઝશે-એમ હું માનું છું.

## વેપારના વિચાર

**સ્વજન :** વેપારમાં પડીએ છીએ પણ વેપાર પૂરો થયા પછી એના એ જ વિચારો આવ્યા કરે છે. એમાંથી કેવી રીતે છુટાય ?

**શ્રીમોટા :** આપણે હંમેશાં ચેતેલા રહીએ તો જ પેઢીના માણસો સાવધ રહે. કોઈનાથીય ભૂલ થાય તો તે ભૂલને આપણે ભલે છાવરીએ નહિ પરંતુ તેની સાથે આપણી હૃદયની સહાનુભૂતિ

હોય તેથી તેને અત્યંત પ્રેમભાવે અને નમ્રતાથી તેના પોતાના જ કલ્યાણાર્થે અને આપણી સાથે તેનો સંબંધ થયેલો હોવાથી આપણો પણ તે ધર્મ છે એમ સમજીને અને આપણે પેઢીના વડીલ હોવાથી તે પ્રમાણે વર્તીએ.

વેપારનો વિચાર પણ વેપાર કરતાં સુધી રહે ને તે પછી તો સંપૂર્ણપણે નામસ્મરણમાં વખત પૂરેપૂરો જાય એવું આપણે કર્યા કરવું. જે કંઈ થાય કે કરીએ તે બધું માને જણાવ્યા કરીએ. બધી રીતે ખુલ્લા રહ્યા કરીએ ને પેઢીનું કામકાજ કરતી વખતે પેઢીના ભાઈઓના વર્તનમાં તેમને પેઢીના કામકાજમાં ઉત્સાહ અને પ્રેરણા મળ્યા કરે તેવું આપણે વર્તવાનું રાખીએ. તેમની સાથે ભળી ગયા હોવા છતાં, સહાનુભૂતિ ધરાવતા હોવા છતાં પણ તેમની સાથે અંતરથી રહેવું ઘટે અને તમારા વેપારની અંદર હજી પણ જે જે કંઈ શીખવાનું હોય તે તે શીખી લેવામાં પૂરેપૂરી આપણે કાળજી રાખીએ. પેઢીનું કશું પણ કોઈનાથી થયેલું કામકાજ આપણી નજર બહાર ન જવું જોઈએ. આપણી અનેકગણી આંખો હોવી જોઈએ. તો જ આપણે બધે ઠેકાણે, બધા ઉપર નજર રાખીશું. તે નજર એવી રીતે રાખવાની છે કે તે ભાઈઓનું વલણ આપણા પ્રત્યે અઠીકપણે ન થાય.

**સ્વજન :** ધંધા અંગેનો પત્રવ્યવહાર પણ ઘણી કુશળતા માગે છે. મને હજી એ પ્રકારનો વ્યવહાર કરવો ફાવતો નથી.

**શ્રીમોટા :** તમારી પ્રવૃત્તિમાં જ્યારે તમે પડ્યા હો છો ત્યારે નામસ્મરણ રહી શકતું નથી અને નવરા હો છો ત્યારે પણ તમે તમારા મનને જપમાં સતત પરોવી રાખવાનું બરાબર હજી ગોઠવી શક્યા નથી. જુવાનીનો ઉત્સાહ, જોર, બળ એ બધું જો વાપરી શકો તો જરૂર તમે જપને સ્થિર કરી શકશો. એક વખત જો તમે જપને સ્થિર કરી શકો તો બીજી બધી મદદ

આપોઆપ મળી રહેશે. માટે તેના તરફ વધારે લક્ષ રાખ્યા કરશો. આપણે જે કાગળો લખવાના આવે તે કાગળમાંથી આપણે શું કહેવા માગીએ છીએ તેનો સ્પષ્ટ ખ્યાલ વાંચનારને સૂઝે એવી બધી સ્પષ્ટતા તેમાં કરેલી હોવી જોઈએ. વેપારના કાગળોમાં બને તેટલું ટૂંકાણવાળું અને જેના બે અર્થ ના થાય તેવું સ્પષ્ટ અને મિષ્ટ લખાણ હોવું જોઈએ. એ બાબતની કળા તમારે શીખી લેવાની જરૂર છે. આપણે તો હજી ઊગતા જુવાન છીએ. વેપારમાં પત્રવ્યવહાર એ એક જરૂરી અંગ ગણાય છે. એટલે પત્રવ્યવહારની બધી જ કળા આપણને લાભકારક નીવડે એવી રીત આપણને આવડી જાય તે બાબતમાં પણ પૂરેપૂરું લક્ષ આપ્યા કરશો. આ બાબતમાં કોઈ ચોપડીનો આશ્રય લેશો નહિ. આપણે પોતે જ જો શીખી લેવાની ચીવટ રાખીશું તો તે જરૂર આવડી જશે. પેઢીના વેપારના કામકાજના કાગળો જે આવે તેના ઉત્તર આપણે જાતે લખાવવા. ઉપર પ્રમાણેનો હેતુ ધ્યાનમાં રાખીને સામાને સારું લાગે અને આપણો અર્થ સરે એવી રીતે સરળતાથી તે લખવાનું રાખવું. આપણને જ્યાં સુધી એવું પૂરેપૂરું ન આવડી જાય ત્યાં સુધી આપણી પેઢીમાં તેવો કોઈ હોશિયાર હોય તો તેની મદદ લેતાં ખચકાવું પણ નહિ. શીખનારે એની નમ્રતા રાખવી જોઈએ.

❂

## કર્મકળા

**સ્વજન :** મોટા, ગમે એટલું સાચવીએ તોપણ સંસારમાં અને વેપારમાં લોકો આપણી સાથે ઠીક વર્તન કરતા નથી. એક બીજી વાત : હું કોઈ રૂપાળી સ્ત્રીને જોઉં તો મનમાં પાર વિનાનો કચરો ઊભરાય છે.

**શ્રીમોટા :** સંસારમાં કે વેપારમાં અનેક માણસો આપણી સાથે બીજી અઠીક રીતે વર્તવાનું કરે તોપણ તેમનું તેવું ખ્યાલમાં ન રહ્યા કરે અને તેમના પ્રત્યે વધારે પ્રેમવૃત્તિ થયા કરે તો બધાંય જતે દિવસે આપણા પર પ્રેમની અમીવૃષ્ટિ જ વરસાવ્યા કરવાના છે તે ખચીત જાણશો. આમાં અપાર ધીરજ અને સહનશીલતા વગેરે રાખવા પડશે ને તેથી જો આપણામાં એક જાતનું તેવું તટસ્થપણું વરતાશે એટલે એક પક્ષે જે બધું સારું થયા કરે છે, ને તેમાં બીજાનો ખ્યાલ રખાતો નથી. પરંતુ દરેક બાબતમાં જે કંઈ કરવાનું હોય તે પોતાના જ કલ્યાણ માટે કરવાનું છે એવી ભાવના સેવ્યા કરવી ને વર્તન રાખ્યા કરવું. તેથી આપણો જ વિકાસ છે. એવાને જગતમાં કોઈ હરાવી કે હંફાવી શકવાનું નથી.

આપણા મનમાં જે કાંઈ કચરો પડ્યો હોય તે ખોળીખોળીને જડે ત્યારે માને પ્રાર્થના કરી કરીને સોંપ્યા કરવાનું ઊંડું દિલ કર્યા કરવું ને માને ન ગમે એવું આપણાથી કશું પણ ન બન્યા કરે તે લક્ષમાં સતત ધારણ કરવું. રૂપને માના ભક્તિના સ્વરૂપમાં જોવાનું રાખશો તો તેવી વૃત્તિ આપણા હૃદયની ભાવના કેળવવામાં ઘણી મદદરૂપ થઈ પડવાની છે.

જગતમાં કશુંય નકામું કે ખોટું નથી. માત્ર આપણે પોતાનું તે તે પરત્વે દૃષ્ટિબિંદુ જેવું હોય છે કે રહે છે તેવો તેવો તેનો ઉપયોગ થાય છે. એટલે જો દૃષ્ટિબિંદુ જ બદલ્યા કરવાનું ભાનજ્ઞાન રહ્યા કરે તો આપણને જેમાં તેમાંથી માની ભાવના જ મળ્યા કરવાની છે એ વાત પૂરતી લક્ષમાં રાખવાની છે. મા તો આપણું ધ્યાન રાખ્યા કરે છે, ને એનું જ્ઞાન પણ આપણને તે કદી કદી પ્રગટાવે છે પણ ખરી. પરંતુ આપણે અજ્ઞાની, પામર માનવીઓ હોવાથી તેણે આપેલું તેવું જ્ઞાન

સદા જોરદારપણે આપણામાં ટકી રહેતું નથી. જો તે ટકી રહે તો જ સદા જે તે કંઈ કરતાં-કરાવતાં આપણામાં માનું જ ધ્યાન રહે ને તે આપણને ઘડ્યા જ કરે. આપણને ત્યારે જ ઘડે છે કે જ્યારે આપણે શાંત, ધીર, ગંભીર, નિશ્ચલ, નિશ્ચિંત ને હૃદયથી સર્વપ્રકારે ખુલ્લા ને સરળ રહ્યા કરીએ. ને એના પ્રત્યે જ મીટ માંડ્યા કરીએ. જરાકે ઉકળાટ, અશાંતપણું કે ગાભરાપણું ન રહેવું જોઈએ. કામ જલદી જલદી આટોપવાની ખોટી ધગશ ન રહ્યા કરવી જોઈએ, તે સાથે 'હોતી હૈ ચલતી હૈ' એવી વૃત્તિ પણ ન હોવી ઘટે. ને તે બધું શાંત સ્વભાવે, સ્થિરતાથી, તટસ્થભાવે ને સ્વભાવના પરિવર્તન માટે જ કર્યા કરવાનું ને એની પાછળ માની સતત દૃઢ ભાવના રાખ્યા કરવાનું આપણું બન્યા કરે તો મા સંભાળ લે જ લે. તમારો જેમ જેમ પ્રેમભાવ વધ્યા જશે તેમ તેમ લખ્યા કરવાનું પણ આપણને સૂઝવાનું છે. પહેલાં તમને શું લખવું એ ગડભાંજ થતી, હવે તમારા પત્રો સુંદર આવવા લાગ્યા છે. એ જ બતાવે છે કે તમો પ્રેમભાવ કેળવ્યા કરો છો. પણ હજી એ તો પાશેરામાં પહેલી પૂણી પણ નથી. માટે હૃદયથી ખુલ્લા રહ્યા કરીને શરણભાવે લક્ષ આપ્યા કરશો ને વારે ઘડીએ યાદ કરી બોલાવશો તેટલું જ સામો યાદ કરવાનો છે, ને બોલાવવાનો છે તે ખ્યાલમાં રાખશો.

વેપારમાં કદી અટવાઈ જવાનું નથી. વેપારના વિચારો ન કરીએ તોપણ ધર્મ ચૂકીએ. જેવા જેવા સંજોગોમાં જ્યારે જ્યારે મુકાઈએ ત્યારે ત્યારે તેવા સંજોગો પ્રમાણે યોગ્ય રીતે જે કાંઈ વિચારવાપણું હોય તે શાંત-સ્વસ્થ્ય મને વિચારીને તે ઉકેલ કાઢીએ ને તે પ્રમાણે કરી દઈએ, પછીથી તેમાંનું કશું પણ મનમાં ન રહે, તેના વિચારો ન આવે એવું આપણે વર્તવાનું છે. તો જ

મન ખાલી રહ્યા કરે, ને તેવું તેવું બધું જ પાછું માને આપ્યા કરીએ. મા તો એવી છે કે જે કંઈ આપીશું તેવું તે લેશે ખરી. પરંતુ આપણું આપેલું જો આસક્તિવાળું, ખાધેલું (એઠું) હશે તો મા છોકરાનું ખાઈ જાય છે, પણ પાછું આપણને આ આપણી મા તો તેવું જ આપવાની છે. એટલે એઠું આપીશું તો એઠું જ મળવાનું છે. માટે જે કંઈ અપાય તે માને પૂરું શુદ્ધ થયેલું અપાય એટલે કે ભોગવ્યા વિનાનું અપાય તો ઘણો લાભ થાય, વળી તે પ્રમાણે ન વર્તાય તોપણ તેવી વેળાએ માને અંતરથી સાદ કરીને એની પ્રાર્થના તો જરૂર કરવી રહી ને એને યોગ્ય આપણે નથી રહી શકતા તે પણ તેને કહેવું ને આપણું તેવું તેવું લઈ લેવા પણ માને હૃદયથી વિનંતી કર્યા કરવી, એવું કહેવાનું માત્ર ખાલી ખાલી ન હોય પરંતુ તેમાં હૃદયની ખરી તાલાવેલી હોય તો મા તેવું પણ આપણું જરૂર લઈ લેશે જ તે ધ્યાનમાં રાખવાનું છે. ગાડું ઊંધું વળી જતું લાગે ત્યારે મનને તપાસવું, વિચારવું, મનમાં થયેલી કોઈક અથડામણને લીધે આપણને ઊંઘ નથી આવતી એમ સમજવું ને તે અથડામણ શેની છે તે ખોળીને, તેનાં મૂળ કાઢી નાંખવાને મથ્યા કરવું અને સર્વ પ્રકારે હળવા નિશ્ચિંત રહ્યા કરીશું ને કશો ભાર મન પર રહેવા નહિ દઈએ તો આપણું બધું સરળ ચાલ્યા કરવાનું છે તે જાણશો. બધાં તે આપણાં જ અંગ છે એમ માનીને આપણે વર્તવું. જેથી આપણા હાથની ભૂલ આપણને ખટકે તેમ છતાં ત્યાં દિલમાં રોષ કે ક્રોધ અને બીજું વિચારવાપણું ન રહે તેવું સામા પણ પેઢીના અંગ છે એટલે તેમના તેવામાં પણ આપણે આપણા અંગની ભાવના કેળવવી રહી.

## સાવધાની

**સ્વજન :** મોટા, આપનો વિચાર કરું છું ત્યારે આપની સમૃદ્ધિથી ચકિત થઈ જાઉં છું. આપનો સંબંધ મને જરૂર ઉગારશે એવી શ્રદ્ધા છે.

**શ્રીમોટા :** મારા જેવો તો કશું કમાયો નથી. તમારા જેવાના જીવતરની કમાણી પર એવાના જીવનનો આધાર છે. એને દીપાવવાનું કામ તમારા જેવાનું છે. એને આબરૂ નથી, કીર્તિ નથી ને જગતમાં કોઈ પણ ઓળખતું નથી. એવો તો તે અનામી છે. એવાને આબરૂ અપાવવી. અને એવાને તમારા જીવનની પ્રકાશમય જ્યોતિ વડે પ્રકાશમાં આણવાનું કામ તથા જગતમાં નામના અપાવવાનું તમે બધાં જો તેવું દૈવી જીવન ગાળી શકો તો જ બની શકે. સુંદર ચિત્રમાં ક્યાંક ખોડખાંપણવાળું હશે તો તે ઘણું જ બેડોળ લાગ્યા કરે છે, તેવી જ રીતે આપણામાં કશું ઠીક નહિ હોય તો સૌ કોઈ આપણા વિશે અન્યથા ધાર્યા કરવાના. એટલે આપણા જીવનનું ચિત્ર બધી રીતે સુંદર બન્યા કરે તેમાં કોઈ જાતનો ઢોંગ ન હોય કે કશું બેડોળપણું ન ઊતર્યા કરે તે સાધકે જોવું રહ્યું. જો કોઈ રીતે આપણે સાધનાને યોગ્ય નહિ વર્તીએ તો મારું જ નામ લજવાવાનું છે. જેમ કોઈ સારા બાપનો દીકરો કશું ઠીક ન કરે તો તેનું નામ નથી ગવાતું પણ બાપનું નામ વગોવાય છે, તેવું જ મારું થવાનું છે. એની મને જરાકે હરકત નથી, પણ તમારે તો સંસારીઓ સાથે જીવન નિભાવવાનું હોવાથી આપણે બધાં બધી રીતે સર્વશ્રેષ્ઠ જીવન જીવ્યા કરવાનું રાખીએ તો જ આનંદ થાય.

આપણે મુખ્યપણે મન જેમાં પરોવવાનું છે તેમાં મન પરોવ્યા કરીને જે તે બીજું બધું પેલા પહેલાં મૂળ કામને વેગ,

પ્રાણ અને સ્ફૂર્તિ-ચેતન-બળ -રસ-મળ્યા કરે એ રીતે જો કરવાનું રાખી શકાય તો પેલું બીજું બધું આપણે ગળે પથ્થરના ભારરૂપે વળગવાનું નથી, નહિતર પેલાં ગૌણ કામમાં જ આપણે એટલા બધા ઓતપ્રોત બન્યા કરીશું કે મૂળ કામ તો ક્યાંય ભુલાઈ જશે. રોજના વ્યવહારમાં આપણે આપણી અસલ જાતને કેટલીય વાર ભૂલી જઈએ છીએ, ને આપણને ન છાજે એવી રીતે વર્તતા હોઈએ છીએ. મનની એવી ચાલ પ્રત્યે જે સાધક સતત જાગૃતિ સેવ્યા કરે છે અને મનને સાધનામાં જ પરોવાયેલું જે રાખ્યા કરે છે, એવાને જ એવી ચાલની ખબર પડે છે. બાકી મન આપણને ઘણી વાર કંઈક ભરાવ્યા કરે છે એવું ભાન સાધકને તે તે વખતે ઊગવું જોઈએ, તે ઊગે એટલું જ બસ નથી, પણ તે સાથે તટસ્થતાથી વર્તાયા કરાય ને તે સાથે સાધનાના કામમાં જ લીન કે રત રહેવાયા કરાય તો જ સર્વપ્રકારે આપણું ઉત્તમ બન્યા કરે.

આ તો ઊંચી વાત છે પણ એને જ લક્ષમાં રાખીને આપણે દિવસમાં બધાં કામ કરવાનાં રહ્યાં. મનની બધી વાત કશી પણ છુપાવ્યા વિના જેને જીવનપ્રિય માન્યો છે તેને કહેવી. ત્યાં કશું છૂપું સંઘરી ન રખાય. માબાપ આગળ નાગા થવામાં કશી શરમ ન હોવી જોઈએ. એમાં આપણું કલ્યાણ છે, એ ભાવના જ્યારે દૃઢ થશે ત્યારે જ એ પ્રમાણે વર્તી શકાશે. જે તે બધું કર્યા કરતાં નામસ્મરણ ચાલુ જ રાખ્યા કરવું ને કામને મુખ્ય સ્થાન ન આપવું. કામ તો થયા જ કરશે. કારણ કે પ્રકૃતિ કામ કરાવ્યા વિના કદી છોડવાની નથી. એવો એનો મૂળ સ્વભાવ છે. એટલે કામ વિશે આપણે નિશ્ચિંત રહેવું ને નિશ્ચિંતપણું સેવવું. ત્યાં કશો ઉકળાટ-ધમાલ કે અસ્થિરતા ન આણવાં દેવાં ને તે તે કામ કરતી વેળાએ નામસ્મરણ પર વધારે ઝોક રાખ્યા

કરવો. સતત ખૂબ ખૂબ પ્રસન્ન ચિત્ત રહ્યા કરવું. એની માત્રા જરાક ઘટતાં સાધકે ચેતવું. પ્રસન્નચિત્તતા ઘટતાં આપણે કશાકમાં પરોવાયેલા છીએ એમ સમજવું.ને મનને શરીરને ઝાટકો મારીને ખંખેરી નાખીને નામસ્મરણ કે એવી ભાવના વધારે ને વધારે ધારણ કર્યા કરવી. જેમ જેમ એની માત્રા વધતી જશે તેમ તેમ બહારનું કે અંદરનું કશું આપણને વળગશે નહિ. વળગે છે એનું કારણ આપણે આપણી સાધનામાં આનંદપૂર્વક એકાગ્ર થયા હોતા નથી તે છે. એટલે સતત કાળજી રાખીને સાધનાના કોઈ ને કોઈ કામમાં ભાવ સાથે રહ્યા કરીએ ને પ્રસન્ન રહ્યા કરીએ એટલું જ જો આપણે કરતાં રહીએ તો બેડો પાર થઈ જાય.

આપણા જીવનપ્રિયની ચેતનાસાંકળ (chain of Consciousness) આપણે વારે વારે આપણા હૃદય સાથે જોડ્યા કરવી ને ભાવનાનું તેવી રીતે ઊર્ધ્વગમન કર્યા કરવાનું રાખવું. સામાન્ય વ્યવહારમાં એકલા ન જોડાવું, પરંતુ સાથે તેવી ચેતનાસાંકળ-તેવી પ્રાર્થનાની ભાવના, શરણભાવ ને સમર્પણભાવ દિલમાં રાખ્યા કરીને વ્યવહારમાં આપણે વર્તવાનું રાખવું, જેથી તે કર્મ કરતાં કરતાં આપણો સ્વભાવ રૂપાંતર પામ્યા કરે. ઉપરની રીત પ્રમાણે વ્યવહારમાં સંબંધ કે ગમે તે કર્મો આપણે કરતાં થઈ જઈશું તો જ આપણા સ્વભાવનાં મૂળ વહેણ બદલાવાનાં છે, તે જાણવું. આનું મહત્ત્વ - રહસ્ય અત્યારે આપણને સમજાશે નહિ, પરંતુ જેમ જેમ સાધક સાધનામાં આગળ વધતો જશે તેમ તેમ તેને આની જરૂરિયાત સમજાયા વિના રહેવાની નથી. ને તે પોતાના સર્વવ્યવહારમાં સર્વપળે તે જ પ્રમાણે વર્તવાને ઝંખ્યા કરતો હશે. એવી ઝંખના ને એવો અદમ્ય ઉત્સાહ એના દિલમાં પ્રગટશે ત્યારે જ તે ચેતી ચેતીને-જેમ

દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકીને પીવે એમ એ સર્વકર્મમાં પોતાના સ્વભાવને રૂપાંતર પમાડવાનું મુખ્ય લક્ષ્ય કદી ભૂલી શકવાનો નથી.

સાધકને જીવનમાં મળી આવતાં કે કરવાં પડતાં કામો એ મુખ્ય નથી. પણ એ કામો કેવી રીતે તે કરે છે તે રીત મુખ્ય છે. એ કામો કરવાથી જો એની પ્રસન્નચિત્તતા વધ્યા કરે ને તે કામમાં એને અંતરનું અંતરભાન - જ્ઞાન રહ્યા કરે ને એ કર્મ કે તક કે પ્રસંગ મળવાનો હેતુ સમજાયા કરાય. એ જ એને મન મુખ્ય વસ્તુ છે. જેમ આંખ આગળ પદાર્થ સદાય રહ્યા કરે છે. તેમ તેવા સાધકની આગળ તે તે કર્મ-તક કે પ્રસંગનો હેતુ તેના મન સામે તે તે કરતી વખતે રહ્યા જ કરવાનો. ભગવાન કરે ને એવું આપણું બન્યા કરે.

❂

## 'મોટા'ના દિલનું ગૂઢત્વ

**સ્વજન :** આપ દિલની વાત કરો છો ત્યારે દિલની માગણી કરો છો. એનું શું કારણ હશે ?

**શ્રીમોટા :** દિલની ભાવનાને પ્રવેશવાને માટે, તેનો ગતિશીલ સંચાર થવા માટે, તથા કરણોમાં તેનો પ્રવેશ મેળવવા માટે તેવા જ દિલની જરૂર પડે છે. દિલ જાગેલું હોય, ભાવથી ભરેલું હોય, તોપણ તેને ઊછળવાને માટે સામેથી તેવાં દિલની જરૂર. ચેતનનો આવિષ્કાર માનવદિલની ભૂમિકામાં જ થઈ શકે છે, કારણ કે માનવદિલની ભૂમિકા એવા પ્રકારની સ્વીકારાત્મક, સંગ્રહાત્મક તથા તે પરત્વેના પ્રત્યુત્તરદાયકવાળી હોય છે. બાકી તો જે માનવીનું દિલ એવું થતું હોતું નથી તેનામાં તો તે (ચેતન) પ્રકૃતિની રીતે જ પ્રેરાયા કરતું રહે છે. દિલનો ભાવ દિલને ખેંચે

છે. તે જેટલું સાચું છે તેટલું જ સાચું પાછું તે પોતાના દિલને જાગૃત કરી દિલના ભાવને એકાગ્ર ને કેંદ્રિતપણે પ્રગટાવી દિલનો વિસ્તાર પણ કરે છે.

જ્યારે દિલ ખરેખરું પ્રગટે છે ત્યારે તેને એકમાત્ર ચાહ્યા જ કરવાનો સહજ સ્વભાવ અનુભવાય છે. એવો સ્વભાવ સામાની પ્રકૃતિ કે સ્વભાવને નથી જોઈ શકતો એવું નથી હોતું, તેવું બધું તેને વર્તાય છે તો ખરું, પણ ચાહવાની આડે તે આવી શકતું નથી. એવું દિલ તો માત્ર દિલ માગે છે. દિલનું ગૌરવ રાજા બાદશાહોની બાદશાહત કરતાં પણ અનેકગણું ગૌરવવંતું છે. દિલ તો રાજાનો રાજા પણ છે ને ગરીબોનો ગરીબ પણ છે. દિલના જેવી અમીરી અને ખુમારી તથા ગરીબી બીજા કશાની તોલે આવી શકે તેમ નથી. દિલની સત્તા પણ ગજબની અને અજબની છે. તેમ છતાં સાથે ને સાથે તે પાછું ભિખારીનું ભિખારી છે. તે કશું માગતું ન હોવા છતાં પાછું માગ્યા કરે છે. ઈચ્છતું ના હોવા છતાં પણ તે ઈચ્છે છે. આમ દિલ બે જુદાં જુદાં પાસાંમાં રમતું હોવા છતાં પાછું નથી રમતું હોતું. દિલનું આકર્ષણ પામવાને-અનુભવવાને માટે આપણે પોતે દિલ થવું પડશે. દિલ પોતે તો દિલમાં દિલથી જ્યારે પ્રગટે છે ત્યાર પહેલાં તો તે હજારો વાર મરી પરવારતું હોય છે. કેટલીય વાર ફના થઈને-વારી વારી જઈને-તે ઓવારી જતું હોય છે અને અનેક વાર હાર ખાતું હોવા છતાં તે હારી જતું નથી. નિરાશાઓ સાંપડવા છતાં તે કદી નિરાશ થતું નથી. અને વળી તેની ધગશ, ઉત્સાહ અને દિલને મળવાની ઝંખના તો તેવા તબક્કામાં ઓર વધુ ધબકતી રહે છે. એવી તો છે દિલની ખૂબી. એવાં દિલને પામવાને માટે આપણે દિલ પ્રગટાવવાનું કરીએ એ જ પ્રાર્થના.

❂

## જીવનનું ધ્યેય

**સ્વજન :** માત્ર ભગવાનનું નામ લીધા કરવાથી જીવન વિકસી ન જાય ?

**શ્રીમોટા :** આપણે પ્રાર્થના, નામસ્મરણ વગેરે ભલે કરીએ. પરંતુ જીવનના ધ્યેય વિશે ખરેખરી ગતિ પ્રેરાવી શકાય એવી જાતની સમજણ દૃઢતાવાળી અને નિશ્ચયાત્મકપણાની ન પ્રગટી શકી હોય ત્યાં સુધી એવું સ્મરણ કે પ્રાર્થના બહુ ઉપયોગનાં નીવડતાં નથી. તેના સંસ્કાર પડે છે ખરા, પણ તેય મોળા-મોળા. જીવનના ધ્યેયનું નિશ્ચિતપણું પ્રગટ્યા વિના જે કંઈ પ્રયત્ન થાય છે તે બધા પ્રયત્નથી tendency એટલે કે તેનું વલણ યદ્વાતદ્વા પ્રકારનું હોય છે. જીવનનું ધ્યેય સંપૂર્ણ નિશ્ચિત અને મરણિયા નિર્ધારનું પ્રગટે છે એ પછીના જ ગાળામાં તે પરત્વેના પ્રયત્નમાં ખરેખરા પ્રાણ પ્રગટે છે. જેને જીવનનું ધ્યેય ખરેખરું દૃઢતાથી નિશ્ચિત પ્રમાણનું અને મરણિયા નિર્ધારવાળું પ્રગટેલું છે, એવા જીવનું જ આ માર્ગમાં કામ છે. તે વિના આપણો માર્ગ બહુ આગળ ચાલી શકવાનો નથી. માટે કૃપા કરીને તે વિશે ફરી ફરીને જાગૃતિ સેવવાની જરૂર-ચિંતવવાની જરૂર.

## જીવનવિકાસ માટેની દિશા

**સ્વજન :** મોટા, જીવન વિશે બુદ્ધિથી મહત્ત્વ સમજાયું છે. શું એવા બૌદ્ધિક ખ્યાલથી સભાનતા ન ટકે ?

**શ્રીમોટા :** જીવનવિકાસ પરત્વેની દિલમાંની દિલથી પ્રગટેલી ધગશ વિના આ માર્ગમાંની ગતિને સતત વહ્યા કરવાનું બને એવું શક્ય હોતું નથી. ધગશ પ્રગટે તો જ ઉત્સાહ, ખંત, ધીરજ તેની સાથે ને સાથે હોય અને ધારો કે ધગશ ના હોય ને

બુદ્ધિથી કરીને હવેના બાકી રહેલા જીવનનું એકમાત્ર ધ્યેય-જીવનવિકાસ પરત્વેનું જે છે તે જ યોગ્ય છે. એવું એકલી બુદ્ધિની સમજણે પણ જો પ્રગટ્યું હોય તો તે પરત્વેનો અભ્યાસ થાય. અને ધારો કે શુષ્કતાથી પણ એકધારું વળગેલું રહ્યા કરી અને તેવા અભ્યાસમાં જો દિવસનો ઘણો સમય ગાળવાનું બની શક્યું તો તેથી કરીને તે પરત્વેની અભિરુચિ દિલમાં પ્રગટે છે. અભિરુચિને કારણે ભાવના પણ પ્રગટે અને ભાવનાને કારણે ધગશ અને હૈયાસૂઝ પણ પ્રગટે છે.

મને પોતાને યાદ છે ત્યાં સુધી મારામાં એવી ધગધગતી તમન્ના તો પ્રગટેલી ન હતી અને એ પરત્વેનું જીવનનું મુખ કોઈના કૃપાપ્રસાદે વળ્યું તો વળ્યું. પરંતુ તે પછીથી જે પ્રખર પુરુષાર્થમાં પ્રભુની કૃપાથી પ્રચંડ મુશ્કેલીઓ હોવા છતાં પણ એની કૃપાથી તેને વળગી રહેવાનું થયા કર્યું. તેમાંથી જ તે પરત્વેની સાચી ભાવના ભભૂકી ઊઠી. ભાવના જ્યારે પ્રગટે છે ત્યારે કર્મ પરત્વેની, સંજોગ પરત્વેની, વ્યવહાર પરત્વેની યોગ્ય હૈયાસૂઝ પણ પ્રગટતી અનુભવાય છે અને પહેલાં જે કામ બની શકતું હોય તેનાથી ઘણું ઘણું વધારે કામ બની શકતું અનુભવાય છે. શરીર ને મન ખૂબ હળવાં રહ્યા કરે છે. ભાવનાના પ્રભાવ ને પ્રતાપે કરીને શાંતિ અને પ્રસન્નતા અનુભવાય છે. જીવપ્રકારના વલણની વૃત્તિઓના ધક્કા એટલા બધા જબરજસ્ત વાગી શકતા નથી. ભાવના આપણને મનાદિકરણની ઊથલપાથલ કરાવતી વૃત્તિઓનું પૃથક્કરણ કરાવી કરાવીને અયોગ્યને જબરજસ્ત એક ઝાટકાવાળો ઈન્કાર કરવામાં આપણામાં જાગૃતિપૂર્વકની તત્પરતા પ્રગટાવે છે. જેમ ઉત્તમ પ્રકારની ધારવાળી ચપ્પુની ધારથી આપણે યોગ્ય રીતે શાક સમારી શકીએ છીએ, તેવી રીતે જીવનમાં અનેક પ્રકારની વૃત્તિના ઊપજતાં વલણોમાંથી જીવન પરત્વેની ભાવના આપણને

સફાળા જાગૃત બનાવી મૂકે છે. ત્યારે આપણું જરાક જેટલું પણ નકારાત્મકપણું આપણને એટલું બધું તો સાલે, તેમ છતાં તેમાં આપણને સંડોવાઈ ન જવા દેતાં તેવું સાલવાપણું તેમાંથી મુક્ત કરાવવા કાજે ઊલટું આપણને ત્યારે તે ઉપયોગી નીવડી શકે છે. ભાવનાનો એવો ચમત્કાર છે. ભાવનાને માત્ર બુદ્ધિની સમજણથી આપણે નહિ માપી શકીએ. અથવા તેનો તાદૃશ્ય ચિતાર કે અનુભવ આપણને બુદ્ધિથી નહિ પ્રગટી શકે. ભાવના એ બુદ્ધિના પ્રદેશની હકીકત નથી. એ તો હૃદયનો પ્રદેશ.

**સ્વજન :** વળી આ 'હૃદય'વાળી વાત ન સમજાઈ ! એ અવસ્થાની પ્રક્રિયા કેવી હશે ?

**શ્રીમોટા :** હૃદય-હૃદય આપણે બોલીએ છીએ ખરાં, પરંતુ હૃદયને આપણે જાણ્યું નથી, સમજ્યાં પણ નથી અને તો પછી તેની કલ્પના તો ક્યાંથી જ આવી શકે ? હૃદયને એક જુદું અનોખું ને એક આગવું કરણ છે અને તેની કોઈ ઓર પ્રકારની આગવી સમજણ પણ છે. એની એવી સમજણની સાથે બુદ્ધિની સમજણને કશી લેવાદેવા હોતી નથી. કેટલીક વાર તો એવું પણ અનુભવાયું છે કે હૈયાની તેવી આગવી પ્રગટેલી સમજણની સાથે બુદ્ધિ તો છેતરપિંડી પણ કરવા બેસી જાય છે. પરંતુ હૈયાની સમજણ તેને મચક આપી શકતી નથી અને પોતાનો દોષ તે એકદમ સીધો અને સોંસરવો પ્રગટાવી પ્રગટાવી કંઈ કશાને ગણકારતી હોતી નથી. એવું પણ ભાવનાના અભ્યાસમાંથી પ્રગટે છે.

તેથી એકવાર આપણે બુદ્ધિથી જીવનધ્યેય પરત્વેનો આપણો કેવા પ્રકારનો અભ્યાસ હોવો ઘટે તેનો બધી બાજુથી વિચાર કરી લઈએ અને આપણા સ્વભાવ અનુસાર જે અભ્યાસ પરત્વેની અભિરુચિ પ્રગટે તેવા અભ્યાસને સતત એકધારા વળગેલા રહ્યા કરીએ અને એવા અભ્યાસમાં નરી શુષ્કતા પ્રગટેલી લાગે તોપણ

તેવા અભ્યાસને સતત એકધારા વ્રતથી, દઢતાથી અને મક્કમતાથી અને નિશ્ચયથી જો વળગેલા રહ્યા કરીએ અને તેવા અભ્યાસમાં નિરંતરતા પ્રગટતા તેમાંથી ભાવના પ્રગટે છે. આ તો અનુભવેલી હકીકત છે અને એવી ભાવનાનું આપણાં રોજિંદાં વર્તન-વ્યવહારમાં જ્ઞાનપૂર્વક જ્યારે અનુશીલન પરિશીલન થયા કરે છે ત્યારે તેમાંથી હૈયાનું કરણ પ્રગટે છે એટલે કે તે ખીલે છે ને છતું થાય છે. અને એ થયું કે પછી આપણને કશી ગડભાંજ જાગતી હોતી નથી.

આજે મેં તને ખુલ્લા દિલથી આ વાત કહી છે જેથી તું અભ્યાસનું મહત્ત્વ બરાબર સમજી શકે. હું જોઉં છું અને અનુભવી શકું છું કે હજી તું તારા રોજિંદાં વર્તનવ્યવહારમાં તેવા અભ્યાસને વળગી શકતો નથી. બરાબર દિલના દઢ મક્કમ નિર્ણયાત્મક અભ્યાસ વિના આ માર્ગમાં આગળ પ્રગતિ થઈ શકે તેવું નથી. આપણો સંબંધ ભાવના પ્રગટાવવા કાજેનો છે. અને આ મળેલું સ્થૂળ માનવશરીર તેના સાધનરૂપે છે. તેનો પણ આપણે જ્ઞાનભક્તિપૂર્વક ભાવના પ્રગટાવવાને માટે ઉપયોગ કરીએ અને તેના પણ હેતુનું સતત એકધારું જ્ઞાનભાન પ્રગટાવતા રહીએ તો તો કશો વાંધો ન પ્રગટી શકે. માટે સાવધ થજે ને અભ્યાસમાં દઢતા કેળવજે.

## સ્મરણમાંથી ભાવના

**સ્વજન :** મોટા, આપનું સ્મરણ કરું છું ત્યારે પણ ક્યારેક પ્રસન્ન થવાતું નથી. એવું કેમ થતું હશે ?

**શ્રીમોટા :** કોઈ પણ વ્યક્તિ પરત્વે આપણા દિલનો ભાવ જો ઘુંટાયા જાય તો તે ભાવને અનુકૂળ અને અનુરૂપ આપણું

વર્તન થવા માંડવાનું બન્યા કરવું ઘટે. જો ખરેખરો ભાવ દિલમાં દિલથી ઘુંટાતો હોય તો તેવો ભાવ આપણને જાગૃતિ અને સમજણ પ્રેરાવે છે.

જો કોઈનું સ્મરણ આપણને પ્રગટે તેમાંથી આપણને ભાવના પ્રગટે, પ્રસન્નતા પ્રગટે તેવું સ્મરણ આપણને ખપનું. તારે મારી પાસે શેનું યોગ્ય માર્ગદર્શન માગવું છે તે માટે સ્પષ્ટ કહેવું. મારા સ્મરણથી પણ તને ચેન ન પડતું હોય તો મારું સ્મરણ પણ તારે ના કરવું એવી મારી તને વિનંતી છે. આપણે તો જો રાગથી કરીને પણ ઊંચી ભાવનામાં પ્રગટી શકાતું હોય તો તે ખપનું અને ભાવના પ્રગટે ત્યારે ચેન ના પડી શકે તેવું ના બની શકે. તેમાં ગૂંચવાવાપણું કદી બનતું હોતું નથી.

એક આકર્ષણનો પ્રકાર વૃત્તિનો હોય છે. બીજા પ્રકારના આકર્ષણનો પ્રકાર ભાવનામૂલક હોય છે. વૃત્તિનો આધાર લઈને પણ ભાવનાને પ્રગટાવી શકાય છે. પણ જ્યારે આપણો હેતુ ઊર્ધ્વગામી પ્રકારનો હોય ત્યારે જ તે બને.

❂

## પ્રાર્થનાકાવ્યનું પ્રયોજન

**સ્વજન :** મને કાવ્યો વાંચવા ગમે છે. તો શું અમુક પ્રાર્થનાકાવ્યો વાંચવાથી આપણી ભાવના ખીલે કે વિકસે ખરી ? પ્રાર્થના વાંચતા કે કરતાં 'ભાવ' થાય એનું મુખ્ય વ્યક્ત લક્ષણ કયું ? પોતાથી પ્રાર્થનાકાવ્ય સર્જાય ખરું ?

**શ્રીમોટા :** દિલની ઊર્મિ-લાગણી અને ભાવના કાવ્ય દ્વારા પ્રગટે ત્યારે કેટલાકનું માનવું છે કે ભાવનાનો ઓઘ નરમ પડે છે. વળી, કેટલાકનું માનવું છે કે તેથી કરીને તેવા કાવ્યનો ભાવ ને સંસ્કાર વિશેષપણે ગાઢતાથી જમા થતા હોય છે. એનું એ જ

રટણ અને એનું એ જ સર્જન તેવા પ્રકારની દિલની ભાવનાઓને વારંવાર પુનરાવર્તનમાં પ્રગટાવીને સાકાર પમાડવાને દિલ નિશ્ચયવંતું પણ બની શકે. જ્યારે કેટલાક જીવો તેના માત્ર સર્જનના ઉલ્લાસમાં પડ્યા રહી તેના આનંદને પણ ભોગવી લે.

પ્રાર્થનાકાવ્યના સર્જનમાંથી જીવનને કેવું બનાવવું છે, એવો નિશ્ચય કાવ્યના સર્જનમાંથી જે જીવનો જીવંતપણે પ્રગટતો રહે છે, તેવા માટે પ્રાર્થનાકાવ્યનું સર્જન એક યોગ્ય ઉપયોગી સાધનરૂપ થઈ પડે છે. પ્રાર્થના એ દિલના ઊંડાણના થરનું તથા ભાવનાના ક્ષેત્રનું તથા કલ્પનાના ઉડ્ડયનની એક રમ્યક્ષેત્ર-ભૂમિકા છે. એવા પ્રકારના સર્જનમાં દિલ અને બુદ્ધિ તથા પ્રાણ પણ ભાગ લેતા હોય છે. પ્રાણનો, ભાવનાનો આવેશ બુદ્ધિ ચમકાવીને તેના સર્જનમાં રમ્યતા પ્રગટાવીને કાવ્યને સુંદર ઓપ પણ આપી શકે છે. કાવ્ય તરીકે કાવ્ય ઉત્તમ હોય. પરંતુ જીવનના ઉપયોગમાં તે આપણને ન પ્રગટાવી શકતું હોય તો કાવ્ય તરીકે તેની કિંમત ઓછી થઈ શકતી નથી. કાવ્યની ભાવનાનું ચિરંજીવીપણું તેના સર્જનમાં આપોઆપ જીવતું તો રહી શકવાનું પણ તે માત્ર કાવ્યમાં જ.

જ્યારે કેટલાકનું તેવું નથી હોતું. ભાવને કેળવવાને, દૃઢાવવાને અને જીવનમાં પોતાના ધ્યેયને સાકાર પમાડવા કાજે પ્રાર્થનાકાવ્યનો જ્ઞાનભક્તિપૂર્વક હેતુમૂલક દૃષ્ટિથી ઉપયોગ કર્યા કરે છે, તેવો જીવ વિશેષ ને વિશેષ ધ્યેય પરત્વે એકલક્ષી બનતો જાય છે. ઉપયોગના હેતુનું ભાન જે જીવને એકાગ્ર દૃષ્ટિથી તરવરે છે અને તેમાં ને તેમાં જે જીવને હેતુનું જ્ઞાનભાન મોખરે મહત્ત્વપણે પ્રગટ્યા કરે છે તેવો જીવ તે જીવનની ગમે તેવી ભૂમિકામાંથી ઉપર તરી આવ્યા વિના રહી શકતો નથી. જે જીવને પોતાના જીવનના હેતુનું જ્ઞાનભાન સતત એકધારું પ્રગટ્યા કરે છે તેની

સાવધાની - ચકોરતા - જાગૃતિ વિવેકદૃષ્ટિ જુદા જુદા પ્રસંગોનું મૂલ્યાંકન અને વર્તનકલા આપમેળે તેનામાં ખીલતાં જાય છે અને એવાનું વર્તન સ્વયંભૂપણે મૌલિક પ્રગટતું જાય છે.

જેના જીવનમાં મૌલિકતા પ્રગટી નથી, તે સાધનાના ભાવમાં પ્રગટતો જતો સાધક ના ગણી શકાય. મૌલિકતા એ ભાવનું પ્રથમ વ્યક્ત લક્ષણ. મૌલિકતા જીવનમાં પ્રગટતી અનુભવાય ત્યારે જ પૂરેપૂરું સમજી શકાય કે જીવનમાં ભાવની પ્રતિષ્ઠા થયેલી છે. મૌલિકતા પ્રગટે છે ત્યારે નવી દૃષ્ટિ પાંગરતી જાય છે. જેમાં તેમાંથી નવું નવું જ્ઞાન પ્રગટતું અનુભવાય છે અને કરણોનું સંચાલિત થવું કોઈક જુદી ભૂમિકામાંથી થતું જાય છે. આમ ભાવ એ જીવનવિકાસ કાજેનો મુખ્ય ગુરુ છે. એવા ભાવનું ઉદ્દીપન થવાને કાજે પ્રાર્થનાકાવ્યના સર્જનને હથિયાર તરીકે આપણે વાપરવાનું હોય. ગમે તેવી સ્થિતિમાં અને ગમે તે ઠેકાણે ભલેને પછી તે ઘોરમાં ઘોર સ્થળ હોય તોપણ પ્રાર્થનાકાવ્યના સર્જનમાં જે જીવને ઉન્માદ પ્રગટે છે તેવા જીવને કદી એકલાપણું લાગી શકતું નથી. તેના અંતરનો સાથી તેનો ભાવ છે અને તેવા ભાવને અનેક સ્વરૂપમાં પ્રગટાવીને તે તેની સાથે ગેલ કરી શકે છે.

હૈયાનો એકાગ્ર અને કેંદ્રિત ભાવ એક ને એક હોવા છતાં તેને અનેક સ્વરૂપોમાં તે પલટાવી શકે છે અને એવો એક અનેકરૂપે પ્રગટેલો હોઈને આપણે દિગ્મૂઢ પણ બની શકીએ છીએ. ભાવમાં પણ અનંતતા અને વિવિધતા છે. તે અનુભવ પ્રાર્થનાકાવ્યના સર્જનમાંથી માનવીને સાંપડતો હોય છે. એવા ભાવમાં જ્યારે સંપૂર્ણ સર્વોચ્ચ કક્ષાની નિરંતરતા પ્રગટે છે ત્યારે તેવા ભાવનું સ્વરૂપ અનંતશાયી શેષશય્યા પર ક્ષીરસાગરમાં નિશ્ચિંતભાવે પોઢેલા એવા વિષ્ણુ ભગવાનનાં દર્શનનું મૌલિક

સ્વરૂપ પણ તેવો ભાવ આપણને પ્રગટાવી શકે છે. એટલે ભાવનાને જીવતી રાખવાને માટે ભાવનાનું ઉદ્દીપન થવાને માટે પ્રાર્થનાકાવ્ય એ જરૂરનું સાધન. અસલ માનવીની વાણીનું સર્જન કાવ્યમાં જ થયેલું હશે. કાવ્ય એ વાણીની સહજ અને સરળ ગતિ છે. તેમ છતાં માનવી તેમાં માત્ર મુગ્ધ પણ થઈ જતો હોય છે. આપણે જો તેવાં બન્યાં તો મૂઆ સમજવા. આપણે તો ઉપયોગનું ભાન પ્રવર્તાવતા રહેવું. જો ઉપયોગનું ભાન જીવંત એકધારું પ્રચંડપણે પ્રગટેલું રહ્યા કરે છે તો જીવ કદી મૂર્છાવસ્થામાં પડી જઈ શકતો નથી.

## ભાવભર્યું આકર્ષણ

**સ્વજન :** મોટા, આપે જેમની સાથે દરગુજર વૃત્તિથી વર્તવાનું કહ્યું હતું એ જ રીતે મારાથી વર્તી શકાયું - એ આપની કૃપાનું પરિણામ છે. આપ ખરેખર અંતર્યામી છો. પણ આપનામાં પ્રગટેલા વિભુત્વને અમે ઓળખી શકતા નથી. એટલું જ નહિ પણ એને વીસરી જઈએ છીએ એ કમનસીબી છે.

**શ્રીમોટા :** તમારું એમના પ્રતિનું વર્તન જરૂર મોકળા દિલનું ગણાય અને તે માટે તમને માત્ર અભિનંદન આપીને બેસી રહું તે ના ચાલી શકે. એમની પ્રકૃતિને ને તેના સ્વભાવને પણ હું જાણું છું. તેવું જ તમારા વિશે પણ. જ્યાં જ્યાં મારું દિલ ગયું છે, ત્યાં ત્યાં તેની પ્રકૃતિને ને સ્વભાવને તે સમજી શકે છે. તે અંગે ભલેને હું બોલુંચાલું નહિ, પરંતુ તેથી હું સાવ અજાણ હોઉં છું તેવું તો હોતું જ નથી.

પ્રકૃતિ ને સ્વભાવ તો અનંત ફેરફારને પામ્યાં કરે છે. અનેક જન્મમાં જુદી જુદી રીતે જુદાં જુદાં પાસાંમાં પ્રવર્તે છે.

એટલે એના પર હું મદાર રાખતો નથી. ચેતનની અપેક્ષાએ તો તે ક્ષણજીવી છે. તેમ છતાં જીવનનાં વહેણ કેવાં કેવાં પલટાતાં જાય છે અને એમ તો જીવ, પ્રકૃતિ અને સ્વભાવથી જ વર્ત્યા કરતો હોય છે. એટલે તે એવી રીતે તેવાં તેવાં સ્વભાવ અને પ્રકૃતિનો પ્રભુકૃપાથી ઉપયોગ કરવાની કળા ગુરુમહારાજે કૃપા કરીને સંપડાવેલી છે. એ કળાનું હૃદય તો આપણે પરસ્પર જ્યારે ખરેખરા દિલથી દિલમાં દિલના દિલોજાન બની જઈશું ત્યારે જ આપણા હાથમાં તે આવી શકવાનું છે.

જેમ આપણે જીવપ્રકૃતિવાળા છીએ તેમ એ પણ છે. જીવનમાં આપણે એકઠાં મળ્યાં છીએ તો આપણે એકબીજાનું આડુંઅવળું બિલકુલ જોઈ જ ના શકીએ તો તો ઉત્તમમાં ઉત્તમ. પરંતુ તેવું બની શકતું હોતું નથી. એટલે આપણે તેવું બધું ઉમળકાથી દરગુજર કરી શકીએ તોપણ દિલથી નજીક થઈ શકીએ. આપણે આ જીવનમાં મળેલાં બે જીવો જો દિલ દિલથી નજીક ના પ્રગટી શકીએ તો આપણું ભાવનાને માર્ગે જવું એ મિથ્યાડંબર ગણાય. આ હકીકત મને, તમને ને બધાંને લાગું પડે છે.

**સ્વજન :** વહાલ વ્યક્ત કરવા શરીર પણ એક આધાર તો ખરોને ?

**શ્રીમોટા :** ઉત્તમ ભાવની મસ્તીથી જીવનને ભાવનાથી તરબોળ કરવાને માટે જીવન મળેલું છે. તેમાં શરીર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. શરીરનું વહાલ પણ જુદું છે અને હૃદયનું વહાલ પણ જુદું છે. પરંતુ હૃદયનું વહાલ કેળવી શકવાને માટે ને તે મેળવવાને માટે પ્રથમ તો શરીરનું વહાલ તેના ઉન્માદભર્યા ઉત્કટતાપૂર્વક તેના એકતાનથી પ્રગટી શકે. તે પણ એટલું જ જરૂરનું છે, એવું ઉત્કટ, મુગ્ધ-આકર્ષણવાળું શારીરિક વહાલ એ

દિલ દિલને એક કરવાને માટે અને પરસ્પરના હૃદયને મેળવવાને માટે અગત્યનું પગથિયું છે.

શરીરને મિથ્યા ગણનાર લોક શરીરનું મહત્ત્વ સમજ્યા નથી એવું મને નમ્રપણે લાગે છે. અને શરીર એ તો ચેતનનું માળખું છે. એ શરીર છે તો જ પ્રેમનું કે ભાવની કળાનું અસ્તિત્વ છે. અને તે ખીલવવા શરીરનું અસ્તિત્વ બહુ જ મહત્ત્વનું છે. જો જીવતીજાગતી હૃદયની હૃદયમાં હૃદયથી એકધારી ધારણા સેવી શકીએ તો શરીરથી પણ ઘણું પામી શકીએ. ભાવ પ્રગટતાં શરીરમાં રોમાંચ પ્રગટે છે. આંખનાં આંસુઓ અને મુખ પરનાં લક્ષણો એ ભાવના પ્રતીક છે. શરીર વિના તે બધું વ્યક્ત થવું શક્ય નથી હોતું. શરીરથી જ આ બધું કેળવી શકાય, જોઈ શકાય અને પામી શકાય, એવી આપણી ભૂમિકા છે. શરીરની ભૂમિકા વિના મન-બુદ્ધિ-ચિત્ત-પ્રાણ-અહમ્‌ને કેળવી શકવા શક્ય નથી. પણ શરીરના હેતુનો જ્ઞાનભાવે ઉપયોગ થવો ઘટે. તો જ તે બધું શક્ય બની શકે તેવું છે.

❂

## કર્મમહિમા

**સ્વજન :** આપ કર્મનો ખૂબ જ મહિમા ગાઓ છો.

**શ્રીમોટા :** કર્મ એ તો જીવનમાં સુષુપ્ત પડી રહેલી શક્તિને છતી કરવા માટેની પ્રભુની કૃપાની અણમોલી તક છે.

કર્મ ભાવના પ્રગટાવવા, કેળવવા ને એને જાગ્રત રાખવાનું ઉત્તમ સાધન છે.

કર્મ એ તો એરણ છે. જીવનને ઘડવાને કાજેનું એના જેવું બીજું કોઈ ઉત્તમ હથિયાર નથી.

કર્મમાં જ્ઞાન સમાયેલું છે. કર્મમાંથી કર્મની સમજણ ને

ભાવના પ્રગટતી રહે તો કર્મ પોતે જ સદ્‌ગુરુ બની શકે છે.

"કર્મ" એ તો આપણને હજાર આંખોવાળા બનાવી શકે છે, ને હજાર હાથવાળા પણ બનાવી શકે છે. "કર્મ" પોતે એક હોવા છતાં અનેક-અનંત પણ છે. "કર્મ" અનેક વ્યક્તિઓનો પરિચય કરાવી તેમની સાથે તટસ્થતા, સમતા કેળવવાનું ભાન પણ પ્રકટાવી શકે જો તેવી જિજ્ઞાસા દિલમાં તેવે સમયે પ્રકટેલી રહ્યા કરે તો. "કર્મ" જીવનનું દ્યોતક છે. ને જીવનને ગગનગામી ઉડ્ડયન પણ કરાવી શકે છે. "કર્મ"ની ગતિ ગહન કહેલી છે. છતાં જેને "કર્મ"નું હાર્દ હાથ લાગેલું છે તેને તો "કર્મ"એ આરસી બને છે. "કર્મ"ને ઉત્તમમાં ઉત્તમ રીતે ભાવનાથી ને તેને યોગ્ય સમજણ-જ્ઞાનભાવે આચરવાથી કર્મમાંથી કર્મની કળા-હૈયાસૂઝ પ્રગટે છે.

❂

## સ્મરણનું ધન

**સ્વજન :** સ્થૂળ ધન કમાઈએ તે જુદી જુદી રીતે ખર્ચાઈ જાય તે ખરું છે, તો ભગવાનના સ્મરણની ભાવનાનું ધન ખર્ચાઈ જાય ખરું ?

**શ્રીમોટા :** સ્મરણનું ધન ખર્ચાઈ જતું નથી, નકામું પણ જતું નથી. પરંતુ તેનો જોઈએ તેવો ઉઠાવ થતો નથી. કારણ કે તેનો ઉઠાવ થવાને કાજે આપણી ભૂમિકા યોગ્ય હોતી નથી. કામક્રોધાદિ વૃત્તિનું જોશ જો મોળું પડી જાય તો ભગવાનના નામનો ઉઠાવ એકદમ થાય. હાલમાં કામક્રોધાદિનું પ્રબળપણું હોવાથી અને પ્રભુનું સ્મરણ લાંબો ગાળો એટલે ૧૬-૧૭ કલાક પણ ચાલતું ના હોવાથી પેલા કામક્રોધાદિ આગળ સ્મરણનું બળ મોળું પડે છે. કામક્રોધાદિના જુસ્સા જેટલો

સ્મરણનો જુસ્સો પ્રગટ્યો નથી. તેમ છતાં સ્મરણના સંસ્કારનો ઉદયવર્તમાન જ્યારે થશે ત્યારે તે પ્રમાણે જ તેનું વલણ પ્રગટવાનું એટલે તે દિશામાં આપણી ગતિ થવાની. ભગવાનની ભાવનાનું ધન કદી નાશ પામતું નથી. તેને હાલના તબક્કે ઉપયોગમાં આણવાનું કામ આપણું પોતાનું છે. કામક્રોધાદિ એકદમ જો મોળા પડી જાય તો સ્મરણની નિરંતરતા પ્રગટે અને સ્મરણનું જોશ આપમેળે પ્રગટે.

## સ્વજનના સ્મરણનો ઉપયોગ

**સ્વજન :** મોટા, ભગવાનનું સતત સ્મરણ કરતાં કરતાં જો આપણું કોઈ સગું-વહાલું કે પ્રિય મિત્ર યાદ આવે તો વિઘ્ન પડેને ?

**શ્રીમોટા :** પ્રિય સ્વજનની યાદ આનંદ આપે એટલું જ નહિ પણ તેની એકાદ સ્મૃતિ યા તો તેનું કોઈ દિલથી પ્રગટેલું અનુસ્મરણ પણ આપણને દિલમાં આનંદ પ્રગટાવે છે અને ઉલ્લસિત કરી દે છે. આપણું ખરેખરું કોઈ સ્વજન હોય તે સ્વજનનું સ્મરણ જો આનંદ ઉત્સાહ ન પ્રગટાવી શકે તો તો નિશ્ચે કરીને સમજવું કે તે સ્વજનનું સગપણ આપણા દિલમાં હજુ સાચું પ્રગટ્યું નથી. સ્વજનનું સ્મરણ દિલની ભાવનાને પ્રગટાવી શકે એટલા માટે છે. દિલની ભાવનાની જ્યોતને સજીવન રાખવાને કાજે સ્વજનનું સ્મરણ એ એક બહુ મોટું સાધન છે. એટલા માટે જ સ્વજનના સ્મરણને ઉપયોગમાં લેવાની કળા ભગવાનની કૃપાથી આપણે શીખવાની જરૂર. પ્રભુકૃપાથી મેં એવો લાહવો માણ્યો છે. 'મનને'ની પુસ્તિકામાં 'મા'ને સંબોધીને જે કાવ્ય લખ્યું છે તે તું વાંચજે. ઘણાં ઘણાં વર્ષો પહેલાંનું તે સંબોધન છે.

મારા સાધનાકાળમાં મારી તે માનું સ્મરણ મારી ભાવનાની ઊર્ધ્વગામી ગતિમાં પ્રેરણાત્મક બનતું. તે સ્મરણનો ઉપયોગ પ્રભુકૃપાથી ભાવાત્મકપણે કરવાનો જશ તો મારી "મા"ને છે. આધ્યાત્મિક જીવનવિકાસની દૃષ્ટિએ તેમનો વિકાસ મારા જેટલો ન હતો તેમ છતાં મારા દિલની તેમના પરત્વેની ભાવના અને તેનાથી કરીને મારા દિલમાં તેમનું પ્રગટતું સ્મરણ એ મને ઘણીવાર મારા તે કાળના એકલવાયા જીવનમાં મને સોબત-ઉત્સાહ પ્રેરતું અને અનેરો ઉમંગ પ્રેરાવતું. જે ઓથ અને સહાનુભૂતિ તેના વડે કરીને મળતાં તે અનેરાં હતાં. મારા દિલની ભાવનાથી કરીને મારાથી તેમને મહત્ત્વ અપાયા કરાયું હતું. એટલે સ્વજનના સ્મરણનો ઉપયોગ કરવાની કળા આપણા દિલની ભાવનાને વિકસાવવાને કાજે જો આપણે જ્ઞાનભક્તિપૂર્વક કરવાનું રાખીએ તો તેના જેવો સહારો બીજો કશો નથી. એવા પ્રકારનાં ઓથ અને સહાનુભૂતિ ને પ્રેરણાનો અનુભવ મળતાં મળતાં તેવા પ્રકારની ભાવનામાંથી શક્તિ પ્રગટે છે. અને તે શક્તિ એ આપણું ખરેખરું જીવન થઈ પડે છે.

## ચાહવાની ભાવના

**સ્વજન :** તો પછી સ્વજનને ચાહવાની કેવી રીત અપનાવવી ? આપણે આપણા પ્રેમીજન પર ફિદા થઈએ પણ જો એ આપણામાં એટલા પ્રમાણમાં દિલ ન રાખે તો શું સમજવું ?

**શ્રીમોટા :** આપણે તો મળેલાં સ્વજનને માત્ર ચાહ્યા જ કરવું છે તેનું યોગ્ય ભાન અને સાચું જ્ઞાન આપણને પ્રગટ્યું નથી. ચાહવાની ભાવનામાં કોઈ આશાઅપેક્ષા પ્રગટી શકતી નથી. તેમાં કોઈ શરત હોઈ શકતી નથી. આપણે આપણી રીતની

સમજણથી ચાહવાનું કરીએ અને તેવી રીતે ચાહવાનું થતાં ચાહવાનું સાચું સુખ તો સાંપડી શકતું નથી. ઊલટું એથી તો અશાંતિ અને ક્લેશ વધે છે. પૂર્વગ્રહોને પકડી રાખીને ભલેને પછી તે થોડાક મોળા પડ્યા હોય, પરંતુ કસોટીને કાળે તે માથું ઊંચકે છે. ને એવા પૂર્વગ્રહોની અસરથી જે ચાહવાનું થાય તેને સાચું ચાહવાનું કદી કહી શકાય નહિ. કોઈ પણ જીવનું ધારો કે બીજા કોઈ જીવ પર દિલ ઠર્યું હોય અને તેની આગળ તેનું દિલ પ્રેમ અને મોકળાશથી ઠલવાતું હોય તો તેથી કરીને આપણા સ્વજનને જે આનંદ થાય ને એ રીતે આપણું સ્વજન સુખી થાય તે જોઈને આપણને તો દિલમાં રાચવાનું થવું ઘટે. ઘણીવાર કહ્યું છે કે ‘ ત્યાગ અને સમર્પણ’ વિના ભાવના ટકી શકતી નથી. ચાહે તેને ચાહવા દેવાં અને દિલના ઉમળકાથી તેમ થવા દેવું એથી કરીને આપણી તે સ્વજનને ચાહવાની ભાવના ઉપર કદી કાપ પડી શકતો  નથી. કાપ પડવો  ઘટે નહિ.

ચાહવાની ભાવનામાં “મને એકને જ ચાહ્યા કરે” એવી કશી બાંયધરી હોઈ શકતી નથી. ચાહવાની ભાવના તો સાચે સાચી દિલમાં પ્રગટે તો આપણે આપણા સ્વજન માટે ફના થઈ જઈએ. અને એવી ફનાગીરીનો આનંદ જ આપણા માટે પૂરતો છે. સંપૂર્ણપણે ફનાગીરી થઈ ગઈ હોવા છતાં દરેક કિસ્સામાં સામાનું દિલ પીગળી જ જાય એવું ના પણ બને. આપણે તો મળેલ સ્વજનને ચાહવું છે ને તે પણ દિલથી દિલ રેડીને ચાહવું છે. ન્યોછાવર થઈને ચાહવું છે. વારી વારી જઈને ચાહવું છે. “વારી વારી જઈને” એનો અર્થ તો સંપૂર્ણપણે ધોધની જેમ ઊછળતો દિલનો ઉમળકો પ્રગટેલો હોય તેને કહેવાય. ભલેને આપણે એવું એકદમ ના કરી શકીએ, પરંતુ ચાહવાનો આદર્શ ને તેની યોગ્ય સમજણ આપણા દિલ સામે પ્રગટેલી  હોય તેમ કરી શકીએ.

આમ વર્તી શકવાને માટે સૌથી પ્રથમ તો એવી અભિલાષા અને ખરેખરી તમન્ના આપણામાં પ્રગટેલી હોવી જોઈએ અને ચાહવામાં તો એકલો માત્ર આનંદ જ છે. દુ:ખ , સંતાપ, ક્લેશ વગેરે જે થાય છે તેનું કારણ પૂર્વગ્રહો છે. ચાહવાની ભાવના તો આપણે જેને ચાહીએ છીએ તેને સર્વ રીતે અને સર્વ ભાવે મુક્ત કરે છે, મોકળાશ બક્ષે છે. કંઈ કશી બંધાયેલી સ્થિતિમાં ચાહવાની ભાવના ફળી શકતી નથી.

## જાગૃતિ

**સ્વજન :** મોટા, સંસારની નાની નાની અને ક્ષુલ્લક બાબતોમાં મન ભરાઈ જાય છે.

**શ્રીમોટા :** જીવનનું રહસ્ય અને તેનું સાચું મૂલ્યાંકન આપણને પ્રભુકૃપાથી ખરેખર પ્રગટી જાય તો સંસારવ્યવહારની નાની નાની ક્ષુલ્લક બાબતોમાં મન કદાપિ ભરાઈ ના પડે. જ્યારે જીવનવિકાસ પરત્વેનો ઉત્સાહ એટલો બધો જોશભેર પ્રગટેલો હોય છે ત્યારે સંસારની નાની હકીકતોનું ઝાઝું કશું લક્ષ ટકી શકતું નથી. ને આપણે ભાવનાથી તરતાં રહી શકતાં હોઈએ છીએ. માટે મથી મથીને ભાવનામાં રહેવાય તો જાગૃતિ આપમેળે ટકે. જાગૃતિ ટકે તો જ બધું વિના પ્રયત્ને યોગ્ય રીતે સમજાય ને વર્તાય. ભાવનાની ધગશ ખરેખરી પ્રગટે તો જાગૃતિ પ્રગટાવવાનું બની શકે છે ખરું. પણ જ્યારે ભાવના ખરેખરી ઉત્કટ પ્રમાણમાં પ્રગટેલી હોય ત્યારે જે જાગૃતિ હોય અને અભ્યાસના પુરુષાર્થથી જે જાગૃતિ પ્રગટેલી હોય તે બંને પ્રકારની જાગૃતિમાં ફરક રહે છે. ભાવનાથી પ્રગટેલી જાગૃતિમાં સાહજિકપણું હોય છે. જાગૃતિને લીધે જ હૈયાસૂઝ, વિવેક યોગ્ય

વર્તન તથા બીજા પ્રકારની સમજણ ઊગે છે. જાગૃતિ એ જ મુખ્ય સાધન.

## આગ્રહનિવારણ

**સ્વજન :** મને મારા આગ્રહો ખૂબ પીડે છે. એનું નિવારણ કરવા મારે શું કરવું ?

**શ્રીમોટા :** આગ્રહોને ટાળવા જ છે અને આગ્રહો તે નડતરરૂપ, અડચણરૂપ અને જીવનવિકાસને વિઘ્નકર્તા છે એવું વેદનાપૂર્વકનું ઉત્કટ ભાન પ્રગટ્યા વિના આગ્રહો કદી ઘટી શકતા નથી. સામાન્ય સમજણથી જરાતરા આગ્રહો પરત્વેનું બળ ઓછું થતું જણાય. પણ તે ખરેખરું ઉપયોગનું નીવડતું નથી. આગ્રહો પણ ત્યારે જ હઠે છે કે જ્યારે રાગદ્વેષ મોળા પડે અને મોહ-લોભ આદિ વૃત્તિઓ ઘટી જાય. આગ્રહો સ્ફુરે છે તે અંતરની વૃત્તિના બળના કારણે. આગ્રહોનું કોઈ પોતાની આગવી શક્તિ કે બળ હોતું નથી. અંતરમાંના જુદા જુદા પ્રકારના સંસ્કારોનાં કારણો વડે કરીને તે તે આગ્રહો જાગે. એટલે અંતરની તેવા તેવા અનેક પ્રકારની વૃત્તિઓનું બળ ઘટે તો જ આગ્રહો જાય. માટે આપણે તો મૂળને પકડવું.

## ચેતનાનો અનુભવવિસ્તાર

**સ્વજન :** આપને તો હું મારા જીવનના ગુરુ માનું છું.

**શ્રીમોટા :** ગુરુ એ તેનું શરીર નથી. તેના શરીરને જે ગુરુ માની મહત્ત્વ આપે છે અથવા તે શરીરને જ લક્ષમાં રાખીને તેને જ ગુરુ કરે, માને કે સમજે તો તે નર્યું અજ્ઞાન છે. ગુરુ તો તેનાં અંતરમાં જો પ્રગટેલી ચેતનાશક્તિ હોય તો તે સાચો ગુરુ છે.

એવા ગુરુ પરત્વેની આપણા હૃદયની સાચી, ખરેખરી, પૂરેપૂરી પ્રેમભાવના પ્રગટે, તેના દિલ સાથે આપણું દિલ હળી, ભળી, મળી, ગળી જાય ત્યારે (ને તે પણ આપણા પોતાના દિલની તેવી ભાવનાને કારણે) આપણે તેના હાર્દને પામી શકીએ. ગુરુના સ્થૂળ શરીરને કદી ગુરુ માનવો કરવો નહિ.

પ્રભુએ કૃપાનો વરસાદ વરસાવીને મને જે સ્વજનોનો સદ્‌ભાવ, પ્રેમભાવ, સહાનુભૂતિ, ઓથ, સક્રિય મદદ, શુભેચ્છા વગેરે વગેરે બધું મેળવી અપાવ્યું છે, તેવાં સ્વજનનાં સ્મરણથી આજે તે વહાલા પ્રભુની પુનિત કૃપા સરિતાના સલિલમાં સ્નાન કરી કરીને એના પાવનકારી સ્પર્શનો અનુભવ લીધા કરીને તે આનંદના લાહવામાં અનોખી મસ્તી અનુભવું છું અને તે કાજે તમારાં બધાંનો પ્રભુભાવે હૃદયમાં હૃદયથી ઋણી છું.

**સ્વજન :** સંસાર વહેવારમાં અશાંતિ અને ક્લેશ કેમ થતાં હોય છે ?

**શ્રીમોટા :** ભેદથી કરી મનમાં ક્લેશ, અશાંતિ, ઉદ્વેગ, ફિકર, ચિંતા, ગૂંગળામણ, મૂંઝવણ વગેરે પ્રગટે છે. ભેદ અસુખ પ્રેરે છે ને દુઃખ પણ જન્માવે છે. આ તદ્દન વાસ્તવિક હકીકત હોવા છતાં માનવી તે રીતે જ પ્રેરાય છે. કારણ કે તેને સાચું સુખ શું છે તેની તેને પડી હોતી નથી અથવા તો તે અંગે ખરેખરું તેણે વિચાર્યું જ હોતું નથી. શાંતિ, પ્રસન્નતા, વિવેક, બુદ્ધિની સૂક્ષ્મતા વગેરે વગેરે જીવનમાં દુઃખ હોવા છતાં , મુશ્કેલી, વિઘ્ન હોવા છતાં સુખ ઉપજાવી શકે છે. તેવી સમજણ માનવીના દિલમાં પ્રગટતી નથી. માનવી તો માત્ર અળસિયાની પેઠે સંસારવ્યવહારમાં તેનો તે જ એકડો ઘૂંટ્યા કરે છે. સંસારવ્યવહરાના કર્મમાં કાર્યદક્ષતા, કુશળતા પ્રગટે, કર્મકૌશલ્ય જન્મે તે પરત્વેની પણ તેની હૈયાસૂઝ તેને

જાગતી નથી. તેનું કારણ પણ એ જ હોઈ શકે. તે માત્ર વિચારમંથન વિનાનું ઘરેડયુક્ત જીવન જીવી રહ્યો છે. પોતાને મળેલાં કર્મમાં પણ જે માનવી કર્મમાં કૌશલ પ્રગટાવવાની હૈયાસૂઝ ધરાવે છે ને પ્રમાદને સેવતો જ નથી તેવા માનવીને આજ નહિ તો કાલ પોતાના વિશેની (જીવન પરત્વેની) સૂઝ પ્રગટવાની શક્યતા છે. જીવન મળેલું છે ઉત્તમ થવા કાજે, કટીબદ્ધ થવા કાજે ને કર્મમાં ભાવનાથી રત થવા કાજે.

## "ભાવ" ચિંતન

**સ્વજન :** દિલમાં ભાવ જાગે ત્યારે બીજાં કયાં વિશેષ લક્ષણો અનુભવાય ?

**શ્રીમોટા :** હૃદયમાં ભાવસૂર્ય પ્રગટે છે તે પછી તેવો ભાવસૂર્ય અસ્ત પામતો નથી. એવા ભાવનું કાર્ય પણ તે આપમેળે કરતો રહે છે. જ્યારે ભાવ પ્રગટે છે ને ભાવમાં ઉન્મત્તતા જન્મે છે ત્યારે જીવનમાંની નિમ્ન પ્રકારની પ્રવૃત્તિની પકડો મોળી પડતી અનુભવાય છે.

માનવીમાં શરણાગતિ પ્રગટવાનું એકમાત્ર સાધન ભાવ છે. ભાવથી કરીને ગુણશક્તિ પણ પ્રગટી શકે છે. ભાવ જ ન હોય તો ગુણશક્તિ વર્તાય પણ નહિ. જીવનના આધારમાં ભાવની શક્તિની પીઠભૂમિકા (Back ground) પ્રવર્તેલી પ્રભુકૃપાથી જો અનુભવાય તો ભાવથી જીવનને ઉપર તરાવી લાવવાને આપણાથી સહેલાઈથી પ્રયત્ન બની શકે. ભાવને કારણે જીવનના ધ્યેયનું મનનચિંતવન એકધારું પ્રગટ્યા કરે. ભાવ પ્રગટે ત્યારે દિલ ભાવનાથી ભીંજાયેલું રહે છે ને જીવનમાં મળેલાં ને કર્મનાં સંબંધના કારણે મળેલાં અનેક જીવો સાથેના અનેક પ્રકારના પૂર્વગ્રહો, અણગમાઓ વગેરે બધું

ઓસરી જઈ તેમના પરત્વે દિલમાં દિલથી સદ્‌ભાવથી જ વર્તવાનું બન્યા કરે છે.

સોનાની કે પારાની માત્રાઓ જીવનના રોગને મટાડવાને માટે ઉપયોગમાં પ્રવર્તતી. એકલું જાતે પોતે સોનું કે પારો તેના પોતાના અસલ સ્વરૂપમાં તે પોતે હોવા છતાં તેવું કામ ન આપી શકે. પરંતુ તેની માત્રા તેવું કામ આપી શકે. કારણ કે સોનું ને પારાની માત્રાઓ તો તેની રૂપાંતરિત થયેલી શક્તિઓ છે. એવી રીતે ભાવ એ પણ માત્રા છે, અને વૃત્તિઓને ફેરવવાને કાજે ભાવનું જો નિરંતર સેવન થયા કરે તો તેનાથી તો જે હિત સધાય છે તે તો અનુભવી સમજી શકે. ભાવ પોતાની પરિપક્વ સ્થિતિની પેલી પાર ચોંટી જાય ને તેની પાર થતાં આત્માનો તેવો ભાવ ગમે તેમ પ્રર્વતીને ત્યાંથી ઉઠાવ થયા કરે, તેવી જ રીતે પ્રવર્તેલો પ્રભુકૃપાથી રહી શકે છે. ભાવના કાર્યનાં અનેક પાસાં ને ભાવની શક્તિનાં અનેક facets છે. એ તો જેને ખરેખરો એવો ભાવ પ્રગટેલો છે ને ભાવાતીત થયેલો છે તેવાને તેની સમજણ પડી શકે છે. એટલા કાજે આપણે પોતે તો ભાવને જ એક મોટામાં મોટું હથિયાર પ્રમાણવું. અને તે કેમ કરીને રોજબરોજના વહેવારમાં આપણા દિલમાં જીવતો ટકી રહે તેનું સજ્ઞાનપણું જો પ્રભુકૃપાથી પ્રગટી શકે તો જીવનનું ભાથું આપમેળે મળી રહે છે. માટે ભાવમાં જ રમમાણ બનજે.

## નોકરો સાથેનો વર્તાવ

**સ્વજન :** નોકરો સાથેના વર્તન વિશે આપ શી સલાહ આપો છો ?

**શ્રીમોટા :** નોકરો સાથે જેટલી મીઠાશથી, સહૃદયતાથી,

ઉદારતાથી અને ભલી લાગણીથી વર્તીશું તેટલો આપણને જ બંને પ્રકારે લાભ છે. તેઓ કામ સારું આપશે અને આપણો આત્મિક વિકાસ થશે. "તેઓ ચઢી વાગશે" તેવો ડર અસ્થાને છે. વળી તેઓને બધી સરળતા આપીશું પણ જો નમ્રતાભરી મીઠી વાણી નહિ હોય તોપણ નહિ ચાલે. મીઠી વાણી, નમ્રતા એ તો સૌથી વધુ અગત્યનું છે. જડ નોકર મળેલ હોય તોપણ સાદ ઊંચો ન થઈ જાય તો ઉત્તમ.

વળી, જો આપણી આર્થિક સ્થિતિ સારી હોય તો નોકરોનો પોશાક પણ આપણા જેવા સારા, સ્વચ્છ અને સુઘડ હોય તો જરૂર આપણી આંખને સુરુચિ ઉપજાવશે. તેમનાં કપડાં ફાટેલાં હોય તો આપણને કઠવું ઘટે. આપણે બીજે દાન કરતાં હોઈએ તો ના કરીએ પણ નોકરોને આપણી સ્થિતિને અનુરૂપ સુઘડ કપડાં અપાવીએ ને પહેરાવીએ તે આપણને શોભશે. સવારમાં આવતાંની સાથે નાહીને સ્વચ્છ કપડાં પહેરીને રસોડામાં પેસે તે જરૂરી ને ઠીક. બેને બદલે ત્રણ જોડ જોઈએ તો રખાય. દિવસમાં બે વાર નહાય તો ખોટું નહિ. આપણી સાથેના સંપર્કથી તેમની સ્વચ્છતાની દૃષ્ટિ કેળવાય ને તેવી ટેવ પડે ને આપણી જોડેના સહવાસે તેની સુરુચિઓ વિકસે ને સારી ટેવ પડે તે પણ જગતની સેવા છે. સંસ્કારમાં નીચલા થરના માણસો ઉચ્ચ સંસ્કારી લોકો જોડે જેટલા વધુ સહવાસમાં આવે તેટલું સારું છે. જેથી તેઓને શીખવાનું મળે. આપણા થકી બીજાઓને ઊર્ધ્વમાં પ્રગટવાનું થોડુંક પણ બને તે પણ જગતની સેવા છે જ.

❁

**સ્નેહમિલન**

**સ્વજન :** મોટા, આપ કહો છો એ રીતે પૂર્વગ્રહથી વર્તનાર કોઈ વ્યક્તિ સાથે મળવાની બહુ મુશ્કેલી પડે છે. સામાને આપણા માટે પૂર્વગ્રહ હોય તો આપણે શું કરીએ ?

**શ્રીમોટા :** સામી વ્યક્તિનો ગમે તેટલો પૂર્વગ્રહ હોય તેને લક્ષમાં લીધા વિના ગમે તે નિમિત્તના કારણે આપણે પ્રેમ ઉમળકાથી વાતચીત કરવાનું ચાલુ રાખ્યા જ કરીએ અને સાથે સાથે આપણો તેના પરત્વેનો પૂર્વગ્રહ ઓગળે તેવા હેતુના ભાન સાથે વાતચીતમાં હૃદયનો તેવો ભાવ પ્રગટાવીને વાતો કરીએ તો તે આપણા પોતાના જ હિત માટે છે.

સામાન્યપણે સાધારણ માનવીઓ એમ જ માનતા રહ્યા કરે છે કે સામી વ્યક્તિનો જ તેવો પૂર્વગ્રહ હોય છે. પરંતુ વિચારની યોગ્ય સમજણની રીતે વિચારીએ તો તેવું હોતું નથી. તેમાં આપણું પણ થોડું ઘણું પણ ભળેલું હોય છે. ગમે તેટલાં અપમાન થયાં કરે તોપણ તે આપણે ઉમળકાથી સહી લઈએ ને મનમાં તે પળે કંઈ પણ કશું તેમના પરત્વે અન્યથાપણું ના પ્રગટે, તો તેવું પ્રેમ આનંદથી સહી લીધેલું વિકાસજનક નીવડે છે.

આ "પોથીમાંનાં રીંગણાં" જેવી વાત નથી. મેં પોતે જાતે તેવું હેતુના જ્ઞાનભાન સાથે પ્રભુકૃપાથી વર્તન કરેલું છે અને જ્યાં જ્યાં ગયો છું ને જ્યાં જ્યાં રહ્યો છું ત્યાં ત્યાં ભગવાનની કૃપાથી બધાનો સદ્‌ભાવ મેળવી શકાયો છે.

હજી મને લાગે છે કે આપણા પોતાનામાં જીવ પ્રકારનું જે ભાવના પ્રગટાવે તેવું સહજ મળતાવડાપણું પ્રગટેલું નથી. તેવું આપણને ઊંડું સંવેદનપૂર્વકનું ભાન પગટ્યું નથી. જે જે કોઈ મળે છે તેમની સાથે આપણે ભાવથી યોગ્ય પ્રકારનો સંબંધ બાંધી શકતા નથી ને આપણે કોઈના બની શકતા નથી. તેના વિશે આપણે ઊંડો વિચાર કરવો જોઈએ. તો જ તે સમજાય. આપણામાં

પણ કશુંક અઠીકપણું રહેલું છે. તેનું આપણને ઊંડું વેદનાપૂર્વકનું પગમાંનો કાંટો સાલે તેમ સાલતું નથી. જીવનવિકાસના સાધકે આવું કરવાની ખાસ જરૂર છે.

## ગુણ-એક માધ્યમ

**સ્વજન :** કોઈ પણ જીવપ્રકારની વૃત્તિને નાથવા માટે ઉત્કટ ઝંખના જાગે એટલું પૂરતું નથી ? મારામાં શાંતિ કે ઉદારતાનો ગુણ કેળવાઈ જાય એટલુંય બસ નહિ ?

**શ્રીમોટા :** કોઈ પણ જીવપ્રકારની વૃત્તિને વાળવા માટે એકલી તે પરત્વેની ઉત્કટ ઝંખના જ માત્રથી આપણું તે કામ સરશે તે વિધાન પૂરતું નથી. તેવી ઝંખનાની સાથે આપણે ભગવાનની કૃપાનું અવતરણ કરવાને માટે **એ**ની કૃપાની મદદ આપણા તેવા પ્રયત્નમાં મળતી રહે તે પણ એટલું જ જરૂરનું છે. જેમ કે આપણામાં કોઈ એક ગુણ હોય તો તેવા તે ગુણની મર્યાદાથી પણ ઉત્તરોત્તર એનો વિકાસ છે. પણ જો આપણને ખરેખરું જાગૃતિપૂર્વકનું સભાનપણું પ્રગટેલું હોય તો તે ગુણની તેવા ગુણમાં કંઈક ભૂલચૂક થતાં આપણે તેમાં પૂરેપૂરા સાબદા છીએ એવું આપણને કદી નહિ લાગે. ગુણ પણ તેની તેની છેવટની કક્ષાએ પહોંચી શકે અને પહોંચી શકવો જોઈએ. તે માટે આપણે તે ગુણની હાલમાં પ્રવર્તી રહેલી સ્થિતિથી આગળની વિકાસની સ્થિતિમાં આપણે જરૂર આગળ વધી શકીએ એવા છીએ જ. તેવા ગુણના દોષનાં કારણો આમ કે તેમ હોય તેમ છતાં તેને માટે આપણું મન અમુક અમુક બહાનાં બતાવે કે વિચારાવે તો તો તે ગુણની સ્થિતિસ્થાપકતા ત્યાંની ત્યાં જ અટકી જાય. ગુણ એ ગુણ માત્ર નથી, પરંતુ શક્તિના વહનનું

એકમાત્ર માધ્યમ છે. એટલે ગુણ જેટલો ઉચ્ચ અને ઉત્તમોત્તમ પ્રકારનો હોય અને તેની છેવટની સ્થિતિએ પહોંચેલો હોય તેટલા પ્રમાણમાં શક્તિની ગુણવત્તા તે દ્વારા વિશેષ પ્રગટી શકે છે. બંધિયાર પાણીનો જેમ વિકાસ નથી પણ તે બગડી જઈ શકે છે, તેવી જ રીતે ગુણની અમુક કક્ષામાં પડી જ રહેવું તે સાધકને માટે હિતાવહ નથી.

## શરીરયંત્રની યોગ્યતા

**સ્વજન :** કર્મો તો આ ઇંદ્રિયોથી થાય છે. એ યોગ્ય પ્રકારે થાય એ માટે ઇંદ્રિયોની કેળવણીથી ન ચાલી શકે ?

**શ્રીમોટા :** Mechenism માં (યંત્રમાં) જેમ તેના પ્રત્યેક ભાગ જો યોગ્ય પ્રકારના સર્વ સર્વને લગતી દશાના, જે તેની તેની યોગ્ય સ્થિતિ ન હોય, તો યંત્ર કામ જ નથી આપી શકતું, તેવું જ શરીરયંત્ર વિશેનું છે. કર્મ કરવાને માટે કર્મેન્દ્રિય ને જ્ઞાનેન્દ્રિય જેમ જરૂરનાં છે, તેનાથીયે વિશેષ જરૂરનાં છે તે તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્. આ કરણો સૂક્ષ્મ છે ને સૂક્ષ્મની શક્તિ ને કળા પણ વિશેષ હોય છે. ખરી રીતે તો કર્મ તે દ્વારા જ થતાં હોય છે ને તેમની દશા ને ગતિ પ્રમાણે કર્મ થતું હોય છે. ઉત્તમ પ્રકારનું કર્મ થવા કાજે તે સૂક્ષ્મ કરણો પણ ઉત્તમ હોઈ શકે તો જ કર્મ તેવું પ્રગટી શકે. ઉત્તમ કર્મ તેનું નામ કે જેમાં રાગદ્વેષ પ્રગટેલા ન હોય, જ્યાં રુચિ-અરુચિ ના હોય અને તે કાજે શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા, સમતા આદિ પ્રગટેલાં હોય.

**સ્વજન :** પણ આવું એકદમ બની ન શકેને ?

**શ્રીમોટા :** આવી ભૂમિકા એકદમ કંઈ કોઈની પ્રગટેલી

હોતી નથી. એ પ્રગટી શકે તે માટેની સર્વથી પ્રથમ તો માનવીના હૃદયમાં તેવી જિજ્ઞાસા જાગવી જોઈએ. તેવી જિજ્ઞાસાના પણ પ્રકાર હોય છે. તીવ્ર, મધ્યમ અને કનિષ્ઠ. એવી જિજ્ઞાસા પણ ધ્યેયલક્ષી ને ધ્યેયવર્તી-જેટલી ઉત્કટમાં ઉત્કટ-હોય તો તે વિશેષ ઉપયોગી. એવી જિજ્ઞાસા જેને પ્રગટેલી હોય, તેને તેવું જ મનન ચિંતવન ચાલતું જ રહ્યા કરે. તેવું જો ન હોય તો તેવી જિજ્ઞાસાની ભૂમિકા કેળવવા કાજે, તેવી જિજ્ઞાસા પ્રગટી શકે તે કાજે એવી ભાવનાનું સાધન તેના હેતુના જ્ઞાનભાન સાથે પોતે પોતાનાં દિલમાં પ્રગટાવી પ્રગટાવી, કેળવી કેળવી, જિજ્ઞાસાના દીપને પ્રગટાવવાનું કરી કરી તેની જ્યોતિને જલતી રાખ્યા કરવાનું જેનું દિલ તત્પરતાવાળું બન્યું છે તેવો જ **જીવ** આખરે તો કર્મને તે ભાવે ને તે રીતે કરી શકવાનો છે. ને અંતે તો સકળ કર્મ-સંસારવ્યવહાર માત્ર શ્રીપ્રભુપ્રીત્યર્થે થયા કરે ને તે તે બધું પ્રેમભક્તિભાવે એનાં જ ચરણકમળે ધ્યેયના ફલિતાર્થે ને હેતુ કાજે સમર્પણ થયા કરે તો માનવીના આંતરિક કરણોમાં યોગ્ય ફેરફાર પ્રગટ્યા વિના રહી શકતો નથી. તે કાજે ચેતન પરત્વેની ભાવનાને ચેતતી રાખવા હૃદયમાં પ્રતિષ્ઠા થવા કાજે એની કૃપાપ્રાર્થના કર્મ કરતી પળે દિલમાં થયા કરે તો આજ કે કાલ પ્રભુકૃપાથી એના શરણે આપણે જઈ શકીએ.

❂

## મુક્તની પ્રેમકલા

**સ્વજન :** બીજાઓની પ્રકૃતિ સુધારવા આપણે કંઈક તો કરવું જોઈએને ? મોટા, આપ અમારા બંને પર ખૂબ પ્રેમ દાખવો છો એ અનુભવાય છે.

**શ્રીમોટા :** આ સંસારમાં-જગતમાં ભાતભાતના લોક છે.

એટલે જો તેમના વિશે વિચારવાનું બને તો આપણે વિશેષ ને વિશેષ ડહોળાયાં જઈશું. સમાજના માનવીઓ તો પોતપોતાની પ્રકૃતિ અને સ્વભાવ અનુસાર જ વર્તવાના. એટલે તે પરત્વેનું આપણું મન વિચારતું અટકી શકે તો તે આપણે માટે વધુ હિતાવહ છે. આપણાં પોતાનાં શાંતિ અને પ્રસન્નતા ટકી શકે એટલું આપણાથી સાચવીને તે રીતે વર્તી શકાય તો નિશ્ચય કરીને સુખનો લહાવો માણી શકાય. બીજાઓને વિશે તેવી દૃષ્ટિ થવાથી કે તેમ વિચારવાથી બીજા લોકો સુધરી જશે કે ઉત્તમ બની જશે તેવું તો મુદ્દલે હોતું નથી ને ઊલટું આપણા ચિત્તમાં કચરો ભરાય છે તે નફામાં. તેનાથી આપણી અશાંતિ અને ક્લેશ તો વધે જ છે અને સરવાળે ખોટ અનુભવીએ છીએ.

આ તો મારું પોતાનું મેં પીંજણ કર્યું. પણ તમારી તથા બહેનની મારી પરત્વેની સદ્ભાવના અને પ્રેમની લાગણી હું કદી વીસરી શકતો નથી અને તમો બંનેની સાથે પ્રભુકૃપાથી કેટલીય વાર હું ભળી ગયેલો મારી જાતને લાગું છું. જો ભૂલી શકાય તો તેનું નામ પ્રેમ નથી. તમો બંને અંગેનાં કેટલાંય મીઠાં સુખદ સંસ્મરણ મારા દિલમાં પ્રવેશેલાં છે. વળી મારાથી તો કશુંય તમારું બની શક્યું નથી. અને તમે મને મદદમાં આવ્યાં છો તે તો નિશ્ચિત હકીકત છે. અને એવાં કારણોથી તમે બંને મને કેટલીક વાર ઉત્કટપણે યાદ આવ્યાં કરો છો. અને મારા જીવનનો તે સુખનો લહાવો છે. ભગવાનની કૃપાથી એવાં સ્વજનનાં દિલમાં પ્રેમામૃતનાં પાન કરવાનો જે લહાવો મળ્યો છે તે પણ એક પ્રકારનો અમૃતરસ છે. તમો બંને એકબીજાંથી હૃદયમાં હૃદયથી સુખનો લહાવો લીધા કરો એવી જ અભિલાષા પ્રગટે છે.

## મર્યાદામાં અમર્યાદ

**સ્વજન :** મોટા, આપે કહેલું છે કે શરીરનું મહત્ત્વ ચેતનને અનુભવવા માટે છે. પણ ચેતનના સંપૂર્ણ અનુભવ પછી શરીર ચેતનના ગુણધર્મો પ્રગટાવી શકે એવું બને ખરું ?

**શ્રીમોટા :** શરીર દ્વારા જ આત્માને ઓળખી શકીએ છીએ અને એટલે તો માનવદેહને દોહ્યલો ગણ્યો છે. અને એ જ કારણથી એનું મહત્ત્વ ઘણું વિશેષ છે. ચેતનને અનુભવવા માટે મનુષ્ય-યોનિ સિવાય બીજું કોઈ મુક્તિદ્વાર નથી. એવું શરીરનું મહત્ત્વ હોવા છતાં ચેતનના આધારે શરીર છે એમ જાણી સમજી તેને અનુભવી શરીરનો ખ્યાલ જાગતાં ચેતનને જ મહત્ત્વ અપાયાં કરાય એ જ ખરું છે. ચેતનની સંપૂર્ણ અનુભૂતિ પ્રાપ્ત થયા છતાં શરીરનું જડત્વ ચેતનની પરાકાષ્ઠામાં પૂરેપૂરું પ્રગટી શકતું નથી, તે પણ સાધનાનો ઈતિહાસ છે અને વાસ્તવિકતા છે. શરીરના અણુઓમાં ચેતન પ્રગટેલું રહે છે, તે વાત સાચી; પરંતુ સાધનાના અનેક તબક્કાઓને વટાવીને જતાં જતાં એક કાળ એવો પણ પ્રગટે અને શરીરની પણ એવી ભૂમિકા પ્રગટે કે તે શરીરના જડત્વમાં પણ પ્રસરીને શરીર પણ તેના ગુણધર્મ અને ગુણશક્તિમાં પ્રવર્તી શકે.

ચેતનનો વિસ્તાર અનંત છે. એટલે તેની મર્યાદા તો સંભવી શકતી નથી. જ્યારે શરીરમાં-જડત્વમાં પણ ચેતનની ગુણશક્તિ પ્રગટે ત્યારે અને એક શરીરધારી જીવાત્માએ ચેતનનો ગુણધર્મ અને ગુણશક્તિ તેનાં આંતરિક કરણોમાં પ્રગટેલાં પોતે અનુભવી શકે અને તેમ છતાં શરીરમાં તેવા ચેતનનો ગુણધર્મ અને ગુણશક્તિ હજુ પૂરાં પ્રગટેલાં ન હોય ! તેવા બંને પ્રકારના અનુભવમાં ચેતનની કક્ષાએ થોડો ઘણો કંઈક ફરક હોય ખરો. એવી મારી ગાંડીઘેલી

સમજણ છે. અને તે જ કારણે શરીરનું મહત્ત્વ તે પૂરતું તો તે વિશેષ આગળ પડતું લાગે છે. એવી શક્યતા સાંપડી શકે ત્યારે ચેતનનો વિજય સંપૂર્ણપણે પ્રત્યક્ષ ઝળહળાં કરતો થયેલો ગણાય. જોકે તે પણ અંતિમ અનુભવ છે તેમ તો ના ગણાય. કારણ કે ચેતન પોતે અનંત છે. મર્યાદામાં અમર્યાદનો અનુભવ થવો એ એક બહુ મોટી ચમત્કારિક હકીકત છે અને અંતે તો મર્યાદા પણ મર્યાદિત હોવા છતાં અમર્યાદાવાળી સ્થિતિમાં પ્રગટે અને મર્યાદાના પણ ગુણધર્મ અને ગુણશક્તિ ફેરવાઈ જાય તે પણ અનુભવનું એક અંતિમ રહસ્ય ખરું. જોકે અંતિમ લખ્યું છે તે પણ Relatively જ સમજવું.

❂

## સહજ નમ્રતા ક્યારે ?

**સ્વજન :** અમસ્તું અમસ્તું પણ નમ્ર થવું ભારે પડે છે તો પછી સહજ નમ્રતા ક્યારે પ્રગટે ?

**શ્રીમોટા :** અનેક પ્રકારની જડ માન્યતાઓ-તેવા તેવા આગ્રહો-અનેક જાતના પૂર્વગ્રહો એવી અનેક પ્રકારની સમજણો આ બધું આપણામાં જડ ઘાલી બેઠેલું હોય છે. વળી સ્વભાવના પણ અતડાપણા જેવા બીજા દોષો હોય છે. તેના કારણે સાચી સહજ નમ્રતા કદી પ્રગટી શકતી નથી અને એવી ઉત્તમ ભૂમિકાની સહજ નમ્રતા પ્રગટ્યા વિના Receptivity & Responsivity ગ્રહણાત્મક અને પ્રત્યુત્તરાત્મક ભાવના કદી પ્રગટી શકતી જ નથી. એટલે સાચી નમ્રતા પ્રગટાવવાને માટે ઉપર લખેલાં આવરણોથી ખૂબ મોકળાં થવાની જરૂર. જો આપણું તેવું થવાનું ખરેખરું દિલ હોય તો જાણી બૂઝીને, સમજી સમજીને, તેમ કરવું જ પડશે. તે વિના કદી પત્તો ખાવાનો નથી અને આવું બધું પ્રભુકૃપાથી મેં કરેલું છે તેથી કહું છું.

**આ જીવ**નું સંપૂર્ણ નિરાગ્રહીપણું, અનાસક્તિપણું મારી સાથેના જે નિકટના પરિચયમાં ભક્તિભાવે આવેલાં છે તેમનાથી વર્તાયેલું છે. અત્યારે જે કાંઈ આગ્રહો રાખતો દેખાતો હોઉં છું તે તો તેવા તેવા જીવોના કલ્યાણાર્થે રાખું છું. અને તે પણ તેવો આગ્રહ વર્તાય નહિ અને સૂક્ષ્મપણે જ તેવો આગ્રહ હોય. કારણ કે તે તે જીવ પરત્વેની તેવી Conciousness ભગવાનની કૃપાથી ટકી શકે-માટે તેવું બની શકે છે. ને તે પણ નિરાગ્રહની ભૂમિકા ઉપર રહીને. તેવી જ રીતે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર પણ અમે ના જ રાખીએ તેવું કશું નથી. પરંતુ તેની ભૂમિકા નિષ્કામ, નિર્મોહ, નિરાસક્તિ, નિર્લોભ વગેરેની હોય છે. ને અમો પરત્વેની સાચેસાચી દિલની ભક્તિ પ્રગટી ગઈ હોય તો તેવાને તો તે પુરવાર કરી આપવાની પણ શક્યતા છે.

આ હકીકત એટલા માટે કહું છું કે જો તારે નમ્રતા પ્રગટાવવી હોય તો આ આવરણોથી મોકળા થવું જ પડશે. તે વિના સાચી સહજ નમ્રતા પ્રગટી શકવાની નથી જ-ગમે તેટલા ઉપાયો લો તોપણ.

## કર્મકલા

**સ્વજન :** મોટા, અમારા સંસારવહેવારનાં કર્મો દ્વારા ભગવાન પ્રત્યે અભિમુખ થઈ શકાય ? એવાં કર્મો કરતાં શેનું ધ્યાન રાખવું જોઈએ ?

**શ્રીમોટા :** હા, સંસારની ઘટમાળ તો ચાલ્યા જ કરવાની. તેનો કદી અંત નથી. આપણે સંસારની ઘટમાળમાં હોવા છતાં સંસારની ઘટમાળની મર્યાદામાં જકડાઈ ના જઈએ, બંધાઈ ના જઈએ અને તે સંસારના ઘટમાળના કર્મને શ્રીભગવાનનાં

ચરણકમળે સમર્પણની પુષ્પાંજલિ તરીકે ભેટ મૂકવાના એવા ઉપયોગના હેતુના જ્ઞાનભાનથી તે તે બધું કર્યા કરીએ અને એવી રીતે સમર્પણના ભાવથી જે કર્મો પ્રભુપ્રીત્યર્થે પ્રગટે છે તેવાં કર્મો ભલેને સંસારની ઘટમાળનાં હોય તોપણ તેવાં કર્મો ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટાવવાને માટે બહુ મોટું સાધન બની જાય છે.

આપણે કર્મ તો કરવાનાં જ છે. તો પછી જે કર્મથી સાચી અભિમુખતા પ્રગટે તે રીતે અને તે ભાવે પ્રભુકૃપાથી કર્મ પ્રગટે ને તેવાં કર્મથી આપણામાં ભગવાન પરત્વેની તેવી ભાવના સજીવ બને છે. એ લાભ જે જીવ જીવનને સાર્થક કરવા ઈચ્છે છે તેને માટે કંઈ જેવો તેવો ના ગણાય. પ્રભુની કૃપાનો મહિમા, જેમ કોઈ ગરીબમાં ગરીબ માણસને કોઈ ધનાઢ્યની ઓથ મળી જાય ત્યારે તેને એક અનોખો આનંદનો ઝરો ફૂટેલો તેના જીવનમાં તેનાથી અનુભવાય છે ને તેની ખૂબી તો તે જ જાણે,તેવો અનુભવ આવાં ઘટમાળનાં કર્મો પણ જો આપણે ઉપરની રીતે અને ભાવે કરીએ તો થયા વિના રહેતો નથી.

શ્રીચેતનની ઓથ અને હૂંફ પામવી તે કંઈ જીવનનો જેવો તેવો લહાવો નથી. ને એવી ઓથ કંઈ એમ ને એમ તો મળતી નથી. એને માટે પ્રથમ તો આપણને ચેતન પરત્વેની એવી અભીપ્સા પ્રગટેલી હોવી જોઈએ અને એવી અભીપ્સા પ્રગટે છે ત્યારે એ અભીપ્સાની ભાવના આપણા આધારમાં ચેતન પરત્વેની અભિમુખતા પ્રગટાવે છે. એટલા માટે સંસારની ઘટમાળમાં મળેલાં કર્મ આપણે જડસુ રીતે ના કરતાં સમર્પણની ભાવનાની રીતે અને એ ભાવે કરવાનું કરીએ તે ઘણું ઘણું જરૂરનું છે.

❂

## ત્યાગથી ભોગવો

**સ્વજન :** ઉપનિષદનું એક જાણીતું વચન છે. 'તેન ત્યકતેન ભુંજીથાઃ' પણ એ પૂરેપૂરું સમજાતું નથી.

**શ્રીમોટા :** આપણાં ઉપનિષદનું એવું વાક્ય છે કે બધું ત્યાગી ત્યાગીને ભોગવો અને એવો ત્યાગ કરવાની શક્તિ આપો. આ ભાવના માનવદિલમાં રહેલી તો છે જ. પરંતુ ત્યાગનું મહત્ત્વ માનવીનું દિલ ઝંખે અને ત્યાગમાંથી સાચું સુખ ફળી શકે એવી જાગૃત સમજણ માનવીના દિલમાં જ્યાં સુધી પ્રગટી શકી નથી ત્યાં સુધી તે હૈયાના આનંદથી અને ઉમળકાથી ત્યાગ કરી શકતો નથી. જાણ્યે-અજાણ્યે, ઈચ્છા-અનિચ્છાએ માનવી એકબીજાને માટે ત્યાગ કર્યા વિના તો રહી શકતો નથી, પરંતુ એવો ત્યાગ તો ના છૂટકાનો ત્યાગ છે. માનવીને પરસ્પરને માટે કેટલીય વાર અને ઘણી વાર બેળે બેળે ત્યાગ કરવો પડે છે ને એવા ત્યાગમાંથી મનની વિકૃતિ જન્મે છે. અને મનને બળાપો, ક્લેશ, સંતાપ, કોઈ વાર ઉશ્કેરાટ અને અશાંતિ પણ જન્મે છે. "ત્યાગાત્ શાંતિઃ અનંતરમ્" જો ત્યાગ અનંત ઉત્સાહભર્યા ઉમળકાથી અને ઉમંગથી થાય તો તેવા ત્યાગમાંથી જીવનનું અનંત સુખ પ્રાપ્ત થઈ શકે છે, તેવો જ્ઞાનભક્તિયુક્ત હેતુ અને તેનું રટણ તે ત્યાગ કરતી વખતે પળે પળે માનવીના દિલમાં ઝબકતું ને ઉપર તરતું રહ્યા કરે તો તેવા જ્ઞાનભક્તિપ્રેરક હેતુથી પ્રેરાઈને ત્યાગ બન્યા કરે. તેવા ત્યાગનું મૂલ્યાંકન ઊંચું છે અને એવો ત્યાગ જ્યારે પ્રગટે ત્યારે આપણાં મન, બુદ્ધિ અને હૃદય વિશાળ, ઉદાર, સહનશીલ અને મળેલાં દરેક જીવ પરત્વે સદ્ભાવથી ભરપૂર રહ્યા કરે છે.

આ સંસારવ્યવહારમાં મળેલાં સંબંધીઓ અનેક પ્રકારની પ્રકૃતિ અને સ્વભાવવાળાં જ હોવાનાં. પરસ્પરનાં પ્રકૃતિ અને

સ્વભાવ જુદા જુદા પ્રકારના હોવાથી તેમાંથી આપમેળે સંઘર્ષણ, અથડામણ, અકળામણ પેદા થાય છે અને તેને લીધે માનવીનું મન વધારે દોદળું બને છે. પરંતુ જો પ્રકૃતિ અને સ્વભાવનો તેના વિજ્ઞાન પ્રમાણેનો અભ્યાસ કરીએ કે ‘આ બધું સંઘર્ષણ પ્રકૃતિ અને સ્વભાવને લીધે થાય છે’ તો તેવું થવાનું કારણ સામસામી વ્યક્તિઓનાં પ્રકૃતિ અને સ્વભાવ એકબીજાની સાથે અથડામણ પ્રગટાવે તેવાં હોય છે અને સંસારવહેવારનો ગુણધર્મ એવો છે કે તેમાંથી આવા પ્રકારની અથડામણ થવાની જ એટલે એમાંથી જેને તરતા રહેવાનું દિલ થાય ને એમાંથી જે સફાળો જાગી ઊઠે તેવા જીવને જ ત્યાગ કરવાનું ખરેખરું દિલ પ્રગટે છે. એવો ત્યાગ તે કરે છે. ને એવા અથડામણના પ્રસંગોમાંથી પોતાને એક માત્ર શાંતિ જ જોઈએ છીએ ને શાંતિ ટકાવવી છે એવું ખરેખરું દિલ જેને પ્રગટેલું હોય છે તેવો જ માનવી એકમાત્ર સરળતાથી અને ઉમળકાથી ત્યાગ કરી શકશે.

આમેય સંસારવ્યવહારમાં માનવીને ઈચ્છા અનિચ્છાએ કે બેળે બેળે પણ ત્યાગ તો કરવો જ પડે છે તો પછી માનવી સમજીને, પોતાનાં સુખશાંતિને માટે સમજી સમજીને ત્યાગ કરે તો એવા ત્યાગમાંથી માનવીના જીવનમાં આનંદ અને શાંતિ બંને પ્રગટે છે. એવા ભાવનાભર્યા દિલના ઉમળકાથી જેનાથી ત્યાગ થાય છે તેમને નવું જીવન પાંગરે છે ને એવા જીવનનો લહાવો કોઈ અનેરો છે. એ તો તે પ્રમાણે જો સમજી સમજીને પોતાના હિત ખાતર તેમ વર્તી શકે તો તેવો જીવ એકલો જ તેને માણી શકે.

ત્યાગ વિના સાચું સુખ મળી શકે નહિ. ને આપણે દિલથી સાચા ભાવથી જો ત્યાગ કરીએ તો, સુમેળ, સંપ, સહાનુભૂતિ, ધીરજ, સહનશક્તિ, એકબીજાનાં મન અને વિચાર પ્રતિની ઉદારતા, સહિષ્ણુતા, આનંદ એવા ગુણો વિકસી શકે છે. ને

ત્યાગમાંથી જીવનનાં નવાં પગરણ એક પછી એક પાંગરતાં જાય છે. જીવનના સાચા સુખની પ્રાપ્તિ ત્યાગ છે. એવો ત્યાગ માનવીને હળવો ફૂલ બનાવે છે. અને એવા માનવીને સંસારવ્યવહાર યાતનાઓથી ભરેલો હોય તોપણ તેને તેવી યાતનાઓ પામવાનું દર્દ દુઃખ નહિ પ્રગટાવતાં તેવી યાતના તો નિસરણી ચઢવાનાં પગથિયારૂપ બને છે. ત્યાગની ભાવનાથી વર્તતાં વર્તતાં યાતનામાંથી તો નવું શહૂર અને ખમીર પ્રગટે છે અને ખમીર વિના જીવન શોભતું નથી.

જીવનમાં જે પ્રસંગ બને છે તેનો હેતુ છે અને એ હેતુ ત્યાગમય પ્રેમ કરવા માટેનો. આપણું અંતર જો ખરેખરી રીતે સ્વીકારે તો તેમ કરતાં કરતાં આપણા દિલમાં ફુવારાની જેમ ઉમળકો વછૂટવો જોઈએ. દિલની સાચી સમજણથી જ્ઞાનપૂર્વક દિલના ઉમળકાથી થયેલા ત્યાગમાંથી તો ગુણશક્તિ પ્રગટે અને એવો ત્યાગ આપમેળે થયા જ કરે અને જેના નિમિત્તે કરીને તેવો ત્યાગ થાય તેનામાં અને તેના પરત્વે આપણા હૃદયની સાચેસાચી ભક્તિ પ્રગટે એવું બનેલું અનુભવાય તો જ આપણી તે પ્રકારની પ્રગટેલી સમજણ સાચી.

હજુ પણ તે સમજણના સત્યને પરિપક્વ સમજણથી અને તે આપણા પોતાના એકલાના જ હિત માટે તેવું જ્ઞાનપૂર્વક વર્તવું તે આપણે માટે સોએ સો ટકા હિતાવહ છે.

માનવીના દિલને એક સાચો જીવંત સહારો અને આશ્રય જ્યારે મળી જાય છે ત્યારે તેના વડે કરીને તે ઘણાં મોટાં ભારે કામ કરી શકે છે. એવો સહારો પ્રભુકૃપાથી **આ જીવ**ના નધણિયાતા જીવનમાં પ્રાપ્ત થયો અને એવા સહારાનું ને ઓથનું જ્યારે સાચેસાચું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પ્રભુકૃપાથી મને કેવું એક પ્રકારનું ઓજસ અને બળ પ્રગટેલું અને અનેક ભાંગી પડવાના

પ્રસંગોએ ભગવાનની કૃપાથી તેનું સભાનપણું પ્રગટતાં તેનાથી કરીને કેવી ટટ્ટારી ને ખુમારી પ્રગટતાં ! ત્યારે તેવો સંગ્રામ પ્રગટતો ! દિલમાં ઊલટું એક પ્રકારનો નશો પ્રગટતો અને સામનો કરવામાં ઘણી ઘણી ઊલટ પ્રગટતી !-એવો સંગ્રામ ખમીર પ્રગટાવવા માટે હેતુપૂર્વક મળ્યો છે ને એ તો ભગવાનનો કૃપાપ્રસંગ છે અને **એ**ની કૃપાને અનુભવવાની એ એક મોંઘી અનેરી પળ છે એવું પણ તેવી વેળા તે જાગૃત માનવીને ભાન પ્રગટ્યા વિના રહેતું નથી.

સંગ્રામ વિના તૈયારી કરવાની, તેની સામે થવાનાં હથિયારોને એકઠાં કરવાની ને લડત આપવાની જે તત્પરતા પ્રગટે છે એટલે કે સંગ્રામથી જેને તે ઉપર વિજય મેળવવાની તાલાવેલી લાગે છે તેવાને માટે તો સંગ્રામ એ વ્યક્તિ કે સમગ્ર પ્રજાને બળ પ્રગટાવવાનું અને બેઠા કરી દેવા માટેનું મહામોંઘું એક ઉત્તમ સાધન છે. સંગ્રામ વડે કરીને જે ઉપર તરી આવે છે તેવાને પોતાની જાગૃતિનું વિશેષ ને વિશેષ ઉત્કટ પ્રમાણમાં જોશીલું તેજીલું સભાનપણું પ્રગટે છે. ને સંગ્રામમાંથી બચી જવાને જેના જીવનમાં શહૂર અને ખમીર પ્રગટે છે તેવા તો સર્વસ્વ રીતે ફના થઈ જવાની દિલમાં દિલથી તત્પરતાવાળા પ્રગટે છે.

પરસ્પર પ્રજાના ભયંકર યુદ્ધની નોબતો જ્યારે ગગડે છે ત્યારે સમગ્ર પ્રજાને જેને બચવું છે તેવી પ્રજા મરણિયા થઈને છેક હારતાં હારતાં પણ સમગ્ર પ્રજાનું જોશ કેમ કરીને ટકી શકે એવી એ સમાજના નિયંતાઓ તેવા જોશને જીવતું રાખવાને માટે તેવા ઉપાયો યોજી યોજીને સમાજને સંગ્રામની સામે સામનો કરવાને તૈયાર કરાવે છે અને સંગ્રામમાં સર્વસ્વપણે ઝંપલાવે છે. જેને બચવું છે તે તો પોતાની ખુમારીનો વિચાર કરતા નથી. બચવાની જ ભાવના જ્યારે ખરેખરી તમન્નાથી પ્રગટે છે ને સંગ્રામથી

ઉપર તરી આવવું જ છે એવું ખરેખર ઉત્કટ ભાન જેને પ્રગટે છે ત્યારે તેવો જીવ સંગ્રામમાં હોવા છતાં અને સંગ્રામનો સામનો કરતો રહેવાથી તે સંગ્રામની દશામાં ડૂબી જઈ શકતો નથી. આ બધું સમજવા જેવું ને હૈયામાં ઉતારવા જેવું છે. અને તેની ખરી ખૂબી તો તેનું આચરણ કરતાં કરતાં જ અનુભવી શકાય.

## ગુણો વિશે વધુ

**સ્વજન :** ઘણા માણસો ખૂબ ભોગવિલાસમાં હોય છે છતાં એમનામાં અનેક પ્રકારના ગુણો ખીલેલા હોય છે. શું એવા લોકોનું જીવન દિવ્યજીવનની અપેક્ષાએ માત્ર નમાલું ગણાય ? એમના જીવનના ગુણોનું કશું મૂલ્યાંકન ન થાય ?

**શ્રીમોટા :** જીવવૃત્તિનો ઉછાળો જે જીવને પ્રગટે છે તેમાં કેટલાક જીવને તો તે બાધકરૂપ કે વિઘ્નરૂપ નથી લાગતો. તેવા પ્રકારના જીવો તો તેમાં ઊલટા મહાલે છે ને તેવા જ પ્રકારનું તેમને ઘેન પ્રગટ્યા કરે અને તેમાં તેઓ મદમસ્ત રહે ને તેવા નશામાં પ્રગટીને તેવું બધું ભોગવવાનું મળ્યા કરે માટે કેટલાક લોકો તો તેને જ જીવન ગણે છે. ભોગના જીવનની તમન્ના અને તલસાટ એવા જીવો ઝંખ્યા કરતા હોય છે. એનાથી કરીને જીવન નબળું પડે છે - તેવું તે માનતા પણ નથી. છતાં એવા પ્રકારના જીવનમાં બીજા પ્રકારના ગુણો નથી હોતા તેવું પણ નથી હોતું. ભોગની સામેનાં પાસાંમાં અને તે પાસાંનું જે જીવન છે તેમાં તેમનું શહૂર, ખમીર અને પરાક્રમ કોઈ અનેરા પ્રકારથી ઝબકી ઊઠેલું રહે છે. ભોગ ભોગવવા છતાં સામાન્ય વ્યવહારના ઇતર પ્રસંગોમાં તેઓની પ્રમાણિકતા-કર્મ અને સમાજ પ્રત્યેની વફાદારી, પરાક્રમ-ત્યાગ-એકબીજા માટેનો ત્યાગ, ઉદાર દિલ

ને અનેક પ્રરત્વેની મતસહિષ્ણુતા-સહનશીલતા-ધીરજ અને પરસ્પર માટેની સહાનુભૂતિ આદિ ગુણો કામ કરતાં હોય છે ને તેથી સમાજના માનવીઓમાં તેવા ગુણ તે તે પાસાંમાં વિકસેલા અનુભવાય છે. તેમ છતાં ભોગનું જીવન એક રીતે તો પામરતા પ્રગટાવે જ છે. કારણ કે ભોગ સિવાયનાં જ બીજાં પાસાંઓમાં આપણે કહ્યું તે પ્રમાણે વર્તી શકવાનું ભાન પ્રગટાવી શકતાં નથી. (આપણે એટલે આપણો સમાજ).

કોઈ ને કોઈ દિશામાં કે જીવનનાં પાસાંમાં પ્રગટેલા ગુણોની ખુમારી ભોગનાં પાસાંમાં છેક ભોગ ભોગવતાં ભોગવતાં પણ તેમાં તેને પૂરેપૂરો ડુબાવી દેતો નથી અને તેમના જીવનની સંસ્કૃતિને તેઓ ટકાવી રાખવાને થોડે ઘણે અંશે પણ શક્તિમાન બને છે.

## શરણાગતિ

**સ્વજન :** આપે મને આપની સાથે આવવાનું કહ્યું છતાં મેં મારા બદલે બીજાને લઈ જવા કહ્યું - એ મારી એક પ્રકારની શરણાગતિ ગણાય ખરી ?

**શ્રીમોટા :** મેં તને અમારી સાથે આવવાને કહ્યું ને તેં બીજાને પસંદગી આપી તે તો જાણે બરાબર. તેની કદર પણ હું કરું છું, પરંતુ જેને સાચેસાચી સંપૂર્ણ રીતની શરણાગતિ કેળવવી છે તેવા જીવે પહેલાં તો જે કહેવામાં આવે તે પ્રેમભક્તિપૂર્વક કરવાનો ઉમળકો તેના દિલમાં પ્રગટેલો હોવો જોઈશે. શરણાગતિની ભાવના કેળવવાને માટે તેવા સાધકની પાસે મૂલાગ્રમાં એકમાત્ર તે પરત્વેનાં જ દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એકધારાં પ્રગટેલાં રહે તે જરૂરનું છે. શરૂ શરૂમાં અને શરણાગતિની સાધનાની ભાવના કેળવવામાં સાધકે તેના હાલના તબક્કાની વિવેકની સમજને પણ

મોકળા મને છોડી દેવી જ પડશે. આપણે જે કરીએ તે સમજી સમજીને કરીએ, તે ભલે બરાબર હોય, પરંતુ આપણે હાલ તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેને જો શરણાગતિની સ્થિતિમાં પ્રગટાવવાં હોય તો હાલના તબક્કામાં માની લીધેલાં બધાંય મૂલ્યાંકનોને હૃદયના ઉમળકાથી આપણે છોડવાં જ જોઈશે. હાલનાં તેવાં મૂલ્યાંકનો ભલે તદ્દન સાચાં હોય અને જો ધારો કે તેને આપણે વળગી રહ્યા તો આપણે તેવી ને તેવી તેની મર્યાદામાં રહ્યાં કરવાનું બન્યા કરશે. આપણે જે કંઈ કરીએ તે શરણાગતિની ભાવના કેળવવાના જ્ઞાનભાન સાથે કરીએ ને જે કંઈ થયા કરે છે તેનાથી આપણી શરણાગતિની ભાવના વધુ તેજસ્વી અને ગતિશીલ થાય છે કે કેમ તે જ એકમાત્ર જો ખરેખરું વિચારવાનું અને તપાસવાનું રાખીએ તો તેમાં જીવનનું યોગક્ષેમ રહેલું છે.

**સ્વજન :** મોટા, જીવનનો પ્રવાહ ક્યારેક સરળ વહે ત્યારે પ્રભુની કૃપા હોય તેવું લાગે છે. આવી પરિસ્થિતિનો જ્ઞાનાત્મક ઉપયોગ કેવી રીતે કરાય ?

**શ્રીમોટા :** કોઈ પણ પ્રસંગની સરળતામાં આપણને ભગવાનની કૃપાનો અનુભવ થાય ત્યારે આપણું હૈયું ગદ્ગદ બને અને ભગવાન પરત્વેની ભાવના કેળવાતી રહે અને જીવન પરત્વેના ધ્યેયમાં તેથી કરીને તેજસ્વિતા પ્રગટે તો તે બધું ઉપયોગનું.

સંસારવ્યવહારમાં આપણું કોક કશુંક કામ કરે છે તો તેના પરત્વે આપણને ઉપકાર અને કદરની ભાવના પ્રગટે છે. જો ભગવાનની કૃપાનો અનુભવ થાય અને આપણું દિલ જો ભક્તિથી ના રંગાયું તો કાં તો પેલો અનુભવ કાચો કે કાં તો એ અનુભવને સત્કાર કરવાની જ્ઞાન-ભક્તિ-પ્રેમપૂર્વકની ભૂમિકા તેટલી કેળવાયેલી નથી. ❂

## સાચી શરણાગતિ

**સ્વજન :** મોટા, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ના પ્રાકૃતિક ગુણધર્મો કેવા રૂપમાં ફેરવાય તો આપણામાં સાચી શરણાગતિ કેળવાઈ છે એ સમજાય ?

**શ્રીમોટા :** જ્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ના બધા પ્રાકૃતિક ધર્મ બદલાય ત્યારે સાચી શરણાગતિ પ્રગટે. એટલે કે મન, સંકલ્પ-વિકલ્પ કરતું અટકે; બુદ્ધિમાંથી શંકા-કુશંકા, સંદેહો, અન્યથાપણું, તર્ક, દલીલ આ બધું શમે અને વિચાર કરવાની પદ્ધતિ બદલાય એટલે કે બુદ્ધિ પ્રજ્ઞાસ્વરૂપ થવાની તૈયારીમાં હોય, પ્રાણના પ્રાકૃતિક ધર્મ-આશા, ઈચ્છા , લોલુપતા, તૃષ્ણા તથા કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર એ બધું ઘટી જાય અને એકલી ભગવાન માટેની કામના પ્રગટ્યા કરે તથા અહમ્‌માંથી જીવ પ્રકારનું અભિમાન-અહંકાર ઘટે અને ભગવાનની ચેતનાથી જ જે તે બન્યા કરે છે એવી પ્રતિષ્ઠા કેળવાઈને જીવતી પ્રગટે અને ચિત્તમાં જીવદશાના સંસ્કારો ન પ્રગટતા તે બધા મોળા પડી જઈ એકમાત્ર ભગવાન પ્રત્યેની ભાવનાના જ સંસ્કારો પ્રગટ્યા કરે ત્યારે શરણાગતિ પાકે.

## ભાવનાનું પરિણામ

**સ્વજન :** મોટા, આપ જે ભાવનાની વાત સમજાવો છો એ ભાવનાનો આરંભ કયા કરણથી થાય ? અને અન્ય કરણોને એનો સ્પર્શ થતાં અંતઃકરણનું ઊર્ધ્વગમન થાય ત્યારે કેવાં લક્ષણો પ્રવર્તે ?

**શ્રીમોટા :** જીવનની ઘટમાળમાં જો દિલમાં ભાવના પ્રગટેલી રહે છે તો તેવી ભાવના જીવનવ્યવહારનાં કર્મક્ષેત્રમાં પણ

ઉપયોગી નીવડે છે. ભાવના એમ તો બુદ્ધિને પણ સ્પર્શી શકે. **પ્રાણ** એ જેમ નિમ્નગામી છે તેમ ઊર્ધ્વગામી પણ છે. ભાવના એ **પ્રાણ**નું ઊર્ધ્વગામી પાસું છે. ભાવના પ્રગટતાં અને પ્રભુકૃપાથી તેમાં સાતત્ય જાગતાં બુદ્ધિમાં તેનો પ્રકાશ પ્રસરે છે. તેથી બુદ્ધિની અનેક પ્રકારની મડાગાંઠો અને પૂર્વગ્રહો મોળાં પડે છે. અને તેથી બુદ્ધિનું સંકુલપણું હઠે છે. તે કારણે બુદ્ધિ જીવનવ્યવહારનાં ક્ષેત્રમાં પણ યોગ્ય ઉકેલ કાઢવા માટે વિશેષ લાયકાતવાળી પ્રગટે છે. ભાવના જેમ જેમ ઊર્ધ્વગામી અને પ્રભુ પ્રત્યે અભિમુખતાવાળી પ્રગટે તેમ તેમ ભાવના **પ્રાણ**નાં ક્ષેત્રમાંથી બુદ્ધિને આલોકિત કરીને મનને પણ સ્પર્શ્યા વિના રહેતી નથી. જ્યારે ભાવનાનું એકધારું સાતત્ય પ્રગટે ત્યારે મનના સંકલ્પવિકલ્પ પણ ઘટે છે. અને નીરવતા પાંગરવા માંડે છે.

## ચેતનના ઓથની જરૂર

**સ્વજન :** બધા જ પ્રકારની અનુકૂળતાવાળું અને ઓથવાળું જીવન વહેતું હોય તો પછી ભગવાન-ચેતનની જ ઓથ છે એમ માની ન લેવાય ?

**શ્રીમોટા :** માનવીને જો સાચેસાચ જીવનનિર્વાહનાં ક્ષેત્રે પણ શાંતિ અને પ્રસન્નતા સાચવી રાખવાં હોય તોપણ ભાવના જેવું બીજું કોઈ ઉત્તમ સાધન તેને કાજે નથી અને ભાવના માનવીના દિલમાં ફુવારાની જેમ કદીક આપમેળે પણ ફૂટી નીકળી શકે તેવી પણ શક્યતા કેટલાકમાં હોય છે. તેટલા માટે જ ભાવનાને જીવતીજાગતી રાખવાને માટે સાધનાની જરૂર. એવી અભિ-મુખતામાંથી નવચેતન પ્રગટે તો જીવનનાં અનેક પાસાંઓમાં તે પાંગરી શકે. એટલા માટે જ માનવીનું હૃદય ચેતન પરત્વેની

અભિમુખતાવળું જીવતુંજાગતું રહ્યા કરે તે તેટલું જ જરૂરી હોય છે. માનવીની પાસે ધનની ઓથ હોય, આવડત કળાની ઓથ હોય, વ્યવહારકુશળતાની ઓથ હોય, સંચાલન અને વ્યવસ્થા શક્તિની ઓથ હોય અને આવી બધી ઓથો હોવા છતાં ચેતનની ઓથ પણ એટલી જ બલકે બધાથી વિશેષ જરૂરિયાતવાળી છે. એવી ઓથ પરત્વે માનવીનું હૃદય સભાનતાવાળું પ્રગટે તે તેને માટે ઘણું જરૂરનું.

## સુખનો ઉપાય

**સ્વજન :** મોટા, જીવનવ્યવહારમાં ઉત્સાહ એકધારો કેમ ટકતો નથી ? જીવનમાં સુખનો અનુભવ પણ કાયમ રહેતો નથી-એનુ શું કારણ ?

**શ્રીમોટા :** જીવનવ્યવહારમાં, વર્તનવ્યવહરામાં અને સંસારવ્યવહારમાં માનવીને એકધારો ઉત્સાહ ટકી શકતો નથી. એવો આપણો અનુભવ છે, તેનું કારણ આપણને જે નિરાશા અને નિરુત્સાહ પ્રગટે છે તે છે.

અને તેમ થવાનું કારણ તો એ હોઈ શકે કે માનવીના ધાર્યા પ્રમાણે તેને પરિણામ આવતું હોતું નથી તે છે. તથા બીજાં પણ અનેક વિઘ્નો-મુશ્કેલીઓ અને ઉપાધિઓ નડે છે. જો આપણે વહેવારનો ગુણધર્મ પૂરેપૂરો નિશ્ચયપૂર્વક સમજી લઈએ કે એવું થવું તે સ્વાભાવિક હોય છે તો કશો વાંધો ન આવે.

કોઈ પણ માનવીનું ધાર્યું સોએ સો ટકા ફળી શકતું નથી અને વિઘ્નો -મુશ્કેલીઓ, ગૂંચો -કોયડાઓ આ બધું ઊભું તો થવાનું જ. તેનાથી બચવાને માટે એક જ ઉપાય માનવી કને છે. ને તે એ છે કે ગમે તે ભોગે શાંતિ અને પ્રસન્નતા ટકાવી રાખવાં.

ગીતામાતા તો પોકારી પોકારીને કહે છે કે "અશાંતસ્ય કુતઃ સુખમ્" અશાંતિવાળાને સુખ હોય જ ક્યાંથી ? વ્યવહારના કોઈ પણ ક્ષેત્રનું સુખ મેળવવાનું જેને દિલ છે તેવાને માટે એક જ ઉપાય છે કે ગમે તે રીતે શાંતિ રાખવી અને દઢાવવી, અને શાંતિ પ્રસન્નતા કાયમ જીવંત હોય તો બુદ્ધિ સરળતાવાળી રહે છે અને તે યોગ્ય ઉકેલ શોધી આપી શકે છે.

દુઃખ, ક્લેશ, સંતાપ, અથડામણ, સંઘર્ષણ, મૂંઝવણ વગેરેમાં પડી જવાથી તો બુદ્ધિ વિલીનતાને પામે છે અને તેનો ઉકેલ તે જલદી કરી શકતી નથી. એટલે વહેવારમાં કે જીવનનાં ઉચ્ચ ક્ષેત્રમાં માનવીએ જો સુખી થવું જ હોય તો તેણે શાંતિ-પ્રસન્નતા એકધારાં જાળવી રાખવાં જોઈએ. એ જ સુખી થવાનો સાચો ઉપાય છે.

❂

## મૃત્યુનો ડર કેવી રીતે દૂર થાય ?

**સ્વજન :** હું કોક સગાં-સંબંધીના મરણ વખતે સ્વસ્થ રહી શકું છું ખરો, છતાં મને મારા પોતાના મૃત્યુનો વિચાર આવતાં ડરનો અનુભવ કેમ થાય છે ?

**શ્રીમોટા :** મૃત્યુનો ભય એ ખરી રીતે માનવીના મનની નબળાઈને કારણે છે. ને શરીર પરત્વે રાગ, મોહ અને આસક્તિનું કારણ છે ને એનાથીય વધુ મોટું જબરજસ્ત કારણ તો એ છે કે આપણે પોતે શરીરરૂપ જ થઈ ગયા છીએ અને શરીર જ સર્વસ્વ છે એવી જ પાકા પાયાની સમજણ આપણામાં પ્રવર્તેલી છે. શરીર પરનાં મમતા અને રાગ છૂટે તો મૃત્યુનો ડર છૂટી શકે.

શરીરથી મન, પ્રાણ, ચિત્ત, બુદ્ધિ અને અહમ્ તે જુદાં છે અને આત્માનું ચેતન તો તેનાથીય જુદું છે. પરંતુ સામાન્ય રીતે

તો માનવી શરીરને જ તે બધું ગણે છે અને શરીર વડે જે તે બધી એની ક્રિયાઓ ચાલ્યા કરતી હોવાથી અને તેમાં તે તદ્રૂપ બની ગયેલો હોવાથી માનવી શરીરરૂપ જ થઈ ગયો છે. માટે શરીરને આપણે એકમાત્ર સાધનરૂપ સમજીએ અને શરીરથી આપણે નોખા છીએ એવી અનુભવની સમજણ ઊગે તો જ શરીર પરનું મમત્વ ઘટે. શરીર પરત્વેનાં રાગ-મમત્વ-મોહ એ તો છેલ્લામાં છેલ્લી ન તૂટે એવી મડાગાંઠ છે અને તે તૂટવી ઘણી મુશ્કેલ પણ છે. પરંતુ આપણે સૌથી પ્રથમ તો બુદ્ધિથી વિચારી વિચારીને શરીરથી નોખા છીએ એમ સમજવું અને પ્રમાણવું. બાકી મૃત્યુનો ડર ના હોય.

શરીરને જન્મ અને મૃત્યુ એ સ્વાભાવિક સ્થિતિ છે. શરીરના જન્મમાં માનવીને ડર નથી કારણ કે ત્યારે જે શરીર ધારણ કરીને જીવ જન્મે છે તેવે કાળે તે જીવને બીજી બહારની વિશેષ સમજણ પ્રગટેલી હોતી નથી. મૃત્યુનો ડર તો શરીર મોટું થયા પછી જન્મે છે યા પ્રગટે છે અને તેમાં પણ ઘણો મોટો ભાગ સમાજના તે પરત્વેના વાતાવરણને લઈને હોય છે અને તેની અસરથી પ્રગટતો હોય છે. મૃત્યુનો ડર તો બુદ્ધિની સમજણ પ્રેરાવી પ્રેરાવીને પણ ઓછો કરી શકાય છે, મોળો પાડી શકાય છે.

## જ્ઞાનનું મૂળ

**સ્વજન :** નકારાત્મક વૃત્તિ-વલણ ઊઠતાંની સાથે જ દિલમાં કોઈ અદૃશ્ય ચેતન તેને ધક્કો મારી બહાર ફેંકી દેતું અનુભવું છું. આ શું હશે ?

**શ્રીમોટા :** આ તારું કથન જ્ઞાનપૂર્વક દૃઢ અનુભવાત્મક હોય તો તેનાથી તો કેટલી બધી શ્રદ્ધા પ્રગટે. શ્રદ્ધા એનું નામ કે જેના

ભાવ વડે કરીને સતત એકધારી શ્રદ્ધા જેનામાં પ્રગટેલી છે તેના પરત્વે સ્નિગ્ધતાથી અને ભાવભરી રીતે વળગી જ રહેવાય. કદાપિ છૂટું તો પડી જ ના શકાય. ગમે તેમ થાય તોપણ આડાઅવળા સંજોગોમાં પણ તેવી શ્રદ્ધા આપણને ટકાવી રાખે. ધારો કે હું તારું બધાંના દેખતાં અનેકવાર અપમાન કરું અને તને ન બોલવાનું પણ બોલી દઉં, અને ઘોરમાં ઘોર અન્યાય કરું તોપણ-એવી સ્થિતિમાં પણ ઉપર મુજબની પ્રગટેલી શ્રદ્ધા આપણને ધ્યેયના માર્ગથી વિચલિત કરી શકતી નથી. આપણો સંબંધ તો ધ્યેયના હેતુ માટે છે અને તે પરત્વેની નિશ્ચયાત્મક - નિર્ણયાત્મક દૃઢ પ્રતીતિ અને શ્રદ્ધા - એવી શ્રદ્ધામાંથી પ્રગટે છે. આપણાં સર્વ કરણોમાં એવી જ્ઞાન - ભક્તિયુક્ત શ્રદ્ધા પ્રગટ્યા વિના આપણને ચેતન પરત્વેનો કોઈ પણ અનુભવ પ્રગટી શકતો નથી. એવી અડગ તેમ છતાં પાછી મુલાયમ-Pliable-શ્રદ્ધાથી જ કરીને જ્ઞાન પ્રગટી શકે છે. જ્ઞાનનું મૂળ તો ચેતન, પરંતુ આપણા જેવા માનવી માટે તો જ્ઞાનનું મૂળ શ્રદ્ધા. જો એવી શ્રદ્ધા તને પાકતી જતી અનુભવાય તો ઉપરનું તારું લખાણ યથાર્થ સમજવું.

## બધું અત્યારથી જ

**સ્વજન :** તો પછી દૃઢ અનુભવાત્મક શ્રદ્ધા કેળવવાને માટે મથ્યા કરવાનું છે. એમ જ માનવુંને ?

**શ્રીમોટા :** આ પાછું તારું કહેવું બરાબર નથી. "મથ્યાં કરવાનું છે." એટલે કે જાણે 'ભવિષ્યમાં' આપણે તેમ કરવાનું છે તેવો અર્થ તેમાંથી નીકળે. આપણે તો હાલમાં એટલે કે વર્તમાનમાં શું કરીએ છીએ એટલે કે **આજ** આપણે શું કરી રહેલાં છીએ તેના ઉપર જ આપણો બધો આધાર હોઈ શકે. તું

કહે છે કે નિરપેક્ષ કે નિરાસક્ત થયા વિના નહિ જ કેળવી શકાવાનો. પરંતુ તે તેમ નથી હોતું. નિરાસક્ત, નિર્મમત્વ, નિર્લોભ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર વગેરે બધું કેળવતાં રહીએ. તેવી ભૂમિકાનો ભાવ આપણા દિલમાં પ્રગટેલો રહ્યા કરે તેવું બધું હાલની આપણી ભૂમિકામાં પણ શક્ય બને છે. પ્રકૃતિનાં બંધનથી પર થયા વિના એટલે કે પ્રકૃતિનાં બંધનોને જ્ઞાનપૂર્વક મોળાં પાડવાના એકધારા પ્રયત્નમાં જીવતાંજાગતાં રહીને આપણે આપણા ભાવને ઉત્તરોત્તર ક્રમના વિકાસમાં તેવા ભાવને તેની બઢતીના ભાવમાં જરૂર પ્રગટાવી શકીએ.

જે જીવને ખરેખરી ધ્યેય પરત્વેની લગની લાગી જાય છે તેવા જીવને હતાશા અને નિરાશા પ્રગટે ખરી, પણ તેમાં તે કદી હતાશ કે નિરાશ બની જવાનો નથી. તેમાં તે પોતાને હારેલો લાગે તેમ છતાં તે હારી જતો નથી. કારણ કે તેના દિલનું એક માત્ર લક્ષ ધ્યેય પરત્વે જ જીવતુંજાગતું રહ્યા કરે છે. જીવનમાં મળતી હતાશા કે નિરાશાને તે જરા પણ મહત્ત્વ આપી શકતો નથી. કારણ કે તેનું તો જીવતુંજાગતું મહત્ત્વ ધ્યેય પરત્વે જ પ્રગટેલું રહ્યા કરે છે. ઊલટું દેખીતી હારમાંથી તો તેને ધ્યેય પરત્વેની દિશામાં ગતિ કરવાની એક પ્રકારની શક્તિ પ્રગટે છે.

❂

## આત્મનિવેદન

**સ્વજન :** હું આપને ખુલ્લા દિલથી બધી હકીકત કહું છું.

**શ્રીમોટા :** તેં તો તારું દિલ ખુલ્લું કરીને તારી બધી વિગતવાર હકીકતો કહી તેથી તો બહુ રાજી થયો. આવું આત્મનિવેદન કોઈ પણ જીવનું જ્યારે થાય છે અને જ્યારે તે ખરેખરું ભાવભર્યું હોય છે તેવી જ પળે તેનામાં પ્રવેશવાનો ખરેખરો કાળ હોય છે

એટલે આપણે જો સાચેસાચો વિકાસ કરવો હોય તો આપણે ખરેખરું ખુલ્લા દિલનું સર્વ પ્રકારનું આત્મનિવેદન કર્યા જ કરવું જોઈએ. ભલે પછી તેવું ખુલ્લેખુલ્લું જણાવ્યા કરવાથી સામી વ્યક્તિ આપણા પર ધારો કે ગુસ્સે થાય તોપણ આપણે તો તેવું નિવેદન સર્વપ્રકારના સંકોચો છોડીને કર્યા કરવાની સુટેવ પાડવી જ જોઈએ. પોતાનાં સ્વભાવની અને પ્રકૃતિની હકીકતો જ્યારે ખુલ્લા દિલથી અને ઉમળકાથી કહેવાનું બને છે ત્યારે તેનાથી મોટામાં મોટો લાભ તો એ થાય છે કે આપણે જેની આગળ નિવેદન કરતાં હોઈએ છીએ, તેના દિલની સાથે આપણા દિલનું વધુ નિકટપણું કેળવાય છે. દિલ દિલનું સામ્ય પ્રગટે છે. એવા ખુલ્લા દિલના સંપૂર્ણ ભાવથી થયેલા એકરારથી મન હળવું તો બને જ છે, એટલું જ નહિ પણ આપણા મનની અને સ્વભાવની અનેક પ્રકારની ક્ષુદ્રતાઓ એવા ખુલ્લા એકરારથી ઓગળતી જતી પણ અનુભવાય છે.

ભક્તિના નવ પ્રકાર કહેલા છે. તેમાંનો એક પ્રકાર આત્મનિવેદન પણ છે. આપણા અમુક અમુક પ્રકારના વર્તનથી તથા જુદા જુદા પ્રસંગોએ અને જુદા જુદા જીવોના સંબંધની સાથે આપણા મનનું વલણ કેવા પ્રકારનું જાગે છે-તે જો ખરેખર દિલના ભાવથી નિવેદન કર્યા કરવાનું કરીએ અને તે એવા હેતુથી કરીને કે જેથી કરીને સ્વભાવ કે મનનાં તેવાં વલણોમાંથી મુક્તિ મળી શકે, તો તેવા પ્રકારનું નિવેદન માનવીના મનમાં ઘણા પ્રકારની મોકળાશ પ્રગટાવે છે. પ્રભુકૃપાથી મારા સાધના કાળમાં મારા પ્રભુને મેં ખુલ્લા દિલથી અનેક પ્રકારની જીવદશાની વૃત્તિઓનું સંપૂર્ણપણે પ્રાર્થના દ્વારા નિવેદન કર્યા કરેલું છે. આવા પ્રકારના હૃદયના ખુલ્લા એકરાર વિના સાધક કદી જીવનવિકાસનાં પગલાં આગળ ભરી શકતો નથી. સર્વપ્રકારનો ખુલ્લો એકરાર તે તેવા

માટે મોટામાં મોટું એક આગળ વધવાનું સોપાન છે. વળી જ્યારે ખરેખરું દિલ પ્રગટે છે ત્યારે તે એકરાર કર્યા વિના રહી શકતું નથી. આવા હૃદયપૂર્વકનો ખુલ્લો એકરાર જો થયા કરે તો તે દિલ પ્રગટ્યાનું લક્ષણ ગણાય. આ તો આત્મનિવેદનની ખરેખરી ખૂબી તને સમજાય અને તેથી કરીને કેવી ભાવના અને શક્તિ પ્રગટે છે તેની સાચી સમજણ ઊગે માટે કહું છું.

## ગણતરી

**સ્વજન :** મોટા, ચીજ-વસ્તુ તથા પૈસાની ગણતરી કરવી એ બરાબર નહિને ?

**શ્રીમોટા :** આપણી પાસે જે કોઈ વસ્તુ હોય તેની પૂરેપૂરી કાળજી રાખીને તે સાચવવાનું કરીએ અને તે છતાં તે જો જાય તો તેનો વાંધો ના ગણાય. પરંતુ તે ચીજ-વસ્તુને સાચવવામાં ગફલત-બેકાળજી બેપરવાપણું હોય ને આપણે ગાફેલ રહ્યા હોઈએ તો તે આપણા માટે ખોટું ગણાય. સ્વભાવ કે પ્રકૃતિના ગાફેલપણાથી કંઈ કશું અનિષ્ટ પ્રગટે તો તેથી માનવીને દુઃખ ન જાગે તો તે સાવ જડ ગણાય. પોતાના સ્વભાવની કે પ્રકૃતિની અવ્યવસ્થાને લીધે કંઈક કશું આડુંઅવળું થાય તો તે સાલવાપણું એવા પ્રકારનું હોવું જોઈએ કે જેથી કરીને તેને સુધરવાને કે સ્વભાવને મઠારવાની ઉત્કટ સભાનતા પ્રગટે તો તેવા પ્રકારનું સાલવું માનવીને હિતકારક છે.

નિરાશાના વિચારો પ્રગટે ત્યારે જો કોઈ પણ જીવને મરવાના વિચારો પ્રગટી આવે તો તેની નામર્દાઈ છે ને તે તેની નબળાઈ સૂચવે છે. નિરાશા વ્યાપે એટલે કે આપણે તેનાથી લેવાઈ જઈએ છીએ તેનો અર્થ તો એટલો જ કે આપણામાં તાટસ્થ્ય મુદ્દલે

પ્રગટ્યું નથી. પ્રસંગથી વસ્તુ સ્થિતિથી નોખા થઈને વિચારવાની સુટેવ શ્રેય સાધકે તો કેળવવી જ જોઈશે. સ્વભાવથી દોરવાઈ ના જવાય તેની તો કાળજી રાખ્યા જ કરવી.

❂

## 'મોટા'નો આશ્રમ

**સ્વજન :** આપના આશ્રમમાં અમુક વ્યક્તિ વિચિત્ર રીતે વર્તે છે-એ ઠીક ન કહેવાય. આપના આશ્રમમાં આવું કેમ ?

**શ્રીમોટા :** જેમ સંસારવ્યવહારમાં બને છે તેવી રીતે આશ્રમ પણ એક પ્રકારનો સંસારવ્યવહાર છે. ત્યાં રહેનારાઓ સિદ્ધ પુરુષ થઈ ગયા નથી અને તેમને તેમને પોતપોતાની પ્રકૃતિ અને સ્વભાવ હોય. આશ્રમમાં આવનારે પોતાનું લક્ષ અને દિલ તેમાં વસનારા માનવી પરત્વે રાખવાનું હોય જ નહિ. તેણે તો જેની સાથે દિલ જોડાયું છે અથવા તો જેની સાથે દિલની ભાવના કેળવવાની છે તેની સાથે જ ગરજ રાખવાની હોય.

ગાંધીજી સાબરમતી આશ્રમમાં જ્યારે રહેતા ત્યારે તે આશ્રમમાં કેટકેટલી વિવિધ પ્રકૃતિના માણસો રહેતા તે જાત-માહિતીની હકીકત છે. કેટલાયના દિલમાં એવા પ્રશ્ન પણ ઊઠેલા કે ગાંધીજી આવા માણસો કેમ રાખતા હશે ? પરંતુ ગાંધીજી તો તેવાં બધાં પાસેથી દેશનું કામ જ લીધા કરતાં. જેના વડે શાક સમારાય તે છરી. તે રીતે માનવીનો તે ઉપયોગ કરતાં. સાથે સાથે તે તે બધાંયની સાથે તેમની પ્રકૃતિને અને સ્વભાવને મહત્ત્વ ના આપતાં દિલનો ભાઈચારો કેળવવાને મથતાં. નાનામાં નાના માણસને તે મહત્ત્વ દેતાં.

મારે પણ આશ્રમ ચલાવવાનો છે. મારી જાતને જ હું પોતે જ સંપૂર્ણ માનતો નથી. ત્યાં બીજાઓનું તો શું કથવું ?

હું તો મારા આશ્રમમાં આવનારાં બધાં સ્વજનોને કહું છું કે તમે આશ્રમે પધારો તો મારી ખાતર ના પધારો, પણ તમારા જીવનવિકાસના હિતની ગરજ તમને પ્રગટી હોય ને પ્રભુકૃપાથી કરી **આ જીવ**થી કરીને તમારું થોડું ઘણું હિત સધાતું હોય તો તે જ લક્ષમાં રાખીને આવવાનું બને તો જ આવવું અને જે તે બધું પ્રેમથી નિભાવી લેવાની દિલની ગરજ પ્રગટેલી હોય તો જ તેમ બની શકવાનું છે.

❂

## ભાવનાનું લક્ષણ અને કાર્ય

**સ્વજન :** મારામાં ભાવના જાગૃત છે એનાં લક્ષણો કયાં ગણવાં ?

**શ્રીમોટા :** આપણાં મનને અને દિલને ઉથલાવી પાડે તેવા પ્રસંગો નીપજે છે ત્યારે જ આપણામાં પ્રગટેલી ભાવનાની સાચી ખબર આપણને પડે છે. ભાવના કદી સ્થિતિસ્થાપક હોતી નથી. ગતિપ્રેરક છે. ને ઊંચા ગુણોની સ્થિતિમાં તે આપણને પ્રગટાવ્યા કરે છે. ભાવનાનો ગુણ સાથે સંબંધ છે. ભાવનાનું દિલમાં દિલથી દિલનું ઉત્કટ પ્રાબલ્ય પ્રગટે છે ત્યારે ગુણની વૃદ્ધિ જરૂર થાય. એટલે આમ સંસારની દૃષ્ટિએ અને સમજણે જે પ્રસંગ મનને-દિલને ઊથલપાથલ કરાવી નાખે તેવો નીપજે ત્યારે જો ભાવના પ્રગટી હોય છે તો આપણા મનની શાંતિ, પ્રસન્નતા ઘવાતાં નથી. નબળાઈને લીધે નહિ-ના છૂટકે નહિ-બેળે બેળે નહિ-અને હવે કશું જ ચાલતું નથી તેવા કારણે નહિ, પરંતુ દિલના ઉમળકાથી તે પ્રસંગને સ્વીકારી લઈ તેવી વેળાએ મનનું રચનાત્મક વલણ યથા યોગ્યતાવાળું જળવાઈ રહે તે ઘણું જરૂરનું.

❂

## અંતરાય નિવારણ

**સ્વજન :** મારી પત્નીના સ્વભાવને લીધે મારે એનાથી ઘણું છુપાવવું પડે છે અને છૂપી રીતે કરવું પણ પડે છે. આવી રીતે આચરતાં 'પ્રેમ' એટલે શું ? - આવો અંતરાય કેવી રીતે દૂર થાય ? - એવા પ્રશ્નો જાગે છે.

**શ્રીમોટા :** સંસારવ્યવહારમાં પતિપત્નીનાં દિલ એકમેકની સાથે ખુલ્લાં ભાવનાવાળાં પ્રગટેલાં હોતાં નથી અથવા તો એકબીજાની સાથે દિલની ખરી પ્રેમભાવનાયુક્ત સહાનુભૂતિ નહિ પ્રગટેલી હોવાથી અથવા તો એકબીજાને તેની તેની રીતે યોગ્ય ઉદાર ભાવથી સંપૂર્ણપણે સમજવાની શક્તિ નહિ કેળવાયેલી હોવાથી તેને એકબીજાથી છૂપું કામ કરવું પડે છે. તેથી અંતરાય વધે છે. જ્યાં સાચો પ્રેમ છે ત્યાં કોઈ પણ પ્રકારનો અંતરાય નથી.

પ્રેમ તો અનંતકાળની ધીરજ માગી લે છે. પ્રેમ ત્યાગ અને ફનાગીરી નોતરે છે. પ્રત્યેક પ્રસંગ આપણને મંથન જગાડે છે પરંતુ એ મંથન એવા પ્રકારનું જાગેલું હોય છે કે જેથી કરીને માનવી ભાવનાના પ્રદેશમાં સરે. જે મંથનથી કરી નિમ્નતા પ્રગટે તો તે કંકાસ-ક્લેશ, ઉદ્વેગ-સંતાપ એવું બધું જન્માવે છે. તેથી પ્રસંગને તો આપણે ગુરુ ગણેલો છે. પ્રસંગમાંથી ઘણું ઘણું જાણવાનું ને શીખવાનું મળે છે. પ્રસંગ પરત્વે તે સમયે આપણામાં કેવા પ્રકારનું મંથન જાગે છે તે પરથી માનવીને પોતાની ભૂમિકાનાં દર્શન થાય છે. પ્રસંગથી કરીને કાં તો માનવીના મનની ક્ષુદ્રતા યા તો તેના મનની ભાવનાને તે પારખી શકે છે. આપણને તો ક્ષુદ્રતા સેવે પાલવે તેમ નથી. જીવનમાં આવા અનેક પ્રકારના આડાઅવળા સંજોગો એ તો આપણને ચઢવા માટેનાં સોપાનો

છે. એવી જ પળોએ આપણે વધુમાં વધુ સાવધાની ને જાગૃતિ સેવવાની રહે છે.

મને પોતાને તો એવું લાગે છે કે આપણાથી કરીને આપણા પોતાના સ્વજનને અમુક વર્તન છૂપી રીતે કરવું પડે તે આપણી શરમ અને નાનમ છે. કારણ કે આપણા જીવદશાવાળા વલણની સ્થિતિમાં આપણાથી અગાઉ તેવું વર્તન સહન ન કરાયું હોય અથવા તો આપણા ધમપછાડા તેવા સંજોગોને કારણે પ્રગટેલા હોય અથવા તો સમાજના વાતાવરણના તેવા પ્રકારની સમજના કારણે પણ તેમ થયા જતું હોય. અમુક પ્રકારનું વર્તન કોઈ પણ માનવી યોગ્ય રીતે સ્વીકારી જ નહિ શકે, એવી સમજણની માન્યતા માનવીના મનમાં દૃઢ થઈ ગઈ હોય છે. તેવાં કારણોએ પણ માનવી ગૂઢતામાં ને ગૂઢતામાં પ્રવેશતો જતો હોય છે. સાંસારિક દૃઢ રાગના પ્રકરણમાં ક્યાંક આવી ગૂઢતા જરૂર પ્રગટેલી રહે છે ખરી. ખુલ્લાપણાને તે તે રીતે આચરી શકવાનું કરી શકે તેવું હોતું નથી. આપણે તો દિલનો ખરેખરો પ્રેમભાવ કેળવવો છે. એટલે આપણાથી કરીને આપણું સ્વજન સંપૂર્ણ મોકળાશથી વર્તી શકે એવાં આપણાં હૃદયના પ્રગટેલા ભાવની તેને જ્યારે ખરેખરી અસર લાગશે ત્યારે તેને સાચું સમજાશે. એટલે આપણે તો પ્રેમ કેળવવાનો છે. ને એ પ્રેમમાં હૃદયના ખરેખરા ભાવથી ત્યાગ-સમર્પણ-ન્યોછાવરી વગેરે કેળવવા પડશે. નહિતર આપણું મન વિશેષ ને વિશેષ ક્ષુદ્રતા પામતું જશે.

આપણું જીવન સામાન્ય સાંસારિક સુખ માટે નિર્માયું નથી એમ માનવું તે પણ એક લઘુતા ગ્રંથિનું પરિણામ છે. સુખ તો નોખા નોખા પ્રકારના હોય. ખરેખરું સુખ શેમાં છે તે માનવીએ સમજવું જોઈશે. જેમાં પૂર્વગ્રહો ના હોય, મડાગાંઠો ના હોય, અમુક આવા કે તેવા પ્રકારની માન્યતાઓ ના હોય, જેમાં

અણગમાની વૃત્તિ ના હોય અને રાગદ્વેષ મોળા પડેલા હોય તેને જ એટલે કે તેવી ભાવનાને જ આપણે વળગી રહીએ અને આપણા રોજબરોજના વ્યવહારમાં ધ્યેયના હેતુના જ્ઞાનભાન સાથે તેનું અનુશીલન પરિશીલન કરીએ તો તેમાંથી સાચું સુખ નીપજે ખરું.

## પ્રસંગોમાં આપણી ગતિ

**સ્વજન :** એવા પ્રસંગો આવે છે કે જાણે એમાં છેક નીચે પડી જતા હોઈએ છીએ. વળી કેટલીક ધારણઓ પાર પડતી નથી એથી અકળાઈ જવાય છે. આવું કેમ થતું હશે ?

**શ્રીમોટા :** જીવનમાં અનેક તકો, પ્રસંગો અને પળો એવી પાકે છે ત્યારે જ આપણા જીવનની ખરી કિંમત અંકાઈ જાય છે. તેમાંથી આપણને ઘણું ઘણું શીખવાનું મળે છે. એવી તક મળે ત્યારે જો આપણું મન નિરુત્સાહ અને નિરાશામાં ડૂબતું અનુભવાય તો સમજવું કે ધ્યેય પરત્વેની આપણી ભાવના અને ઝંખના તદ્દન મોળા પ્રકારની છે. જો તેવી પળોમાં અને પ્રસંગોમાં દિલનો ઉત્સાહ, ઉમંગ અને થનગનતો ઉદ્યમ પ્રગટે તો સમજવું કે આપણે તરી શકવાનાં.

જીવનની નિમ્નગામી સ્થિતિમાં પણ જો આપણું મુખ ભાવના પરત્વે જ મંડાયેલું રહ્યા કરતું હોય તો તેવી નિમ્ન સ્થિતિની અસર આપણને બહુ ઓછી થાય છે. કારણ કે દિશા પરત્વેનું મુખ હોય છે તે જ ખરું મહત્ત્વનું હોય છે, તે ટકે છે. ચઢ ઊતર તો થયા કરે. એ તો પ્રકૃતિની ચાલમાં તે એક નૈસર્ગિક અવસ્થા છે. પરંતુ પડતીની સ્થિતિમાં પણ ચઢાણ પરત્વેની જ અભિમુખતા-ઉત્સાહ, ઉદ્યમવાળી અને ઉત્કટ સંગ્રામની

પ્રેરણાવાળી જે જીવની અભિમુખતા-ત્યારે પ્રગટેલી રહે છે તેને તો fall itself becomes the next step to success-પડતી એ પ્રગતિનું સોપાન બની રહે છે.

જીવનમાં આવી રીતે અનેકવાર પડવાનું તો બનવાનું જ. ત્યારે સાધકની ચેતનાત્મક જાગૃતિ, સાવચેતી અને સાવધાની કેટલી અને કેવા પ્રકારની ઉત્કટ પ્રમાણમાં રહે છે તે પરથી ચઢાણ કેટલું થઈ શકે તે સમજી શકાય તેવું છે. જેના ઉપર આપણો અંકુશ હોતો નથી તેના પર મનની માનેલી અમુક ધારણાઓ રાખવાનું કરવું એ જ આપણા પડવાનું કારણ નીવડી શકે. આપણે તો આપણા પોતાના ઉપર જ જ્ઞાનભક્તિ ને હેતુપૂર્વકનો ઉપાય દઢાવ્યા કરીએ અને આપણો આપણા પોતાના પરનો કાબૂ જેટલો સજીવન અને ચેતનવંતો પ્રભુકૃપાથી પ્રગટાવ્યા કરીએ તેમાં જ ફતેહની ખરી ચાવી છુપાયેલી છે.

## અભ્યાસ

**સ્વજન :** મોટા, આપ દરેક વખતે અભ્યાસની વાત કરો છો. પણ અભ્યાસ થઈ રહ્યો છે કે નહિ એની સમજણ કેવી રીતે પડે ?

**શ્રીમોટા :** જ્યારે જીવનમાં ખરેખરી ભાવના પ્રગટે છે ત્યારે ભાવનાત્મક સમજણ ઊગ્યા વિના નથી રહેતી. એટલે હું તો વધુમાં વધુ મહત્ત્વ ભાવનાને આપું છું. એવી ભાવના પ્રગટે તે માટે ધ્યેય પરત્વેની ઝંખના જેને લાગી હોય તેને તે જાગી શકે ને તે ઝંખના પ્રગટાવવાને માટે અભ્યાસ, ઉદ્યમ, ઉત્સાહ એ બધાની પણ જરૂર. તેવું બધું કરતાં કરતાં જે પ્રશ્ન જાગે તે પ્રશ્ન કે તેવા કોયડા આપણા કથનમાં કે પત્રોમાં પ્રગટે તો તેનું તે રૂપે

સર્જન થાય તો મને ગમે ખરું. જે ખરેખર ચાલતું હોય તેનામાં ગતિ પણ આપમેળે હોય. માટે ગતિ પ્રગટાવવાને માટે સતત અભ્યાસની જરૂર ખરેખર હૃદયનો અભ્યાસ પ્રગટે છે ત્યારે માનવી કદી સ્થિતિસ્થાપક રહી શકતો નથી. કેટલાય વૈજ્ઞાનિકો-જેમને અમુક પ્રકારની શોધની લગની લાગી છે, તેઓનો અભ્યાસ એકધારો આપમેળે ચાલ્યા જ કરે છે. અભ્યાસ પરત્વેનું મનન ચિંતવન, તે પરત્વેની વિચારધારા ને તે તે પરત્વેની ભાવના જે જીવને જીવંત ગતિમાં પ્રગટાવ્યા કરે છે ને તેને તેવું અનુભવાય તો જ અભ્યાસ થતો રહે છે-તેમ પ્રમાણવું.

ભાવ કે ભાવનાને પ્રગટાવ્યા કરવાનું કરીશું તો તે આપણો સાચો ગુરુ બની શકવાનો છે ને તેવો ગુરુ જ ઉત્તમ ભાવનાની આપણી આંખ ખોલે છે ને તે હાથ પકડીને પણ ચલાવે છે. તે બેઠાડુ તો રહેવા જ ન દે. શરીરના એક એક અંગની કેળવણી ભાવનામાંથી પ્રગટી શકે છે. તેથી ભાવના હજાર હાથવાળી ને હજાર આંખવાળી કહી શકાય. જીવનમાં સર્વ પાસાંમાં તે પ્રવેશ કરાવી શકે છે. ભાવના મૂળ તલસ્પર્શી હોવા છતાં શાખા-ડાળાં - પાંદડાંઓમાં પણ પ્રવર્તી શકે છે. ભાવના એકરંગી હોવા છતાં અનેકરંગી પણ છે. ભાવના એક સ્વરૂપવાળી હોવા છતાં બહુસ્વરૂપિણી પણ બની શકે છે. ભાવના ગુરુ પણ બની શકે છે. પતિ-સખા પણ બને. તેથી આપણે તો ભાવનાનું સગપણ પ્રગટાવ્યા કરવાનું કર્યા કરવું ને તેનું ભાન જગાડવું.

## રૂપાંતરક્રિયા

**સ્વજન :** મોટા, આપ ભગવાનના નામનું સ્મરણ કર્યા કરવાનું કહો છો તેમ જ બધું પ્રભુને નિવેદન કરવાનું કહો છો

એ સમજાય છે. પણ એમાં એકદમ રસ જાગતો નથી. રૂપ પ્રત્યે મનમાં આકર્ષણ થાય છે અને મન પાછું એની વાસનાઓમાં ખેંચાયે જાય છે. આવી સ્થિતિમાં નામસ્મરણનો ઉપયોગ કેવી રીતે કરાય એ સમજાવોને.

**શ્રીમોટા :** જેની પ્રેરણાથી આપણે જીવનને યોગ્ય બનાવવું છે, તે આપણને યોગ્ય રીતે દોરી શકે એટલા માટે જે જે કંઈ પડેલું હોય તે તેને સોંપતા જ રહીએ. જો ન સોંપ્યું તો તેટલો વિશ્વાસ આપણા વિશે તેનામાં ઓછો રહેવાનો છે. જેમ મોટા શેઠ આવતાં મુનીમ બધી જ જાતની ચાવીઓ-હિસાબો-કિતાબો ને બધી જ જાતના કામકાજના અહેવાલો એને કહી દઈને સોંપે છે તેવી રીતે સાધકે કરવાનું હોય છે. તો જ તે નિશ્ચિંત, સરળ ને ખુલ્લા દિલનો રહી શકે છે.

હરિ:ૐના જાપ સાથે તમને જે સૂઝ્યું છે તે કર્યા કરશો, પણ જાપ જેટલા અંતરથી થયા કરે તેટલો વધારે ચેતનવાળો ને પ્રાણવાળો નીવડવાનો. એમાં વધારે ને વધારે રસ આપણે લેતાં થવું. એટલે જેમ વેપારમાં ઉમળકો રહે તેનાં કરતાં કેટલાય ઘણો ઉમળકો એમાં રહેવો જોઈએ. કોઈ કહેશે કે એવો ઉમળકો ન આવતો હોય તો ? એ તો આપણે પહેલાં વેપારમાં પડ્યા ત્યારે કંઈ તુરત આપણને એવો ઉમળકો તે કામમાં થોડો જ કંઈ આવતો હતો ? જેમ જેમ એમાં નજર ખૂંપતી ગઈ તેમ તેમ રસ પડવા લાગ્યો. કેટલાકને તે રસ પડવાનું કારણ-એમાં પૈસાનું જીવનમાં જે આકર્ષણ થયા કર્યું હોય છે એને લીધે એ તેમાં વધારે ને વધારે ખેંચાતો જાય છે. તેમ આમાં પણ જેમ જેમ આપણે ખૂંપતા જઈશું તેમ તેમ જરૂર નવી દૃષ્ટિ ખૂલ્યા જ કરવાની છે. એટલે જે તે બધું કર્યા કરવાં છતાં-તેમાં જ કેમ ખૂંપી જવાય એવી જ વધારે ને વધારે આપણા હૃદયની નેમ રાખ્યા કરવી.

મનમાં "રૂપ"નો ઝોક કંઈ એકદમ ઓછો ન થઈ જાય. એ માટે તો પ્રખર તપશ્ચર્યા ને ભગવાનમાં મન ગળી જાય ત્યારે દુનિયાના રસોમાં કામ કરતું મન અટકવાનું. જેને રૂપથી ન આકર્ષાવું હોય તેણે સતત નામસ્મરણ કરવું જોઈએ. પરંતુ તેટલાથી એ પોતે મનને તેમાંથી વાળી શકશે નહિ. મનને કોઈ પણ ભોગે તાબે થવું જ નથી એવી ઉત્કટ ઝંખના જેના હૃદયમાં જાગી હશે તે જ મનને જરાતરા રોકી શકવાને ભાગ્યશાળી થઈ શકશે. એટલે આપણે મનના પ્રત્યેક વિચારોને પારખતાં થઈ જવું જોઈએ ને તેનું મૂળ શું છે તે પણ આપણે સમજાવું જોઈએ. આ બધું નામસ્મરણને મુખ્ય કેંદ્રિત સાધન રાખ્યા કરીને એના પર જ વધારે ઝોક આપ્યા કરીને તેમ કર્યા કરવાનું છે.

મનની વાસનાઓ જ્યારે જ્યારે પ્રબળ બને ત્યારે ત્યારે તે પણ શક્તિનો એક પ્રકાર છે, પણ એ શક્તિના વહેણને એના ચીલે એના પ્રકારની જાત પ્રમાણે (સ્વભાવ પ્રમાણે) જો તે ખર્ચાઈ જાય તો તે શક્તિ વેડફાઈ જવાની; પણ તે શક્તિનો ઉપયોગ એનાથી ઊલટા રસ્તે જ્ઞાનપૂર્વક વપરાયા જાય તો તે શક્તિમાંથી આપણને વધારે ને વાધારે ચેતન મળ્યા કરવાનું છે; એવા એના જોશના હુમલા વખતે એને આપણે તાબે થઈ જવાનું નથી, પણ તે વખતે કાળજી રાખીને તે વૃત્તિઓ પ્રાર્થના કરી કરીને સમર્પણ કર્યા કરીએ ને ભગવાનનું નામ લેવાનો યજ્ઞ તો ચાલુ જ રાખ્યા કરીએ તો જ "રૂપ" કે એવી અન્યતર વૃત્તિઓનું જોશ તેમના સ્વભાવમાં ન વર્તતાં જરૂર ઘટતું જવાનું ને તેટલા પ્રમાણમાં આપણું ઊર્ધ્વગમન થયા કરવાનું છે. માટે તે વાત-રહસ્ય તે તે ક્ષણોએ યાદ રાખ્યા કરશો તો જરૂર લાભ થયા વિના રહી શકવાનો નથી. આ કામ "ચઢ-ચૂલા ખાઉં" એના જેવું નથી. તે અનંત ધીરજ ને અનંત સહનશીલતા, અમર્યાદ જાગૃતિ ને જેનો પાર ન હોય એવો

અદમ્ય ખંત-ઉત્સાહ-બળ એ બધું આપણી પાસેથી માંગી લે છે.

**સ્વજન :** મનના વિકારો અને વૃત્તિના ઊભરા રોકાતા નથી, પણ પાછળથી પણ ભાન જાગે કે આવી વૃત્તિ થઈ હતી -તો એમાં પ્રગતિ થઈ ગણાય ?

**શ્રીમોટા :** પ્રત્યેક કામ કરતી વખતે તે તેના સ્વભાવ પ્રમાણે દોરવાઈ જઈને તે થયા ન કરે એટલે સ્વભાવના આપણે ગુલામ ન થઈ જઈએ એટલો જાગતો ખ્યાલ સાધકે રાખવો જ પડશે. તે વિના કદી તે જીવન મેળવી શકવાનો નથી. કદાચ શરૂઆતનો સાધક કોઈ જાતની સ્વભાવની વૃત્તિમાં ઊભરો આવતાં એને ન રોકી શકે તેવો સંભવ છે, પણ તે વેળાએ એનામાં વૃત્તિનો ઊભરો આવ્યો છે તેટલી ખબર-પૂરું જ્ઞાનભાન જો રહ્યા કરે તો જરૂર બીજી વખતે એનો સદુપયોગ કરવાનું એને સૂઝશે. પણ જેને એવું ભાન રહેતું નથી તે તો કદી ઊંચે આવી શકવાનો નથી. પછીથી ભાન થાય તે સાધકને માટે જરાકે યોગ્ય નથી, ઊભરા વખતે જ એને ખબર પડવી જોઈએ.

આ વાત પણ આપણે ખૂબ ધ્યાનમાં રાખવાની છે. ઊભરો આવી ગયા પછી તુરત જેને ખબર પડતી હોય તે તો દારૂના ઘેનમાં ગમે તેવું વર્તી નાખ્યા પછી થાય તેવું તેનું થાય, તેવી દશા આપણી પણ થાય. એમાંથી સાધકને જો પશ્ચાત્તાપ ઉદ્‌ભવે ને તે પણ અત્યંત જોરવાળો હોય તો તેવું સૂઝવું ઠીક ગણાય. પણ જીવનના સાધકને પ્રત્યેક વખતે ઊભરો શમી ગયા પછી એનું ભાન થાય તે યોગ્ય ન કહેવાય. એવા જીવનના સાધકની જાગૃતિની માત્રા તો વધ્યા જ કરવી જોઈએ તો જ તે સમજપૂર્વક કશું કરે છે એમ ગણી શકાય, એટલે પહેલાં જેને સ્વભાવનું જોશ ખર્ચાઈ ગયા પછીથી ભાન થતું હતું તે તે હવે તેને પ્રત્યક્ષ સમયે જ તેનું ભાન જાગવું જોઈએ. ❂

## પ્રભાવ પાડવો

**સ્વજન :** હું પેઢી ચલાવું છું તો મારી કામ કરવાની રીતથી કેટલાક માણસો છોભીલા પડે છે. પોતે મારી રીતે કામ કરતા નથી તો શું મારે એમને રોકવા કે ધમકાવવા ન જોઈએ ?

**શ્રીમોટા :** આપણી એવી હોશિયારીમાં કે ચાલાકીમાં કોઈને પણ છોભીલો પાડવાની વૃત્તિ તો ક્યાંયે છુપાયેલી નથી ને તે સાધકે પોતાને વારંવાર પૂછી લેવું ઘટે, ને તે બાબતની સંપૂર્ણ ખાતરી પ્રમાણિકપણે સાધકને થયેલી હોય તો એવાએ નિશ્ચિતપણે કામ કર્યા કરવું ને તેમાં બીજા વિચાર ઉદ્‌ભવવા દેવા નહિ. પેલો માણસ જો સમજુ હશે તો આપણી હોશિયારી, ચાલાકી ને કાર્યદક્ષતા કબૂલ કરશે ને પોતે આટલું જ કામ કરી શકશે એમ સ્પષ્ટ જણાવી દેશે, ને તેવું નહિ હોય તો મનમાં ને મનમાં બળ્યા કરશે. પેલાના મનમાં તેવો બળાપો થવાનું કોઈ પણ અયોગ્ય કારણ સાધક જાણી જોઈને તો આપશે જ નહિ. એ એવો તો જાગૃત રહેશે કે સામાના બળવાનું નિમિત્ત કદી પોતે બની જશે નહિ. એટલે જ્યાં હૃદયનો સંપૂર્ણ મેળ જામેલો નથી ત્યાં સાધકે એવા પાસેથી જ કામ લેવાનું બહુ જ વિચારીને રાખવાનું છે. જોકે પેઢીનું કામ કોઈ પણ યદ્વાતદ્વાપણે કરે તે આપણે હરહંમેશ ભલે ન સાંખી લઈએ, પણ જેમ સંસારમાં જે આવી મળેલાં છે તેમનું બધુંય સહન કરી લેવું પડે છે, તેમ પેઢીના માણસો સાથે વર્તવું ઘટે. કહેવાનું આવે ત્યારે સ્વસ્થતાથી અકળાયા વિના, ગુસ્સે થયા વિના પેઢીનું હિત જરૂર સમજાવીએ તે જરૂરનું. પણ કોઈનાથી કંઈ ખોટું થતાં તેના પર કદી એકદમ ઉશ્કેરાઈ જવું નહિ. આપણે જુવાન છીએ-હજી અનેક અનુભવો લેવાના છો. એટલે તો વધારે સાવચેતી રાખવાની છે.

**સ્વજન :** આપ મારે ત્યાં હતા ત્યારે મને બહુ આનંદ રહેતો હતો. હમણાં મારી પાસે પૂજ્યશ્રી મહેરબાબાનું તથા પૂજ્યશ્રી ઉપાસનીબાબાનું પુસ્તક છે એ વાંચું ?

**શ્રીમોટા :** હું ત્યાં હતો ત્યારે આનંદ રહેતો હતો તે આનંદ જરૂર રહેવાનો છે. આપણે જેની સોબતમાં જે આનંદ મેળવી શકતા હતા એનું કારણ તે જ માત્ર નથી, પણ એના 'હૃદયનો સંપર્ક-સંધાણ, આપણી સાથે થયેલાં રહ્યાં કરતાં હતાં તે છે. એટલે એવું સંધાણ-અથવા એની સોબત જ્યાં ત્યાં આપણાં બધાંય કામમાં સંકળાવ્યા કરીશું તો તો તેવો આનંદ રહ્યા જ કરશે. પૂજ્યશ્રી મહેરબાબાનું પુસ્તક ને પૂજ્યશ્રી ઉપાસનીબાબાનું પુસ્તક વાંચી લેવાનું રાખશો. એવાં વાંચનમાંથી જીવનમાં જે કંઈ ઉતારવા જેવું લાગે તે અનુભવમાં કે Practiceમાં મૂક્યા કરવાનું રાખશો તો વધારે લાભ થશે.

❂

## અહંકાર

**સ્વજન :** મોટા, મને અભિમાન ન બને એવું ક્યારે બનશે ? આટલો બધો અહંકાર કેમ રહેતો હશે ?

**શ્રીમોટા :** અહંકાર ન આવ્યા કરે કે ન ઉદ્ભવે એવું એકદમ તો ન બની શકે. જો અહંકારનું તત્ત્વ આપણા જીવનમાં ન હોય તો આપણે કોઈ પણ પ્રવૃત્તિમાં પડી શકીએ નહિ. તદ્દન નિષ્ક્રિય થઈ જઈએ. એટલે અહંકાર મનુષ્યના જીવનના વિકાસને માટે જરૂરી છે. પરંતુ તે તત્ત્વને સાધનાના ક્ષેત્રમાં જો ઉપયોગમાં લીધા રાખીએ તો બાકીના ક્ષેત્રમાં એનું જોશ આપોઆપ ઘટ્યાં કરશે.

❂

## ઊંઘ અને ખોરાક

**સ્વજન :** મારી ઊંઘ ખૂબ છે. વળી ખોરાક પણ ઘણો લેવાય છે એટલે આળસ રહ્યા કરે છે.

**શ્રીમોટા :** વહેલાં ઊઠીને કસરત કરવાને બદલે નામસ્મરણ કરતાં કરતાં એકાંતમાં ચાલવા જવાનું જો રાખશો તો વધારે સારું થઈ જશે. ઊંઘ આપણને સાતેક કલાક મળ્યા કરે તે બસ છે. તે ધીમે ધીમે સાધક સાધનામાં ઓતપ્રોત થતો જશે તેમ તેમ તેનો ખોરાક પણ ઘટવાનો ને ઊંઘ પણ ઘટવાની જ.

❂

## માનીપણું

**સ્વજન :** મોટા, જગતજનની 'મા' બધું જ જાણે છે તો મારામાં રહેલી માન પામવાની વૃત્તિનેય જાણતાં હશેને ? નોકરો પ્રત્યે હું એકદમ કેમ ઉશ્કેરાઈ જતો હોઈશ ? - મને સમજાતું નથી.

**શ્રીમોટા :** નોકરો સાથેનું વર્તન આપણે તોછડાઈ ભરેલું ન રાખીએ તે જરૂરનું છે. આપણાથી કોઈની પણ કંઈ ભૂલ થઈ હોય તો માફી માગતા જરાય સંકોચાઈએ નહિ. ને સંકોચ આવે તો જાણવું કે આપણામાં અભિમાન ભર્યું પડ્યું છે. જે પોતાનો થવા માંગે છે તે પોતાને તો કદી છેતરતો હશે જ નહિ, તેમ બીજાને પણ કદી તેવું નહિ કરે; કારણ કે સાધક જો કોઈ ને કોઈ જાતની માનની વૃત્તિ રાખ્યા કરશે તો તે પેલી મા એને છક્કડ ખવડાવશે જ. માને કદી છેતરાવાપણું રહેતું નથી. એ તો આપણે ભાગે જ રહે છે. મા આપણા મનને જેટલું જાણે છે તેટલું કદાચ આપણે ન જાણતા હોઈએ એમ બનવા સંભવ છે.

❂

## સંસ્કારોનું શોધન

**સ્વજન :** મારા પત્રોની ભાષા હવે સુધરી છેને ? કર્મ કરતી વેળાએ એનું પ્રેરકબળ કેવું છે-કે આ કર્મ કરતાં કેવી ભાવના રાખવી કે એ કેવી રીતે કરવું એવું એકદમ સૂઝતું નથી. વળી, મનનું અવળચંડાપણુંય ખૂબ સાલે છે.

**શ્રીમોટા :** જેમ જેમ હૃદયમાં પ્રેમની ભાવના જાગૃત થવા માંડે છે તેમ તેમ તે ભાવના જ પોતે જ ભાષા વગેરે બધું જ શિખવાડે છે. તમારા કાગળો જરૂર સરસ ને સરસ આવતા જાય છે. આપણે સાહિત્યની ભાષા કરતાં તે બધું જ જીવનમાં ઉતારતા થઈ જઈએ એ જ આપણને શોભે છે અને એટલી વાત સાચી છે. તેની સાથે જેમ વસંતમાં ઝાડપાન ખીલતાં એની ખુશબો ચારે-બાજુ પ્રસર્યા વિના રહેતી નથી, તેમ જ હૃદયમાં પ્રેમની સાત્ત્વિક ભાવના જાગતાં જીવનમાં સર્વ અંગોમાં તેનો પમરાટ ફેલાવવો જ ઘટે. તે રીતે ભાષામાં પણ તેવું વ્યક્ત પણ થાય તો કશું અજુગતું ન ગણાય.

આપણા મનમાં શું શું ભર્યું હોય છે એની આપણને કશી ગતાગમ હોતી નથી. આપણે પ્રત્યેક કર્મમાં પ્રેરાઈએ છીએ તે કયા હેતુના માર્યા ? શી દોરવણીથી ? શી ભાવનાથી ? તે તે બધાં કર્મો કરતાં રહીએ, તેનું જ્ઞાનભાન જાગૃતિથી જો રાખી શકીએ તો જ મનના અવળચંડાવેડામાંથી જરૂર ઊગરી શકીએ. દરેક કર્મની પાછળ કશુંક ને કશુંક પ્રેરકભાવ હોય છે જ. ને પ્રેરકતત્ત્વ આપણા ચિત્તમાં પડી રહેલા સંસ્કારોને અંગે કરીને તે જાગે છે. એટલે કર્મનું મૂળ સંસ્કારો છે ને એ સંસ્કારો રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અભિમાન અનેક જાતની એષણાઓ તે ઉપરાંત આગળ જવાની સાહસિક આંતરિક વૃત્તિ (એનું જ નામ પ્રેરકતત્ત્વ) વગેરેની સેળભેળથી તે અશુદ્ધિપણે હોય છે, ને તેથી

આપણાં કર્મો પણ અશુદ્ધ હોયા કરે છે એટલે સાધકે કદી દાવો ન કરવો કે આપણે સર્વાંગ શુદ્ધ અને સાચા જ છીએ.

કોઈ પણ હકીકત ભલે સત્ય હોય, પણ તેમાં કે તે પ્રત્યે જે રીતે આપણે તે સ્વીકારીએ છીએ તે રીતે તો સંસ્કારના અશુદ્ધપણાવાળી જ હોય છે. જે ભૂમિકા પર આપણે હોઈએ છીએ તે ભૂમિકા જ મનની વૃત્તિઓની સાથે એકમેકપણે જ વર્તાયેલી હોય છે. એટલે સાધકે જે હકીકતને સત્ય ગણી હોય તેના પર આધાર ન રાખતાં પોતે કઈ રીતથી તે તરફ પ્રેરાયેલો છે તે રીત ને એનાં મૂળ ઊંડા ઊતરીને તપાસવાં-જોવાં રહ્યાં. તો જ સાધક સત્યની નજીક ને નજીક ગયા કરવાનો છે. એવા સાધકને હંમેશાં પોતાનો જ દોષ પ્રથમ જોવાની દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પણ રહ્યા કરશે જ.

પ્રત્યેક બનાવનું શા માટે બનવું થયું ને તેમાંથી એને શું શીખવાનું મળ્યું ને એ તકનો એને પોતાના જીવન વિકાસાર્થે કેવી રીતે લાભ ઉઠાવ્યો એવું સરવૈયું સાધકે કાઢવું જ રહ્યું. પરંતુ તે સાથે આ બધું વિચારવામાં જ એનું મન પરોવાઈ રહેલું ન રહેવું જોઈએ. મન તો નામસ્મરણમાં જ ઠરે ને પેલી વાત તો આપોઆપ સૂઝ્યા કરે એવી એની સ્થિતિ થવી જોઈએ.

## માતૃભક્તિ

**સ્વજન :** મોટા, ‘મા’ની શક્તિ બધાંમાં સંકળાયેલી જ રહે છે અને આપણું એ રક્ષણ કરે છે. આ હકીકત આપણને કેમ સમજાતી નથી ?

**શ્રીમોટા :** માની શક્તિ સમગ્રપણે કેંદ્રિત જેમાં તેમાં રહ્યા કરતી હોવાથી જેને તેને સમજી શકે છે. ઘણા સુધરેલા લોકો

આને તદ્દન ગપ માને, પરંતુ તે હકીકતે સત્ય છે. તે આપણી બુદ્ધિમાં આવી શકે તેવી રીતે સમજાવવાનું મન પણ થાય.

બાળકને જે કંઈ કશું ખૂબ ભાવતું હોય ને માબાપ ધારે કે એને નુકસાન થવાનો સંભવ છે તો તે છાનુંમાનું તેની પાસેથી લઈ લેવાની વૃત્તિ સ્વાભાવિકપણે રાખે છે. પણ બાળકનું મન પેલી ખાવાની ચીજ સાથે એવું તો ભળેલું હોવાથી એની ગંધ એને આપોઆપ આવી જાય છે. કારણ એની વૃત્તિ કશે પણ વેરવિખેરપણે થઈ ગયેલી હોતી નથી. જ્યારે આપણી વૃત્તિ તો અનેક પ્રકારનાં કામોમાં વેરવિખેરપણે રહેલી હોય છે, ને તેથી છૂટી-છવાઈ પણ થઈ ગયેલી હોય છે. તેથી તે કશામાં સમગ્રપણે કેંદ્રિત થઈ શકવાની તાકાત ગુમાવી બેઠું હોય છે. ને બાળક જે જાતની વૃત્તિમાં પડે છે તેમાં જ એકાકારપણે રહ્યા કરે છે. તે ત્યાં સમગ્રપણે તે કેટકેટલું લીન થયેલું જોવામાં આવે છે, એટલે તે ખાવાનું જો કોઈ લઈ લેવાને કોઈક વખતે એનાથી અજાણપણે તેનું એવું લેવાઈ ગયું હોય છે એવા પણ બનાવો બન્યા હશે એની છાપ પેલી એની તે વસ્તુમાં કેંદ્રિત વૃત્તિ હોવાપણાને લીધે ગ્રહાયેલી એનામાં હોય છે. તેથી તે સામાની તેવી વૃત્તિ અંતરથી જાણી શકે છે.

જો બાળક આવી નાની બાબતમાં આમ જાણી શકે છે તો તો માની શક્તિ શું ન કરી શકે તે આપણે સમજવાનું છે. એ એવા પરમ દિવ્ય સંતપુરુષો તેવા ગમે તેમાં સમગ્રપણે કેંદ્રિત સહેલાઈથી રહી શકતા હોવાથી તે તેમને સમજી શકવાને શક્તિશાળી હોય છે. પણ તે તેવું પોતાનું કશું પણ કળવા દેતા નથી. અને જ્યાં વ્યક્ત થવાપણું હોય છે, ને તે પણ જ્યારે યોગ્ય તક સાંપડે છે ત્યારે જ છતા થતા હોય છે. એવી માનું શરણું સ્વીકારીને આપણે માને સર્વભાવે એના જ થઈ જઈને પ્રત્યેક પળે

હૃદયમાં ઝંખના સેવ્યા કરીએ ને આપણે ક્યાં ક્યાં કેવી કેવી રીતે કર્મોમાં પરોવાઈએ છીએ તે માને જણાવ્યા કરીએ તો જ આપણું બધું સાચવ્યાં કરશે, માને કશું પણ જાણવાનું રહેવું ન ઘટે. ❂

## મંદિરરૂપ પેઢી

**સ્વજન :** મોટા, મારી પેઢી ભગવાનના મંદિરરૂપ કેવી રીતે બની શકે ?

**શ્રીમોટા :** તમે પેઢીને મંદિર બનાવવા માંગો છો, એ તમારી ઈચ્છા જાણીને મને કેટલો આનંદ થતો હશે ! અને તમારી પેઢીનું લૂણ પેટમાં પડવાથી તે લૂણ પણ પોકાર પાડે અને તે રીતે જેનું લૂણ ખાવામાં આવે તેની પણ ભગવાન કોઈ ને કોઈ રીતે સેવા કરાવ્યા વિના રહી શકતો નથી.

તમારો સ્વભાવ પારખીને તમને આ બાબત લખી આપું છું, કેમ કે આ હકીકત સતત તમારા ધ્યાનમાં રહે તે પ્રમાણે વધુ સુધારશો તો તેમાં તમારું કલ્યાણ છે. પેઢીને પણ ફાયદો છે.

(૧) ત્યાં સ્ટાફમાં સંપ નથી. અસંતોષ અને દ્વેષ પ્રવર્તે છે.

(૨) ભાઈની સ્થિતિ ઑફિસમાં ખૂબ કઢંગી બનેલી છે. તમે તેમને ગમે તેના દેખતાં ગમે તેમ ખૂબ ધમકાવો છો અને વઢો છો. નોકરના દેખતાં યા વર્કશૉપના એક નાના કારીગર આગળ પણ એમનું માન જાળવવામાં આવ્યું નથી. ગમે તેવી નાની ભૂલ સારુ પણ લઢવામાં આવે છે. મારી હાજરી દરમિયાન તમે તેવું કશું કર્યું નથી એ હું જાણું છું, પરંતુ તેથી કરીને તમારા દિલની વાત કંઈ છાની રહી શકતી નથી.

તેઓ ઘણા વખતના જૂના માણસ છે, મુનીમ છે અને ભલે ધારો કે આવડત ઓછી હોય તોપણ તેઓ ઘણા પ્રમાણિક છે. એવો પ્રમાણિક માણસ સરવાળે તો પેઢીને ઘણો ઉપયોગનો છે. એવું મારું માનવું છે. આપણે સૌ કોઈના દેખતાં એમને ઉતારી

પાડીએ, એને પરિણામે કોઈ એમનું માને નહિ. એમનું માન જાળવવું એ પેઢીના હિતને માટે પણ જરૂરનું છે. કારણ કે તમારી ગેરહાજરીમાં આપણે પેઢીનો ચાર્જ તેમને સોંપવાનો હોય છે.

હવે જો તેમનું માન જળવાયું નહિ હોય તો પેઢીનું કામકાજ તેઓ માણસો પાસેથી બરાબર રીતે લઈ શકશે નહિ. એમની જગ્યાએ બીજો કોઈ હોત તો પેઢી ટકી શકત કે કેમ તે શક છે. તેઓ ઑફિસના મુનીમ જેવા હતા અને તેથી તે બીજી રેન્કના ક્લાર્કનું કામ સોંપાતા તે કામની સાથે તે માહિતગાર નહિ હોવાથી તદ્દન સંભવિત છે કે ભૂલ થાય. તો તે ખાતર તે મૅનેજરમાં અક્કલ નથી એમ કહી તેને ઉતારી ન પડાય. આ અંગે તમારું આ વર્તન ઘણું ખામીવાળું છે. તેઓ નરમ સ્વભાવના છે તેથી ટકી શક્યા છે.

આ બધી હકીકત તેમણે મને લખી છે એવી ભ્રમણામાં રહેશો નહિ અને એવી ભ્રમણામાં રહીને તે કારણે તેમને હેરાનગતિમાં ઊતરવું પડશે તો તમારી દુકાનની નીચે બેસીને ૭ દિવસના ઉપવાસ કરીશ તે જાણશો. પ્રાયશ્ચિત્ત તરીકે, નહિ કે ત્રાગા તરીકે. કર્મની મર્યાદા આવ્યા વિના ભગવાન કંઈ કશું બોલાવતો નથી. તમારો સ્વભાવ તમે કોક વખત ગુમાવી બેસો છો અને વારંવાર સ્ટાફ જોડે અથડામણમાં આવો છો. જૂના માણસો તરફ જે માનવૃત્તિ હોવી ઘટે તે તમારામાં નથી. કોઈના દેખતાં કોઈને ધમકાવવો ન ઘટે, પરંતુ આવેશને તમે વાળી શકતા નથી, કેમ કે સહિષ્ણુતા ઓછી છે.

(૩) તમારામાં કામ કરવાની ઘણી શક્તિ છે, ખંત, ઉત્સાહ, હોશિયારી પણ છે. પરંતુ જુવાનીનું જોશ હોવાથી સ્વભાવને ન સમજી શકવાને કારણે કહો કે સ્વભાવથી દોરવાઈ જવાને કારણે કહો, પેઢીના માણસોની સાથે પેઢીનું કામ સુંદર પરિણામ આપ્યા કરે એ દૃષ્ટિએ પેઢીના માણસો સાથેનો તમારો વર્તાવ યોગ્ય

નથી. એ માટે મારે તમને સ્પષ્ટ જણાવી દેવું જોઈએ.

(૪) તમારાથી પેઢીના માણસો બીવે છે ખરાં, પણ તમને ચાહતા હોય એવું લાગતું નથી.

(૫) જે રીતે હાલ ત્યાં વહીવટ ચાલી રહ્યો છે તેમાં કંપનીનું ભાવિ ઉજ્જ્વળ મને લાગતું નથી.

(૬) આવવા જવાના કલાકોનું, હાજરીના સમયનું કશું જ નિયમન નથી. ગમે તેમ સૌ રજા ભોગવે છે. મરજીમાં આવે તેમ ગેરહાજર રહે. આ બધું તમને પણ અસહ્ય લાગતું હશે. ને તમારે ખૂબ કઠિન સંજોગોમાં મુકાવાનું થયું એમ લાગે તો નવાઈ નહિ.

(૭) પેઢીનું હિત સ્ટાફને બહુ ઓછું જણાય છે. પેઢીનું હિત છેવાડે મુકાઈને બધું થતું હોય એમ લાગે છે.

(૮) પેઢીના માણસોને કંપની તરફથી મળતા લાભો, પગાર, હમદર્દી વગેરેની જાણે કદર જ નથી અને જાણે કે કોઈ તેમને કહેનાર જ નથી, અને તેમને રજા આપી શકે તેમ નથી, એવા ખ્યાલો પ્રવર્તે છે.

(૯) પેઢીના માણસોમાં માંહોમાંહે સહકાર નથી.

(૧૦) તમારામાં જોકે થોડું અહં છે અને જુવાન માણસમાં અહં હોય એ તો સ્વાભાવિક છે તે માટે તમારો વાંક કાઢતો નથી. સામાન્ય કક્ષાના જુવાન કરતાં તમારામાં શક્તિ ઘણી વધારે છે. પરંતુ આકરા થઈ ગયે કામ ન ચાલે.

આ બધું તમને લખ્યું છે તે તમારું લૂણ પેટમાં પડ્યું હોવાથી લખ્યું છે. તમે મને જેટલા વહાલા છો તેટલા જ એ ભાઈ છે અને પેઢીના કામમાં મારે માથું મારવાનું હોય નહિ, તેમ છતાં મને જણાયું તે તમને જ જણાવું તો તમારું ખાધેલું લૂણ પચાવી શકું. કડવા બોલો સંભળાવનાર જગતમાં કોક જ હોય છે. પૈસાદાર

અને જુવાનની ખુશામત કરનાર અને સારું બોલનાર તો ઘણા મળી આવશે. માટે આ બાબતમાંથી જો શીખવાનું રાખશો તો તમારું, પેઢીનું ને પેઢીના માણસોનું કલ્યાણ થશે તે જાણશો. તમે મારા પર ઘણો પ્રેમભાવ રાખો છો તે જો હું આમ ન કરું તો હું તે પ્રેમને બેવફા નીવડ્યો ગણાઉં. આ કાગળથી જરાકે ખોટું લગાડશો નહિ. ખોટું લગાડશો તોય મને આનંદ છે.

❂

## પોતા વિશે વિચારવું

**સ્વજન :** મોટા, મારા પિતાજીએ મને ઠપકો આપેલો એથી મને ખોટું લાગી ગયેલું. હવે હું પરણેલો છું અને આ જ પેઢીનો શેઠ છું એનો ખ્યાલ કેમ નહિ કર્યો ?

**શ્રીમોટા :** જે માનવી કોઈ ગમે તે કહે તે સામે ન જોતાં એમાંનું પોતાનામાં કેટલું ઠીક કરવાપણું રહેલું છે તે સામે જોઈને આપણને પ્રભુએ ચેતવ્યા છે એમ જે જાણીને એને જે જીવનમાં સ્વીકારી લેવાનું કરે છે તે જ સાચું જીવન મેળવી શકે છે. તમારો સ્વભાવ ખંતીલો છે, વેગીલો છે ને કામની જે આડે આવે છે તેની સાથે પૂરતી ધીરજ, સહાનુભૂતિ, હમદર્દી તમારાથી રહી શકતાં નથી. તમારા પિતા તે ને તે વાત તે જ દિવસે કદી કહેતા નથી. પોતાને કોઈએ કહ્યું હોય છે તોય તે ગળી જાય છે ને પછી નિરાંતે જેને જે કહેવાનું હોય છે તે સ્વસ્થતાથી કહેવાનું રાખે છે.

જો કોઈનો વાંક થાય તો એને ના કહેવું એમ અર્થ નથી. પણ કહેવા કહેવાની રીતમાં ફેર હોય છે. એક કહેવાની રીતમાં આપણે સામાનું દિલ ખેંચી શકીએ છીએ. ને બીજી રીતે કહેવાથી એના દિલને આપણી સાથે અન્યથાપણું ધરાવાનું પણ કરી શકીએ

છીએ. જુવાનોએ-ખાસ કરીને આપણે તો સ્વભાવ ઉપર કાબૂ મેળવવો જ પડશેને? ને તેમાંય તમે નવા પરણેલા છો. તો જો આવો સમજણપૂર્વકનો કાબૂ નહિ રાખો તો સાતે વહાણ પાણીમાં ડૂબ્યાં સમજશો. પેઢીના કામકાજમાં શાંતિથી-સ્વસ્થતાથી-ધીરજથી અકળાયા વિના કામ લેવાનું રાખશો. આપણે ભલે પેઢીના શેઠ હોઈએ તેથી આપણને પેઢીના માણસો પર ગમે તે રીતે સ્વભાવ બજાવવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. લોકો ગરજાઉ હોય છે ને સાચા સ્વમાની ઓછા હોય છે, અને નોકરી વિના કશો આરો નથી એમ પણ કંઈક અંશે હોય છે. તેથી શહેરોમાં બધે જ પેઢીના શેઠો પેઢીના માણસોની સાથે યદ્વાતદ્વાપણે વર્તાવ રાખે છે. આપણી તો તેમાં નાલેશી ગણાય. તમે સમજુ છો. અંદર ને અંદર અંતરમાં ને અંતરમાં કૃપા કરીને ધૂંધવાશો નહિ. જે સાચો હિતેશ્રી હશે તે જ કડવાં વેણ કહેવાનો છે તેટલું લક્ષમાં રાખશો.

**સ્વજન :** મોટા, આપે મને જે પત્ર લખી આપેલો એ વાંચીને હું તો ચમકી ગયો છું. મારે મારી સ્થિતિ સુધારવી જ રહી-મતલબ કે સરખી કરવી રહી. મને દુઃખ તો થયેલું -પણ એનું મૂળ હું સમજી શકેલો નહિ.

**શ્રીમોટા :** નવા જીવનમાં તમે પગલાં માંડ્યા અને મેં તમને ચમકાવ્યા ! હું પણ કેવો ડહાપણ વગરનો મૂર્ખ માનવી છું ! તમે અમદાવાદમાં મારે માટે ઘણું કર્યું હતું, એ તમારો પ્રેમ ભૂલી શકાય તેમ નથી. જે લોકો મને પ્રેમ કરતા આવે છે તેમને જ મારાથી દુઃખી કરાય છે. પરંતુ જે કોઈ એ દુઃખનો હેતુ સમજી લે છે તે જીવનમાં તરતો રહે છે. એમ પણ મેં અનુભવ્યું છે.

પ્રેમ તો એનું નામ કે જે આપણને પૂરેપૂરું ભાન કરાવે. ભાન કરાવીને તે બેસી ના રહે. કોઈ ને કોઈ રીતે તે ભાન એવું સાલે કે તે પોતાનો સ્વભાવ બદલવાનું કરે જ કરે અને તેમ છતાં

તે માનવીનો જીવાત્મા ના સમજે તો પછી ભગવાનને તે સોંપી દેવાનું તથા તે સાથે આપણા જે પ્રારબ્ધ કર્માનુસાર અથવા તો સમદષ્ટિવૃત્તિ ન્યાયે તથા કોઈક ભાગવતી હેતુથી તે ભોગવી લીધા વિના રહેતો નથી. પરંતુ આ બધામાં તમને કેટલી સમજણ પડશે તે મને ખબર નથી.

ભગવાનની કૃપાથી તમારા સ્વભાવની સમજણ તમને હૃદયમાં ઊતરો અને ભૂતકાળમાં જે બની ગયું તેની કશી ચિંતા ન કરતાં હવેના ગાળામાં સાચવીને વર્તવાનું રાખશો તો તમારું, પેઢીનું અને પેઢીના માણસોનું હિત તમે સાચવી શકશો. તમે જુવાન હતા અને જૂના માણસો તમને પૂરેપૂરા બદે નહિ એટલે તમારે સ્વભાવ ખોવાના પ્રસંગો પડ્યા જ હશે. પણ તેની પાછળની તમારી વૃત્તિ પેઢીને સારામાં સારી રીતે કામ ચલાવતી બની શકે તે હતી.

સારામાં સારી ભાવના પણ શુદ્ધ થયા વિનાના બીજા કોઈ સાધન મારફતે વપરાતાં કેવાં પરિણામ નિપજાવે છે તેનો આપણને તાદશ્ય અનુભવ થયો. એટલે હવે શાંત ચિત્તે તમારા સ્વભાવ ઉપર કાબૂ મળ્યા કરે એવી તમે જાગૃતિ ને વિવેકશક્તિ રાખ્યા કરશો તો જીવનનું મંદિર બનવામાં કે રચવામાં તે ઘણું ઉપયોગી થઈ પડશે.

તમને મેં મારા એક સ્વજન જેવા ગણ્યા છે તેથી તમને કડવી મીઠી સંભળાવતા કશું થતું નથી. ઊલટું તેવું જણાવવું જ જોઈએ એમાં ધર્મ લાગે છે. તમને આ બાબતનું પૂરેપૂરું ભાન રહે એવી મારી પ્રાર્થના છે. કોઈના પ્રત્યે મને અણગમો નથી. જાણ્યે અજાણ્યે પણ કોઈનું બૂરું આપણાથી ન બની જાઓ એવું ભગવાન આપણી પાસે કરાવડાવે એવી ઈચ્છા હું તો હંમેશાં મારાં સ્વજનો પાસેથી રાખ્યા કરું છું. એટલે તમે આ વસ્તુને -

ખાસ કરીને આપણે યુવાનીના ગાળામાં છીએ તે વેળાએ-પૂરતો ખ્યાલ રાખીએ.

પેઢીના જૂના માણસોએ પેઢીને જમાવવામાં પોતાનો ભાગ ભજવ્યો જ હશે અને એક જ પેઢીમાં ઘણાં વર્ષો થયાં રહેલાં હોવાથી દરેક ઠેકાણે એવું બને છે. પરંતુ આપણે કંઈ સામાન્ય ઈતર માનવી જેવું જીવન જીવવું નથી. પ્રભુની કૃપાથી લોકોત્તર પણ થવું છે. એટલે તેવું વર્તવું આપણને પાલવે નહિ. જગતમાં સજ્જનો હંમેશાં દુઃખ વહોરતા જ આવ્યા છે. જગતમાં સજ્જનોને જ દુઃખ સહન કરવું પડે છે ને સજ્જનો તે પ્રેમથી સહન કરે છે. કારણ કે સજ્જન પુરુષ ત્યાં પોતાનો ધર્મ માને છે. એટલે તમને જો મેં દુઃખ આપ્યું હોય તોય તે ધર્મના હેતુના ખ્યાલથી અને તમે સમભાવનાયુક્ત સજ્જન બની રહો એવી દિલમાં ખૂબ ઈચ્છા હોવાથી તેમ કરવાને પ્રેરાયો હતો.

તમે ત્યાં પહોંચીને સ્વસ્થ થજો. માથે ભારબાર કશો લાગવા દેવો નહિ. તમે ચિંતાતુર હો એવા વ્યગ્ર દેખાઓ છો એવું કશું થવા દેવું નહિ. બને તેટલું હલકા ફૂલ જેવું રહેવું. જેટલા પ્રસન્નચિત્ત રહેશો તેટલો જ બધી બાજુનો અને બધાનો સારો ઉકેલ કરી શકશો.

❂

## નવદંપતીનો વ્યવહાર

**સ્વજન :** આપે તા.૧૦-૪-૧૯૪૪ના રોજ બનારસથી લખેલો કાગળ લગ્ન પહેલાં મળ્યો હતો. નવપરિણીત જોડું કેવું ઘેલછા ભરેલું વર્તન કરે છે તેવું ઘેલછાભર્યું સ્વછંદી વર્તન આપણું ન બને માટે સંયમશીલ વર્તવું. વગેરે વગેરે તેમાં જણાવેલું તથા બીજી વખતના પત્રમાં પણ વિષયવાસનાની તૃપ્તિ અર્થે નહિ

પણ તેનો સદુપયોગ કેવી રીતે થઈ શકે તે પણ આપે જણાવેલું તથા મહિનામાં કયા કયા વખતે પતિપત્નીનો તેવી જાતનો સુમેળ થઈ શકે તે તથા ક્યારે ક્યારે તેવું વર્તન કરવું અને ક્યારે ક્યારે તેવું વર્તન ન કરવું એ પણ આપે જણાવેલું. પણ પતિ-પત્નીના બ્રહ્મચર્ય બાબતમાં કંઈક કહોને ? મારે નવી પત્ની સાથે અનુકૂળ થવું તો પડશે-એ અંગે મને કહો.

**શ્રીમોટા :** પરણેલ દંપતી જ્યાં સુધી તેમના જીવનનું સંપૂર્ણ ધ્યેય એવી ઉત્કટ તમન્નાવાળું ભગવદ્-પ્રાપ્તિ તરફનું-ન હોય તેવું જોડું બ્રહ્મચર્ય પાળી શકે નહિ. બ્રહ્મચર્ય પાળવા માટે જીવનમાં સંયમ તથા જે જાતની સદ્ભાવનાનું સતત પરિશીલન થવું ઘટે તે ના હોય ત્યાં સુધી તેવું પણ શક્ય ના બને.

એનો એવો અર્થ નથી કે આપણે આપણી પત્ની સાથે તોછડાઈથી વર્તવું કે જેથી તેને આપણા પ્રત્યે ઠીકપણું ના લાગે. તેને આપણા પ્રત્યે સદ્ભાવ જાગે, પ્રેમભાવના ઉત્પન્ન થાય, આપણી નજીક તે આવે, આપણને તેનું પોતાનું બધું કહેતી થાય એવું તેનું વર્તન આપણા પ્રત્યે બને એવી છાપ આપણા તરફથી તેના હૃદયમાં ઊઠવી જોઈએ. તેને મોજશોખ કે વૈભવવિલાસની વસ્તુઓ ભલે આપણે ન સંપડાવીએ પણ સાધારણ જરૂરિયાતની વસ્તુઓ જેવી કે-ટપાલના કાર્ડ, કવર-અથવા તો નોટ પેપર, ખડિયો, કલમ આદિ એવું આપી મૂકવાની વ્યવસ્થા આપણને સૂઝવી ઘટે. આપણે તેની પ્રત્યે બેપરવા છીએ એવી લાગણી તેના દિલમાં ન ઊભી થઈ જાય એટલું તો જરૂર આપણે જોવું જોઈએ. આપણે તેની પાછળ ગાંડા ગાંડા થઈને ન ફરીએ તે સમજાય તેવું છે. તેથી તેનાથી અતડા પણ ના થઈ જઈએ તે પણ તેટલું જ સાચવવાનું છે.

આ કંઈ તેણે મને ફરિયાદ નથી કરી. વળી એટલો અમારી

વચ્ચે બોલવા ચાલવાનો વ્યવહાર નથી થયો. તમારી કોઈ વર્તણૂકથી તમારા પિતાજી કે બીજા કોઈ તમારા તેવા વર્તનમાં મારી સૂચનાનો અમલ હશે એમ વિચારે છે, માટે કૃપા કરીને જે કરો તે વિચારીને કરો. એની સાથે રાત્રે બેસીને ચોપડીઓ વાંચવાનું કરશો. અલબત્ત, ત્યાં તમારા પિતાજી હશે ત્યાં સુધી નહિ બને તે હું જાણું છું. પરંતુ તે બાબતમાં તમારી પત્નીને તમારે સમજાવી દેવું કે "પિતાજી છે એટલે તમારી સાથે વધુ બેસાતું નથી એટલે મનમાં માઠું લગાડશો નહિ". મેં તેમને તમારા ભાઈની ચોપડીઓમાંથી ગમે તે ચોપડીઓ વાંચવા લઈ લેવા સૂચવેલું તે ઉપરથી તેમણે પણ ચોપડીઓ વાંચવા લીધી છે. બીજું, તમે અનુભવી વડીલ દંપતી સાથે એક ઘરમાં રહેવાનું પ્રેમભાવથી સ્વીકાર્યું તે તમારા ઉદાર સ્વભાવ માટે તમારી હૃદયપૂર્વક કદર કર્યા વિના રહેવાતું નથી. એમને મેં કેટલું કડવું કહ્યું છે તેનો તમને ખ્યાલ નહિ હોય. તેમ છતાં તેઓ બંને મારા પર ઘણો પ્રેમ રાખે છે. તેથી તેમનું કશું અહિત થાય તે મારાથી જોઈ શકાતું નથી. તેમ જ તેઓ કંઈ અહિત કરે તે પણ મને ખૂંચે છે. પરંતુ તમે સહેજ સહાનુભૂતિ તેમના તરફ બતાવશો અને જરાક બોલવાનું રાખશો તો તે ખુશ ખુશ થઈ જશે. તમારી પત્નીને તેની પાસેથી ઘણું શીખવાનું મળશે. ઘરમાં એકાદ હોશિયાર ને પોતાનું અંગતનું બીજું બાઈમાણસ હોય તો ઘણું ખપનું છે. અડીઅપટીમાં જરૂર પડે તો વાત જુદી. તે ઉપરાંત તમારી પત્ની એકલી રહે તેના કરતાં તેને સથવારો મળે તે પણ જરૂર તો ગણાય. આપણે અમદાવાદમાં વાતચીત થઈ હતી તે યાદ હશે. તમારી પત્ની તેની પાસેથી ઘરકામ શીખી લેવાની ખૂબ દાનત રાખે અને તે બાબતમાં તે ખંતીલાં રહે –અને જે કંઈ દુકાન અંગેનું અથવા તો ઘરના અંગેનું રાચરચીલું દાણા-દૂણી

વગેરેનું-અથાણાં વગેરેનું-ભાષાનું. એવાં અનેક કામોની ઝીણવટ પૂરેપૂરી તેમના ખ્યાલમાં ઊતરે. આ બધું શીખી લેવાની ખાંખત રાખે એવી ઉત્તેજના એ બાબતમાં તમારે તમારી પત્નીને આપવી જ પડશે. અને બીજી બાજુથી તેને જે બહેન સાથે છે એમને પ્રેમભર્યો આવકાર મળે એટલા માટે આપણે તેમની પ્રત્યેની હૃદયની સહાનુભૂતિવાળી અને મીઠાશવાળી વર્તણૂક બતાવવી પડશે. તમારે પત્નીને માત્ર હુકમ કર્યે કે કહી દીધે તેવી લાગણી તેમનામાં પ્રગટી જવાની નથી. પરંતુ તેવી જાતનું તેમનું માનસ થાય ને આપણામાં તે સંપૂર્ણ વિશ્વાસ મૂકતી બની જાય તે માટે આપણે યોગ્ય વિચારણા કરવી જ પડશે.

**સ્વજન :** મોટા, આપના કહેવા મુજબ મેં સાનુકૂળતાવાળું વર્તન શરૂ કર્યું છે. પણ જીવન વિશે પૂરેપૂરું સમજાતું નથી.

**શ્રીમોટા :** તમે વડીલભાઈ પ્રત્યેના વર્તાવમાં સ્વભાવ બદલ્યો છે અને તેથી એ ભાઈને ઘણો જ આનંદ થયો છે. એવી જાતનું લખાણ તેમનું આવ્યું છે, તે વાંચી મને તથા હું માનું છું ત્યાં સુધી પૂજ્ય મામાને પણ સારું લાગ્યું હશે જ. જીવનને સમજવાને માટે આઘાત જરૂરી છે. તમારું જીવન તેજસ્વી થાય. એટલું જ નહિ પણ જે કામમાં હાલ છો તે કામને પૂરા લાયક બની શકો તો તે પણ હું તો જોવા ઇચ્છું છું.

તમને કેટલીય વાર કહ્યું છે કે તમને હીરાની પારખ ઉત્તમમાં ઉત્તમ રીતે આવડે ને તે કળામાં તમારી સર્વોન્નતિ થાય તથા પેઢીનાં બીજાં કામોમાં પણ તમારી વૃત્તિ, બુદ્ધિ એટલી યોગ્યપણે ખૂંપે કે જેથી તે બધાંનો યોગ્ય ઉકેલ થયા કરે. એક એક ખાતાની સમજણ આપણને આવડી જવી ઘટે. એટલે તે બાબતો પણ કૃપા કરીને ખ્યાલમાં રાખવા કૃપા કરશો.

માનવીનું જીવન એ માત્ર વૈતરું નથી. આપણી પેઢીમાં

કામ કરતા માનવીઓ કર્મસંજોગે પ્રભુપ્રસાદીરૂપે મળેલાં છે. એમનું દિલ પ્રેમભાવે જીતીને પેઢીના કામમાં એમનું મન પૂરું પરોવી શકે એવું એમની પાસે કરાવવાની કળા આપણને સાંપડવી ઘટે છે. એ કંઈ બેળે બેળે નહિ કરાવી શકાય. જીવન શંભુમેળો નથી. જીવન એકધારા નદી જેવું વહેણ માત્ર નથી હોતું. જીવન અનેકરંગી હોવા છતાં પણ જીવનનો રંગ ન્યારો છે. એટલે જ જે જીવનને જીવી જાણશે તેનો જ જયવારો અંતે તો થવાનો છે.

## સનાતન સુખ

**સ્વજન :** મોટા, હૃદય પર ઘણી વાર ભાર લાગી જાય છે અને દુઃખની પળોમાં હંમેશ માટે સુખી ક્યારે થઈશું એવા વિચારો આવે છે. ઉદ્વેગ-ચિંતા-ક્લેશ બધું ક્યારે હઠશે ?

**શ્રીમોટા :** હૃદય ઉપર ભાર લાગે એવું તો ન જ બનવું જોઈએ. વેપારમાં મન પરોવવાનું યોગ્ય રીતે બને તે તો જરૂરનું છે. કારણ કે આપણે જે સ્થિતિમાં મુકાવાનું બન્યું છે તેને યોગ્ય કુશળ વર્તન આપણાથી બનવું જ જોઈએ. તે તેવા કુશળ યોગ્ય વર્તનમાંથી જે સંતોષ મળે છે, તેનાથી જ સાચું જીવન મેળવી શકાય છે. જે પોતાનો ધર્મ નથી સમજતું તે જીવનને કેમ કરી પામી શકવાનું છે ? પ્રાપ્ત થયેલા પ્રસંગ કહો કે પ્રાપ્ત થયેલી પરિસ્થિતિ કહો એને જે વફાદાર અને પ્રમાણિકપણે વળગી રહે છે, એને એના એવા વર્તનમાંથી જીવનની સૂઝ પડતી જ જવાની છે તે નક્કી માનજો.

જીવનમાં સુખ-સંસારમાં લક્ષ્મી - સ્ત્રી ને કીર્તિ વડે કરીને જ લોકોને મળતું લાગે છે. તેવું સુખ તેઓ ઘડીભર

અનુભવે છે, ને તે સુખ પાછું અદૃશ્ય થઈ જાય છે. વળી પાછા આપણે કોઈ સુખની પાછળ પડીએ છીએ. આમ, પ્રત્યેક માનવી સુખને જ શોધતું હોય છે. સુખ વિના કોઈનેય ચેન પડતું નથી. જગતનાં ક્ષેત્રનું કોઈ પણ એક સુખ એવું નથી કે જેની પાછળ કે આગળ ઉદ્વેગ-ચિંતા-શોક ન રહ્યા હોય . એવાં સુખમાં સંપૂર્ણ નિશ્ચિંતતા પણ હોતી નથી. ત્યારે પેલા પારમાર્થિક સુખમાં તેવું હશે એની શી ખાતરી ? એમ મનમાં થયા વિના રહેતું નથી. માનવી માત્ર કોઈ ને કોઈ લગની વડે કરીને જ જીવનમાં જીવનથી વળગી રહેતો હોય છે. ગમે તેવા ભિખારીને પણ કંઈ આશાસંચાર હશે કે જેના વડે કરીને તે જીવન નિભાવી રહ્યો હશે. આ આશાદોરી કે આશા સંચારનાં મૂળ એ ચેતનાશક્તિમાં રહેલાં છે. જાણ્યે અજાણ્યે સહુના જીવનમાં એ ચેતનાશક્તિ ભાગ ભજવી રહેલી છે જ. જો કોઈ જાણીને એ શક્તિને પિછાનીને એને અનુકૂળપણે વર્તશે તો પોતે જીવનની ભૂમિકા એને યોગ્ય કરતું રહેશે. તે એવી ચેતનાશક્તિનાં દર્શન પ્રત્યક્ષપણે પોતાના જીવનમાં કરી શક્યા વિના રહી શકવાનો જ નથી. એની સાબિતી એ પોતે જ પોતાના જીવનમાં પોતાના જ જીવનથી જાણશે. એને સાબિતી પિછાનવા બહાર જવાની જરૂર રહેશે નહિ. પણ આ માટે અત્યંત ધીરજ, અત્યંત અધીરાઈ (રચનાત્મક અર્થમાં) ખૂબ ખૂબ ઉત્સાહ, સાહસ, વેગ, બળ, હામ વગેરે રાખ્યા કરવાં પડશે જ. જીવનમાંના બધાં ઊલટાસૂલટી ઉદ્‌ભવતા રંગઢંગ પિછાનવા પડશે જ. માત્ર પિછાનીને કામ નહિ ચાલે, પણ એવા રંગઢંગમાં આપણે ભળીએ નહિ. ભળવાનું બંધ કરતા થઈ જઈએ તેટલે અંશે જીવનને આપણે નવજીવનમાં, નવચેતનામાં પ્રગટાવતા થઈ જવાના છીએ.

પ્રત્યેક એવા ગજગ્રાહના પ્રસંગોમાં સાધકે પોતાના અંતરનું બળ અજમાવતા રહેવું જ પડશે. ને તે સાથે ભગવદ્‌ભાવના જીવતીજાગતી સાથે હશે તો એવા યુદ્ધમાંથી હાર મળશે એની પણ ચિંતા નથી. કારણ કે સાધકનું મન ભગવાનમાં રહ્યું જ હશે તો એનું મન કશામાં પણ ભોગ ભોગવવાનું નથી. ભોગ ભોગવે છે આપણું મન. એટલે મનને જ જો સતત એની ધારણામાં રસ લેતું કરી શક્યા તો વિશ્વના કોઈ પણ ગુણમાં મન પ્રવૃત્તિ આદરશે તો એનો રંગ મનને લાગવાનો નથી. પણ આ તો આખરની થવા જતી દશાનો ખ્યાલ છે.

મતલબ કે મળેલાં કામમાં પણ આપણે ભગવાનનું નામ લેતાં થઈ જઈશું ને તે નામ માત્ર લેવાનું જડપણે નહિ થતું હોય તો તેવું હૃદયનું સ્મરણ આપણને આપણામાં સદ્‌વિવેક, સદ્‌બુદ્ધિ જગાડ્યા વિના રહી શકવાનું નથી. જેને જાડાઈ નથી ને પહોળાઈ નથી તે લીટી એવું ભૂમિતિ ભણવામાં કંઈક જાણેલું. પણ વર્તનમાં મૂકવા જતાં તો એવી લીટી અશક્ય બની જાય છે. પણ એ વ્યાખ્યાને માનીને જ આપણે ભૂમિતિ શીખીએ છીએ. તેમ પરમ મંગલમય પ્રભુની અદમ્ય ચેતનાશક્તિને ભલે ન જોઈ શકતા હોઈએ તેમ છતાં તે છે જ એને જીવનમાં અનુલક્ષીને જો જીવનને દોરીશું તો જીવનનો ઉકેલ બધી રીતે થતો રહેવાનો છે તે નક્કી.

**સ્વજન :** મોટા, તમે વળી મારા ભાઈને મારી સાથે રહેવા કેમ મોકલ્યો ?

**શ્રીમોટા :** ભાઈને તમારી સાથે રહેવા મોકલ્યો છે તેનું કારણ કંઈ એક જ નથી. તે તમારો ભાઈ છે. તમે બંને જણાં-બંને ભાઈ સાથે રહી ભાવનાથી હૃદયભાવે હળતા થઈ જાઓ. એમનાં મન હૃદય જીતી લો એવું થઈ જાય એવી મારી પણ ઇચ્છા છે. તેથી

એનું મન જીતી લેજો. એની ત્યાં આવવાની મજબૂત હા હતી. તેથી જ એનું ત્યાં આવવાનું બન્યું છે. તેથી તમે એનામાં દિલ પરોવવાનું રાખજો. જે કંઈ કરો તે ભલે પણ કશાનો ભાર ના લેતાં એવી હળવાશ કૃપા કરીને રાખજો. ભગવાનનું નામ લેતાં રહેશો તો ભાર, ચિંતા નહિ લાગે. એની ખાતરી આપું છું. મોટેથી બોલજો કે જેથી એનો ચેપ લાગવાનો હોય તો લાગે.

## દુઃખી લગ્નજીવન

**સ્વજન :** મોટા, મારું લગ્નજીવન 'સેટ' જ ન થયું. એ ખૂબ જિદ્દી, આગ્રહી અને કજિયાળી છે. મારું જીવન દુઃખમય જોઉં છું. ખૂબ અંધકારમય જીવન ભાસે છે.

**શ્રીમોટા :** તમારું લગ્નજીવન જોઈને દુઃખ થાય છે, પણ નિરાશા મને કશા વિશે થતી નથી. તેમ આમાં પણ છે. લગ્નજીવનમાં પુરુષો, સ્ત્રીઓ પર માલિકી હક્ક ભોગવવાનો સ્વભાવ રાખતા હોય છે, પોતાનું ધાર્યું જ બધું જોઈએ, પોતે માનતા હોય તે જ પ્રમાણે પત્નીએ વર્તવું જોઈએ. પોતાની ઈચ્છાઓને આધીન થવું જોઈએ. ને એને કશું મન, બુદ્ધિ, લાગણી કે ભાવના નથી ને એ તો માત્ર પુરુષને અનુકૂળ રહેવાને જ સર્જાયેલી છે એવી ભાવના આજકાલ આપણા સમાજમાં મરદોમાં પ્રચલિત છે. એટલું જ નહિ પણ સ્ત્રીઓમાં બુદ્ધિ હોય જ નહિ, એનામાં અક્કલ ના હોય, એને કશી આવડત ના હોય વગેરે અભિપ્રાયો પણ સમાજમાં જડ ઘાલી બેઠેલા છે. તે સાથે જે અંગ્રેજી ભણેલા કે વિલાયત જઈ આવેલા છેક સામી બાજુએ પાછાં બેસીને વર્તે છે તે પણ યોગ્ય નથી.

મારે તો સ્ત્રીને જેમ સ્ત્રીનો ધર્મ બતાવવાનો રહે છે, તેમ પુરુષને પણ પોતાનો ધર્મ બતાવવાનો રહે છે. પુરુષ, પત્ની ઉપર ગુસ્સે ના થઈ શકે, પત્ની, પતિ ઉપર ગુસ્સે ના થઈ શકે. પૂછ્યા વિના એક ડગલું પણ આગળ ના ચલાય એવી સ્થિતિ, મનોદશા આપણા સમાજની છે.એવા સમાજની સ્ત્રીઓ કેવાં બાળકોને જન્મ આપે ! જ્યાં સ્ત્રીઓમાં માનસિક સ્થિતિ માત્ર એક ગુલામ જેવી હોય ત્યાં બીજી આશા શી હોઈ શકે ? ગુલામી પણ ના ચાલે. જો હૃદયનો પ્રેમભાવ વહ્યા કરતો હોય; એના જીવનને સમજવાનો જીવતોજાગતો સતત પ્રયત્ન રહ્યા કરતો હોય. એને પણ આત્માની વેલ છે, એને પણ ફાલવા ફૂલવાને મહેચ્છાઓ કે મહત્ત્વાકાંક્ષા અંતરમાં હોય છે એ સમજવાની જરૂર છે.

તમારાં લગ્ન પછીની તમારી સ્થિતિ આણનાર પણ તમે જ છો, સુધારી શકનાર કોઈ હોય તોપણ તમે જ છો. એક નવપરિણીત પત્ની, પતિથી કંટાળીને પોતાને પિયર જવાનું મન કરે એ આપણને શરમ ઉપજાવનારું છે. એ ભલા કુળની હોય ને તમારા મિજાજીપણાની વાત ન કરે તો સારી વાત, પણ કહે તો કુળની બદબોઈ આપણે આપણા વર્તનથી કરી રહ્યા છીએ ! પણ એ વાત જવા દો.

આખો જન્મારો કંકાસમાં કાઢવો છે ? એનામાં એવું કશું નથી કે જેથી તમને દુઃખ કે ક્લેશ ન થવો ઘટે ? એ તો તમારા માનસિક સંતાપ કે ક્લેશનો ત્યાં પડઘો માત્ર છે. તમારા પૂજ્ય પિતા તમારી માતા માટે કેટકેટલો શ્રમ વેઠે છે ! પૂજ્ય માતાને કશું થતાં પિતાજી ગમે તેટલું કરી મૂકે છે ! ઊંચે સ્વરે પોતે બહુ ઓછું બોલે છે. એ કેટકેટલું સહન કરે છે. તે પણ જવા દો. તમને કોઈ કંઈ કહે તે ગમતું નથી. લગ્ન પછીના ગાળામાં તમારા વ્યવહારમાં તમને કદાચ ઠપકો મળ્યો હોય! કોઈનું પણ

સારું કહેવાયેલું તમારું અંતર-માનસ સારી રીતે ગ્રહણ કરી શકતું હોતું નથી એ મારા અનુભવની વાત છે. વળી તમે નાહકનો વિચારનો ભાર માથે લઈને ફરતા હો છો. નાહકની કેટલીક ચિંતાઓ કરો છો. ચિંતવન એક હકીકત છે અને ચિંતા એ બીજી હકીકત છે. ચિંતવનથી જીવનનો ઉકેલ થાય. ચિંતાથી જીવન કચરાઈ જાય અને મરી જાય. જે કંઈ થયા કરે તેમાં તે તે પળે લક્ષ પરોવીને તે તે કર્યા કરવાનું રાખવું ને ક્યાંય આપણા સ્વભાવને લીધે કોઈને-પેઢીને -વેપારને-વેઠવું ન પડે એટલી જાગૃતિવાળી કાળજી રાખીએ એટલું આપણે માટે પૂરતું છે ને એટલાથી આપણને નિશ્ચિંતતા થવી ઘટે. વેપાર પતી ગયા કેડે એની ચિંતા લઈને ફરશો તો જીવનને ખોઈ બેસશો. માટે કૃપા કરીને "હરિઃૐ હરિઃૐ"નો જાપ ખૂબ લીધા કરો ને કશી ચિંતા ન કર્યા કરો. ખૂબ આનંદી રહેવાનો-હસતું મોં રાખવાનો જ્ઞાનપૂર્વક પ્રયત્ન કર્યા કરો.

કદી મૂંઝાયેલા રહેવું નહિ. જેમ મૂંઝાશો તેમ વધારે ને વધારે મૂંઝાતા જવાના છો. તેથી વળી તે સ્વભાવ આપણને આવરી લેવાનું કરતો હોય, એનું ભાન રાખીને તે વેળાએ આવરાઈ ન જવાય એવું ચેતનભાન રાખ્યા કરવું-પ્રભુકૃપા પ્રેમભાવની મદદ માગ્યા કરવી ને હરિઃૐનું પ્રેમભાવપૂર્વક સ્મરણ કર્યા કરવાનું રાખશો તો કંઈક સ્વભાવથી ઊંચું અવાશે તે નક્કી. સ્વભાવને વશ થયા કરવાનું રાખશો તો નીચા ને નીચા જવાના છો તે પણ તેટલું જ સાચું છે. ભગીરથ પ્રયત્ન કર્યા વિના કોઈ પણ ક્ષેત્રમાં કોઈ ઊંચું આવી શક્યું નથી. પ્રભુની કૃપા તો મદદ કરવા જીવતી-જાગતી ઊભી છે, પણ એની મદદ લેવાની આપણી તૈયારી હોતી નથી. અથવા કહો કે તેવી ભૂમિકા હોતી નથી. જીવન એ કંઈ વૈતરું નથી, વેઠ નથી. મૂંગા પ્રાણી પણ કદી કદી મસ્તીમાં આવી

જતાં જોયાં છે, પણ માનવીઓ જ મસ્તીમાં આવવાનું સમજતા નથી. કદી કદી મૂંગા પ્રાણી પણ બેફાટ દોટ મૂકે છે, ને ખીલાના બંધન તોડી નાંખે છે. આ બધું પ્રકૃતિવશાત્ ભલે હોય પણ માનવીના જીવનમાં તેવું પણ ઉદ્‌ભવતું નથી. એ માનવીના વારસાને શોભાસ્પદ તો નથી જ. જે કોઈ ઊંચું આવવા માગે છે, એ બાજુમાં જીવતોજાગતો પ્રયત્ન કરે છે, એને મદદ મળી રહે છે. પ્રભુનું માનવીને એ અમર વરદાન છે.

## 'મોટા'ની પ્રેમકલા

**સ્વજન :** માત્ર આપની પાસે જ હું ખુલ્લા દિલે આટલી વાત કરું છું. આપની સાથે સંબંધ થયો એને હું મારું પરમ સદ્‌ભાગ્ય ગણું છું.

**શ્રીમોટા :** દિલમાંનું સરળપણું હજી કૃપા કરીને વ્યક્ત-ખુલ્લાપણે -થવા દેશો તો તમારો ભાર, ચિંતા ક્યાંય અદૃશ્ય થઈ જવાનાં છે ! જે હોય તે કહી દેવાનું રાખો. ભલેને પછી તે ઝીણામાં ઝીણી વિગત હોય એવું આત્મનિવેદન કરવાથી જીવનનો કેવો વિકાસ થાય છે તેને જીવનના ભક્ત માત્ર સમજી શકે. તેથી જ્યારે આપણને કોઈ હેતુથી એવાના જીવનમાં સંકળાવ્યા છે ત્યારે એ ભાગવતી હેતુને ફળાવવાને પ્રમાણિકપણે બનતું કર્યા કરીએ તો બંને પક્ષે જયવારો થાય ને આનંદ મંગળ પ્રવર્તે.

તમારાં બધાં સાથે દિલ ખોલીને જીવવું છે, આનંદ લૂંટવો છે. પ્રેમની લહાણી કરવી છે ને પ્રેમભાવ લેવો છે, પણ કોઈ ખરા જિગરથી આપતું નથી. નરી કંજૂસાઈ માનવીઓમાં ભરી પડી છે.

પ્રભુના પ્રેમની લાગણી સામાન્ય સંસારી માનવીના કરતાં અનેકગણી વધારે છે. એની તુલા હાલી જતાં વાર લાગતી નથી. તમને જે લાગે તેના કરતાં મને અનેકગણું વધારે લાગે છે. જે લાગવામાં તમારે મન હિસાબ ના હોય તે તો મારે મન અપાર દુઃખ હોય છે. ને જે તમે જરાક ગણો તે મારે મન કરોડોગણું હોય છે. જેમ તમારો હીરા જોખવાનો કાંટો જરાક હવા આવતાં વજન ઓછુંવત્તું કરી નાંખે છે. જ્યારે મોટાં ત્રાજવાં કે કંપાણ જે હોય છે તે હવાથી હાલી જતાં હોતાં નથી. એટલે કે એની અસર થતી નથી. એવી રીતે અમારો કાંટો તમારા હીરાના કાંટા કરતાંય બારીકમાં બારીક છે. એને ઘા લાગી જતાં વાર લાગતી નથી. ને વળી જતાં વાર લાગતી નથી. એટલે જ કહું છું તમારે મન રમત છે. અહીં તો જાત રેંસાય એ હકીકતને બુદ્ધિથી સમજશો તો સમજાશે. આ અમારા અંતરની વાત છે છતાં એનું રહસ્ય કે મૂલ્ય તમારે મન નથી ઊતરતું તે ખૂબીની વાત છે. તમારો કે કોઈનો ખુલાસો મારે ગળે ઊતરીને જિગરના ઘાને હળવો બનાવી શકવા સમર્થ થશે કે કેમ તે પ્રભુ જાણે. પ્રભુ સૌનું કલ્યાણ કરો એ જ પ્રાર્થના.

❂

## પત્નીનો વિશ્વાસ રળવો

**સ્વજન :** મારે બધા જ પત્રો મારી પત્નીને આપવા એવી એની જિદ્દ હોય છે ? હું શું કરું ?

**શ્રીમોટા :** તમારા પર જેના જેના બહારના કાગળો આવે તે એને જરૂર આપવા ને કોઈ બહેનના આવે તો તે તો પહેલાં એને આપવાનું રાખવું. હું જો પત્ની હોઉં તો મારા પતિ પર કોઈ બહેનના કાગળ આવે ને એની મને ગંધ આવે તો મને ઠીક ન

લાગે.

બધા જ પત્રો આપણે પહેલાં વાંચીને ને આપણા તેવા પત્રો એને ન મળે તો એને અકળાવાનું-સૂક્ષ્મપણે-કારણ મળે જ. આપણે તો એમાં શું આપવું હતું એમ કરીને ન આપીએ, પણ તેથી ઊંધું સમજવાનો ખ્યાલ રહે છે.

## માનસિક ધુમ્મસ

**સ્વજન :** મોટા, માનસિક ધુમ્મસ એવું જાગ્યું છે કે એમાં અટવાઈ ગયો છું. કંઈક રસ્તો બતાવો.

**શ્રીમોટા :** ભગવાનનું નામ શ્રદ્ધાવિશ્વાસ રાખીને જોરશોરથી લેવાનું કર્યા કરશો તો માનસિક ધુમ્મસ ઊડી જવાનું છે. કાળીચૌદશની રાત્રિએ અખંડ જાગરણ કરવાનો છું. માટે કૃપા કરીને તે દિવસે સતત નામસ્મરણ ચાલુ રહ્યા કરે તેટલી કૃપા કરશો.

'મોટા'ની મૂર્તિ હૃદય આગળ જોઈ જોઈને એની મદદ માગ્યા કરવાનું કરજો. કૃપા કરીને પ્રયત્ન કરવામાં સજીવપણું પ્રગટ્યા કરો ને સારા થઈ જવું છે એવો દૃઢ નિર્ધાર કરજો.

જુવાન માનવીને મન કશું અશક્ય નથી. પૂજ્ય પિતાને એક પત્ર લખ્યો છે. એની નકલ મોકલવાનું તમને લખ્યું છે. તે વાંચી જરાકે ચિંતા કરશો નહિ. પ્રભુ સર્વ કંઈ સંભાળી લેશે. પણ માનસિક ધુમ્મસ જવું જ જોઈએ.

તમારી આવી સ્થિતિમાં તમને સાથ આપવાનું તો ઘણુંય દિલ છે. તમે મારી સાથે તાદાત્મ્યભાવ-પ્રેમભાવ રાખ્યા કરી ઝંખનાપૂર્વક મદદ માગ્યા કરવાનું સમજથી કર્યા કરો તો મદદ

તો હાજર છે એવું અનુભવ્યા વિના રહી શકશો જ નહિ. મનમાં બાઝેલાં જાળાં તમને તેમ કરતાં અટકાવી રહેલાં છે. સર્વપ્રકારે ખુલ્લા થઈ જાઓ. કશુંક તેમ કરતાં અટકાવી રહેલાં છે.

મારે મન માનવીના જીવનનું મૂલ્યાંકન-જગતની નજરે નથી કે નથી જગતના ભાવે કે હિસાબે. હું તો જીવનને જુદી રીતે જોનારો છું. એટલે સર્વપ્રકારે નિશ્ચિંત બનવા કૃપા કરશો. ને મનના પડદા ખોલતા રહેશો એટલી તમને પગે પડીને પ્રાર્થના છે. હું તમારી વહુ હોઉં ને મારું બોલવું તમને ન ગમે તો મને નવી પરણેતરને કેવો આઘાત-ધ્રાસ્કો પડે તે તમારી જાતને વહુની ઠેકાણે મૂકીને તપાસી જુઓ. સર્વ આઘાત કે દુઃખનું કારણ કોઈ નથી પણ આપણે પોતે જ છીએ એમ માનવું અને જાણવું. કોઈ વાતે દુઃખી ને ચિંતા કરવાનું કૃપા કરીને છોડી દેશો.

તમારા જીવનમાં જે મનોદશા પ્રગટી છે તેનો ગંભીરપણે તમે વિચાર કર્યો લાગતો નથી. એ પકડમાંથી દૂર હઠવાને માટે જો મરણિયા પ્રયત્ન નહિ કરો તો સ્વભાવમાં આવેલી જડતા દૂર ખસી શકવાની નથી. મરદ માણસ કશાથીય હારે નહિ. જુવાન માણસ જ્યાં સુધી વાસ્તવિકતાનાં ક્ષેત્રમાં ઊતર્યો નથી હોતો ત્યાં સુધી ખાલી ખાલી તરંગોની દુનિયામાં જ જામ્યા કરતો હોય છે અને એ તરંગોનો આનંદ પણ ફુટકળ મોતી જેવો હોય છે. એ આનંદની ભ્રમણા નક્કર જીવનમાં ક્યાંય અદૃશ્ય થઈ જાય છે, અને પછી તે મૂંઝાય છે અને આનંદ આનંદની બૂમો મારે છે. એટલે ઘણાય જુવાન માણસો તરંગોમાં પડ્યા રહેવાને ટેવાયેલા છે. એવાને જ્યારે જીવનની વ્યાવહારિકતામાં પગ મૂકવાનો વારો આવે છે ત્યારે નાહિંમત ને નિરાશ થયેલા જોવામાં આવે છે. માટે કૃપા કરીને તમે હોય એટલું બધું જોર કરીને તમારી

હાલની જે માનસિક મનોદશા છે તેમાંથી નીકળી જવાને પ્રયત્ન કરશો તો જાતે જ સુખી થશો ને બીજાને સુખી કરશો. નહિ તો તમેય દુઃખી થશો ને દુઃખી કરશો.

## સંચાલન અને વર્તનનો આદર્શ

**સ્વજન :** ફૅક્ટરીના સંચાલક તથા ઈન્કમટેક્સ અધિકારીના વર્તનના આદર્શ અંગે આપની પાસેથી જાણવાની ઈચ્છા છે.

**શ્રીમોટા :** ફૅક્ટરી એકલી કંઈ ધન પર ચાલી શકતી નથી. એકલા મૂડીદારથી પણ નથી ચાલી શકતી. ફૅક્ટરીના હાથપગ તો એના મુનીમો, કારકુનો, મજૂરો વગેરે વગેરે છે. જેના શરીરના હાથપગ મજબૂત એનું શરીર પણ સારું. એટલે ફૅક્ટરી માલિકે જો પોતાને સુખી થવું હોય તો ફૅક્ટરીના હાથપગ સમાન ઉપરનો જે વર્ગ ગણાવ્યો છે, તેને સુખસગવડ આપવાનો ધર્મ પ્રેમથી અદા કરવાનો હોય. તે ઉપરાંત તેમના જીવનમાં પણ માલિકે રસ લેવો ઘટે. તેમનાં છોકરાંની કેળવણી, તેમની માંદગી વખતની દેખભાળ, સંભાળ, કાળજી તથા દવાદારૂની સગવડ માલિકે કરવાની હોય છે. વીમા પૉલિસીમાં પોતે પોતાનો હિસ્સો આપીને જિંદગીની બચત કરાવવામાં પ્રેરણા આપવી ઘટે. તે તે વર્ગના માણસોની સાથે આત્મીયતા કેળવાય તેવું પોતાનું દિલ પ્રગટેલું હોવું ઘટે. તેવા વર્ગની ગુંડાગીરીને તો કોઈ પણ રીતે તેનાથી તાબે ના જ થવાય. તેવા વર્ગમાંના જે કોઈ સદ્‌ભાવ-ગુણવાળા હોય તેને ઉત્તેજન ખાસ મળે ને તેની કદર થાય એવી વ્યવસ્થા ઉપજાવવી ઘટે.

તેની કનેથી વધારેમાં વધારે લઈ ઓછામાં ઓછું વળતર આપવાની વૃત્તિ તો ફૅક્ટરી માલિકને ઊપજવી જ ન ઘટે. જો

માલિક તેમના પરત્વેનો ધર્મ પ્રેમથી અદા કરતો રહેશે તો તેના તેવા ધર્મપાલનમાંથી તેને એક પ્રકારનો આત્મસંતોષ મળ્યા કરવાનો. બાકી પોતે જો પ્રેમથી, સદ્ભાવથી ને ધર્મથી ખરેખરી રીતે તે ભાવથી વર્તવાનું કરીશું તો સામે પક્ષેથી પણ તેવી વર્તણૂક અમુક પ્રમાણમાં પમાશે જ એવી અપેક્ષા આપણે રાખવાની ન હોય. આપણે તો જે કરવાનું છે તે આપણો પોતાનો ધર્મ સમજીને તેમ કરવાનું હોય.

આપણે પોતે ઉપરની રીતે આચરવા જતાં ભલે થોડુંક ઓછું કમાઈએ પણ તે રીતે આપણી સાથે રહેલા માનવીની આપણાથી જે સેવા થઈ શકશે તે પણ સમાજની જ સેવા છે. મળેલાંની સાથેની ફરજ, ધર્મભાવના કે સેવા કરવાનું મૂકીને જે કોઈ જીવ બીજે ક્યાંક સેવા કરવાનું કરે છે તે તો યથાર્થ નથી. સમાજની સેવાનું વર્તુલ પ્રથમ તો તેની પોતાની નજીકમાંના જ પરત્વેનું હોવું ઘટે.

❂

## હવે ઇન્કમટેક્સ અમલદારના વર્તન વિશે

સરકારને પ્રજા પાસેથી કર મળે છે. જે સરકાર પ્રજાને રાજી રાખી સંતોષ પમાડીને કર લે છે તેવી સરકારને પ્રજા પ્રેમથી કર આપી શકે. સરકારના કર ઉઘરાવનાર તો તેના અમલદારો. અમલદાર દ્વારા જ પ્રજા કનેથી કર મેળવી શકાય, તેથી અમલદાર તે સરકારથી પણ સર્વોપરી છે. જો પ્રજા સુખીસંતોષી તો સરકારનું પણ તેમ જ. પ્રજા વિના સરકાર ન હોઈ શકે તેથી પ્રજાને મહત્ત્વ સર્વથી પ્રથમ મળવું ઘટે. તેથી અમલદારની પણ તેવી દૃષ્ટિ કેળવાયેલી હોવી ઘટે. પ્રજાને કર આપવામાં મુદ્દલે હેરાનગતિ ન ભોગવવી પડે ને તેને અમલદાર

તરફથી કોઈ પણ પ્રકારની હાલાકી, હેરાનગતિ ને ત્રાસ ભોગવવાં ન પડે તેવું અમલદારનું પ્રજા સાથેનું વર્તન હોવું ઘટે. જે કેસોને પતાવવાને થોડાક કલાક માત્ર પૂરતા હોય તેવા કેસોનો નિકાલ વહેલામાં વહેલો આપી શકાય તો પ્રજાને કેટલી બધી રાહત અનુભવાય !

આજના Administrationમાં તુમારશાહી ઘણી વધી પડી છે ને પ્રજાને તેવી તુમારશાહીના વમળમાં ગૂંચવાઈ જવું પડે છે ને કામનો ઝટ નિવેડો આવી શકતો નથી.

અમલદાર તો આવું કદી ન કરી શકે. કર ભરનાર વર્ગ પ્રપંચી ને લુચ્ચા જ છે એમ ખરો અમલદાર કદી માની જ ન બેસે. પ્રત્યેક અપ્રમાણિક છે એમ માની લેવાનું પોતે તો કદી ન કરે. અપ્રમાણિકતા પુરવાર થાય તોપણ કાયદાની રૂએ જે કરવું ઘટે તે ભલે કરે. પરંતુ તેની સામે કે તેની સાથે તુચ્છકારથી વર્તવાનું તો તેનાથી બની જ કેમ શકે ? સાચો અમલદાર કદી તોછડાઈ તો વાપરી જ ન શકે. (એથી ઊલટું) પોતાના વર્તનથી સામેનાને ખરો સંતોષ ને આનંદ પ્રગટે તેવું તેનું વર્તન હોય તો જ તે ઈષ્ટ અને શ્રેય ગણાય. સાચો અમલદાર તો સરકાર ને પ્રજાની વચ્ચેની એક જીવતી સાંકળરૂપ છે. પ્રજાની સાચી ફરિયાદ તથા કાયદાથી થતી પ્રજાની હેરાનગતિની હકીકત સરકાર આગળ રજૂ કરવી તે પણ તેનો ધર્મ છે.

જે સરકાર પ્રજાના દિલને રંજાડીને, તેને નિચોવીને કર લે છે, તેવી સરકાર માટે પ્રજાના દિલમાંથી પ્રેમ ઓછો થતો જાય છે. અમલદારનું કર્મ તો પ્રજાને સરકાર માટે સંતોષ, આનંદ પ્રગટે તે હોય. ને પ્રજાની રાંક ફરિયાદનો હેવાલ સરકારના કાને પુગાડવાનું હોય. સાચો અમલદાર તો કર ભરનાર વર્ગને મદદ કરે ને જ્યાં જ્યાં એને મુશ્કેલી પડતી હોય ત્યાં ત્યાં મદદ કરવાની

એના દિલમાં તત્પરતા જાગેલી હોય.

માત્ર કાયદાનાં ચોકઠાંની પકડથી નહિ, પણ તેના હૃદયને પિછાનીને સહૃદયતાથી ન્યાય કરવાનો હોય. સાચો અમલદાર તો કદી તુમાખી તો કરી જ ન શકે. એને તો સેવા કરવામાં ને પ્રજાને ખરી રીતે ઉપયોગી થઈ પડવામાં આનંદ પ્રગટતો હોય છે. પોતાની હાથ નીચેના અમલદારો સાથે તે વ્યવસ્થા પ્રમાણેનું કામ તો બરાબર લે જ ને લેવું ઘટે, ન લઈ શકે તો તે ઊલટું ખરાબ ગણાય, પણ નીચલા વર્ગના અમલદારને તે કદી પોતાનાથી હલકા તો નહિ જ ગણી શકે.

જરૂર પડયે તે કડક રીતે વર્તે, પરંતુ તેના હૃદયમાં કોઈનાય પરત્વે કશો કોઈ પ્રકારનો ડંખ તો નહિ જ હોય. કામનો કેમ કરીને ઝટ ઉકેલ-નિવેડો આવે તેવી વ્યવસ્થા ઉપજાવીને એ સફળ થતી રહે છે કે કેમ તે જોવાનું ને તેને પાર ઉતારવાનું પણ તેનું કર્મ છે. જે સરકાર પ્રજાના કામને જેટલું વહેલામાં વહેલું ઉકેલ આણી દે તે સરકારને માટે પ્રજાના દિલમાં ભાવ-લાગણી પ્રગટે છે. અમલદાર દ્વારા જ સરકારની ઈજ્જત વધે છે કે ઘટે છે. અમલદારના વર્તન પરથી જ પ્રજા સરકારની તુલના કરતી હોય છે.

અમલદારોના વર્તન પરથી પ્રજા કાં તો બળવો કરતી થાય છે, કાં તો પ્રજા સરકાર પરત્વે સંતોષ પ્રગટ કરતી બની શકે છે. પ્રજાને સરકાર પરત્વેની સંતોષની ભાવના પ્રગટાવવા ને કેળવવા માટે અમલદાર પર જે તે આધાર રહેતો હોય છે. Honest, Sincere & Conscious officer સરકારના કાયદાના હૃદયને નીરખી નીરખી પ્રજાને ઓછામાં ઓછી હાલાકી કેમ કરીને ન થાય તેવી જ પેરવીમાં તે તો રહે. અમલદારથી સરકાર ટકે, ને ચાલે છે. તેથી અમલદારના વર્તન પર જે તે બધો આધાર રહેલો છે.

❂

તા. ૨૮-૧૨-'૬૩

**[પૂજ્ય શ્રીમોટાએ એક વેપારી પેઢીના ભાગીદારોને લખેલો પત્ર]**

## સદ્‌ભાવનું લક્ષણ

જે કોઈ કર્મ સદ્‌ભાવથી પ્રેરાઈને બને ને તેની પરત્વે સદ્‌ભાવથી પ્રેરાઈને તે કર્મ થાય તેવા સદ્‌ભાવની ભાવના દિલમાં મોકળાશ પ્રગટાવે ને તેવા સદ્‌ભાવભર્યા પ્રેમપૂર્વકના વર્તનથી આપણા દિલને શાંતિ ને પ્રસન્નતા તે પ્રેરે. આમ બની શકે તો જ તે સાચો અને તેની પૂરી યથાર્થતાભર્યો સદ્‌ભાવ છે તેમ પ્રમાણવું.

આપણે ઉત્તમ રીતે વર્ત્યા હોઈએ અને તેની કદર જો સામો જીવ ના કરે તો સામાની સજ્જનતા ઓછી. સજ્જનનાં અનેક પ્રકારનાં લક્ષણોમાં એક લક્ષણ એવું પણ છે કે જે કોઈ આપણી તરફ સદ્‌ભાવથી વર્તે ને આપણા પરત્વે દિલની સહાનુભૂતિથી પ્રેરાઈને આપણું કોઈ પણ રીતનું કર્મ સારી રીતે ફળાવવામાં કે થવામાં જે જે મદદગાર થયા હોય તેમના તેમના પરત્વે સજ્જનતાભરી દિલની કદરભક્તિ પ્રગટે તો જ તે સાચો સજ્જન. તેમ છતાં આપણે પોતે તો આપણા પોતાના જ શ્રેય ને કલ્યાણને ખાતર સદ્‌ભાવ દાખવવાની કળા જો આપણે કેળવીએ તો તેથી કરીને બીજો કોઈ તેની કદર કરે કે ના કરે તોપણ આપણને તેનાથી કદી નિરાશા સાંપડતી નથી અને સદ્‌ભાવની સારી અસર તો આપણા પોતાના માનસિક જુદા જુદા પ્રકરાના થરમાં જ પ્રગટી શકે છે.

જગત કે જગતના માનવીઓ ઉત્તમમાં ઉત્તમ પ્રકારના

સદ્‌ભાવનો પ્રત્યાઘાત તેવી જ રીતે વાળે છે એવું કદી બનતું હોતું નથી. જેમ કે ભગવાન ઈશુ, મહાત્મા ગાંધી, શ્રીમદ્‌ દયાનંદ સરસ્વતી, હજરત મહંમદ પયગંબર સાહેબ, શ્રી કેનેડી, શ્રી અબ્રાહ્મમ લિંકન ને એવા તો અનેક દાખલા જગતમાં જાણીતા છે.

❂

## ભેદનું પરિણામ

જે કોઈ જીવ જે એક પેઢીમાં બધાંને પ્રેમભાવ અને સહાનુભૂતિથી સંકળાયેલા રાખવા મથે અને તમારે તેવા કર્મમાં જેને પૂરેપૂરો ટેકો રહે છે તેવા જીવને હંમેશાં સહેવાનું તો આવવાનું જ છે. જે કોઈ જીવ આવા માણસોના દિલમાં કોઈ ને કોઈ પરત્વે ભેદ પડાવશે તેવાને પણ આજ કે કાલ ભેદના સકંચાથી ભીંસાવું પડશે. ભેદ ભેદને જ મારે ને ભેદથી ભેદ વધે છે ને એ રીતે જે કોઈ ભેદ વધારશે તેનું દિલ પરસ્પરથી અંતર વધારતું જશે. જ્યારે આપણે તો એક દિલ થવું છે. જે કોઈ ભેદને ઘટાડશે ને ભેદને મટાડવાના સદ્‌પ્રયત્નમાં અને સદ્‌ભાવભર્યા પ્રયત્નમાં એકધારો મંડ્યો રહેશે તેવા જીવને ભલે જગતમાં ફતેહ ના મળે પરંતુ તેના પોતાના જીવનમાં તેના મનને શાંતિ ને પ્રસન્નતા તો મળ્યા કરશે.

❂

## પરસ્પર ભાવના

એક પેઢીમાં આપણે બધા જે જે જીવો સાથે મળીને પેઢીનું જે કામ કરીએ છીએ તે કામમાં ઉત્સાહ, ઉમંગ અને રસ ટકાવવાને માટે બધાંયના દિલમાં એકબીજા પરત્વે સુમેળ, સંપ અને પ્રેમની લાગણી જીવતીજાગતી રહે તે ઘણું જરૂરનું છે અને તેવી પરસ્પરની પરસ્પર પ્રત્યેની દિલની સહાનુભૂતિ પરસ્પરના

દિલમાં જીવતી રહ્યા કરે તે માટે પેઢીના પ્રત્યેક સભ્યે એકબીજાનું હંમેશાં શુભ જ વાંછવું રહ્યું. એકબીજાની કદી નિંદા-કૂથલીમાં કોઈએ પણ ભાગ ના લેવો જોઈએ. એકબીજાના સદ્ગુણ પરત્વે જ ને તેમના તેમના શુભ કામ પરત્વે આપણે એકબીજા પ્રેરાયેલા રહીએ તો પરસ્પરમાં પરસ્પરનો ભાવ વધવાનો. પેઢીના પ્રત્યેક સભ્યની ફરજ છે કે તેઓ એકબીજા સાથે કેમ કરીને વિશેષ ને વિશેષ નિકટ આવી શકે. પેઢીના દરેક સભ્યની આ જાતની દિલની સાચેસાચી ને ખરેખરી ભાવના પ્રગટેલી હોવી જોઈશે. જો પેઢીના પ્રત્યેક સભ્યને જીવનનિર્વાહ ચલાવવાનો છે ને લક્ષ્મી કે ધન વિના તો ચાલવાનું નથી, તો તે મેળવવા માટે પણ જો પરસ્પરનો સહકાર એટલે કે આપણે બધા જ ભાગીદારો પરસ્પર પ્રત્યે Receptive and resposive-both at the same time સમજી સમજીને રહી શકીશું તો જ પેઢીના કામમાં ખરેખરો ભલીવાર પ્રગટવાનો છે. આ અંગે પેઢીના પ્રત્યેક સભ્યને-ભાગીદારને આ રીતે વર્તવાને પ્રભુકૃપાથી સૂચવું છું. ❂

## ચડતી પડતીનો ક્રમ

ઘણા સમય પહેલાં સુવર્ણ અંકુશનો ધારો આવ્યો ન હતો, તે પહેલાં મેં લખ્યું હતું કે પેઢીને આટલાં બધાં વર્ષો થયાં ને એક પછી એક ઉત્તરોત્તર ચડતીની સ્થિતિમાં હતી તેને હવે ઓટ જરૂર આવવાની. આ જગતમાં દરેકને ચડતીપડતીનો ક્રમ લાગું પડે છે. પેઢીના ભાગીદારોનાં દિલ જ્યારે જ્યારે ઊંચા થાય છે ત્યારે સમજી લેવું કે હવે આપણું એટલે કે પેઢીનું પ્રવાહપતન શરૂ થઈ ચૂકેલું જ છે. ભલેને પછી તેવા સમયગાળામાં પેઢી કમાતી હોય ને બે પૈસા રળતી પણ હોય. કામ કરવામાં ત્યારે જ ઉત્સાહ પ્રગટી શકે કે જ્યારે પેઢીના પ્રત્યેક સભ્યો દિલમાં પરસ્પર પરત્વે દિલની ખરેખરી

સહાનુભૂતિ અને લાગણીથી પ્રેરાયેલા હોય. ભલે આજે આપણે આર્થિકપણે બધા જ ભાગીદારો પ્રભુકૃપાથી સધ્ધર હોઈએ. પરંતુ આ જગતમાં 'યાવચ્ચંદ્ર દીવાકરૌ' આ જગતમાં કોઈની સધ્ધરતા ટકેલી નથી. એટલે આપણા બધાંય માટેના આવા કસોટીના કાળમાં આપણે એકબીજા પરત્વે સભાનતા પ્રેરાવી પ્રેરાવીને એકબીજાના દિલની નજીક કેમ કરીને પ્રવર્તી શકીએ તેવું જીવંત વલણ રાખી શકીએ તે દરેક સભ્ય માટે જરૂરી છે. નાની નાની બાબતોને મહત્ત્વ ના આપતાં ને બધું ઉદાર દિલથી અને ઉમળકાથી ગળી જઈને કેમ કરીને ભેદ ઘટે તે પરત્વે સૌનું લક્ષ દોરાય ને તે પ્રમાણે આપણાથી એકબીજા પરત્વે વર્તાય તે ઘણું જરૂરનું છે.

આર્થિક સ્થિતિ ભલેને સધ્ધર હોય, પરંતુ જ્યાં માનવીનું આખું જીવન જ ક્ષણભંગુર છે. ત્યાં તેવી સ્થિતિ પણ કાળની દૃષ્ટિએ તો ક્ષણભંગુર જ. જેનાથી કરીને આપણે ફાલ્યા ફૂલ્યા ફરીએ છીએ તે જ્યારે ના હોય ત્યારે આપણી દયામણી અને લાચારીભરી સ્થિતિ અને દુઃખ ને ત્રાસથી હેરાન પરેશાન થતાં એવી કઢંગી સ્થિતિ પ્રવર્તે છે ! પરંતુ જે માનવી સદ્‌ભાવથી ટેવાયેલો અને કેળવાયેલો રહેલો છે ને જે માનવીનું દિલ આઘાત-પ્રત્યાઘાતથી દોરવાઈ ના જતાં એક તટસ્થતા અને સમતાભર્યું વર્તન રાખવાને તત્પર હોય છે, તેવો જીવ તો સદા સર્વદા સર્વ કોઈ સંજોગ સ્થિતિમાં શાંતિ અને પ્રસન્નતાવાળો રહી શકવાનો છે. એ જ સાચું જીવન છે. જીવનની સમૃદ્ધિ અને સાચી મૂડી પણ એ જ છે. અન્યાયને કે ગેરવર્તનને પણ દિલ સદ્‌ભાવથી જો પ્રત્યુત્તર આપે ત્યારે જ આપણું દિલ સદાય ફોરેલું રહ્યા કરે છે અને જીવનમાં માનવતા પાંગરાવે છે. ❂

## સાવધાન !

આજે આપણી પેઢીના પ્રત્યેક સભ્યના દિલમાં એકમેક પરત્વે સુમેળ નથી, રાગ નથી અને પ્રેમ પણ નથી. આ બધું શું આપણે જોઈ જ રહેવું છે ? આવી સ્થિતિમાં પેઢીમાં આપણે કામ કર્યા કરીને આપણે શું કાંદા કાઢવાના છીએ ? આપણી પેઢીના બધા સભ્યો આમ તો સમજણવાળા અને બધું જ ઉઘાડી આંખે નિહાળી શકે તેવા છે. તો શું આ દીવા જેવી હકીકત આપણા બધાના દિલમાં કેમ પ્રગટી શકતી નથી ? આપણને તો પરસ્પરમાં સદ્ભાવ, સુમેળ, સહાનુભૂતિ, પ્રેમભાવના ને લાગણી જીવનમાં પ્રગટાવી રાખવાની ખરેખરી નેમ અને દાનત હોય તો આપણે પરસ્પરની સાથે કેમ વર્તવું તેની હૈયાસૂઝ આપણા દિલમાં જરૂર પ્રગટશે. આપણે માનવી છીએ, એ રીતે આપણે કદી સંપૂર્ણ નથી. આપણા દરેકથી કોઈ ને કોઈ પ્રકારનું આડુંઅવળું કઢંગું એવું કર્મ થઈ જ જવાનું. તેથી એવાં કર્મ પરત્વે કે કોઈના અવગુણ પરત્વે વિષ્ટાની માખી પેઠે જો આપણે ગણગણ્યાં કરીશું તો એથી કરીને તો પરસ્પરના દિલ એક થવામાં આપણે ફાચર મારીશું. અને તે ઉપરાંત તેવા પ્રકારનું વિચારી વિચારીને આપણે તે પ્રકારના સંસ્કારને આપણા ચિત્તમાં ઉગાડીશું અને તેનું પરિણામ આપણે તે રીતે જ ભોગવવાના. આમ એ રીતે વિચારવામાં આપણા પોતાનું જ ચરિત સમાયેલું છે. માટે મારી આપણા બધા ભાઈઓને પ્રાર્થનાપૂર્વકની વિનંતી છે કે આપણે બધા એકબીજાની વધુ ને વધુ નિકટવર્તી રહી શકીએ તે અંગે આપણે બધા દિલમાં દિલથી મંથન પ્રગટાવીને તે પરત્વે આપણે દોરાઈએ તો ઘણું ઉત્તમ.

## ત્યાગનું મહત્ત્વ

જીવનનું ગૌરવ અને શોભા તો ત્યાગમાં છે. જ્ઞાનપૂર્વકના હેતુથી અને દિલના ઉમળકાથી થયેલો ત્યાગ જીવનમાં શક્તિ પ્રગટાવે છે. આ જીવન અને તેની સમૃદ્ધિ તે આપણા એકલા માટે નથી. એમ આપણે સમજી સમજીને પરસ્પરમાં પરસ્પરથી ત્યાગી ત્યાગીને ભોગવીશું તો એમાંથી સાચો ભલીવાર પ્રગટવાનો છે.

## સુજનતાનું લક્ષણ

પેઢીમાં આપણે પોતે કોઈના પર જો પૂર્વગ્રહ રાખીને કંઈ કશુંય થયું હોય કે કર્યું હોય તો પૂર્વગ્રહનો કંઈ જ કશો ખ્યાલ ના રાખીને યા તો તે ખ્યાલ છોડવાનું કરીને આપણા પરત્વે બીજાંઓએ જો તેવા પ્રકારના કોઈ કર્મના સર્જનમાં સારો ભાવ દાખવ્યો હોય તો આપણા દિલની કદરભક્તિભરી સહાનુભૂતિ તે વેળા આપણા દિલમાં જો પ્રગટ ના થઈ શકી તો આપણે દિલના તેટલા સાવ બુઠ્ઠા છીએ એમ સમજવું અને એથી આપણે સજ્જન પણ નથી તેમ આપોઆપ પુરવાર પણ થઈ જાય.

## કદર

એટલે મારી તો પેઢીના બધા જ આપણા ભાઈઓને વિનંતી છે કે દરેક સભ્યે પરસ્પરના કોઈ પણ શુભ વર્તન, શુભ ભાવના કે દિલની લાગણી અનુભવતાં તે પરત્વે આપણા દિલનો કદર ભક્તિથી પ્રગટેલો ગદ્ગદ ભાવ આપણા દિલમાં પ્રગટે એ જરૂરી છે. એટલું જ નહિ પણ આપણા દિલનો તેવો ભાવ વ્યક્ત કરવો તે તો ઘણું ઘણું જરૂરી છે. હૃદયની કદરદાનીથી પ્રગટેલી ખરેખરી

ભાવનાપૂર્વકની ભાષા પરસ્પરના દિલને આર્દ્ર બનાવે છે. પ્રભુકૃપાથી જીવનમાં અનેક પ્રકારના ભારે અન્યાયો **આ જીવને** સાંપડેલા છે. અને તે કઠણ કારમી ગરીબીના પરિણામે તે કાળે સદ્‌ભાવ રાખવાનું તો જ્ઞાન ન હતું પણ ગરજને કારણે સદ્‌ભાવ દૃઢાવી શકવાનું કરાવી શકાયું તે પ્રભુની પરમકૃપા. એ જ હેતુથી એટલે કે આપણે પેઢીના ઉત્તમ સંચાલનમાં અને તેમાંથી આપણા જીવનનિર્વાહ માટે બે પૈસા રળી શકીએ તેવા સ્વાર્થી હેતુથી પ્રેરાઈને પણ આપણે બધા એકમેક સાથે સહભાવથી જોડાયેલા રહીએ તો કેટલું ઉત્તમ !

## લક્ષ્મીની ફોરમ

આપણે તો જાણે એકબીજાથી અલગ અલગ હોઈએ અને આપણો વ્યવહાર પણ જાણે તદ્દન અલગ અલગ જ હોય અને આપણા વ્યવહાર-વિચારમાં પણ જાણે અલગ જ હોઈએ તેવું આપણા બધાનું છે. સૌ કોઈ એકબીજાનું જ વાંકું જુએ અને દોષ કાઢ્યા કરે છે. પોતાનું તેવું કેટલું છે તે કોઈ જોતું નથી. બીજાનું કંઈક આડુંઅવળું આપણા દિલને એકદમ આકર્ષે છે. બીજાથી થયેલું આમ કે તેમ આપણું મન તેને એકદમ સ્વીકારે છે અને તેમાં રાચે છે. મનને બગદોઈ ગમે છે. આ બધાં કંઈ સારા સંસ્કારનાં લક્ષણ નથી. માત્ર લક્ષ્મી કે ધનથી સુખે દિવસો ગાળતા હોઈએ તે કંઈ સંસ્કાર નથી. ધનનો-પ્રતિષ્ઠાનો કે એનો ફાંકો કોઈનો રહ્યો નથી ને રહેવાનો પણ નથી. એ તો જીવનમાં નકામું છે તેવું મારું માનવું છે. તેનું (લક્ષ્મીનું) ગૌરવ લઈ શકીએ એવી આપણા દિલમાં ફોરમ પ્રગટેલી જોવાને અભિલાષા સેવું છું. આપણા બધાના દિલ એકબીજાના વાંધાવચકા જ જોવાને

ટેવાયેલા હોય તેવું લાગે છે. આ બધું આપણે જ્ઞાનપૂર્વક ટાળવું જોઈએ. અને આપણે બધા એક દિલ કેમ કરીને થઈએ અને એવી હૃદયની ભાવનાથી પરસ્પર વર્તવાનું સમજી સમજીને રાખીએ તો તો કેટલું ઉત્તમ.

## નવા સાહસ ટાણે

જ્યારે હવે આપણી પેઢી તેના મૂળ ધંધાની અંદર ફાવી શકે તેવી સ્થિતિમાં રહેલી નથી. ને જ્યારે આપણે નવું સાહસ અને નવાં કામ કાઢીને બેઠા છીએ ત્યારે તે નવા સાહસને ફતેહમંદપણે પ્રગટાવવા માટે આપણે બધાએ ભેગા મળીને ને એકબીજા સાથે સહાનુભૂતિથી વર્તીને એકબીજાને આપણે ટેકો આપવો પડશે. નવા લીધેલાં કામમાં આપણા બધાના દિલમાં જો સાચો ઉત્સાહ પ્રગટેલો નહિ હોય તો ભલે આપણે કદાચ કમાઈશું પણ તેથી કરીને આપણા દિલની કમાણી કરી શકવાના નથી. આપણા બધાનું લક્ષ જીવન પરત્વે ભલે ના દોરવાતું હોય, પરંતુ જે કામ આપણે હાથમાં લઈને બેઠા છીએ તેને સાંગોપાંગ ઉતારવાને માટે આપણે બધા સાથે દિલનો ભાવ રાખીને તેને માટે મથવાની તો ઘણી ઘણી જરૂર. સૌના રાગ જુદી જુદી દિશાના છે. ને સૌનાં દિલ પણ જુદાં જુદાં છે. આ બધું ખુલ્લી આંખે જોઈ શકાય તેમ છે. પેઢીના સફળપણાના કામ માટે આપણે બધા એક થઈએ તે પણ જરૂરી છે. તેટલા માટે આપ બધા અવારનવાર મળતા રહો. પ્રેમથી એકબીજા સાથે હળતાંભળતાં રહો અને એકબીજા સાથે પ્રેમથી વાતો કરો અને બધા જ જેમાં એક સરખો ભાગ લઈ શકે એવું કશુંક રાખ્યા કરો. એકબીજાના ગુણ જોવાની જ ટેવ પાડો અને એકબીજાના અંગત જીવનની હકીકતોમાં આપણે પુરુષો

અને આપણા ઘરની બહેનો કોઈ પણ દૃષ્ટિપાત ના કરે કે તે સંબંધી પોતે માંહોમાંહે પણ કશીય ચર્ચા ના કરે; એટલું જ નહિ, પણ બીજાંઓ આગળ તેવી હકીકતનું વ્યક્ત થવાપણું ભૂલેચૂકે પણ ના બને, તે આપણા સમગ્ર હિતને માટે જરૂરનું છે. આ હકીકત પેઢીના બધા જ સભ્યોને લાગું પડે છે ને સુમેળ પ્રગટાવવા તેમ કરવું જરૂરનું છે.

## જાગવાની ઘડી

જ્યારે આપણી પેઢીના જીવનનું વહેણ પતનની દિશાનું હોય તેવી વેળાએ ચેતતા અને સાબદા રહેવાની વિશેષ જરૂર. પેઢીની ચડતી દશામાંથી તેને આંચકો લાગીને એક એવી પરિસ્થિતિ પ્રગટી છે ને કાળના સંજોગો પણ એવા છે કે ફરીથી તે ચડતીના ઉજ્જવળ શિખરને પૂરેપૂરું પામી શકે તેવું હાલ તો લાગતું નથી. તેવું થાય તો ઉત્તમ. પરંતુ જ્યારે દશા જ ડગમગતી બને છે અને એવું થયેલું છે અને તે પ્રત્યક્ષ છે તેમ છતાં આપણે બધા જાગતા નથી અને કેવા ક્ષુલ્લકપણામાં આપણે બધા પ્રવર્તી રહેલા છીએ તે જોઈને બધાની સમજણ પરત્વે મને ઘણી નિરાશા ઊપજે છે કે આપણે બધા કેમ કંઈ સમજતા નથી. આ જ ખરેખર જાગવાની પળ છે.

## પતનની પળે

પેઢીના દરેક સભ્ય સામસામા સભ્યની પ્રકૃતિ ને સ્વભાવના આમ કે તેમ મનન ચિંતવનમાં જ પડેલા લાગે છે. કોઈના ગુણની સવિશેષપણે આપણું દિલ તો સહાનુભૂતિથી કદર કરતું રહ્યા કરે તો જ દિલ ગુણ પરત્વે આકર્ષાયેલું રહ્યા કરે, બાકી તો

નહિ. આ તો મેં તમને સાચી હકીકત લખી છે અને બધાંયને લક્ષમાં રાખીને લખી છે. માટે કૃપા કરીને બધા દિલથી એક થવા માટે મંડવામાં સાચું ભાન પ્રગટાવો તો સારું. આ તો જાણે એકબીજાની કોઈને કશી પડી જ નથી એવું લાગે છે. જુદા થવું અને જુદા પડવું કે જુદા રહેવું એનાં કરતાં એકદિલ થવું અને એક રહેવું એ જીવનનું વાસ્તવિક, રચનાત્મક અને ઉત્તમ પગલું છે. પરસ્પરમાં ભેદ પડાવવાની કોઈ પણ વાતને આપણે દિલથી એકદમ ઈન્કાર કરીએ. પછીથી ભલેને તે હકીકત જીવનનું આપણું અંગતમાં અંગત સ્વજન તેમ કરતું હોય. ઘણી નાની નાની હકીકતોનું મૂળ તો તદ્દન નાનું હોય છે. પરંતુ માંહોમાંહેના દિલના ભેદને કારણે તેમાં તેનાથી પૂર્વગ્રહો પ્રગટી તે મોટું વધારે સ્વરૂપ પ્રગટાવે છે. આપણા કુટુંબની બધી બહેનો પણ આ બધી હકીકત સમજે તો સારું અને તેય પોતાના જ સ્વાર્થને ખાતર તે સમજે તો સારું.

## એકરાગ બનો

એકબીજાના દિલને જો આપણે એકરાગપણામાં પ્રગટાવવું હોય તો આપણે ઘણી વાર પ્રેમભાવે હળવું, મળવું ને ભળવું જોઈએ. એટલું જ નહિ પરંતુ આપણાં પરસ્પરનાં બાળકો પણ ખૂબ પ્રેમભાવથી હળે, મળે, ભળે ને વર્તે તે પણ એટલું જ જરૂરનું છે. પ્રત્યેક આ અંગે પોતપોતે વર્તવાનું શરૂ કરે. તે પછી ભલેને બીજું કોઈ સામેથી તેમ ના વર્તે. આ હું કેટલાંકને કહેતાં સાંભળું છું કે ‘‘અમે તો એમ વર્તીએ છીએ. પણ બીજા તેમ વર્તતા નથી.’’ આ આપણી ઘણી મોટી ભ્રમણા છે. બીજો કોઈ તેમ વર્તે કે ના વર્તે તે જોવાનું કામ આપણું નથી. આપણે જે

ઉત્તમ કરવાનું છે તે આપણે ઉત્તમપણે કરી મૂકીએ અને બીજાના સામું જોવાનું માંડી વાળીએ. એકબીજાના જીવનની કંઈક કંઈક કૂથલીઓમાં આપણે બધા જ રાચીએ છીએ તે કેટલી બધી શરમજનક ઘટના છે ! શું આપણી કને કોઈ જ પ્રકારના જીવનનો ઉત્તમ હેતુ જ નથી ? શું આપણે નરકમાં જ રાચવાને મંડ્યા રહેવું છે ? ભગવાનની કૃપાથી આ કાળ જ જાગવાનો છે. જે જાગીને જીવશે તે જ ફતેહ પામવાનો છે. માટે કૃપા કરીને આવી ક્ષુલ્લક હકીકતોમાં રાચવાને બદલે આપણે બધા એકબીજાના દિલમાં દિલથી એકરાગ થઈને આપણા જીવનનિર્વાહના પ્રગટાયેલા નવા રાહમાં ઉત્સાહથી, ખંતથી ખરેખરી જહેમત ઉઠાવીએ તો ફતેહ આપણી જ છે.

## મળેલા દિલનું પરિણામ

જે નવાં કામો કરવાનાં છે તે કામમાં જે કોઈ સૌથી વધારેમાં વધારે રસ, ઉત્સાહ દાખવીને તે કામને કર્યા કરતો હોય તે કામમાં તેનાં ખોદણાં પાડવાનું કે કાઢવાનું ભૂલેચૂકે કોઈ ના કરશો. તે કામમાં આગળ પડતો રસ લેનાર ભાઈને કેમ કરીને તેના કામમાં ઉત્સાહ પ્રગટે તેવું આપણા સૌનું દિલ પ્રગટેલું હોવું જોઈશે. તે કામ પરત્વેની કોઈ રચનાત્મક સલાહ કે સૂચન આપણે જો કરવાનાં હોય તો પરસ્પર આપણે મળીને તેમ કરવું. આપણે પરસ્પર મળી શકતાં નથી તેનું કારણ આપણા પરસ્પરના દિલ વેગળાં છે. મળેલા દિલની મહોબત કોઈ અનોખી છે અને મળેલા દિલની લહેજત પણ કોઈ ઓર છે. પરંતુ આપણે તો હાલમાં એવી રીતે વર્તી રહેલાં છીએ કે જાણે આપણામાં દિલ જ ના હોય ને એવી કારમી ભયંકર હકીકતને ઓળખવાને ને સમજવાને

જાણે કે આપણે આંખ પણ ના હોય.

જે પેઢીના સભ્યોના દિલમાં પરસ્પરને માટે જો ખરેખરું દિલ પ્રગટેલું હોતું નથી તો તેવો સંઘ કાશીએ ક્યારે પહોંચી શકવાનો ? ભગવાનની કૃપાથી હું તો તમને બધાંને વિનંતી કરું છું કે માત્ર રોટલાની ખાતર પણ તમે બધા એક દિલ થાઓ ને એકબીજા પરત્વે એકબીજાના દિલમાં જે કડવાશ ભરેલી છે તે તમો બધા ભેગા મળીને ઓકી નાંખો. આજે તો એકબીજા જાણે વાતો કરતા હોય તો તેમની તેવી વાતોમાં પણ એકબીજા પરત્વેનો પૂર્વગ્રહ ચમકેલો દેખાઈ આવે છે. અને આ હકીકત ઉષ:કાળની નથી લાગતી તે કોઈ સમજવા માગતું હોય અને સમજવાનું જેને ખરેખરું દિલ હોય તેને તો સમજાવી શકાય અને તે સમજી પણ શકે. આથી તમો સૌને મારી વિનંતી છે કે તમો સૌ ચેતો તો સારું. ને આપણે બધા ભાગીદારો તો લોહી લોહીનાં સગાં પણ છીએ અને પાસે હોવા છતાં હજારો માઈલોનું આપણી વચ્ચે અંતર છે. આ નગ્ન સત્ય હજી આપણે કેમ ઓળખી શકતા નથી ? કૃપા કરીને જાગીને કંઈક કરો, કંઈક મથો. ગમે તેટલું સહેવું પડે તોપણ તેમ સહીને પણ બધાં ભેગાં થાઓ અને ફરી દિલમાં સાચો પ્રેમભાવ પ્રગટાવો. એકબીજાને માટે ઘસાઈ છૂટવાનું કરો. એકબીજાને માટે ઉમળકાથી ત્યાગ કરવાનું કેળવો અને એકબીજાના દિલમાં એક થાઓ. આ મારો આપણી પેઢીના ક્રાઈસીસ(કટોકટી)ના કાળનો સળગતા દિલનો સંદેશો છે. તમો બધાંનું અન્ન મારા પેટમાં પડેલું છે તેથી મારી આંતરડી કકળીને તમને આજે આર્તનાદ પાડીને પ્રાર્થનાનો પોકાર પાડે છે. તે જો સાચા ભાવથી સાંભળશો તો સારી વાત છે. ભગવાનની કૃપાથી આપણે બધા દિલના ભાવથી દિલમાં એક થઈએ એવી પ્રાર્થના.

## પૂજ્ય શ્રીમોટાનો પત્ર

એક વેપારી પેઢીના ભાગીદારો જોગ

તા. ૨૯-૭-૬૭

**મુક્તની વર્તનરીતિ**

તમે એટલે પેઢીએ મને પ્રેમથી પાંચ ટકા નફો ભાગમાં આપ્યો છે. તે ઘણા આનંદની હકીકત છે. મને તો એમાં મારા ભગવાનની જ કૃપાની લીલાનાં દર્શન થાય છે. આ રકમ આપ્યા કરવામાં જો કોઈનો હેતુ એવો હોય કે મોટાને આપવાથી મોટા તેનું રક્ષણ કરશે-પણ જો તેમ થશે તો તેવી નિશ્ચિંતતા કંઈ મારાથી આપી શકાય તેમ મુદ્દલે નથી. હું આમ જ વર્તું કે તેમ જ વર્તું એ અંગે મારા કશા ચોક્કસ નીતિનિયમો નથી.

**ઋણસ્વીકાર**

તમને બધાને મારે સ્પષ્ટ વાત કહી દેવી જોઈએ કે હું કોઈનું કંઈ પણ મફત લેતો નથી. તેમ મફત ખાતો નથી. મને આપવાવાળો તો મારો હજાર હાથવાળો ભગવાન છે. એને ગમે તે નિમિત્ત ઊભું કરતાં થોડી જ વાર લાગે છે ? જ્યાં જેનું કશુંય પણ નક્કરપણે દેખીતી રીતે મારાથી કશું જ બન્યું નથી, એવા કેટલાય પ્રભુકૃપાથી આપનાર તો છે જ. પેઢી આપે છે તે રકમ તો આખરે દાનમાં જ જાય છે. એનું પુણ્ય પણ મારે જોઈતું નથી. હું તો સંકલ્પ કરીને તે પુણ્ય તમને મળે એવી મારી પ્રાર્થના પ્રભુને હોય છે. કોઈનાય પેટમાં પડેલો દાણો બોલી ઊઠે છે, તેવી રીતે અમે કોઈને પણ બેવફા તો થઈ શકતા નથી. જેનું લૂણ ખાધું, તેનું વળતર વાળવાનું કામ તો સમર્થ, હજાર હાથ ને હજાર આંખવાળા ભગવાનનું છે. મારી પાસે જે કોઈ વળતરની આશા-અપેક્ષા રાખશે તેને નિરાશા જ મળશે. તમે મને પ્રેમથી

આપ્યા કરશો તો તે રકમ સત્કર્મમાં જ વપરાવાની છે તે પણ નક્કર હકીકત છે. પરંતુ મારી તમને પ્રાર્થના છે કે જે આપો તે આશા-અપેક્ષા વિના આપશો તો તે ઉત્તમ.

આપવું જ જોઈએ એવું પણ મનમાં ન રાખવા વિનંતી. નહિ આપી શકાય તો મને ખોટું લાગવાનું નથી.

**સર્વાત્મભાવ**

કૃપા કરી એક વાત ચોખ્ખી આપણે બધાંએ સમજી લેવાની જરૂર છે. આપણે રોટલો રળીએ છીએ તે સમાજ કનેથી. સમાજને પણ તેનું વળતર મળવું જોઈએ. હવે કાળ એવો આવે છે કે આપણે માત્ર પૈસો જ ભેગો કરી એશઆરામ, મોજશોખ, વૈભવ-વિલાસ ભોગવ્યા કરીએ તેવું લાંબો કાળ નહિ ચાલે. જે પૈસો આપણે કમાઈએ છીએ તે એકલો આપણો પોતાનો જ નથી. એમાં કેટલાંયનો ભાગ હોય છે. તેની આપણને ખબર હોતી નથી. ભલે આ હકીકત આપણાથી-બુદ્ધિથી કબૂલ થતી ન હોય તોપણ તેમાં સમાજનો તો ભાગ છે જ. આપણને કોઈક કંઈક વ્યવહાર કરે છે તો આપણે પણ સામો તેમને વ્યવહાર કરીએ છીએ જ. તેવું જ સમાજ સાથે છે. એવું ત્યાગી ત્યાગીને (ઉમળકાથી ને સમજી સમજીને) ભોગવીશું તે જ પચી શકવાનું છે.મારી પોતાની અંગત-જેને હું મારી પોતાની કહી શકું એવી-ચાળીસ હજારની મૂડી કશું જ રાખ્યા વિના સમાજનાં સત્કર્મમાં પ્રભુકૃપાથી વપરાયેલી છે. તેથી તમને જે લખું છું તે પોથીમાંનાં રીંગણાંના જેવી વાત નથી. આચરીને તેમ વર્તીને તમને કહું છું, તે પણ તમે મારા સ્વજન છો માટે.

❂

પૂર્તિ :

## ધનનો ઉપયોગ-સાવધાન !

પૈસાદાર લોકના પૈસાએ દુનિયામાં ઘણું અવળું ઉપજાવ્યું છે. એ શક્તિ આજે અણઘડના હાથમાં જઈ પડેલી છે. એના સદુપયોગની કળા તેઓ જાણતા નથી. તેઓ ભોગમાં પડેલા છે. ધન એ તો શક્તિ છે. એનું હોવાપણું ખોટું નથી. એના પરત્વેની આપણી વિચારસરણી, એને દિવ્ય હથિયાર તરીકે વાપરવાની કળા, એના ઉપયોગની જ્ઞાનપૂર્વકની યોગ્ય સમજણ આપણને હૃદયથી પૂરેપૂરાં સમજાયાં નથી; તેથી આ બધો ગૂંચવાડો છે.

જીવન શું પૈસાદારને જ વરેલું હશે કે ? જે જીવનમાં ભાવનાની કદર નથી, ભાવનાનું મૂલ્ય નથી, તેવા જીવનને કરવાનું શું ? જે 'જીવ'ને જીવનની જો સમજણ જ ન હોય, તો એ પૈસાને કરી કરીને શું કરવાનો છે ? જીવનને અર્થે જ એ બધાંનો તો ઉપયોગ છે. જો એનાથી જીવન જ ન ઘડાતું હોય ને ઊલટું જો જીવન એનાથી જકડાતું જતું લાગતું હોય, તો એ પૈસાને શું કરવાના ? એવા પૈસા આપણા વહાલામાં વહાલા સ્વજનના શબ જેવા છે. પૈસાનું વધુ પડતું મહત્ત્વ જીવનમાં વિકૃતિ પ્રગટાવે છે, તે નક્કી જાણજો.

'જીવનમંથન' પૃ. ૨૩૦-૩૧ - **શ્રીમોટા**

## પૈસા પ્રત્યેની દૃષ્ટિ

પૈસાની ગણતરી કરવાની નથી એ જેટલું આ માર્ગમાં સારું છે, તેટલું જ સારું એનો અયોગ્યપણે વ્યવહાર ન થાય તે જોવાનું કામ છે. પૈસાના સંગ્રહની હૂંફનો કદી વિચાર સરખો પણ ન આવવા દેવો. તો કોઈ એમ કહે કે 'એમ હોય તો પૈસો રાખવો શું કામ ? હોય તો એનો વિચાર આવેને ?' આ વિચાર પણ બરાબર નથી, જેમ કોઈને સ્વાદનું ભાન જ ન હોય ને ગોતા જેવું ખાય એમાં કશી મહત્તા નથી, પણ જેને સ્વાદની ખરી પરીક્ષા હોય તેમ છતાં જો એ પ્રસંગ પડ્યે એવું કરે તો તેમાં યથાર્થતા કહેવાય અથવા તો જેમ દેહ, ઇંદ્રિયો વગેરે આપણામાંનું તત્ત્વ વિકસાવવાની ભૂમિકા માટે મળેલાં છે, અને એ ભૂમિકા પૂરતાં તો એ વાસ્તવિક અને જરૂરનાં છે. તેવી જ રીતે પૈસા તરફ પણ આપણે જોવું ઘટે. પૈસો ન હોય તો પોતે પોતાને ભિખારી સમજે એમાં તો શી નવાઈ ? પણ પાસે પૈસો હોય તેમ છતાં પોતાને ભિખારી સમજે ને એવું નમ્ર વર્તન રાખ્યા કરે, તો જરૂર લાભ થાય.

'જીવનમંથન' પૃ. ૪. **શ્રીમોટા**

## જીવનમાં કેળવવાની ભાવનાઓ

નીચેની ભાવનાઓ સાધકે એકાગ્ર ભાવથી કેળવવાની છે :

(૧) સાધનામાં તત્પરતા ને પરાયણતા.

(૨) વાણીમાં સ્પષ્ટપણું - સાથે સાથે કઠોરતાને ઓગાળીને મધુરતા પ્રગટાવવી. સત્યને પ્રગટાવનારી અને અસત્યને પોષણ ન આપનારી વાણી વાપરવી.

(૩) જ્ઞાન વિશે ઉત્સાહ.

(૪) મિત્ર પરત્વે નિષ્કપટતા.

(૫) વડીલો પરત્વે આદર અને માનની ભાવના.

(૬) ગુરુ પરત્વે વિનયભાવ.

(૭) ચિત્ત વિશે ગંભીરતા.

(૮) ગુણ વિશે રસિકતા અને કદરભાવ.

(૯) પ્રભુ વિશે ભક્તિ.

(૧૦) શ્રીપ્રભુપ્રીત્યર્થે કર્મ કરવાં.

(૧૧) ધ્યેયથી વિરોધી વસ્તુ કે વાતાવરણમાં ભમવું, મળવું કે હળવું નહિ.

(૧૨) મૂર્ખ સાથે, ગાંડા સાથે, બાળક સાથે, હઠીલી સ્ત્રી કે પુરુષ સાથે, વડીલ સાથે, ગુરુજન સાથે, વિશેષ લાભહાનિ ન હોય ત્યારે ‘હા, જી, હા’ કરવું. એમાં ઘણી શાંતિ છે.

(૧૩) સમજ્યા વિનાનું વાંચવું તે વાંચ્યું ન કહેવાય, પરંતુ સમજવાનાં દ્વારને બંધ કર્યું ગણાય, માટે સમજીને વાંચવાનું રાખવું. જે કાંઈ સમજીએ એનું રહસ્ય, હેતુ, ગાંભીર્ય ને જોખમદારી પૂરેપૂરાં પ્રીછીએ. આવી રીતથી અને ભાવનાથી વાંચીએ તો સમજનાં દ્વાર ઊઘડે. સાચું શું છે એ સમજવા માટે

આપણે ખુલ્લા થવું પડશે. તે વિના ગમે તેમ વાંચેલું ખપમાં આવવાનું નથી.

(૧૪) આપણને જે પ્રકારે માનસિક શાંતિ, સંતોષ અને સરળતા, પ્રસન્નતા મળ્યાં કરે, તેવી રીતે ને તેવા ભાવથી વર્તવાનું રાખવું. કંઈક વસ્તુ કોઈ લઈ જાય તોય સંતોષ માનવો.

(૧૫) કોઈનો અપરાધ થાય તો ઘણી ઘણી નમ્રતાથી હૃદયથી માફી માગવી.

(૧૬) કોઈ વસ્તુ મળ્યાથી કરીને ક્લેશ રહેતો હોય, તો તેનો પ્રેમથી ત્યાગ કરવો.

(૧૭) સંસર્ગથી રાગદ્વેષ થતા અનુભવાય તો એવા સંસર્ગને સમજી સમજીને ટાળ્યા કરવા કે જેથી એની સાથે તેવા વાતા-વરણમાં ઊતરવાપણું ન પ્રગટે.

(૧૮) કોઈ પણ પ્રકારના ફળની ઈચ્છા વિના પ્રભુ મરજીથી મળેલા સર્વ પ્રસંગો, સર્વ સુખરૂપ માની, તે મળવાનો હેતુ સમજી, એને એ રીતે ને તે ભાવે જીવનઘડતરની તક તરીકે હૃદયના ઉમળકાથી સ્વીકારીને વધાવી લેવા. આપત્તિ કાળમાં જો ઉચ્ચ ભાવના જાગૃત થાય તો થાય.

અનેક વસ્તુઓ મળેલી હો કે ન હો, પરંતુ જે થોડામાં થોડીથી પણ નિભાવી લઈને સંતોષ માનીને સુખ અનુભવે છે, એ જ સાચો સુખી છે.

ઘણું ઘણું હોવા છતાં, અનેક પ્રકારના નવા નવાની જે ઈચ્છા રાખ્યા કરે છે, તે દુ:ખી છે અને ગરીબ છે.

**- શ્રીમોટા**

'જીવનમંથન' પૃ. ૧૮૬-૧૮૭

❂

પૂજ્ય શ્રીમોટા પ્રેરિત

# વેપારીપેઢીની ઉદ્‌ઘાટનવિધિ

(અનુષ્ટુપ)

થયા વિના જ સમૃદ્ધિ વિકાસ યોગ્ય થાય ના,
દેશ બેઠો થવા અર્થે, સમૃદ્ધિ શી જરૂરી ત્યાં ! ૧

સમૃદ્ધિ એમની એમ મેળે તે જન્મતી ન છે,
ઉદ્યોગે ને પુરુષાર્થે સમૃદ્ધિ મેળવાય છે. ૨

જાત જાતતણા એવા ઉદ્યોગ-પુરુષાર્થથી,
જન્માવવા જ સમૃદ્ધિ છે મથવાનું હર્ષથી. ૩

વિઘ્ન, મુશ્કેલીઓ આવ્યે ત્યાં, મર્દાનગી, સાહસ
દાખવી, દાખવી ચેતી વિચારી ભરવાં ડગ. ૪

હરિની શક્તિનો ભાવ આ ઉદ્યોગે પ્રવર્તજો,
કૃપાનો ભાવનાધોધ રહેજો વહેતો અહીં પ્રભો ! ૫

ફાલજો ફૂલજો પ્રાર્થું ઉદ્યોગ વિસ્તરી જગે,
રૂડાં ફળ બધાં એનાં મળ્યાં તે કરજો જગે. ૬

જે સંકળાયેલ છે જીવો આ ઉદ્યોગને વિષે,
ખંત, ઉદ્યમ, ઉત્સાહ ઉપયોગે પ્રવર્તજો. ૭

થવા સમૃદ્ધ આ દેશ ઉદ્યોગની પ્રવૃત્તિ આ,
જીવતો ભાવ તો તેમાં પ્રગટજો સ્ફુરી કૃપા. ૮

આ ઉદ્યોગે સધાજો સૌ સમૃદ્ધિ સર્વની ખરે,
સમષ્ટિનીય સમૃદ્ધિ વિષે સમૃદ્ધિ સૌની છે. ૯

વ્યક્તિના સ્વાર્થની માત્ર વાત આમાં ન કૈં હજો,
પ્રાર્થનાભાવ તે એવો આ ઉદ્યોગે પ્રવર્તજો. ૧૦

*'વિધિ-વિધાન', પૃ. ૬૫* - **શ્રીમોટા**

# વેપારીએ ધારવાની ભાવના

## (અનુષ્ટુપ)

ચાલે નિર્વાહ જેનાથી, તે શક્તિ અમને જગે,
પ્રેય કરાવીને રૂડું, શ્રેય બુદ્ધિ જગાડજે. ૧

જે તે બધું થતું રે'તું, પ્રભુની શક્તિથી જગે,
'બુદ્ધિ, કૌશલ્ય' તે શક્તિ, છે પ્રભુ તણી આખરે. ૨

વ્યવહારની ઊંડી જે, કળા સમજ તેય તે,
આપેલી છે પ્રભુકેરી, ધાર્યું સંપૂર્ણ ના થશે. ૩

જેમાં તેમાં પ્રભુ એક સમર્થ સર્વ રીતિએ,
પ્રભુને ધારીને તેથી, જેમાં તેમાં ગ્રહો હૃદે. ૪

નિર્વાહકેરી પ્રવૃત્તિ જે ચાલ્યા કરતી જગે,
તેમાં પ્રભુનું, પ્રાર્થીને, આહ્‌વાહન કરો હૃદે. ૫

જેમાં તેમાં પ્રભુકેરી, ધારણા ધારીને દિલે,
મહત્ત્વ આપતાં રે'જો, પ્રભુને સર્વ વાત પે. ૬

પ્રભુ સર્વ કરાવે છે એમ ધારી હૃદે ઊંડી,
અહંને ફેડતા રે'જો, આપે તો કામ તે રૂડું. ૭

આપણી હોશિયારી તે, આવે ના કામ સૌ પળે,
એમ ધારી તમે હૈયે, જગાડો ભાન તે વિષે. ૮

શક્તિથી સર્વ ચાલે છે તે શક્તિની ઉપાસના-
આચરી પ્રેમભક્તિથી સંસારે વર્તજો સદા. ૯

નેમ ને નેકની દૃષ્ટિ જીવને નિત્ય આપજો,
ને વ્યવહારમાં શુદ્ધિ, પ્રેરાવા બુદ્ધિ ખીલજો. ૧૦

કિંચિત્ અન્યાય કોઈને, અમોથી ના કદી થાજો,
'થવા ભલું બધાંકેરું' સદ્બુદ્ધિ એવી પ્રેરજો. ૧૧

પ્રભુની શક્તિ પ્રાર્થીએ, નિર્વાહ વ્યવહારમાં-
પ્રગટ્યા કરજો ભાવે, અમો પર કરી કૃપા. ૧૨

*'વિધિ-વિધાન', પૃ. ૯૭,૯૮* - **શ્રીમોટા**

•

## વેપારીની નિત્યપ્રાર્થના

(ગઝલ)

પ્રભુ, વ્યાપારમાં બરકત કૃપા કરી પ્રેરતા રે'જો,
કૃપાગંગા પ્રભુ તારી અમો પર વર્ષતી રે'જો. ૧

હરિની મહેરબાનીને જીવનલાયક તે અમ કરજો,
અમારાં કર્મમાં અમને હૃદય ઉત્સાહ ખૂબ દેજો. ૨

જીવનનું જોશ જે સઘળું લીધાં કર્મે પરોવાજો,
ભૂલેચૂકે જરા સરખો પ્રમાદ ના કદી થાજો. ૩

સતત ઉદ્યમ વિશે જીવન અમારું તે વ્યતીત થાજો,
પનારે જે પડેલા છે અમારે, તે સુખી થાજો. ૪

લીધેલાં કર્મમાં નેક હૃદયદાનત તું પ્રેરવજે,
સ્મરણ હરિનું જીવન વિશે અમોને તે થતું રે'જો. ૫

*'વિધિ-વિધાન', પૃ. ૯૪* - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃઊઁ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃઊઁ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃઊઁ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃઊઁ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
(‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
(‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
(‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.